।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।

# સંસારમ્મિ અસારે

• લેખક •

મુનિરાજ શ્રી ગુણહંસવિજયજી મ.સા.

• પ્રકાશક •

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી,

અમદાવાદ-૭. ટેલિ. : ૦૭૯-૨૬૬૦૫૩૫૫

## • દિવ્ય આશિર્વાદ •

સચ્ચારિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત, સિદ્ધાંતમહોદધિ **પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.**
ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ **પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**
સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ **આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
યુગપ્રધાનઆચાર્યસમ શાસન પ્રભાવક ગુરૂદેવ **પ.પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા.**

## • નિશ્રાદાતા •

પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી પ.પૂ. ગચ્છાધિપતિ આ. **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
સરળસ્વભાવી પ.પૂ.આ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

## • પ્રાપ્તિસ્થાન •

પ્રતિકભાઈ શાહ
**મો. : 93232 29655**


## • કમ્પ્યુટર ટાઈપ સેટિંગ-મુદ્રક •

**પાર્શ્વ ઓફસેટ - ક્રિએટીવ પ્રકાશન**

**'વિક્રમ', એમ.જી. રોડ, વેરાવળ-362265. ફોનઃ 02876-222617**

---

**'વિનય', 2/5, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની બાજુમાં,**
**ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-360001. ✆ 94269 72609**

# પ્રસ્તાવના

અર્હં નમઃ

મહાપુરુષોના ૧૦૮ શ્લોકો!
આંખો ઉઘાડનારા આ શ્લોકો!
વૈરાગ્ય પ્રગટાવનારા આ શ્લોકો!
શ્લોકો ગોખો,
વિવેચન વાંચો..
સંસાર છોડવાનું મન થાય, તો
જરૂર મને કહેજો.

સંસારજેલમાંથી ભગાડવાનું કામ
કરવામાં મને ઘણી મજા આવે છે.

વાંચ્યા બાદ
(૧) પાસે જ રાખવું હોય, તો રાખો.
(૨) બીજાને આપો..
(૩) નહિ તો સંપર્કસૂત્રને પાછું મોકલાવો...
કંટાળો આવે, તો ક્ષમા...
સહુને આ વૈરાગ્યગ્રન્થોમાં રસ આવે જ
એવું નથી

ગુણહંસ વિજય.

# અનુક્રમણિકા


| ગાથા નં. | પેઈજ નં. |
|---|---|
| 1 | 1 |
| 2 | 4 |
| 3 | 7 |
| 4 | 10 |
| 5 | 10 |
| 6 | 13 |
| 7 | 14 |
| 8 | 15 |
| 9 | 16 |
| 10 | 17 |
| 11 | 19 |
| 12 | 25 |
| 13 | 26 |
| 14 | 28 |
| 15 | 30 |
| 16 | 33 |
| 17 | 34 |
| 18 | 35 |
| 19 | 36 |
| 20 | 37 |
| 21 | 40 |
| 22 | 41 |
| 23 | 42 |
| 24 | 42 |
| 25 | 43 |
| 26 | 44 |
| 27 | 45 |
| 28 | 47 |
| 29 | 48 |
| 30 | 49 |
| 31 | 50 |
| 32 | 50 |
| 33 | 51 |
| 34 | 53 |
| 35 | 53 |
| 36 | 53 |
| 37 | 54 |
| 38 | 54 |
| 39 | 55 |
| 40 | 55 |
| 41 | 57 |
| 42 | 57 |
| 43 | 58 |
| 44 | 60 |
| 45 | 61 |
| 46 | 62 |
| 47 | 63 |
| 48 | 63 |
| 49 | 64 |
| 50 | 67 |
| 51 | 68 |
| 52 | 69 |
| 53 | 70 |
| 54 | 71 |
| 55 | 73 |
| 56 | 74 |
| 57 | 76 |
| 58 | 78 |
| 59 | 78 |
| 60 | 79 |
| 61 | 79 |
| 62 | 61 |
| 63 | 82 |
| 64 | 83 |
| 65 | 84 |
| 66 | 84 |
| 67 | 85 |
| 68 | 86 |
| 69 | 86 |
| 70 | 88 |
| 71 | 88 |
| 72 | 90 |
| 73 | 91 |
| 74 | 92 |
| 75 | 92 |
| 76 | 93 |
| 77 | 96 |
| 78 | 97 |
| 79 | 98 |
| 80 | 99 |
| 81 | 99 |
| 82 | 100 |
| 83 | 101 |
| 84 | 102 |
| 85 | 102 |
| 86 | 104 |
| 87 | 105 |
| 88 | 106 |
| 89 | 107 |
| 90 | 107 |
| 91 | 108 |
| 92 | 109 |
| 93 | 111 |
| 94 | 112 |
| 95 | 112 |
| 96 | 113 |
| 97 | 114 |
| 98 | 114 |
| 99 | 116 |
| 100 | 117 |
| 101 | 118 |
| 102 | 118 |
| 103 | 119 |
| 104 | 119 |

# વૈરાગ્યશતક

*संसारम्मि असारे नत्थि सुहं वाहि-वेअणापउरे ।*
*जाणंतो इह जीवो न कुणइ जिणदेसिअं धम्मं ॥१॥*

**ભાવાર્થ :** જેમાં દાગીના જ નથી, એવું મખમલનું બનેલું બોક્સ ગમે એટલું સારું દેખાતું હોય તો ય એની કિંમત કેટલી ?

જેમાં જીવ જ નથી, એવો મૃતદેહ ગમે એટલો રૂપાળો દેખાતો હોય તો ય કોણ એને સંઘરવા તૈયાર થાય ?

જેમાં દાણાઓનો ભાગ જીવાતોએ કોરી ખાધો હોય, એવા બાકી બચેલા ફોતરાઓની કિંમત કેટલી ?

આપણો આ દેખીતો સંસાર કંઈક આવો જ છે. મખમલના બોક્સ જેવો ! રૂપાળા મડદા જેવો ! કોતરાઈ ગયેલા ફોતરા જેવો ! બહારથી ગમે એટલો સારો દેખાય, તો પણ એ સાવ જ નકામો છે.

**મન :** સંસારમાં બીજો કોઈ સાર ભલે હોય કે ન હોય, પણ એમાં કોઈ નુકસાન તો નથી ને ? મખમલનું બોક્સ ભલેને દાગીના વિનાનું હોય, પણ છોકરાઓને તો રમવા-જોવા કામમાં આવે ને ? રૂપાળું મડદું ડોક્ટર બનનારાઓને પ્રયોગ કરવા કામમાં આવે ને ? ફોતરા પણ ગરીબોને કે છેવટે પશુઓને તો ખાવા માટે કામમાં આવે ને ?

એમ સંસારમાં બીજો કોઈ સાર હોય કે ન હોય, પણ મારા જેવાને તો એનાથી ઘણી શાંતિ મળે છે. ભાન ભુલાવી દે એવું સંગીત ! નશો ચડાવી દે એવા રૂપ ! મન બહેકાવી દે એવી સેંટ-અત્તરની સુગંધ ! મોક્ષનું નામ પણ ભુલાવી દે એવા ભોજનના ચટાકા ! અને સંસારનું સર્વોત્કૃષ્ટ ગણાતું અબ્રહ્મનું સુખ !

અરે ભાઈ ! આટલું તો મને મળે છે ને ? પછી ચિંતા શેની ?

**આતમ :** 'સંસાર અસાર છે - નકામો છે' એટલું જ હોત તો તો હજી ય તારી વાત માની લેત ! પણ એવું નથી. 'સંસાર બિહામણો છે.' એ એનું બીજું સ્વરૂપ છે. કારણ ? કારણ એ કે એમાં ચિક્કાર રોગો પડેલા છે. એમાં ચિક્કાર માનસિક વેદનાઓ ભરેલી પડી છે.

તું જે ભોગસુખોની વાત કરે છે, એ તો ભઈલા ! માત્ર પળ-બે પળના છે. એની સામે ઉભા થતા દુઃખો, યાદ કરતા પણ કંપારી છૂટે એવા છે.

'સંસારમાં પાપો કરવાથી પાપકર્મ બંધાય અને એના ઉદયથી ભવિષ્યમાં દુર્ગતિઓમાં દુઃખ મળે...' એવી, શ્રદ્ધાથી સમજાય એવી વાત એકવાર બાજુ પર મુકીએ ને ? તો ય પ્રત્યક્ષ દેખાતા સંસારમાં ય વ્યાધિઓ - વેદનાઓ ડગલે ને પગલે નજરોનજર જોવા મળશે.

બરોડાના એક ભાઈ હોટલમાં ખાવા ગયા, કોણ જાણે ખાવામાં શું આવી ગયું કે થોડાક જ કલાક બાદ એમના આખા શરીરમાંથી નાના નાના કીડાઓ સેંકડો-હજારોની સંખ્યામાં રૂંવાટીમાંથી બહાર નીકળવા માંડ્યા. વેદના ચીસો પડાવી દે તેવી ! દવાઓ નકામી નીવડી, ડોક્ટરોએ હાથ ધોઈ નાંખ્યા, અંગત સ્વજનો ભાઈની કમકમાટી બોલાવી દે એવી ચીસો સાંભળવા અસમર્થ બન્યા. આખા શરીરમાંથી રૂંવાડે-રૂંવાડેથી નીકળતા એ કીડાઓ જોવા માટે તેઓ લાચાર બન્યા. છેવટે ના-છુટકે ડોક્ટરને સ્વજનોએ કહી દેવું પડ્યું કે 'Please ! kill him.' તમે આને ઝેરનું ઈન્જેક્શન આપીને મારી નાંખો.

મારી સાથે ચાતુર્માસમાં રહેલા ૫૪ વર્ષની ઉંમરના એક મુનિરાજ ! ઉત્તમ આરાધક આત્મા ! પણ પાપોદયે હૃદયરોગનો દુઃખાવો શરુ થઈ ચૂકેલો. એકાદ ઓપરેશન થયા બાદ પણ મારી સાથેના ચોમાસા વખતે એમને ક્યારેક ક્યારેક તીવ્ર દુઃખાવો ઉત્પન્ન થતો. પણ એ વખતનું દૃશ્ય તો બાપ રે બાપ ! આજે પણ યાદ આવે તો ધ્રુજારી છૂટી જાય. આંખો એકદમ ફાટી ગઈ હોય, મોઢું ખુલી ગયું હોય, મોટેથી ચીસ પાડવાનું શરુ થઈ ગયું હોય, હાથ છાતીના ભાગ પર આપોઆપ ભીંસાઈ ગયો હોય, નવકાર કે અરિહંતમાં મન ચોંટવું અશક્ય જેવું જ બની ગયું હોય... હું એ જોઈ જ શકતો ન હતો. બીજા સાધુઓ સોર્બીટ્રેડની એક-બે ગોળી જીભની નીચે મુકતા, એની અસર એક-બે મિનિટમાં જ થતી અને ફરી એ સ્વસ્થ થઈ જતા. પાછળથી તપાસ કરતા ખબર પડી કે એ હાર્ટ-એટેક ન હતો, માત્ર જૂના વાલ્વ સાથે સેટીંગ થયું ન હોવાથી એ દુઃખાવો થતો હતો.

જો હાર્ટ-એટેક વિનાનો દુઃખાવો પણ આટલો ભયંકર હોય ! તો મોત લાવનારા એટેક વખતની વેદના કેટલી ભયંકર

હશે ?

જુના જમાનામાં ભોગસુખોની સામગ્રીઓ ઓછી હતી, તો દવાખાનાઓ-હોસ્પીટલો વગેરે પણ ઓછા હતા. અને આજે ? હોટલો-સિનેમાઓ... સામગ્રી ખૂબ વધી, તો સામે દવાખાનાઓ-હોસ્પીટલો પણ ખૂબ વધી. આ શું સૂચવે છે ? એ જ ને ? કે, ***"भोगे रोगभयं"***

સમતાના ભંડાર એક મહાત્માને અંતે કેન્સર થયું. ક્યારેક મસ્તકમાં એવી ભયંકર પીડા ઉપડતી કે રાત્રે ઉઠેલા એ મુનિરાજ વેદના શાંત કરવા માટે રીતસર ભીંત સાથે માથું પછાડતા. સાથેના સાધુઓ ઉઠી જતા અને માંડ માંડ એમને અટકાવતા.

અરે ! આ બધું વર્ણન કરવાની કોઈ જરૂર જ નથી. આના કરતા તો હજારગણા બિહામણા પ્રસંગો લગભગ દરેક જણે પોતપોતાની આસપાસ જોયેલા જ છે. ન જોયા હોય તો એકવાર **મુંબઈ**ની હોસ્પીટલોની મુલાકાત લઈ આવો... **ટા.ટા. હોસ્પીટલ**ની બહાર ફુટપાથ પર પડેલા સેંકડો કેન્સરના દર્દીઓના દર્શન કરી આવો... આગથી સળગેલા-બળેલા દર્દીઓના વોર્ડની એકવાર અંગત મુલાકાત લઈ આવો... પાન-ગુટખા ખાવાથી જેના મોઢા-ગળાના ભાગો એકદમ વિકૃત બનેલા છે એવા રોગીઓના દર્શન એકવાર કરી આવો...

જેમ **સિદ્ધાચલ** વગેરે સ્થાવર તીર્થોની અને સદ્ગુરુ રૂપી જંગમ તીર્થોની યાત્રા હોંશે હોંશે કરો છો, તેમ વર્ષે એકવાર આ દર્દીઓની દુનિયામાં પણ એક સફર કરી આવવી. એ દરેક દર્દીને જોઈને, ત્યાં પોતાની જાત ગોઠવીને એનું દર્દ જાતે અનુભવવાનો પ્રયત્ન કરવો. "હું પણ એક દિવસ આ જ જગ્યાએ હોઈશ..." એ ધરતી પર ઉતરનારી વાસ્તવિક્તાને એ વખતે કલ્પનામાં તો ઉતારવી જ.

આ રોગોથી ભરેલા આપણા આ સંસારમાં માત્ર તુચ્છ સુખો જોઈને આનંદ માણનારો જીવ તો મૂર્ખાઓનો સરદાર જ હોઈ શકે, બીજો કોઈ નહિ.

ધારો કે બધાને આવા રોગો ન હોય, તો ય માનસિક વેદનાઓ - ચિંતાઓ ક્યાં ઓછી છે ? બિચારા કેટલાય ઉત્તમ આત્માઓ ખાલી વાસનાના સુખ ખાતર અથવા તો સંયમના લોચ વગેરે દુ:ખોથી ગભરાઈ જઈને સંસારના માર્ગે આગળ વધ્યા, બે પગના મટીને ચાર પગના પશુ બન્યા, અર્થાત્ લગ્નગ્રંથિથી બંધાયા. ચોક્કસ એ તુચ્છ સુખો એમને મળ્યા ખરા, પણ એની સાથે હજારો ચિંતાઓ પણ ભૂતડીની માફક એમને એવી ચોંટી કે પેલા કહેવાતા સુખોની સુખ તરીકે ગણતરી કરવાનો ય મોકો એ બિચારાઓને મળતો નથી.

મુમુક્ષુપણામાં રહીને, થાકીને લગ્ન માંડી ચુકેલા એક શ્રાવિકાબહેનના પશ્ચાત્તાપના શબ્દો ! "મહારાજ સાહેબ ! તાલીમમાં બે વસ્તુ અઘરી લાગી. એક તો વહેલી સવારે ઉઠવું અને બીજું ગરમી સહન કરવી. વિહાર હોય ત્યારે પાંચેક વાગે ઉઠી જવું પડતું એ ખૂબ ભારે પડતું. અને ઉનાળામાં બંધિયાર ઉપાશ્રય મળે અથવા તો ખુલ્લો ઉપાશ્રય મળે તો પણ જ્યારે રાત્રે પવન બંધ પડી જાય ત્યારે જે બફારો થતો, ઉંઘ ન આવતી... આ બે વસ્તુથી ત્રાસીને દીક્ષા લેવાનો વિચાર માંડી વાળ્યો.

આજે બે દીકરીઓ અને એક દીકરો છે. પણ પેલી બંને વસ્તુ મારે ગળે વળગી છે. છોકરાઓને વહેલી સવારે તૈયાર કરવા, રસોઈ વગેરેનું કામ સંભાળવા પાંચ વાગે રોજ ઉઠવું જ પડે છે અને રસોડામાં રસોઈ કરતી વખતે ગરમી સહન કરવી જ પડે છે.

ગાડી-બંગલાવાળા આજના શ્રીમંતોની આ શ્રીમંતાઈ કેવી ભાડુતી છે ? એ તો બધા જાણે છે. બેંકની કે કંપનીઓની લોન ઉપર ખરીદેલા ગાડી-બંગલામાં જીવનારા એ બિચારાઓ બહારથી ભલે સુખી લાગે. પણ એમના માથે દર મહિને લોનના હપ્તા ભરવાની ચિંતાઓ ચોંટેલી જ હોય. જો ધંધામાં નુકસાન જાય, તો હપ્તા ન ભરાવાનો અને એટલે ગાડી-બંગલા જપ્ત થઈ જવાનો ભય ઉંઘ હરામ કરી દેતો હોય છે. આર્થિક સંકડામણના કારણે સામૂહિક આપઘાત કરનારા સેંકડો પરિવારોના પ્રસંગો આજે સમાચારપત્રોમાં વાંચવા મળે જ છે.

આવી જ હાલત સંસાર માંડનારાઓની થાય છે ને ? નજીવા સુખો ખાતર સંસાર માંડી તો દે, પણ પછી ? પરિવારને નિભાવવા માટે રોજની દસ-બાર કલાકની ગધ્ધા-મજુરી ! કોઈક કંપનીમાં કે કોઈક દુકાનમાં પાળેલા સારા બાંધેલા કુતરાની માફક સારા પગારવાળી ગુલામ તરીકેની જીંદગી જીવવાની ! રહેવા માટે નાનકડું ઘર મેળવતા તો દમ નીકળી જાય. વર્ષોની મૂડી એક જ ઘર લેવા પાછળ ખર્ચાઈ જાય. એ પછી ય રોજના ખર્ચાઓ ! સંતાનોને ભણાવવાના - મોંઘવારી સામે લડવાનું - જાત જાતના બિલો ભરતા જ જવાના - ભૂલેચૂકે માંદગી આવે તો હજારો - લાખોનો ધુમાડો કરી જ દેવાનો,

એમાં જો દેવાદાર બનવું પડે તો આખી જીંદગી એ દેવું અને એના વ્યાજના વિષચક્રમાં જ ઘમરોળાઈ જવા દેવાની...

સુરતમાં ૨૪ વર્ષનો એક યુવાન ! આંતરડાનો ગંભીર રોગ થવાથી મુંબઈ બોમ્બે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. રોજનું બિલ આશરે રૂા. ૬૫ હજાર ! ૧૫-૧૬ દિવસ બાદ કેસ ફેઈલ ! યુવાનને સુરત પાછો લાવવામાં આવ્યો, રસ્તામાં જ મોત ! દસેક લાખનું દેવું એ નાનકડા પરિવારના માથે ચડી ગયેલું. સૌથી વધુ કરુણ ઘટના તો એ બની કે જ્યારે આ યુવાનનું મૃત્યુ થયું, ત્યારે એની પત્ની ગર્ભવતી હતી અને નવમો મહિનો ચાલતો હતો.

કલ્પના તો કરો કે શું હાલત થાય એ સ્ત્રીની ! ભરયુવાનીમાં વિધવા બનવાનું, માથે દેવાનો મોટો ભાર, નવા જ જન્મ પામનારા બાળકની આખી જીંદગીની જવાબદારી... શું એમ માની શકાય ? કે સમાજ આ બધી વ્યવસ્થા ગોઠવી દેશે ? રામ રામ કરો !

લગભગ એમ કહી શકાય કે અત્યારે તમામે તમામ વ્યક્તિઓ માનસિક ચિંતાઓના ઢગલા નીચે દબાઈને, ચગદાઈને, હેરાન-પરેશાન થઈને જીવી રહી છે.

અરે, આ બધી વાત જવા દો ને ? સંસારનું આ જે સંસાર એ નામ છે ને ? એનો અર્થ જ બતાવી આપે છે કે ‘સંસાર ભયાનક છે.’ બોલો, શું અર્થ છે આ સંસાર શબ્દનો ? ***‘‘संसरणं संसारः’’*** *સરકવું-ભટકવું એનું નામ સંસાર !* ચારગતિમાં આમથી તેમ ભટક ભટક કરવું એ જ સંસાર ! પેલા સરકારી માણસો ! આખા ભારતમાં આમથી તેમ ફંગોળાયા કરે, સરકાર ગમે ત્યારે ગમે ત્યાં જવાનો આદેશ કરે, અને એ રીતે આ બિચારા ગુલામોને નાચવું પડે. એમ કર્મ સરકાર બધા સંસારી જીવોને ગમે ત્યારે ગમે તે ગતિમાં જવાનો Order કાઢે અને બિચારા ગુલામ સંસારી જીવોએ એની ગુલામી વેઠવાની. ન ગમે ભટકવાનું, તો ય ભટકવાનું ! બોલો ને, કોને ગમે છે ? કે કોને ગમ્યું છે તિર્યંચ-નરક ગતિમાં જવાનું ! છતાં અનંતીવાર અનિચ્છાએ પણ જવું જ પડ્યું છે ને ? બોલોને, કોને ગમે છે કે ગમ્યું છે મરવાનું, છતાં દેવ-મનુષ્યમાં અનંતીવાર મરવું જ પડ્યું છે ને ?

અરે, આ તો કેવી ગુલામી ! અનંતશક્તિનો માલિક આ આત્મા શું આટલો બધો નબળો, નપુંસક બની ગયો છે કે કર્મસત્તાની જોહુકમી મુંગે મોઢે અનંતકાળથી સહન જ કર્યા કરે છે ? પણ હા ! એને એ વિના છુટકો જ નથી. સંસારમાં એનું કશું ન ચાલે. આત્માની સત્તા સિદ્ધલોકમાં છે, અહીં નથી. અહીં તો છે માત્ર ગુલામી ને ગુલામી જ ! પોતાના કરોડ રૂપિયાના ફલેટમાં માલિક તરીકે જીવતો શ્રીમંત પણ પડોશીના લાખ રૂપિયાના ફલેટમાં તો માલિક નથી જ ને ? એવી હાલત છે આ આત્માની !

હવે તું જ બોલ ! આ વ્યાધિઓ અને વેદનાથી ભરેલા સંસારમાં સુખ ક્યાંથી કોય ? અરે, ભલા આદમી ! અગ્નિ પાસે શીતળતાની અપેક્ષા રખાતી હશે ? સાપ પાસે સુખની અપેક્ષા શી રીતે રખાય ?

**મન :** તો પછી સુખ મેળવવા શું કરવું જોઈએ ? સુખ તો મારે જોઈએ જ છે.

**આતમ :** સંસારમાં જે કોઈપણ સુખો છે, એ તો હકીકતમાં સુખ જ નથી. મહોપાધ્યાયજીના શબ્દોમાં વિચારીએ તો

***‘‘क्रुद्धनागफणाभोगोपमो भोगोद्भवोऽखिलः ।***
***विलासश्चित्ररुपोऽपि भयहेतुर्विवेकिनाम् ।’’***

***(અધ્યાત્મસાર આત્મતત્ત્વ-અધિકાર)***

ગુસ્સે થયેલો ફણિધર નાગ ડંખ મારવા માટે ઉંચો થયો હોય અને ડંખ મારવાની તૈયારી રૂપે ફણાને હલાવતો હોય, ફણા ઉપર મણિ પણ શોભતો હોય ત્યારે એ નાગ દેખાવમાં તો અત્યંત સોહામણો લાગે. પણ કોઈપણ ડાહ્યો માણસ ત્યાં ઉભા રહેવાની ય હિંમત ન કરે. એ સમજે જ કે આ નાગ ગમે એટલો સારો દેખાય, પણ એને અડવું એટલે મોત જ છે. એને ભેટવું એટલે મોત જ છે.

એમ સંસારના તમામે તમામ સુખો દેખાવમાં સોહામણા-લોભામણા છે, પણ એ મારક છે, વિનાશક છે... એટલે જ ડાહ્યા માણસો તો એની સામે નજર કરવાની પણ હિંમત ન કરે. દૂર જ ભાગી જાય. અરે ! તીર્થંકરો જેવા સમર્થ આત્માઓ પણ ભોગસુખો ત્યાગીને પ્રવ્રજ્યાના માર્ગે આગળ વધે છે, એ જ દેખાડે છે કે એ સુખોને લાત મારીને ભાગી જવામાં જ મજા છે.

જે સાચું સુખ છે, તે આત્માનું છે. એ મેળવવા માટે તો ભગવાને ભાખેલા જિનધર્મની જ આરાધના કરવી પડે.

પણ હાય રે અજ્ઞાન અને પ્રમાદ ! ઉપરની બધી વાતો જીવ જાણે છે. સંસારની અસારતાને અને ભયાનકતાને સાક્ષાત અનુભવે છે. છતાં આ બે દોષોને કારણે એ જિનધર્મની આરાધના કરવા તૈયાર થતો નથી.

જીવો 'સંસાર દુઃખમય છે' એટલું અનુભવે છે, પણ એનો નાશ જિનધર્મથી થાય, એ વાત કાં તો તેઓએ જાણી જ નથી, જાણી છે તો એમાં શ્રદ્ધા નથી, શ્રદ્ધા છે તો છેવટે આળસ-પ્રમાદ-કંટાળો એવા વળગેલા છે કે જિનધર્મ આરાધવાનો ઉત્સાહ થતો નથી.

**મન :** જીવને સુખ જોઈએ છે એમાં તો કોઈ બેમત નથી. એ સુખ માટે એ ક્યાંક તો પ્રયત્ન કરવાનો જ. હવે જ્યારે સદ્ગુરુ એને જિનધર્મ આરાધવાનું કહે, દીક્ષા લેવાનું કહે - શ્રાવકજીવન જીવવાનું કહે તો એને એ વાતમાં શ્રદ્ધા થવી જ જોઈએ ને ? શા માટે ન થાય ? અને શ્રદ્ધા થાય તો પ્રવૃત્તિ પણ થવી જ જોઈએ. ભૂખ્યો માણસ ભોજન મળે, તો એ ખાવા માટે પ્રવૃત્તિ કરવાનો જ. એમાં એને કહેવું જ ન પડે.

**આતમ :** તારી વાત આમ તો સાચી છે. છતાં એવું બનતું નથી, એના કારણ તપાસી લઈએ.

***अज्जं कल्लं परंपरारि पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।***

***अंजलिगयं व तोयं गलंतमाउं न पिच्छंति ॥२॥***

**ભાવાર્થ :** મેં પહેલા જ કહ્યું કે સુખો બે પ્રકારના છે. (૧) આત્મિક સુખ (૨) ભૌતિક સુખ.

પુદ્ગલો દ્વારા જે સાંસારિક સુખો મળે છે, એ બધા જ ભૌતિક સુખો છે. એ ખરેખર સુખ જ નથી, સુખાભાસ છે. પણ અજ્ઞાની-મૂઢ જીવોને તો એ સુખો જ ગમે છે, સારા લાગે છે, મેળવવા જેવા લાગે છે. એમને તો આત્મિક સુખોની કલ્પના પણ આવતી નથી.

આત્મિક સુખોની પ્રાપ્તિનું સીધેસીધું કારણ જિનધર્મની આરાધના છે.

ભૌતિક સુખોની પ્રાપ્તિનું સીધેસીધું કારણ ધન-સંપત્તિ છે.

એ ધન-સંપત્તિ પણ છેવટે તો ધર્મથી જ મળે છે, એ વાત સાચી. પણ એ પાછું નરી આંખે દેખાતું નથી. ધર્મ કરવાથી પુણ્ય બંધાય, પુણ્યના ઉદયથી ધન-સંપત્તિ મળે. પણ જ્યારે એ મળે, ત્યારે પુણ્યકર્મ તો દેખાતું જ નથી, કારણકે એ તો અતીન્દ્રિય છે. ત્યારે સીધે સીધો ધર્મ પણ દેખાતો નથી, કારણ કે પ્રાયઃ તો એ ઘણા કાળ પહેલા જ કરેલો હોય છે. આજે તો એ ધર્મથી ઉત્પન્ન થયેલા પુણ્યનો જ ઉદય છે.

આ વાસ્તવિક્તા જીવને મોટી ભ્રમણામાં પાડી દે છે.

આ જ વાત જરાક વધુ સ્પષ્ટ રીતે સમજી લઈએ.

ક્રિકેટટીમમાં ૧૧ ખેલાડી હોય છે. એમાં સારા બેટ્સમેન ચોગ્ગા-છગ્ગા લગાવી શકે છે, સદી ફટકારી શકે છે. પણ જે છેલ્લા ત્રણ-ચાર ખેલાડીઓ હોય, તેઓને તો એકાદ રન લેવામાં ય ફાંફાં પડતા હોય છે. આવું શા માટે ? બેટ તો બધા પાસે છે, બેટ જોરથી ગુમાવવાનું કે બોલને ટચ કરી દેવાનું કામ પણ બધા કરતા હોય છે. છતાં આ બેમાં આટલો ભેદ કેમ ?

ડાહ્યા માણસો સમજે છે કે માત્ર જોર કરવાથી ન ચાલે, જોર ક્યારે - કેવી રીતે કરવું એ ટેકનીક ઉપર મોટો આધાર છે. છેલ્લા ખેલાડીઓ શારીરિકબળમાં ગમે એટલા મજબૂત હોય તો પણ આ ટેકનીક એમની પાસે નથી હોતી. એટલે જ તેઓ જોર કરીને બેટ તો ફેરવે, પણ કાં તો વહેલું-મોડું ફેરવી નાંખે, કાં તો અસ્થાને ફેરવી નાંખે... એટલે એમને સફળતા ન મળે. એ જ રીતે હોંશિયાર ખેલાડીઓ બોલને ટેકનીકપૂર્વક કટ કરે અને ચોગ્ગા-છગ્ગા જાય. છેલ્લા ખેલાડીઓ કટ તો કરે, પણ એમાં ટેકનીક ન હોવાથી ઉલટું કેચ-આઉટ થવાનો જ વારો આવે.

પણ અસમજુ હજારો પ્રેક્ષકો તો એમ જ સમજે છે કે 'જોરથી ફટકો મારવો - કટ મારવી એ જ ચોગ્ગા-છગ્ગાનું કારણ છે.' બિચારા પ્રેક્ષકો ફટકો મારવો - કટ મારવી... એ અને એની ટેકનીક એ વચ્ચેનો સૂક્ષ્મભેદ પકડી શકતા નથી. આમ પણ આ ટેકનીક તો હોંશિયાર ખેલાડીઓની બુદ્ધિમાં પડેલી છે. એટલે એ શી રીતે દેખાય ? કે સમજાય ?

હજી જરાક ઉંડાણથી વિચારીએ. આ ટેકનીક પણ આ ખેલાડીઓ પાસે ક્યાંથી આવી ? તેઓ વર્ષો પહેલા પોતાના શિક્ષકો - રેફરીઓ પાસે શીખ્યા. એમના માર્ગદર્શન પ્રમાણે સખત મહેનત કરી... એના પ્રતાપે એમને આ ટેકનીક આત્મસાત થઈ હોય છે. હવે એ શિક્ષક + મહેનત તો અત્યારે બિલકુલ ન જ દેખાય એ સ્વાભાવિક છે. છતાં ડાહ્યા માણસો તો આ પણ સમજે કે જે ચોગ્ગા-છગ્ગા લાગે છે, એ ભલે જોરથી ફટકા મારવાથી લાગે, પણ એની પાછળ ટેકનીક કામ કરે છે, એ ટેકનીકની પાછળ શિક્ષક + મહેનત કામ કરે છે.

હવે પ્રસ્તુતમાં વિચારીએ.

ધન-સંપત્તિ મળે - ફ્લેટ મળે - મનગમતું બધું જ મળે એ છે ચોગ્ગા-છગ્ગા !

ધંધો કરવો - સખત મજુરી કરવી - નોકરી કરવી - દોડધામ કરવી એ છે જોરથી ફટકા + કટ !

પુણ્યકર્મનો ઉદય એ છે ટેકનીક !

જિનધર્મની આરાધના એ છે શિક્ષક — મહેનત !

આખા જગતમાં સર્વત્ર એ જ દેખાય છે કે માણસ ધંધો કરે છે, ધન કમાય છે. નોકરી કરે છે, સંપત્તિ પામે છે. દોડધામ કરે છે, સામગ્રીઓ મેળવતો જાય છે. અને સંપત્તિ મળે, એટલે એને બધું મળે છે. ફલેટ મળે, કાર મળે, પત્ની મળે, ભોજન મળે... તમામ પ્રકારના ભૌતિક સુખો મળે.

આમ ધંધો-નોકરી-દોડધામ અને સંપત્તિની પ્રાપ્તિ વચ્ચે સીધેસીધો સંબંધ દેખાય છે. પણ હકીકતમાં તો ધંધો વગેરે કરનારા ઘણા ય લોકો નુકસાન પણ પામે છે, એનો અર્થ એ છે કે જેની પાસે પુણ્ય છે, એ જ સંપત્તિ પામે છે, પુણ્યહીન માણસો બરાબર ધંધો કરવા છતાં નુકસાન વેઠે છે. એટલે સંપત્તિની પ્રાપ્તિ પાછળ પણ ખરું કારણ તો પુણ્યોદય જ છે.

હવે એ પુણ્ય ક્યાંથી આવ્યું ? એ પૂર્વભવોમાં કરેલી જિનધર્મની આરાધનાથી જ પ્રાપ્ત થયું છે. એટલે ખરેખર તો જિનધર્મની આરાધનાથી જ બધું જ ધન મળે છે એ નક્કર સત્ય છે.

પણ બિચારા અજ્ઞાની સંસારીઓ !

પુણ્યને જોઈ-સમજી શકતા નથી. એટલે જ એની પાછળ રહેલી જિનધર્મની આરાધનાને જોઈ- સમજી શકતા નથી. એમને માત્ર એટલું જ દેખાય છે કે ધંધો-નોકરી-દોડધામ કરીએ, તો ધન-સંપત્તિ મળે અને એના દ્વારા ભૌતિક તમામ સુખો મળે છે.

હવે એમને ભૌતિક સુખો તો ખૂબ ખૂબ ગમે છે, અરે ! એ જ ગમે છે. 'એ સિવાય પણ કોઈક સુખ હોઈ શકે.' એ એમની કલ્પના બહારની વસ્તુ છે. એટલે જ તેઓ ભૌતિકસુખો મેળવવા માટે કોઈપણ ભોગે ધન-સંપત્તિ મેળવવા પ્રયત્ન કરવાના જ. અને એમને તો એટલી જ સમજ છે કે ધનસંપત્તિ ધંધા-નોકરીથી જ મળે, ધર્મથી નહિ. ધર્મને અને ધનને શું લેવા દેવા ?

મન ! હવે તને તારા પ્રશ્નનો જવાબ મળી જશે કે "લોકો શા માટે જિનધર્મની આરાધના નથી કરતા ?"

લોકોને જોઈએ છે માત્ર ભૌતિકસુખ ! અને એમની ઉંધી સમજણ એ જ ચાલે છે કે 'એ સુખ ધનથી અને ધન ધંધા-નોકરીથી જ મળે. ધર્મથી નહિ.' એટલે એ બધાને ધર્મ તો out of date જ લાગે, નકામો જ લાગે. ચારિત્રની વાતો કરનારા સાધુઓ એમને પાગલ લાગે. ધર્મ કરનારા ધર્મીઓ એમને જડ-મૂર્ખા લાગે.

પણ બિચારા એ જીવો ! પુણ્ય જો ન હોય તો શી રીતે ધન-સંપત્તિ મેળવે ? દિવસો-મહીનાઓ-વર્ષો સુધી સંપત્તિ મેળવવા માટેના તનતોડ પ્રયત્નો કરે, રોજના દસ-બાર-પંદર કલાક માત્રને માત્ર ધંધો-નોકરી પાછળ રીતસર વેડફી નાંખે. પણ પુણ્ય વિના પરિણામ શૂન્ય આવે. ઉલટું ક્યારેક પાપોદય ચાલતો હોય, તો મેળવવાને બદલે જે હોય તે ય ગુમાવી દે.

પણ છતાંય

આ તો ઝાંઝવાના જળ ! આગળ ને આગળ પાણી દેખાયા જ કરે, એટલે આશા ઉભી જ રહે.

આ તો પેલો ચીકણો કાદવ ! જેમ જેમ બહાર નીકળવાના પ્રયત્ન કરે, તેમ તેમ અંદર જ ખુંપતા જાય.

એમ નિષ્ફળતાઓનો ઢગલો થાય, નુકસાનોની વણઝાર ચાલે, તો ય બિચારાઓને આશા બંધાયેલી રહે. "બસ, જો આ એક કામમાં સફળતા મળી જાય તો મારુ બધું જ કામ પૂરું થઈ જાય અને આજકાલમાં આ સફળતા મળી જ સમજો..." એ વિચારોમાં લોભાયા કરે. પણ જો જીવનું ધારેલું બધું થતું જ હોત, તો જગતમાં કોઈ દુઃખી હોત જ નહિ ને ? એટલે આ બિચારાની ઈચ્છા પૂરી થાય જ નહિ. કંઈક ને કંઈક એવું વિઘ્ન આવી પડે કે કામ અટકે... જીવ પાછો લોભાય, "બસ, આ તો આ વિઘ્ન આવ્યું, એટલે કામ ન પત્યું. હવે એને દૂર કરી દઉં એટલી જ વાર ! બધું કામ પૂર્ણ થઈ જશે. એક-બે દિવસનો જ વિલંબ થશે..." અને વળી એ આશાના તાંતણે જીવડો લટક્યા કરે.

આ રીતે "આજે મળશે, કાલે મળશે, બે દિવસ પછી મળશે..." એમ જીવો ધનસંપત્તિની આશા રાખીને નકામો જ સમય પસાર કર્યા કરે છે.

કોણ એ બધાને સમજાવે ? કે ઓ માનવો ! તમારો આ માનવભવ અસંખ્ય દેવોના ભવ કરતા પણ દુર્લભ છે. એની એક-એક પળ અતિ-અતિ કિંમતી છે. માટે જ તો **પ્રભુવીરે** છેલ્લે છેલ્લે **શ્રીગૌતમસ્વામી**ને દેશના આપી કે, ***'समयं गोयम***

*! मा पमायए' ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરીશ.*

અને તમે એ જ માનવભવના વર્ષોના વર્ષો આવી ઘેલછાઓમાં, મિથ્યા વિચારોમાં, ખોટી આશાઓમાં વેડફી નાંખ્યા. શું કરી રહ્યા છો તમે ?

શું તમે એમ માનો છો, કે આ મોત તમારી રાહ જોશે ? તમારી રજા લીધા બાદ જ તમને અહીંથી ઉપાડી જશે ? અરે, ભ્રમણામાં ન રહેતા. ***"May I Coming Sir ?"*** બોલીને કોઈના રૂમમાં પ્રવેશ કરવા જેટલો વિનય-વિવેક આ યમરાજને તો બિલકુલ આવડતો નથી. એ તો છે ભારે આતંકવાદી ! પુછ્યા વિના અંદર ઘૂસી જઈને ગોળીઓ છોડી હત્યાકાંડ ચલાવવો એ જ એનો ધર્મ છે. એનો વિશ્વાસ તમે ન કરશો.

બે હાથની અંજલિ કરીને એમાં પાણી ભરી રાખીને પછી જો જો કે એમાંથી ટપક-ટપક પાણી નીચે ટપક્યા જ કરવાનું. એ કંઈ અંજલિમાં ટકી ન રહે.

માનવો ! આપણું આયુષ્ય આવું જ છે. પ્રત્યેક સમયે ઘટતું જ જાય છે. પ્રત્યેક સમયે આપણે શ્મશાન તરફ એક-એક ડગલું આગળ ધસી રહ્યા છીએ. આપણને વળી હવે પ્રમાદ કરવો શી રીતે પરવડે ?

યાદ કરો એ **રત્નાકરસૂરિજી**ના શબ્દો !

***"આયુષ્ય ઘટતું જાય તો પણ પાપબુદ્ધિ નવિ ઘટે...***
***આશા જીવનની જાય તો પણ વિષયાભિલાષા નવિ મીટે..."***

*આયુષ્ય પ્રત્યેક પળે ઘટે છે, આપણને ખબર છે, છતાં પાપબુદ્ધિ ઘટતી નથી.*

*જીવવાની આશા ખતમ થઈ જાય, તો ય વિષયસુખોની અભિલાષા ખતમ થતી નથી.*

શું આપણે આ કડીઓ આપણા જીવનમાં સાર્થક કરવી છે ? સાચી ઠેરવવી છે ?

યાદ કરો એ **પ્રશમરતિ**ના શબ્દો !

***"अपि पश्यतां समक्षं नियतमनियतं पदे पदे मरणम् ।***
***येषां विषयेषु रतिर्भवति न तान् मानुषान् गणयेत् ॥"***

*ડગલે ને પગલે નિશ્ચિતરૂપે કે અચાનક જ થઈ જનારા મરણોને સાક્ષાત જોવા છતાં પણ જેઓને હજી પણ સંસારના સુખોમાં રસ પડે છે, એ લોકોને માણસ ન ગણવા જોઈએ.*

શું આપણે પશુ બનવું છે ? આપણને નથી થતું ? કે એક દિવસ એવો આવશે કે 'હું પોતે જ કોઈનું મોત જોવા હાજર જ નહિ હોઉં, કારણ કે હું ખુદ મરી ગયો હોઈશ.'

યાદ કરો એ **શાન્તસુધારસ**ના શબ્દો !

***"यैः समं क्रीडिता ये च भृशमीडिताः, यैः समाकृष्महि प्रीतिवादम् ।***
***तान् जनान् वीक्ष्य बत भस्मभूयं गतान् निर्विशङ्काः स्म इति धिक्प्रमादम् ॥"***

*જેમની સાથે અમે ક્રિકેટ-ચેસ-પકડાપકડી... કેટલીય રમતો રમતા હતા, જે પૂજ્ય વડીલોને અમે ખૂબ પૂજ્યા છે - સેવા કરી છે, જે સ્વજન પરિવારની સાથે કલાકો સુધી સ્નેહ ભરેલી - લાગણી ભરેલી વાતોચીતો કરી છે... એવા મિત્રોને - વડીલોને - સ્વજનોને શ્મશાનની આગમાં રીતસર રાખ બની ગયેલા અમે નજરોનજર જોયા છે. છતાં હાય રે પ્રમાદ ! હજી અમે નિર્ભય બનીને સંસારમાં પડ્યા છીએ, પાપોમાં રગદોળાઈએ છીએ, આ કેવી અમારી નિર્લજ્જતા !*

શું આપણે આવા નિર્લજ્જ બનવું છે ?

***"कवलयन्नविरतं जङ्गमाजङ्गमं जगदहो नैव तृप्यति कृतान्तः ।***
***मुखगतान्खादतस्तस्य करतलगतैर्न कथमुपलप्स्यतेऽस्माभिरन्तः ॥"***

*આ ખાઉધરો, ભૂખ્યો યમરાજ બિલકુલ થાક્યા વિના, અટક્યા વિના વિશ્વના જડ-ચેતન બધા જ પદાર્થોને ખાધા જ કરે છે. એ વિચિત્ર પેટવાળાને કદી તૃપ્તિ-સંતોષ થતો જ નથી.*

*હા ! મોઢામાં નાંખેલા જડ-ચેતન રૂપી કોળીયાઓને એ ચાવી રહ્યો છે, અને આપણે ? આપણે એના હાથમાં જ પછીના કોળીયા તરીકે આવી ચૂકેલા છીએ. પેલો મોઢાનો કોળીયો ચવાઈ જાય, પેટમાં જાય એટલી જ વાર ! પછી નિશ્ચિત આપણો જ વારો છે.*

શી રીતે બચશું આપણે ? નક્કી મરવું પડવાનું જ ને ?

આ બધી સમજણ વાસ્તવિક છે, ઉપયોગી છે. અસરકારક છે... પણ દુર્ભાગ્ય એ સંસારી જીવોનું ! કે જેમને આ

સમજણ આપનાર, આંખો ઉઘાડનાર કોઈ મળતું નથી. કદાચ મળે છે, તો એ બિચારાઓ પોતાના દુર્ભાગ્યના લીધે જ આ કશું સમજવા-માનવા-વિચારવા તૈયાર જ નથી.

પ્રભુ ! એમને સદ્‌બુદ્ધિ આપે એ જ પ્રાર્થના !

**મન :** પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે, તે વાત સાચી. અને માટે ધર્મ કરી લેવો જોઈએ એવું તમે કહો છો, એ વાત પણ સાચી. પણ મેં તો સાંભળ્યું છે કે ધર્મની તાકાત અપરંપાર છે, થોડોક પણ ધર્મ પ્રચંડશક્તિ ધરાવે છે. ક્ષપકશ્રેણી માત્ર અંતમુર્હૂતની છે, છતાં એની તાકાત કેવલજ્ઞાન અપાવવાની છે. સમ્યક્ત્વ માત્ર અંતમુહૂર્ત માટે પણ મળી જાય, તો ય એ અનંતસંસાર તો ઘટાડી જ આપે. એમ દીક્ષાની તાકાત પણ એટલી જ છે. એક ભવમાં માત્ર અંતર્મુહૂર્ત માટે પણ સાચી દીક્ષા મળી જાય, તો બેડો પાર ! કેમકે વધુમાં વધુ આવા સાત ભવો જ કરવાના હોય છે. એટલે કે અંતર્મુહૂર્ત માટે સાચી દીક્ષાના સ્પર્શવાળા માત્ર સાત-આઠ ભવો જ થઈ શકે, એ સાત-આઠમા ભવે તો અવશ્ય મોક્ષ મળી જ જવાનો.

હવે જ્યારે ધર્મની તાકાત આટલી બધી છે જ, ત્યારે એને આરાધવાની ઉતાવળ કરવાની શી જરુર ? મારો કહેવાનો ભાવાર્થ એ છે કે ધારો કે આપણું આયુષ્ય ૬૦-૭૦ વર્ષનું હોય, તો કંઈ ૧૫-૨૦ વર્ષની ઉંમરથી જ દીક્ષા લઈ લેવાની કે બીજા બધા ધર્મો કરવાની જરૂર જ ક્યાં છે ? ૫૦-૬૦ વર્ષની ઉંમર સુધી આપણે આપણી ઈચ્છા પ્રમાણે જીવીએ, મનને માર્યા વિના સુખ પડે તેમ જીવીએ... અને પછી ધર્મની આરાધના કરી લઈએ, એ છેલ્લા દસ-વીસ વર્ષ ધર્મ કરીએ, તો ય અધધ... ફળ મળી જ જવાનું. અરે, માત્ર અંતમુહૂર્તની ધર્મારાધના પણ જો મોક્ષ આપી શકતી હોય, તો દસ-વીસ વર્ષની આરાધના તો ઘણી ઘણી પૂરતી કહેવાય.

કદાચ માટે જ અજૈનોમાં ચાર આશ્રમની વ્યવસ્થા છે. ૧૦૦ વર્ષની ઉંમરની કલ્પના કરીને એના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. પહેલા ૨૫ વર્ષ અભ્યાસાદિ કરવા એ પહેલો આશ્રમ ! બીજા ૨૫ વર્ષ લગ્ન-ધંધો વગેરેની પ્રધાનતાવાળું જીવન એ બીજો ગૃહસ્થાશ્રમ ! ત્રીજા ૨૫ વર્ષ બ્રહ્મચર્યનું જીવન ! અને ચોથા ૨૫ વર્ષ સંન્યાસજીવનમાં ય જંગલમાં જઈને જીવવાનું !

આમાં પહેલા ૫૦ વર્ષ તો સંસારના જ છે, એ પછી જ દીક્ષાની વાત છે. આપણી આ આર્યસંસ્કૃતિની વ્યવસ્થા ખૂબ જ સુંદર છે.

એટલે મારો અભિપ્રાય એવો છે કે "ધર્મ કરવાનો, 'એ જરુરી છે,' એની ના જ નથી, પણ એ ધર્મ છેલ્લી ઉંમરમાં કરવાનો."

**આતમ :** તારી બુદ્ધિમત્તા (!) બદલ તને ધન્યવાદ આપવા જોઈએ. અરે, મુગ્ધ ! કોણે તને આ બધું ઉંધુ ભરમાવ્યું છે ? જિનશાસનને કદી માન્ય ન બને, એવી આવી ખોટી વિચારણાઓ તારા મનમાં ક્યાંથી ઘૂસી ગઈ ? સાંભળ, શું કહે છે જિનશાસનના મહારથિઓ !

***जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह तुरमाणा ।***
***बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥३॥***

**ભાવાર્થ :** L.I.C.ના મોટા મકાનમાંથી નીચે ઉતરીને એક ભાઈ પરિચિત સાધુ પાસે વંદન કરવા જઈ પહોંચ્યા. સાધુએ સહજ રીતે પૃચ્છા કરી કે "કેમ આજે મોડા ? કંઈક કામ આવી પડ્યું કે શું ?"

ભાઈએ જવાબ દીધો "સાહેબ ! રોજ છાપામાં સેંકડો-હજારો માણસોના મરવાના સમાચારો સાંભળીને ગભરાઈ ગયો છું. ગમે ત્યારે ગમે ત્યાં અકસ્માત થાય, બોમ્બ ફાટે, આતંકવાદી હુમલા થાય, ગમે તે ઉંમરમાં ગમે તે રોગ અચાનક જ આપણને ઘેરી લે અને હજી કંઈ દવા-દારુ કરીએ એ પહેલા તો આપણને ઉપાડી લે.

સાહેબ ! આવું કંઈપણ થાય, તો મારા મૃત્યુ બાદ મારા પરિવારનું શું ? મારા એકના મોત સાથે બીજા પણ સ્વજનો જીવતા જ મૃત્યુ પામે એ યોગ્ય તો નથી જ ને ?

એટલે નિર્ણય કરી લીધો કે L.I.C.માં જઈ જીવનનો વીમો ઉતરાવી લેવો. ગમે ત્યારે મોત આવે, તો વીમાની લાખો રૂપિયાની રકમ પરિવારને મળી રહે, તેઓ શાંતિથી જીવી શકે. હું તો હવે હાથી જેવો ગણાઉં. જીવું તો લાખ રૂપિયાનો, મરું તો સવા લાખનો !

આજે વીમો ઉતરાવવા ગયેલો, એટલે અહીં આવવામાં વિલંબ થયો."

ભાઈએ મોટું ભાષણ આપી દીધું.

સાધુને લાગ્યું કે 'આ ભાઈને અત્યારે તો વૈરાગ્યનો રંગ ચડ્યો લાગે છે, જો એને ધર્મની પ્રેરણા કરું તો સીધી ઉતરી

જાય.'

અને ભોળા સાધુએ થોડીક વાર બાદ ઉપદેશ આપવાનો શરુ કર્યો "આલોક માટે દિવસ-રાત મહેનત કરે છે, તો પરલોક માટે તો કંઈક કરવું જ જોઈએ. કમસેકમ રોજ અષ્ટપ્રકારી પૂજા + રાત્રિભોજન ત્યાગ + એક સામાયિક... આટલું તો કરવું જ જોઈએ. સમયની ખેંચ પડતી હોય, તો ય ગમે તે રીતે સમય કાઢવો જોઈએ..."

પેલા ભાઈ કહે "સાહેબ ! ઓફિસનો ટાઈમ એવો છે ને ? કે સામાન્યપૂજા કરવાનો સમય પણ માંડ માંડ મળે છે. તો અષ્ટપ્રકારી પૂજાની તો વાત જ ક્યાં ? છેક રાત્રે ૭-૮ વાગે ઓફિસ બંધ થાય છે, એ પછી ઘરે આવવાનું થાય એટલે નાછુટકે રાત્રે ખાવું જ પડે છે. અને આખા દિવસનો થાક એવો હોય છે કે પછી ઘરે આવીને સામાયિક કરવું ખૂબ આકરું પડી જાય.

પણ સાહેબ ! આપને ખાતરી આપું છું કે ૧૫-૨૦ વર્ષ બાદ હું નિવૃત્ત જ થવાનો છું. બસ, પછી આપ જે કહેશો, તે બધું જ કરીશ. મને આ બધું જ ગમે છે. પણ શું કરું...."

મહારાજ સાહેબ સ્તબ્ધ થઈ ગયા. હજી દસ મિનિટ પહેલા જ 'જીવનના એક દિવસનો પણ ભરોસો નથી' એવું બોલનારો માણસ, 'ગમે તે પળે મોત આવી શકે છે' એવું માનીને જીવનવીમો ઉતરાવનારો માણસ અત્યારે ૧૫-૨૦ વર્ષ બાદ ધર્મ કરવાની વાત નિર્લજ્જ બનીને કરી શકે છે, વાહ રે વાહ ! તો શું ૧૫-૨૦ વર્ષ અને એ પછી પણ જીવવાનું જ છે, એવું એને જ્ઞાન થયું છે ? અને જો એવું જ હોય તો તો વીમો ઉતરાવવાની પણ શી જરૂર હતી ?

મન !

આપણે સ્વયં જ આપણી જાતને ઠગતા હોઈએ છીએ. આપણને સ્વજન-પરિવાર વહાલો છે, તો એની ચિંતા સાચા હૈયેથી કરશું, પણ આપણને ધર્મ વહાલો નથી, એટલે જયારે ધર્મ આચરવાની વાત આવે, એટલે નાના-મોટા બહાના આગળ કરીને છટકી જશું.

એક મુમુક્ષુ યુવાને કલ્યાણમિત્રને કહ્યું કે "દીક્ષા લેવાની ભાવના તો છે, પણ મમ્મી-પપ્પા ના પાડે છે..." ત્યારે કલ્યાણ મિત્રે તરત જવાબ આપી દીધો "જ્યારે યુવાનોને કોઈ છોકરી સાથે લફરું થાય, ત્યારે તો મા-બાપની ઉપરવટ જઈને લગ્ન કરી લે છે, બહાર ફરવા જવું હોય તો ત્યાં ય મા-બાપને ગણકારતા નથી. બીજી બધી જ બાબતોમાં પોતાનું ધાર્યું જ કરે છે. જયારે ધર્મની વાત આવે, ત્યારે જાણે કે બધા જ માતા-પિતાના ભક્ત **શ્રવણ** બનીને, નમ્ર બનીને બોલવા લાગે છે "માતા-પિતા ના પાડે છે..."

આ એકદમ સાચી વાત છે. જો ખરેખર વૈરાગ્ય જાગ્યો હોય. ધર્મભાવના સાચા અર્થમાં પ્રગટી હોય તો દુનિયાની કોઈ તાકાત એને ધર્મમાર્ગે, પ્રવ્રજયામાર્ગે આગળ વધતા અટકાવી શકે જ નહિ.

હવે તેં કરેલા બચાવનું સમાધાન આપું.

તું એમ કહે છે કે "છેલ્લા દસ-વીસ વર્ષ ધર્મની આરાધના કરી લેશું." બરાબર ને ? પણ તારું આયુષ્ય એટલું મોટું છે, એવું તને કોણે કહ્યું ?

**મન :** એ તો સારામાં સારા જયોતિષીને બોલાવીએ, તો એનાથી આયુષ્યનો અંદાજ તો આવી જ જાય. જો જયોતિષી જ આયુષ્ય ઓછું બતાવે, તો અલગ વાત છે.

**આતમ :** આયુષ્ય બે પ્રકારના હોય છે. નિકાચિત અને અનિકાચિત !

નિકાચિત આયુષ્યમાં એક સમયની પણ વધ-ઘટ ન થાય.

પણ જે અનિકાચિત હોય, તેમાં ઘટાડો તો ચોક્કસ થઈ શકે છે. અર્થાત્ ધારો કે ૭૦ વર્ષનું આયુષ્ય હોય, પણ પાંચ વર્ષની ઉંમરે જ અકસ્માત થવો - અગાસી ઉપરથી પડી જવું... વગેરે કંઈક ઉપક્રમ લાગે, તો ૭૦ વર્ષનું આયુષ્ય કર્મ ત્યારે ને ત્યારે જ એકસાથે ભોગવાઈ જાય અને પાંચ વર્ષની ઉંમરે જ મૃત્યુ થઈ જાય.

જયોતિષીએ કહ્યા હોય ૭૦ વર્ષ ! અને મૃત્યુ થાય ૫ વર્ષની ઉંમરે, એવું પણ બને.

એટલે તું જો જયોતિષીના ભરોસે બેસી રહે, અને ૬૦ વર્ષની ઉંમર થવાની રાહ જુએ, તો શક્ય છે કે એ પહેલા જ તું પરલોક ભેગો થઈ જાય. પછી છેલ્લા વર્ષોમાં આરાધના કરવાનો અવસર જ ક્યાંથી મળવાનો ?

**મન :** આયુષ્ય ૭૦ વર્ષનું હોય અને પાંચ વર્ષમાં પૂર્ણ થઈ જાય ખરું ? આ વળી કેવું ?

**આતમ :** પાનના ગલ્લા ઉપર જુના જમાનામાં બીડી સળગાવવા માટે કાથાની દોરી લટકાવી રાખવામાં આવતી, એનો એક છેડો સળગાવવામાં આવ્યો હોય, અને એ છેડેથી દોરી ધીમે ધીમે સળગતી જાય. આ દોરી ત્રણેક કલાક ચાલે.

પણ આ જ દોરીને ગુંચળું વાળીને સળગાવવામાં આવે, તો પાંચ જ મિનિટમાં બળી જાય.

એમ ૭૦ વર્ષનું આયુષ્ય જો ક્રમશઃ ખતમ થતું જાય, તો તો ૭૦ વર્ષ ચાલે, પણ અકસ્માત-રોગ વગેરેને લીધે એક સાથે એ બધું ખતમ થાય તો પાંચ વર્ષે પણ મોત આવી શકે છે.

અત્યારે આપણા બધાનું આયુષ્ય અનિકાચિત છે, અને ચારે બાજુ ગમે ત્યારે ગમે તે બનવાની શક્યતાઓ તો ઉભી જ છે. એટલે એનો કોઈપણ વિશ્વાસ ન કરાય.

માટે જ પ્રસ્તુત ગાથામાં મહર્ષિ ભગવંત ઉપદેશ આપે છે કે

*"ઓ જીવ ! તું જે ધર્મકાર્ય આવતીકાલે કરવાનું વિચારતો હોય, તે આજે જ કરી નાંખ. અને એ પણ અત્યારે જ ઉતાવળે કરી નાંખ. કારણ કે એક એક મુહૂર્તમાં ઢગલાબંધ વિઘ્નો આવવાની શક્યતા છે, કાં તો તું જ મરી જઈશ, અથવા તો એવું કંઈક થશે કે તું તારું ધારેલું ધર્મકાર્ય કરવા માટે સમર્થ જ નહિ રહે.*

*માટે જ જીવ ! જે કામ સવારે કરવાનું હોય, એને સાંજ ઉપર પણ છોડતો નહિ."*

**ભગવાન સુધર્માસ્વામી**નો ઉપદેશ સાંભળીને **જંબુકુમાર**ને વૈરાગ્ય જાગ્યો, ઉભા થઈને કહ્યું કે *"મારી ભાવના છે દીક્ષા લેવાની ! માત્ર ઘરે જઈને માતા-પિતાની રજા લઈ આવું..."*

શું જવાબ આપ્યો ગણધર મહારાજાએ, ખબર છે ? ચોક્ખું કહી દીધું કે ***"मा पडिबन्धं कुणह"*** *દીક્ષા લેવામાં વિલંબ ન કરીશ...*

એમણે એમ તો ન જ કહ્યું કે "સારું, મા-બાપની રજા લઈ આવ." કારણ એ જ છે એ મહાત્માઓ કાળની, કર્મની વિચિત્રતા જાણે છે - સમજે છે. જો તેઓ રજા આપે, અને એના નિમિત્તે જે વિલંબ થાય, એ વિલંબ દરમ્યાન કંઈપણ અજુગતું બને, તો એનું પાપ આ મહાત્માઓને ચોંટે.

જંબુકુમાર રજા લેવા પાછો ફર્યો, **રાજગૃહી**ના મુખ્ય દ્વારમાંથી પ્રવેશ કરતા જ એક પ્રસંગ બની ગયો. એ દ્વારનું સમારકામ ચાલતું હતું. ભૂલથી એક મોટો પત્થર નીચે પડ્યો, જંબુ થોડાક માટે બચી ગયો. એને થયું "જો પત્થર મારા પર પડ્યો હોત તો ? વિરતિ વિના મારું મોત મને ક્યાં લઈ જાત ? ભલે, રજા લેવી એ મારી ફરજ છે, પણ એ પહેલા આવશ્યક વિરતિ તો લઈ જ લઉં." અને જંબુ પાછો ફર્યો, સુધર્માસ્વામી પાસે આવી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને ઘરે જવા નીકળ્યો.

પેલો વૈરાગી રાજકુમાર ! આચાર્યની દેશના સાંભળી તરત દીક્ષા માટે તૈયાર થયો, માતા-પિતાએ થોડાક દિવસ બાદ મહોત્સવપૂર્વક દીક્ષા આપવાની ઈચ્છા દર્શાવી. આચાર્યે એમને વિલંબ ન કરવા સમજાવ્યા અને ત્યાં જ દીક્ષાનો પ્રારંભ થઈ ગયો. પ્રદક્ષિણા વખતે જ રાજકુમાર ઢળી પડ્યો, મૃત્યુ પામ્યો. રાજા-રાણી શોકમગ્ન બની ગયા, એમને આ મોટું અમંગળ લાગ્યું, પણ એ જ વખતે આકાશમાંથી દેવ નીચે ઉતર્યો, આચાર્યશ્રીને વંદન કરીને રાજા-રાણીને કહે છે કે "માતા-પિતા ! તમે ચિંતા ન કરો. આચાર્યશ્રીએ મને જલ્દી દીક્ષા આપવા દ્વારા મોટો ઉપકાર કર્યો છે. દીક્ષા લેતા લેતા હું મર્યો, એને પ્રતાપે ઉત્તમ દેવગતિ પામ્યો છું. જો વિલંબ થયો હોત તો..."

મુંબઈના એક હોંશિયાર બાળ મુમુક્ષુનો અકસ્માત થયો, મૃત્યુ થયું, દીક્ષા અટકી ગઈ.

એક દીક્ષાર્થીભાઈની પત્રિકા પણ છપાઈ ગઈ, અને પછી ક્યાંકથી એ ભાઈ પડ્યા, હાડકા ભાંગી ગયા અને દીક્ષા અટકી ગઈ.

એક દીક્ષાર્થીના પિતાજી મૃત્યુ પામ્યા. ઘરની બધી જ જવાબદારી અચાનક જ એના માથે આવી ગઈ અને લગ્ન કરીને સંસારમાં રહેવું પડ્યું.

શાસ્ત્રોમાં આ જ કારણસર કહેવામાં આવ્યું છે કે ***"यदहरेव विरजेत्, तदहरेव प्रव्रजेत् ।"*** *'જે દિવસે વૈરાગ્ય જાગે, તે જ દિવસે દીક્ષા લઈ લેવી. વિલંબ કરવામાં મજા નથી.'*

અરે ! ઘણા મુમુક્ષુઓની હાલત તો એવી પણ થાય છે કે વધુ પડતા વિચારોમાં અટવાઈ જાય, એમાં જ કાળ પસાર થઈ જાય અને વૈરાગ્યભાવ જ ખતમ થઈ જાય. દીક્ષાની ભાવના જ મરી પરવારે. આ પણ એક મોટું વિઘ્ન છે.

ઘણી જગ્યાએ પીવાના પાણીની તકલીફ હોવાથી આખા દિવસ દરમ્યાન માત્ર અડધો કલાક જ નળમાં પાણી આવતું હોય છે. આવી જગ્યાએ એ અડધો કલાક દરમ્યાનમાં જો પાણી ભરી ન લેવાય તો પછી તરસ્યા રહેવાનો વારો આવે.

અવિકસિત ગામડાઓમાં રાત્રે કલાક-બે કલાક માટે જ વિજળી આપવામાં આવતી હોય, ત્યારે રસોઈ-વાસણ ધોવા વગેરે બધું એ સમય દરમ્યાનમાં પતાવી દેવું પડે.

વીજ ઝબુકે, ત્યારે જ દોરો પરોવી લેવો, પળ પછી અંધકાર જ છે, એમાં કામ નહિ થાય.

***"समयं गोयम ! मा पमायए"*** નો એક અર્થ આવો પણ થઈ શકે છે કે *"હે ગૌતમ ! સારા કાર્યોમાં એક સમય પણ વિલંબ ન કરીશ."*

આ ગાથામાં તો એક એક મુહૂર્તને ઘણા વિઘ્નોવાળું કહ્યું છે. પણ ખરી હકીકત તો એ છે કે એક-એક સેકંડમાં ઢગલાબંધ વિઘ્નો આવી શકે છે. જે વિચાર જ કર્યા કરે, એમનું આ ક્ષેત્રમાં કામ જ નહિ. ચોક્કસ, યોગ્ય નિર્ણય લેવા માટે વિચાર કરવો જરૂરી છે જ, પણ એ વિચાર જ શાશ્વત બની જાય અને કોઈ નિર્ણય થાય જ નહિ, અથવા તો મગજ થાકી જવાથી છેલ્લે ઉંધો નિર્ણય લેવાઈ જાય એ તો બિલકુલ બરાબર નથી.

***ही संसारसहावचरियं णेहाणुरागरत्ता वि ।***

***जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसंति ।।४।।***

**ભાવાર્થ :** ખરેખર આ સંસારનો સ્વભાવ અત્યંત વિચિત્ર છે. એમાં બનતા પ્રસંગો આઘાત જન્માવે એવા છે. અરે, જે સ્વજનોને-મિત્રોને-આત્મીયજનોને હજી તો સવારે આપણે જાતે જોયા હોય, હસીમજાકની વાતો થઈ હોય, રાત્રે પાછા મળવાનું નક્કી થયું હોય, ખૂબ ઉત્સાહ સાથે Good buy કરીને છૂટા પડ્યા હોઈએ અને ખરેખર એ Good buy છેલ્લું Good buy બની રહે. સાંજે સમાચાર મળે કે "એ મરી ગયા છે, હવે એ આપણને મળી શકશે નહિ."

મુંબઈ ૧૪મી ડીસેમ્બરના દિવસે લોકલ ટ્રેનમાં થયેલા ભયંકર બોમ્બ વિસ્ફોટમાં ૪૦૦-૫૦૦ માણસ મરી ગયા. એમાં જૈનો પણ ઘણા હતા. **બોરિવલી-મલાડ** વગેરે સબબસ્થાનોમાં રહેનારા એ માણસો સવારે ઘરેથી નીકળતી વખતે પત્ની-સંતાનોને મળીને જ નીકળ્યા હશે ને ? ત્યારે કોને ખબર હતી કે આ માણસો હવે પાછા આવવાના નથી. અરે, જીવતા તો જોવા ન જ મળ્યા, પણ વિસ્ફોટમાં એ બધાના દેહના પણ એટલા બધા ટુકડા થઈ ગયેલા કે કોઈનું આખું કે અડધું મડદું કે છેવટે માત્ર મોઢું પણ હાથમાં ન આવ્યું. અસહાય બનીને બધાએ આ ઘટના સ્વીકારવી જ પડી.

૨૬મી જાન્યુઆરીનો કચ્છમાં થયેલો ભૂકંપ ! એક લાખ માણસોને ભરખી ગયેલો એ ભૂકંપ ! પૂજ્ય પંન્યાસબંધુઓ **મુક્તિચંદ્રવિજયજી** અને **મુનિચન્દ્રવિજયજી**એ લખેલું પુસ્તક **'ભૂકંપમાં ભ્રમણ'** વાંચીએ, તો સાડા ત્રણ કરોડ રૂંવાડામાં ધ્રુજારી છૂટી જાય. વધુ આશ્ચર્ય તો એ થાય કે ક્યારેય કચ્છમાં પોતાના ગામમાં ન જનારા, મુંબઈ રહેવાસી કેટલાક જૈનો અમુક અમુક કામસર એ એક જ દિવસ માટે કચ્છ ગયેલા અને ફરી કદી મુંબઈ ન પહોંચ્યા. જાણે કે મોત જ એમને કચ્છમાં ખેંચી ગયું. એની સામે વર્ષોથી કચ્છમાં જ રહેનારા કેટલાક વૃદ્ધો જોગાનુજોગ પોતપોતાના કામ માટે મુંબઈ-સુરત ગયા અને તેઓ બચી ગયા.

મોટી કઢાઈમાં ફાફડા-સેવ-કચોરી વગેરે ફરસાણ તળવા માટે બેઠેલો રસોઈયો ! ધરતીકંપ થયો અને એ ઉંચો થઈને પટકાયો, માથું સીધું પડ્યું ધગધગતા તેલમાં ! કેવું કરુણ મોત !

ઠંડીના એ સમયમાં દુઃખતી પીઠને શેક થાય એ માટે એક વૃદ્ધ ભાઈ ખાટલાની નીચે સળગતા કોલસા ભરેલી સગડી રાખીને પોતે ખાટલા પર સુતા હતા. નીચેથી કોલસાની ગરમીથી રાહત મળતી હતી. પણ ભૂકંપ થયો, ખાટલો તૂટ્યો અને ભાઈની પીઠ આખી ને આખી પેલી સગડીમાં ખૂંચી ગઈ. પીઠનો બધો ભાગ સળગી ગયો. કેવું કરુણ મોત !

શું આપણી તાકાત ખરી ? કે આપણા પ્રિયજનોને કાયમ માટે મરતા અટકાવી શકીએ ?

**પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજા**એ **ષોડશક પ્રકરણ**માં સ્પષ્ટ જણાવ્યું છે કે *"રોજ મૃત્યુનું ચિંતન કરવું. એમાં સતત પ્રયત્નશીલ રહેવું. વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં - ટકાવવામાં - વધારવામાં મૃત્યુચિંતન અતિ-ઉપયોગી બની રહે છે."*

***मा सुअह जग्गिअव्वे, पलाइअव्वम्मि कीस वीसमेह ।***

***तिण्णि जणा अणुलग्गा रोगो अ जरा अ मच्चु अ ।।५।।***

**ભાવાર્થ :** શાસ્ત્રકાર મહર્ષિઓને આપણા સૌ ઉપર કેટલો બધો નિર્દોષ સ્નેહ છે, એ એમના ઉપદેશના શબ્દો ઉપરથી આપણને અનુભવાયા વિના ન રહે. એક સગી માતા પોતાના સંતાનને જે લાગણીથી હિતશિક્ષા આપે, એના કરતા ય ઘણી ઘણી વધુ લાગણી મહાપુરુષોના આ શબ્દોમાં આપણને જોવા મળે છે.

સાંભળો, શું કહે છે તેઓ આપણને !

ઓ સંસારી જીવો ! તમારે તો સતત જાગતા રહેવાનું છે. મહેરબાની કરીને તમે ઉંઘી ન જાઓ.

અરે, માત્ર જાગવાનું નથી, સાથે ભાગવાનું છે. તમે આરામ કરવા બેસી નહિ રહેતા.

કારણ ? કારણ એ જ કે ત્રણ લુંટારાઓ તમારી પાછળ પડેલા છે, (૧) રોગ, (૨) ઘડપણ, (૩) મોત.

**મન :** આમાં જાગવું એટલે શું ? અને ઉંઘવું એટલે શું ? એમ ભાગવું એટલે શું ? અને આરામ કરવો એટલે શું ?

**આતમ :** સમ્યગ્દર્શન - પાપધ્રુજારો - પાપધિક્કાર એનું નામ જાગરણ !

મિથ્યાત્વ - પાપલીનતા - પાપપ્રીતિ એનું નામ ઉંઘ !

પાપત્યાગ - વિરતિ - અપ્રમાદ એનું નામ પલાયન !

પાપપ્રવૃત્તિ - અવિરતિ - પ્રમાદગ્રસ્તતા એનું નામ વિશ્રામ !

સૌથી પહેલા જરુરી છે જાગરણ ! પછી જરુરી છે પલાયન !

જો માત્ર જાગરણ હોય, પણ પલાયન ન હોય તો ન ચાલે.

જુઓ, **ઉપદેશમાલા** ગ્રન્થમાં **શ્રીધર્મદાસગણિ** કહે છે કે,

***''परितप्पिएण तणुओ साहारो जइ धणं न उज्जमइ ।***

***सेणिअराया तं तह परितप्पंतो गओ नरयं ॥''***

*પાપપશ્ચાત્તાપથી આત્માને આધાર મળે ખરો, પણ જો આત્મા પાપત્યાગનો ઉદ્યમ ન કરે, તો એ આધાર નબળો જ રહે. એ એના ટેકા માટે ન થાય. **શ્રેણિકરાજા**ને પશ્ચાત્તાપ હતો, પણ પાપત્યાગનો ઉદ્યમ ન હતો, તો એ નરક ભેગા થઈ ગયા.*

અને બહુ જ સીધી વાત છે ને ? કે ખાલી જાગવા માત્રથી એ ખૂનીઓથી થોડા બચી શકાય ? એ ખૂનીઓ આપણને મારવા માટે આવતા હોય, આપણે જાગતા હોવાથી આપણને ખબર હોય અને આપણે ત્યાંથી ભાગીએ તો જ બચી શકીએ.

એમ જો જાગરણ ન હોય અને પલાયન હોય, એટલે કે પૂરી ભાન દશા ન હોય અને માણસ દોડે તો એ સાચા રસ્તે દોડવાને બદલે ખોટા રસ્તે જ દોડવા માંડે. જેનાથી બચવા માટે દોડતો હોય, એની જ તરફ દોટ માંડી દે.

આમ જાગરણ વિનાનું પલાયન પણ નકામું !

શાસ્ત્રીયભાષામાં આ બે વાત વિચારીએ તો

ભાવચારિત્ર વિનાનું સમ્યગ્દર્શન જોખમી છે.

સમ્યગ્દર્શન વિનાનું બાહ્યચારિત્ર જોખમી છે.

આપણી ભાષામાં કહીએ તો

પાપધિક્કાર-પાપધ્રુજારો-પાપ પશ્ચાત્તાપ હોવા છતાં પણ જો પાપત્યાગનો સઘન પ્રયત્ન ન કરવામાં આવે તો. એટલે કે પાપપ્રવૃત્તિ ચાલુ જ રાખવામાં આવે તો પાપધિક્કારાદિ ભાવો પણ ધીમે ધીમે ખતમ થઈ જાય. ફરી પાછી ઉભી થાય પાપપ્રીતિ !

એમ બહારથી ગમે એટલો પાપત્યાગ કરવામાં આવે, પણ જો પાપધિક્કારાદિભાવો ન હોય, તો એ પાપત્યાગ વધુ ન ટકે. તરત જ એ વિલાઈ જાય અને ફરી પાછી પાપપ્રવૃત્તિ શરુ થઈ જાય.

અભવ્યો પાપત્યાગ ઘણીવાર કરે છે, પણ પાપધિક્કારાદિ ભાવો વિના ! અને માટે જ એકાદ ભવ બાદ તરત ચિક્કાર પાપપ્રવૃત્તિ શરુ કરી દે છે.

બીજી બાજુ ઢગલાબંધ શિથિલાચારીઓમાં શરુઆતમાં પાપધિક્કારાદિભાવો હોય છે. પણ તેઓ પાપત્યાગ કરતા નથી, અને ધીમે ધીમે નિષ્ઠુર બનીને અનંતની યાત્રા કરવા નીકળી જાય છે.

અત્યારે એકે એક નિગોદશરીરમાં અનંતા-અનંતા ચૌદપૂર્વધરો છે, એનું કારણ પણ એ જ છે ને ? સમ્યક્ત્વ હોય, ત્યાં સુધી તો દુર્ગતિ થવાની શક્યતા હોતી નથી. પણ આ ચૌદપૂર્વધરોમાં ધીમે ધીમે સુખશીલતાનું પાપ પ્રવેશ કરે છે, શરુઆતમાં તો સમ્યક્ત્વ = પાપધિક્કારાદિ ભાવો હોય છે, પણ તેઓ સુખશીલતાદિ દોષોને ઘટાડવાને બદલે વધારતા જાય છે. આ પાપત્યાગ ન થવા રૂપ કારણને લીધે એમનું સમ્યક્ત્વ પણ નબળું પડે અને છેવટે મિથ્યાત્વી - મહામિથ્યાત્વી બનીને નિગોદધામના રહેવાસી બને.

સાર એટલો જ કે સમ્યક્ત્વ અને સર્વવિરતિ, જો આ જાગરણ અને પલાયન સાધી લેવામાં આવે, તો રોગ-ઘડપણ-મોતથી માત્ર બચી શકાય એટલું જ નહિ, એ ત્રણેયને કાયમ માટે ખતમ કરી શકાય.

**મન :** એ વળી શી રીતે ?

**આતમ :** આપણું સૂત્ર છે ***''ज्ञानक्रियाभ्यां मोक्षः''*** *આમાં જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન ! એની સાથે સમ્યગ્દર્શન હોય જ ! અને ક્રિયા એટલે વિરતિ ! આમ સમ્યક્ત્વ અને વિરતિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય, અને મોક્ષમાં તો નથી રોગ, નથી*

*ઘડપણ, નથી મોત !*

બાકી તો મન ! **ઉપદેશરહસ્ય**માં ચોક્ખું ફરમાવ્યું છે **મહોપાધ્યાયજી**એ કે, *"આ અત્યંત દુર્લભ માનવભવ પામ્યા બાદ લોકો માત્ર ને માત્ર બે કારણોસર એ ભવ અનંતકાળ માટે ગુમાવી દે છે, પાછા ભવભ્રમણના ચક્કરમાં ફસાઈ જાય છે. એ બે કારણ એટલે અજ્ઞાન અને પ્રમાદ !"*

*"સંસાર નકામો છે, સંસારના પ્રત્યેક સુખો દુઃખસ્વરૂપ છે, સંસારમાં ડગલે ને પગલે માત્ર ને માત્ર પાપ-પાપ ને પાપ જ છે. એમાં રહેવું એ જ મહાપાપ છે."* આવું આવું જ્ઞાન + સમ્યગ્દર્શન જેઓ પાસે નથી, તેઓ અનંતના યાત્રી બને, અર્થાત્ નિગોદાદિમાં પાછા ભટકવા માટે જતા રહે.

તો આ બધું જ્ઞાન + સમ્યક્ત્વ (શ્રદ્ધા) જેઓ પામ્યા છે, જેમને ખરેખર સંસાર અસાર લાગ્યો છે, જેઓને ખરેખર વૈરાગ્ય પ્રગટ્યો છે, જેઓને પાપો કરતા ધ્રુજારી છૂટે છે, પાપ થઈ ગયા બાદ ઘોર પશ્ચાત્તાપ થાય છે, પ્રભુ પાસે જેઓ પોક મૂકીને રડી શકે છે... તેઓ પણ જો પાપત્યાગનો ઉલ્લાસ ન ફોરવે, નાના-મોટા પ્રમાદમાં જ અટવાઈ જાય તો પછી ધીરે ધીરે બહારના નિમિત્તો અને એમનામાં રહેલો પ્રમાદ એવો વિસ્ફોટ કરે કે અંદર રહેલું સમ્યક્ત્વ પણ સળગી જાય અને છેવટે આ જીવોએ પણ અનંતના યાત્રી બનવું પડે.

માટે જ મન ! મહાપુરુષોએ ખૂબ જ આત્મીયતાથી આપણને ઉપદેશ આપ્યો છે કે "જાગો, ભાગો !" પહેલા સાચું તત્ત્વ સમજો, અને પછી એ તત્ત્વ અમલમાં મૂકો. એમાં વિલંબ ન કરો. ક્યાંક આ ત્રણમાંથી કોઈ લુંટારો તમને મારી ન બેસે.

આ માનવદેહ છે જ એવો કે એને જન્મ્યા બાદ અવારનવાર કોઈને કોઈ રોગો તો આવ્યા જ કરવાના. કેટલીય વાર તાવ આવી ગયો, કેટલીયવાર માથું દુઃખ્યું, કેટલીયવાર પેટમાં વેદના થઈ, કેટલીય વાર આંખો બળી - છરીચપ્પાના ઘા લાગ્યા - પગ દુઃખ્યા - ખંજવાળ આવી - ઝાડા થઈ ગયા...

કોઈ પ્રચંડ પુણ્યશાળીને ધારો કે આવા એકેય રોગ ન આવે અને હાર્ટ-એટેક વગેરે જીવલેણ રોગો પણ નાની ઉંમરમાં ન આવે અને એટલે સુખે સુખે વર્ષો પસાર થાય. તો એને બીજો લુંટારો આવવાનો ઘડપણ ! શરીર વળી જાય, આખા શરીર પર કરચલીઓ પડી જાય, ખાંસી-છીંકની ધારા શરુ થાય, દાંત પડી જાય, દેખાતું - બોલાતું - સંભળાતું ઓછું થાય, *'આ મરે તો સારું'* એવી સ્વજનોની કુપ્રાર્થનાના રોજેરોજ ભોગ બનવું પડે - રોજ અપશબ્દોના ગરમ વરસાદમાં સ્નાન કરવું પડે - જાતે પણ ઈચ્છા થાય કે *"હવે તો ભગવાન વહેલો ઉપાડી લે તો સારું"*.... આ છે ઘડપણ !

કદાચ કોઈને ઘડપણ પણ ન આવે, તો એને ત્રીજો લુંટારો તો નક્કી લુંટવાનો જ 'મોત !' **શાંતસુધારસ**માં કહ્યું છે કે

***"सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं कालतस्तदपि कलयति विरामं ।***
***कतरदितरत्तदा वस्तु सांसारिकं स्थिरतरं भवति चिन्तय निकामं ॥"***

*૩૩ સાગરોપમના અતિવિરાટ આયુષ્યવાળા દેવોનું પરાકાષ્ઠાનું દેવતાઈ સુખ પણ એક દિવસ ખતમ થાય છે, એ દેવ મરે છે અને સાથે જ સુખો પણ મરે છે. બિચારાને ફરી એકવાર કોઈક સ્ત્રીના ગર્ભરૂપી અંધારી ઓરડીમાં નવ મહિના માટે ઉંધા મસ્તકે લટકી રહેવાની સજા ભોગવવી પડે છે. પછી ભલેને એ તીર્થંકરનો આત્મા પણ કેમ ન હોય ? તો હવે વિચારો કે બીજી કઈ સાંસારિક વસ્તુને તમે કાયમી માની શકશો ?*

**શાંતસુધારસ** ગ્રન્થની જ **અશરણભાવના**નું અમૃતપાન ક્યારેય કર્યું છે ખરું ?

*હાથી-ઘોડા-સૈનિકોના વૃંદથી સુરક્ષિત, પ્રચંડ શક્તિશાળી એવા ચક્રવર્તી જેવા રાજાઓને પણ યમરાજ ઉપાડી જાય છે, જેમ નાનકડા માછલાને માછીમાર !*

*અરે ભાઈ ! મોતથી બચવા માટે વજના લોખંડના ઘર બનાવી, એના તમામ બારી-બારણા બંધ કરી અંદર રહો કે પછી 'હે મોત ! હું તારું શરણ સ્વીકારું છું, તું મને શાંતિથી જીવવા દે' એમ કહી એના પગે પડો તો ય આ નિર્દય યમરાજ આપણને છોડવાનો નથી જ. એ તો મારવાનો જ મારવાનો.*

*વિદ્યાઓ-મંત્રો-મોટી ઔષધિઓનો આશરો લો, દેવી-દેવતાઓને પ્રસન્ન કરીને એમની પાસે સુરક્ષા કવચ માંગો, જાત-જાતના રસાયણો લો, તો ય મરણ આપણને છોડનાર નથી.*

*મોતનું મોત લાવનાર તો એકમાત્ર સિદ્ધપદ ! અને એ મેળવવા માટે જાગવું અને ભાગવું અનિવાર્ય છે.*

એક શેઠ-શેઠાણીને ત્યાં રાત્રે ચોરો આવ્યા, જરાક અવાજ થવાથી ઉઠી ગયેલા શેઠાણીને તરત ખ્યાલ આવી ગયો કે 'ચોરો આંગણામાં પ્રવેશી ચૂક્યા છે.' એમણે શેઠને જગાડ્યા, "ઉઠો, ઉઠો. આપણા આંગણામાં ચોર પ્રવેશી ચૂક્યા છે."

શેઠ પથારીમાં બેઠા થયા, પણ કશું પગલું ભરતા નથી.

"વિચારો છો શું ? એમને અટકાવવા-પકડવા કંઈક તો કરો. તેઓ તો ઘરમાં પ્રવેશી રહ્યા છે."

"તું શાંતિ રાખ. મને ખબર છે. બધું જોયા કર."

"અરે, પણ એ તો તિજોરીવાળી રૂમમાં ઘૂસી ગયા છે."

"મને ખબર છે."

"તિજોરી તોડે છે..." શેઠાણી બેબાકળા થઈ ગયા.

"મને ખબર છે." ક્ષમાના ભંડાર શેઠનો એ જ જવાબ !

"શું ખબર છે ? એ લોકો મારા ઘરેણા-પૈસા થેલામાં ભરતા લાગે છે." શેઠાણી શેઠને ઢંઢોળે છે.

"મને ખબર છે." એ જ શાંતસ્વરનો જવાબ !

"અરે શું ધૂળ ખબર છે ! આ એ લોકો ભાગ્યા." શેઠાણી છેવટે કંટાળ્યા.

"મને ખબર છે." શેઠે છેલ્લો જવાબ આપ્યો અને પથારીમાંથી ઉભા થઈ બહાર ચાલવા લાગ્યા.

"ક્યાં જાઓ છો ?" શેઠાણીએ કંટાળી જઈને જ પ્રશ્ન કર્યો.

"પોલીસમાં ફરિયાદ નોંધાવવા." શેઠ નમ્રસ્વરે બોલ્યા.

શેઠાણી માથું કૂટે છે, "શું કહેવું આ શેઠને ?"

આપણી હાલત આ શેઠ જેવી તો નથી ને ?

રોગો આવવાના છે કે આવી ગયા છે, એ ખબર છે.

"ઘડપણ આવવાનું છે, એ સહન કરવું ભારે છે", એ ય ખબર છે.

મોત તો અવશ્ય આવવાનું જ... એ ય ખબર છે.

પણ આ ખબર શા કામની ? આપણે જો એની એ જ જીવનશૈલિમાં રચ્યા-પચ્યા રહેવાના હોઈએ તો !

ચાલો, સૌ ઉભા થઈએ, આળસ ખંખેરી નાંખીએ, અને ભાગવા માંડીએ, ભગવાને ચીંધેલા મોક્ષમાર્ગે !

***दिवसनिसाघडिमालं आउसलिलं जिआणं धित्तूणं ।***

***चंदाइच्चबइल्ला कालरहट्टं भमाडंति ॥६॥***

**ભાવાર્થ :** નાની ઉંમરમાં પાઠશાળાના પ્રવાસમાં રાજસ્થાનના તીર્થોમાં યાત્રા કરવા જવાનું થયું, એમાં એક જૂના તીર્થમાં પહેલીવાર પાણી મેળવવા માટેની તદ્દન અજાણી-નવી વ્યવસ્થા જોઈ. ગુજરાતમાં પાણી પુરતા પ્રમાણમાં મળે, એટલે નહાવા-ધોવાદિ માટે ધર્મશાળામાં પૂરતું પાણી મળતું જ હોય. પણ આ તો રાજસ્થાન ! ત્યાં ઉંડા કુવામાંથી પાણી બહાર કાઢવામાં આવતું, એ પણ ડોલથી નહિ. પણ જેમાં પચીસ-પચાસ ડોલ જેટલું પાણી એક સાથે ભરાય, એવું ચામડામાંથી બનાવેલું ચોરસ મોટી-ઉંડી પેટી જેવું સાધન ઉપયોગમાં લેવામાં આવતું. વારાફરતી એક-એક ડોલ પાણી કાઢતા તો થાકી જવાય એટલે એકસાથે ૨૫-૫૦ ડોલ પાણી નીકળી શકે એ માટે આ વ્યવસ્થા ગોઠવાય છે.

પણ આટલું પાણી ભરેલું હોય તો એને કોણ બહાર ખેંચી શકે ? માણસોની તો એ તાકાત નહિ. એટલે આ કામ માટે બે બળવાન બળદો રાખવામાં આવેલા. કુવામાં જે ગોળ ગરગડી હોય, જેના ઉપર દોરડું રહેતું હોય અને એના દ્વારા ડોલ કુવામાં જતી હોય, એ ગરગડી ઉપર મોટું જાડું દોરડું હોય, એ દોરડું ગાડા સાથે બાંધવામાં આવે, જેમ જેમ બળદો પાછા-પાછા ચાલતા જાય, તેમ તેમ પેલી ગરગડી ફરે, દોરડું બહાર આવે, દોરડા સાથે બંધાયેલ પેલું ચામડાનું સાધન પણ બહાર આવે. બળદો ૧૦૦-૨૦૦ પગલા પાછળ ચાલે, ત્યાં સુધીમાં સાધન ઉપર આવી જાય. પછી એમાંનું પાણી બહાર ખાલી કરવામાં આવે.

વળી પાણી ભરવું હોય, તો બળદો કુવા તરફ આગળ ચાલે, એટલે ચામડાનું સાધન કુવામાં જાય, પાછું ભરાય, પાછા બળદો પાછળ ચાલે... આ એમની દુનિયા !

બળદોને પાછળ ચાલવામાં ઘણી તકલીફ પડે, કેમકે ત્યારે પાણી ભરેલા ચામડાના સાધનનું વજન ઘણું જ હોય. આ તકલીફ ઘટાડી દેવા માટે બળદોની પાછળ ચાલવાની જગ્યાને ત્રાંસી, થોડી-થોડી ઉંડી થતી ખોદવામાં આવે, એટલે એમાં નીચે નીચે ઉતરતા જવાનું હોવાથી બળદોને કષ્ટ ઓછું પડે અને કામ જલ્દી થાય.

પ્રસ્તુત ગાથાનો અર્થ સમજવા માટે ઉપરની આ પદ્ધતિ સમજવી આવશ્યક છે.

કુવામાં રહેલું પાણી = આત્મામાં રહેલું આયુષ્ય કર્મ.

બે બળદો = સૂર્ય અને ચન્દ્ર

ગોળ ગોળ ફરતી ગરગડી = દિવસ-રાત.

જેમ જેમ બળદો પાછળ ચાલે, તેમ તેમ ગરગડી ફરતી જાય. એમ જેમ જેમ સૂર્યચન્દ્ર ફરતા જાય. તેમ તેમ દિવસ-રાત, દિવસ-રાત થતા જાય. અને જેમ જેમ દિવસ-રાત પસાર થતા જાય, તેમ તેમ જીવનું આયુષ્ય ઓછું થતું જાય.

ટુંકમાં

સૂર્ય-ચન્દ્ર ફરતા અટકવાના નથી, એટલે દિવસ-રાત થતા અટકવાના નથી, એટલે કાળ ફરતો જ રહેવાનો - આયુષ્ય પ્રત્યેકપળે ઘટતું જ રહેવાનું.

અને એક વાત સમજી રાખવી કે કુવામાં તો બહારથી પાણીનો ધોધ આવતો જ હોય છે. એટલે એવું ત્યાં બની શકે કે ગમે એટલું પાણી ખેંચવામાં આવે, તો ય કુવો ભરેલો જ રહે, ખાલી ન થાય. પણ આ મનુષ્યભવમાં જેટલું આયુષ્ય આપણે લઈને આવ્યા છીએ, એમાં તો એક સેકન્ડનો પણ વધારો થઈ શકવાનો નથી જ, અને ઘટાડો ચોક્કસ થવાનો છે.

આ જ છે આપણા આ સંસારની અસારતા ! બધું જ વિનશ્વર ! આપણું અહીં કશું ન ચાલે. ***"ઓ જીવડા ! તારે જાવું જરૂર મરી..."*** એ પંક્તિઓ ભૂલવા જેવી નથી.

***"મરણ ન છૂટે રે પ્રાણિયા...."*** એ હિતોપદેશ વિસરવા જેવો નથી.

જ્યાં કાળના ફેરફારની કશી જ અસર ન પહોંચતી હોય, એવું એકમાત્ર સ્થાન છે મોક્ષ ! એના માટે જ તો આ માનવભવ છે. પણ એનેય જે વેડફી નાંખે, એની તો દયા જ ખાવાની રહી !

***सा नत्थि कला, तं नत्थि ओसहं, नत्थि किंपि विन्नाणं ।***

***जेण धरिज्जइ काया खज्जंती कालसप्पेणं ॥७॥***

**ભાવાર્થ :** આ કાળ નામનો સાપ-અજગર આપણા આ દેહને ધીમે ધીમે ખાઈ રહ્યો છે, જેમ જેમ કાળ વીતતો જાય, તેમ તેમ દેહ સ્મશાનમાં બળવા માટે વધુ ને વધુ લાયક બનતો જાય.

બોલો તો ખરા,

છે કોઈ એવી કળા ? જે આપણને મરતા બચાવી શકે.

છે કોઈ એવી દવા ? જે ખાધા પછી કદી મોત ન આવે.

છે કોઈ એવું વિશિષ્ટ જ્ઞાન ? જે આપણને - દેહને અમરત્વની ભેટ આપે.

**પ્રશ્ન :** એવું મનાય છે ને ? કે અમૃત પીધા બાદ મોત ન આવે.

**ઉત્તર :** ના, જૈનદર્શન આ વાત માનતું નથી. હા ! દેવો માટે અમર શબ્દ વપરાય છે. એનું કારણ એ છે કે એમના આયુષ્ય ઘણા બધા મોટા છે, એટલે જાણે કે તેઓ મરતા જ નથી, એવું આપણા જેવા ઘણા નાના આયુષ્યવાળાને લાગે.

પલ્યોપમ-સાગરોપમના આયુષ્ય સામે પૂર્વક્રોડવર્ષનું આયુષ્ય પણ સાગર સામે બિંદુ સમાન છે, એટલે એ રીતે તેઓ અમર ભલે કહેવાય, બાકી સિદ્ધો સિવાય કોઈ જીવ અમરપટ્ટો લખાવી લાવ્યા નથી.

ઘડિયાળમાં ત્રણ કાંટા હોય છે. એમાં કલાક-મિનિટના બે કાંટા ધીમે ધીમે ફરે, પણ સેકંડનો કાંટો તો સતત ફર્યા જ કરે. હવે ઈલેક્ટ્રીકથી ચાલતી, રાત્રે દેખાતી ઘડિયાળો પણ નીકળી છે. એમાં કલાક અને મિનિટના આંકડા હોય, બેની વચ્ચે સેકંડ દર્શાવતા બે ટપકા સતત ચાલુ-બંધ થયા જ કરતા હોય. બીજા આંકડા ભલે ધીમે ધીમે ફેરવાય, પણ આ બે ટપકા તો સતત ફેરવાયા જ કરે.

ક્યારેક શાંતિથી આવી ઘડિયાળોનું પણ ધ્યાન ધરજો. વૈરાગ્યભાવ જાગ્યા વિના નહિ રહે. 'કેટલો બધો ઝપાટાબંધ આપણા હાથમાંથી કાળ સરક્યો જાય છે, અને આપણે કશું જ કરી શકતા નથી...' એની પ્રતીતિ થયા વિના નહિ રહે. અરે, હજી કદાચ ઘડિયાળ બંધ પડવાથી સેકંડ કાંટો અને પેલા બે ટપકા ફરતા અટકે એવું બને, પણ ત્યારે પણ કાળ તો એકધાર્યો ફરતો જ રહેવાનો.

કાળનો બીજો અર્થ છે મોત ! લોકોમાં બોલાય પણ છે કે "આજે આનો કાળ આવ્યો..." અને જોવા જઈએ તો આ અર્થ પણ ખોટો ક્યાં છે ? સમય અને મોત બંને સમાનાર્થી શબ્દો જેવા જ અનુભવાય છે ને ?

**પ્રશ્ન :** દેવોને તો આખી જીંદગી યૌવન જ રહે છે, એટલે 'એમનો દેહ ધીરેધીરે ઘડપણ ધારણ કરે, એ રીતે કાળનાગ

એને ખાતો જાય,' એવું તો બનતું નથી.

**ઉત્તર :** ભલે, પણ પ્રત્યેક સમયે દેવોનું ય આયુષ્ય ઘટે તો છે જ ને ? એમનું મોત નજીક તો આવે જ છે ને ? એટલે દેવો પણ કાળનાગનો ભોગ બને જ છે, એ નક્કી માનવું.

***दीहरफणिंदनाले महीहरकेसरदीसामहदलिल्ले ।***

***ओपियइ कालभमरो जणमयरन्दं पुढवीपउमे ॥८॥***

**ભાવાર્થ :** અજૈનો માને છે કે આ ધરતીને નીચેના ભાગથી ઉંચકીને આધાર આપનાર શેષનાગ છે. એની ફણાના ભાર ઉપર આ ધરતી ઉભી છે. જ્યારે શેષનાગ સહેજ પણ હલન-ચલન કરે છે, ત્યારે ધરતીકંપ થાય છે.

આ શ્લોકમાં અજૈનોની આ માન્યતાને આધારે ઉપમા આપવામાં આવી છે.

આ ધરતી એટલે એક કમળ !

લાંબીફણાવાળો, ધરતીનો આધાર શેષનાગ એટલે ધરતીરૂપી કમળની નાળ ! કમળ પકડવાનો ભાગ ! ધરતી ઉપર રહેલા પર્વતો એટલે ધરતીરૂપી કમળમાં રહેલ કેસર ! નાનીમોટી રંગીન રજકણો !

ચાર દિશાઓ - ચાર વિદિશાઓ એટલે ધરતીરૂપી કમળની પાંદડીઓ !

પર્વતો ઉપર અને ચારે દિશા-વિદિશાઓમાં રહેતા અબજો-અસંખ્ય જીવો એટલે કમળના પ્રત્યેક ભાગમાં રહેલો રસ !

કાળ = સમય = મોત એટલે કાળો ભમ્મર ભમરો !

જેમ ભમરો કમળના દરેકે દરેક ભાગ ઉપર બેસીને એમાંથી રસ ચૂસી લે, કમળ એમને એમ રહેવા દે. એમ આ કાળ પણ ધરતીના દરેકે દરેક ભાગમાં રહેલા જીવોને તે તે કાળે ખતમ કરતો જ રહે છે, ધરતી ભલે એમને એમ રહે.

કમળ કે કમળમાં રહેલો રસ કદી પણ પેલા ભમરાને અટકાવી શકતા નથી. ભમરો મરજી મુજબ આવે, ઈચ્છા થાય ત્યાં બેસે, ઈચ્છા થાય એટલો રસ પી લે.

એમ આ જીવો પણ બિચારા કદી આ કાળને - મોતને અટકાવી શકતા નથી, એ તો પરમાધામીની જેમ ઈચ્છા થાય ત્યારે આવે, ઈચ્છા પ્રમાણે ગમે ત્યાંથી, ગમે તેને ઉપાડીને ચાલતી પકડે.

અજૈનગ્રન્થોમાં મોતની અનિવાર્યતા અંગે ખૂબ સુંદર દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે.

શક્તિશાળી-શ્રીમંત-યુવાન એક રાજાના દરબારમાં યમરાજના દૂતે પ્રવેશ કરીને કહ્યું કે "ત્રણ દિવસ બાદ આપને મારે યમરાજના દરબારમાં લઈ જવાના છે. આપનો નંબર લાગી ગયો છે. માટે જે કંઈપણ કામકાજ બાકી હોય, એ ત્રણ દિવસમાં સમેટી લેજો. તમારા પ્રત્યેની દયાથી જ તમને ચેતવણી આપવા આવ્યો છું."

રાજા અને મંત્રીઓ આ સાંભળીને રીતસર ગભરાઈ ગયા. આટલું જલ્દી મોત ? રાજાએ કલ્પના પણ કરી ન હતી. રાજા કોઈપણ હિસાબે લાંબુ જીવવા માંગતો હતો. એણે મંત્રીઓને ઉપાય પૂછ્યો. ઘણી વિચારણા બાદ એક ચતુર મંત્રીએ કહ્યું કે "રાજન ! ત્રણ દિવસ બાદ એ યમદૂત આપને લેવા માટે ક્યાં આવશે ? અહીં જ ને ? પણ એ વખતે આપ અહીં હાજર જ ન હો, તો ? જો આપના મોતના સમયે યમદૂત આપને ન લઈ જાય, તો પછી એ આપને મારી ન શકે. સમય જાળવવો એ એની અંગત ફરજ હોય છે. એટલે આપ અહીંથી દૂર નીકળી જાઓ."

"પણ એ તો તપાસ કરીને સમયસર મારી પાસે આવી જ પહોંચે તો ?" રાજા બોલ્યો.

મંત્રી કહે "એની આપ ચિંતા ન કરો. આપણી પાસે વિદ્યાશક્તિથી ચાલતું પવનવેગી વિમાન છે. કલાકના હજારો માઈલ અંતર કાપતા એ વિમાનમાં આપ સફર શરુ કરી દો, ત્રીજા દિવસે તો આપ એટલા બધા દૂર-નિર્જન સ્થાનમાં પહોંચી ગયા હશો કે ત્યાં સુધી યમરાજ થોડાક સમયમાં નહિ જ પહોંચી શકે, અને એ રીતે તમારો સમય ઓળંગાઈ જશે. બસ, પછી છ-સાત દિવસ બાદ તમે પાછા આવી જજો."

રાજાને આ વાત ગમી અને અમલ કર્યો. ત્રણ દિવસ સુધી સતત વિમાનની સફર ચાલુ રાખી. ત્રીજા દિવસે સાવ નિર્જન-ભયંકર ગાઢ જંગલમાં રાજા પહોંચ્યો. રાજાને થયું કે "આ જંગલમાં બે-ચાર દિવસ વિમાન સાથે છુપાઈ જવામાં કોઈ વાંધો નહિ આવે."

રાજાએ વિમાન નીચે ઉતાર્યું, વિમાનમાંથી નીચે ઉતરીને આજુબાજુ નજર કરે છે, ત્યાં જ એક ઝાડની નીચે એક માણસ બેઠેલો દેખાયો. બે હાથથી મોઢું ઢાંકીને, મોઢું નીચે નમાવીને ચિંતાગ્રસ્ત મુદ્રામાં બેઠેલા એ માણસને જોઈને રાજાને ભારે આશ્ચર્ય થયું. 'અહીં માણસ ક્યાંથી ?' રાજા તરત જ એની પાસે જાય છે, "ભાઈ ! તમે કોણ....?" હજી આટલું બોલે છે, ત્યાં તો પેલો માણસ તરત જ બે હાથ દૂર કરી મોઢું ઉંચુ કરે છે.

રાજા એને જોતાની સાથે જ અત્યંત ગભરાઈ ગયો. "યમદૂત ! તું ? તું અહીં ક્યાંથી ? તને અહીં આવવાનું કોણે કહ્યું ?" રાજાના આઘાતનો કોઈ પાર ન હતો.

યમદૂતના કરમાયેલા-ઉદાસીન-નિરાશ ચહેરા ઉપર ભારે ચમક આવી ગઈ હતી. એ હસવા લાગ્યો. "રાજન ! યમરાજના ચોપડામાં જેમ એ લખેલું હોય છે કે 'કઈ વ્યક્તિને કયા કાળે ઉપાડી લેવી.' એમ એ પણ લખેલું હોય છે કે 'કઈ વ્યક્તિને કયા સ્થાનથી ઉપાડવી.'

દૂત તરીકે અમારે આ કાળ અને સ્થાન બંને સાચવવાના હોય છે. અત્યાર સુધી કદી મારી ભૂલ થઈ નથી. પણ ગઈકાલે મેં ચોપડો જોયો, તો મને ધ્યાનમાં આવ્યું કે મારે તમને આજે ઉપાડવાના છે, એ ખરું. પણ તમારા નગરમાંથી નહિ, એ નગરથી લાખો માઈલ દૂર રહેલા આ નિર્જન જંગલમાંથી !

હું આ વાંચીને ખૂબ જ ચિંતામાં પડી ગયો. આનો અર્થ એ હતો કે મારે તમને તમારા નગરમાંથી તો નથી જ ઉપાડવાના.

પણ તો પછી તમે અહીં સુધી તો શી રીતે પહોંચો ? અને તમે ન પહોંચો તો અહીંથી જ ઉપાડવાની યમરાજની આજ્ઞાનું પાલન મારે શી રીતે કરવું ? પહેલીવાર મારા જીવનમાં નિષ્ફળતા મળવાનો અને એટલે જ નોકરી જવાનો ભય પેઠો.

આજે તમારા નગરમાં આવવાનો તો કોઈ અર્થ જ ન હતો, એટલે અહીં આવીને બેઠો હતો. ખૂબ ચિંતામાં હતો, પણ ભગવાનનો ઉપકાર માનું કે તમે સામે ચાલીને અહીં આવી ગયા. ચાલો, હવે તૈયાર થઈ જાઓ, યમરાજના દરબારમાં હાજર થવા માટે !"

બિચારો રાજા ! "કાશ ! મને આ યમદૂત ત્રણ દિન પહેલા કહેવા જ ન આવ્યો હોત તો ? અરે, પેલા મંત્રીએ મને આ દુર્બુદ્ધિ જ ન સુઝાડી હોત તો ? અરે, આ વિમાન જ મારી પાસે ન હોત તો ? તો હું બચી જાત..." આવો આવો અફસોસ કરે છે.

પણ કોણ સમજાવે એને કે આવા વિચારો કરવાનો કોઈ જ અર્થ નથી. જો આવું આવું થયું હોત, તો એનું મોત યમરાજના ચોપડે એના નગરમાં જ લખાયેલું હોત, જંગલમાં નહિ. કેમકે મોત તો આવવાનું જ.

આપણે આ પ્રસંગને ભલે સાચો ન માનીએ, પણ આ પ્રસંગમાંથી જે ઉપદેશ પ્રગટ થાય છે, એને તો આપણે સાચો માનવો જ પડશે. આજ સુધી આપણે અનંતીવાર મર્યા, હવે એ મોતને મારી નાંખવાની કઠિનતમ સાધના કરવાની છે આપણે !

***छायामिसेण कालो सयलजीआणं छलं गवेसंतो ।***

***पासं कह वि न मुच्चइ ता धम्मे उज्जमं कुणह ॥९॥***

**ભાવાર્થ :** મોટા શહેરોમાં ઘણા પ્રસંગો સાંભળવા મળે છે કે કોઈક દુશ્મનને, ધંધાના પ્રતિસ્પર્ધીને મારી નાંખવા માટે ગુંડાઓને પૈસા આપીને રોકવામાં આવે. બસ, પછી પૈસા આપનારો છુટ્ટો ! ગુંડાઓ પોતાના કામે લાગી જાય, પેલા માણસની પાછળ સતત ભમ્યા કરે, એ ક્યારે-ક્યાં જાય છે ? શું કરે છે ? કોને મળે છે ? એની તપાસ કર્યા કરે. એ ગુંડાઓ તકની રાહ જોતા હોય છે, જેવી તક મળે કે તરત જ એ માણસને ઉડાવી દે.

આતંકવાદીઓ પણ કંઈક આવા જ ! Black List માં જેને ઉડાવી દેવાનું નામ આવ્યું હોય, સતત એની પાછળ છુપી રીતે ફર્યા જ કરે, અને તક મળતા જ શિકાર કરી નાંખે.

આપણી પાછળ પણ આવા જ ગુંડાઓ, આવા જ આતંકવાદીઓ પડેલા છે, આપણને ખતમ કરવાની તક શોધી રહ્યા છે, આપણે કંઈક ગફલતમાં રહીએ, એની રાહ જોઈ રહ્યા છે, એ કોણ છે ? ખબર છે આપણને ?

એ છે મોત ! એ છે કાળ !

**પ્રશ્ન :** પણ એ તો અમને દેખાતો જ નથી.

**ઉત્તર :** અરે, ભાઈ ! આવા ગુંડાઓ - આતંકવાદીઓ કંઈ ખુલ્લા વેષમાં થોડા જ ફરે ? એ તો છુપી રીતે જ આપણી પાછળ પડેલા હોય.

એમ જ સમજી લે ને ? કે આ જે આપણો પડછાયો છે ને ? એ જ છે મોત ! કાળ ! પડછાયો તો સતત આપણી સાથે જ હોય છે ને ? એ કદી આપણાથી છુટો પડે ખરો ? હા ! અંધારામાં ન દેખાય એ બને, પણ હોય તો આપણી સાથે જ. એમ આ કાળ પણ સતત આપણી પાછળ પડેલો છે.

એટલે જ હે જીવ ! તું ગમે ત્યારે ઉપડી જઈશ. નાની-મોટી ઉંમરનો ભેદ યમરાજને નથી. એ તો નાનાને ય મારે અને મોટાને ય મારે.

એટલે જ તને વારંવાર કહું છું કે ધર્મમાં ઉદ્યમ કર. ચારિત્રધર્મ એક એવી તલવાર છે કે જે આ ગુંડાઓને - આતંકવાદીઓને ખતમ કરવા માટે અત્યંત ઉપયોગી બને.

***कालंमि अणाइए जीवाणं विविहकम्मवसगाणं ।***

***तं नत्थि संविहाणं संसारे जं न संभवइ ॥१०॥***

**ભાવાર્થ :** આ સંસારમાં એવો એકેય પ્રસંગ નથી, એવો એકેય ભવ નથી, એવા એકેય દુઃખો કે સુખો નથી. એવા એકેય સંબંધો નથી કે જે પ્રસંગો-ભવો-સુખો-દુઃખો જીવે અનુભવ્યા ન હોય.

આના મુખ્યત્વે બે કારણો છે.

(૧) કાળ = સમય અનાદિ છે.

(૨) જીવો અનેક પ્રકારના કર્મોને વશ છે.

આ બેમાંથી જો એકપણ ન હોય, તો ઉપર કહેલી વાત સંભવિત ન બને.

તે આ પ્રમાણે -

જો કાળની શરુઆત હોત અને એટલે દરેક જીવનો પોત-પોતાનો કાળ અમુક ચોક્કસ વખતે જ શરુ થયો હોત, તો તો એવું બનત કે અમુક જીવને આ સંસારમાં હજી પચાસ-પાંચસો-લાખ વર્ષ જ થયા હોત.

હવે ચૌદ રાજલોકમાં નિગોદના સ્થાનો અસંખ્ય ! એ દરેકે દરેક સ્થાને એકાદવાર પણ જન્મ-મરણ કરવાના હોય તો પણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી તો ઓછામાં ઓછી જોઈએ. હવે જો પેલા જીવને સંસારકાળનો આરંભ જ લાખેક વર્ષથી થયો હોય, તો એ જીવ માટે એવું શી રીતે કહેવાય ? કે એ "તમામ નિગોદસ્થાનોમાં જન્મ-મરણ અનુભવી ચૂક્યો છે."

હા ! કાળ અનાદિ હોય, એટલે કે જીવ પોતે જ અનાદિકાળથી હોય, તો કોઈ જ વાંધો નથી. અનાદિકાળમાં તો માત્ર અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણી નહિ, પણ જે એક પુદ્ગલ પરાવર્તમાં અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીઓ સમાઈ જાય, એવા પુદ્ગલપરાવર્તો ય અનંતા પસાર થઈ ચૂક્યા છે. હવે આટલા વિરાટ કાળ દરમ્યાન તો દરેકે દરેક જીવ માટે એવું સ્પષ્ટ શબ્દોમાં કહી શકાય કે "આ જીવ ચૌદરાજલોકમાં તમામ નિગોદસ્થાનોમાં, માત્ર એકવાર-બેવાર નહિ, પણ અનંતીવાર જન્મ-મરણ કરી ચૂકેલો છે."

આ તો માત્ર નિગોદની વાત કરી. હવે અસંખ્ય દેવસ્થાનો, અસંખ્ય નરક-તિર્યંચસ્થાનો, અસંખ્ય મનુષ્યસ્થાનો, અસંખ્ય બેઈન્દ્રિયાદિ સ્થાનો... એ બધા માટે વિચારીએ.

જીવ નિગોદમાંથી બહાર નીકળે એ પછી મોક્ષમાં જતા સુધીમાં અનંત પુદ્ગલ પરાવર્તકાળ ભમી શકે છે... આ કાળ પણ ઘણો-ઘણો-ઘણો જ વિરાટ છે. અરે, એક જ પુદ્ગલ પરાવર્તમાં અનંતા કાળચક્રો (૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી = ૧ કાળચક્ર) આવી જાય છે, તો અનંતા પુદ્ગલપરાવર્તની તો શી વાત કરવી ? આટલા વિરાટકાળમાં તમામે તમામ દેવ-નારક-તિર્યંચ-બેઈન્દ્રિયાદિ સ્થાનોમાં જન્મ-મરણ, ત્યાંના તમામે તમામ પ્રકારના સુખો-દુઃખોનો અનુભવ... વગેરે બધું જ થઈ ગયું છે, એમ કહી શકાય.

પણ આ બધું ત્યારે જ સંભવે, જ્યારે કાળ અનાદિ હોય.

ધારો કે કાળ અનાદિ હોય તો પણ બધા જીવોનું કર્મ એક સરખું જ હોય તો ? તો તો જીવો એકની એક જ જગ્યાએ જન્મ-મરણ-સુખ-દુઃખાદિ અનુભવ્યા કરે ને ? જીવનું કર્મ બદલાય છે, માટે જ તો નિગોદમાંથી બહાર નીકળે છે, જો નિગોદનું જ કર્મ સતત ચાલુ રહે તો તો બહાર નીકળવાનું થાય જ નહિ ને ? એમ બહાર નીકળ્યા પછી પણ જાત-જાતના કર્મો ઉદયમાં આવ્યા જ કરે છે. એટલે જ અલગ-અલગ ગતિઓમાં જવાનું થાય, ત્યાં અલગ-અલગ અનુભવો થાય, વિપાકો ભોગવવાના આવે.

એટલે સંસારની તમામ પ્રકારની વિચિત્રતાઓનો સંભવ અને એ બધી વિચિત્રતાઓનો દરેક દરેક જીવમાં સંભવ ત્યારે જ શક્ય છે, જ્યારે દરેક જીવોને વિચિત્ર પ્રકારના કર્મો અને તે કર્મોની પરાધીનતા માની હોય.

આ ગાથાનો અર્થ બરાબર ધ્યાનમાં રાખીએ તો હવે નજર સામે જે કંઈપણ દેખાય, એ બધા જ માટે આપણે તરત જ બોલી શકીએ કે "આવું તો મેં અનંતીવાર જાતે અનુભવેલું છે."

+ કતલખાનામાં ધીમે ધીમે કપાતા અને એટલે જ વધુ ને વધુ રીબાતા બકરાઓ-ગાયો-બળદો-ભેંસોને જોઈને આપણને પણ થવું જોઈએ કે "હું પણ આ રીતે અનંતીવાર કપાયો છું."

+ ઓપરેશનાદિ દ્વારા ગર્ભમાં જ ટુકડે-ટુકડા થઈ જતા અથવા તો જલદ ગોળીઓ દ્વારા ગર્ભમાં જ સળગી જતા બાળકને જોઈને-સાંભળીને આપણે અનુભવવું કે "હું પણ ગર્ભમાં આ જ રીતે અનંતીવાર કપાયો છું, સળગ્યો છું."

આવું દુનિયાના તમામે તમામ દુઃખો બાબતમાં વિચારી જ લેવું.

એમ

+ વિશ્વના સૌથી શ્રીમંત માણસના ભોગ-વિલાસાદિને જોઈને વિચારવું કે "આવું તો મેં પણ અનંતીવાર મેળવ્યું જ છે."

+ સંગીત દ્વારા, અભિનય દ્વારા, રમત-ગમત દ્વારા, લેખન દ્વારા, વક્તૃત્વ દ્વારા કે એવી બીજી પણ સેંકડો કળાઓ દ્વારા વિશ્વના કરોડો માણસોમાં યશસ્વી બનેલા, ખૂબ-ખૂબ માન-સન્માન પામેલા ગાયકો-અભિનેતાઓ-ખેલાડીઓ-લેખકો-વક્તાઓ... બધાને જોઈને વિચારવું કે "આ બધું મેં ય અનંતીવાર મેળવેલું છે."

છતાં આશ્ચર્ય કેવું !

હજી એ દુઃખોથી ટેવાઈ ગયા નથી. હજી એ દુઃખોનો ગભરાટ તો સતત ઉભો જ છે. એમાં વળી નવું આશ્ચર્ય એ કે દુઃખોનો ગભરાટ ઉભો હોવા છતાં પ્રવૃત્તિ તો પાછી એવી ઉંધી જ ચાલે છે કે જેમાં નવા ઢગલાબંધ દુઃખો ત્રાટકે.

હજી એ સુખોથી કંટાળો આવ્યો નથી, હજી એ સુખોમાં સંતોષ ઉત્પન્ન થયો નથી કે 'બસ, હવે બહુ થયું.' અનંતીવાર મેળવ્યા પછી પણ હજી તૃપ્તિ નથી થતી...

છે ને આ કર્મરાજની પરાધીનતા !

છે ને આ આત્માની મોહાધીનતા !

**પ્રશ્ન :** આ ગાથાના અર્થ પ્રમાણે તો દરેક જીવે ઈન્દ્રપદવી પણ અનેકવાર મેળવી લીધી છે.

**ઉત્તર :** ના. આ ગાથા સામાન્યથી જ સમજવી.

ગાઢ મિથ્યાત્વદશામાં જે જે વસ્તુ સંભવિત હોય, તે તે તમામ વસ્તુ લગભગ દરેક જીવને થઈ ચૂકી હોય એમ માની શકાય. પણ જે જે વસ્તુઓ સમ્યક્ત્વ બાદ પ્રાપ્ત થતી હોય, એ માટે એ નિયમ બાંધી ન શકાય. અનુત્તર વિમાનોના સુખ સમ્યક્ત્વ વિના મળતા નથી, એટલે એ સુખ બધા આત્માને મળ્યા જ હોય એવું માની ન શકાય.

ઈન્દ્રની પદવી પણ સમ્યક્ત્વીને મળે છે, એટલે એ પણ બધાને મળી જ હોય એવું માની ન શકાય. એમ ચક્રવર્તીપદવી, વાસુદેવપદવી વગેરે ૬૩ શલાકા પુરુષોની પદવી માટે સમજી લેવું.

પણ આવી બધી વસ્તુઓ ઘણી જ ઓછી છે, એટલે આ ગાથામાં એ બધાની બાદબાકી દર્શાવી નથી. આ સિવાયના અસંખ્ય સ્થાનો તો લગભગ બધા પામેલા જ છે, એટલે એ દૃષ્ટિએ આ પદાર્થ એકદમ સત્ય છે કે "એવી કોઈ અવસ્થા નથી, જે અનાદિકાળમાં કર્મપરવશ જીવે મેળવી ન હોય..."

**પ્રશ્ન :** પણ આવું કહીને ગ્રન્થકારશ્રી આપણને શું ઉપદેશ આપવા માંગે છે ?

**ઉત્તર :** તુચ્છ અને સસ્તી છે આ સંસારની તમામ અવસ્થાઓ ! શા માટે એની પાછળ પાગલ બનો છો તમે. અમેરિકા જઈને બિસ્લરીની બોટલો ખરીદી લાવ્યા તમે ? ચાઈનામાં જઈને ત્યાંના નદીના કાંકરા ઉંચકી લાવ્યા તમે ? અરે, એ બધું તો ભારતમાં ય ક્યાં નથી મળવાનું ? એમ માનવભવ પામ્યા પછી સી.એ., એમ.બી.એ., વગેરે ડીગ્રીઓની પંચાતમાં ક્યાં પડ્યા તમે ? બિઝનેસમેન બનવાની ઘેલછા શીદને ઉપડી તમને ? આ ધતીંગ મૂર્ખતા ભરેલા છે, એને છોડીને જે કદી નથી મળ્યું, જે બહુ જ મોંઘુ છે, દુર્લભ છે એને માટે મહેનત કરો ને ?

દુર્લભ છે રત્નત્રયી ! નથી મળવાની એની આરાધનાની તક વારંવાર ! બાકીની ત્રણેય ગતિઓ સાવ નકામી છે એ માટે ! જે માનવગતિ કામની છે, એને તમે લુંછણિયા (પોતાં) જેવી બનાવીને કાં બગાડી નાંખો છો ?

રત્નત્રયીની આરાધના સિવાય આ ભવમાં બીજું કંઈપણ કરવું એ આ મનુષ્યભવની, એના દાતા પરમેશ્વરની ઘોર આશાતના-મશ્કરી કરવા બરાબર જ છે.

આ છે ગ્રન્થકારીશ્રીનો આપણને ઉપયોગી થનારો હિતોપદેશ !

**પ્રશ્ન :** અમને તો કવિઓ-લેખકો એમ કહે છે કે આ નાનીશી જીંદગી મળી છે, તો એને મન ભરીને માણી લો. પરિવારને પ્રેમ કરી લો, બધાને ખૂબ ખૂબ ચાહી લો. બધા તમને ચાહે, તમને યાદ કરે એટલી હદે તમે એમને ચાહતા

રહો. બસ, પછી તમે વિદાય થશો, તો ય વાંધો નહિ, લોકો તમને મર્યા પછી ય યાદ કરશે, એ જ તમારી મોટી મૂડી ! લોકો તમારી પાછળ બે આંસુ સારે, ખરખરો કરે, તમારા નામને અમર કરી નાંખનારા બે-ચાર કામો કરે... તો જ તમારું જીવન સફળ !

એ બુદ્ધિજીવીઓ જીવનને રસભર બનાવવાની વાત કરે છે, અને તમે સાવ નીરસ જીવન જીવવાની વાત કરો છો. વૈરાગ્ય એટલે શું ? નીરસતા ભરેલી જ જીંદગીને ! કોઈને ચાહવાના નહિ, કોઈને આપણા માનવાના નહિ, આપણને ચાહનારાને, આપણા સ્નેહીજનોને સ્વાર્થી જોવાના... આ બધી ઢંગધડા વિનાની રજુઆતોથી મારું મન તો ચગડોળે ચડી જાય છે.

હું ઈચ્છું છું ભીનાશને ! પરસ્પરના પ્રેમને ! હું ક્યાં કહું છું કે તમે સેક્સની છૂટ આપો, પણ હું તો માત્ર એટલું જ કહું છું કે દીકરો મા-બાપને ચાહે, ભાઈબહેનને ચાહે, પરિવારના સભ્યો પરસ્પર એકબીજાને ચાહે... આમાં ખોટું શું છે ? એમના પ્રત્યે સાવ જ અલિપ્ત બની જવું એ એમના સ્નેહનો વિશ્વાસઘાત ન કહેવાય ?

**ઉત્તર :** તારો બળાપો સંસાર પ્રત્યેના, સ્વજનો પ્રત્યેના સ્નેહરાગમાંથી જ પ્રગટેલો છે. અને એ સ્નેહરાગ પ્રગટવાનું મુખ્ય કારણ એ જ છે કે તને એમ જ લાગે છે કે "બધા મને ચાહે છે, તો મારે એમને ચાહવા જોઈએ. એ ખૂબ જ સારું લાગે છે."

આખું વિશ્વ આજે આ બધી ભયંકર ભ્રમણાઓનો જ ભોગ બનેલું છે.

કોણ કોને કેટલું ચાહે છે ? એ જાણવું છે ? સાંભળ.

***बंधवा सुहिणो सव्वे, पियमाया पुत्तभारिया***

***पेयवणाउ नियत्तंति, दाउणं सलिलंजलिं ॥११॥***

**ભાવાર્થ :** કોને આપણા ઉપર કેટલો સ્નેહ છે ? કોણ આપણા વિના રહી શકતું નથી ? "તમે નહિ હો, તો હું નહિ જીવી શકું." વગેરે શબ્દો કેટલા સાચા છે ? એ બધું જાણવું હોય તો આપણે મરવું પડે. શ્મશાનમાં જવું પડે. પછી કેટલા આપણી સાથે પરલોકમાં ભેગા આવે છે ? એના આધારે બધો નિર્ણય થઈ જાય.

પણ અફસોસ ! મરી ગયા બાદ આપણી પાછળ શું થાય છે ? એ ક્યાં જોઈ શકવાના ? અને માનો કે 'પાછળ શું થાય છે ?' એ ખબર પડે, તો ય પરલોકમાં ગયા બાદ ઝાઝું શું કહી શકવાના ? માનવભવ તો ગુમાવી જ દીધો ને ?

પ્રસ્તુત ગાથામાં તો એટલી જ વાત કરી છે કે "બધા ભાઈઓ, મિત્રો, માતા, પિતા, દીકરાઓ, પત્ની પાણીની અંજલિ આપીને પ્રેતવનમાંથી = શ્મશાનમાંથી પાછા ફરશે."

ગ્રન્થકાર મહર્ષિ એટલું જ કહેવા માંગે છે કે આ બધા જો તારા વિના જીવી ન જ શકવાના હોત, તો શા માટે તારા મૃત્યુની સાથે એમનું પણ આઘાતથી મૃત્યુ ન થયું ? શા માટે તેઓ તારી સાથે જ શ્મશાનમાં સળગી મરવા તૈયાર ન થયા ? શા માટે તારા વિનાની પણ જીંદગી જીવવા માટેની એમણે તૈયારી કરી લીધી ?

આપણને આપણા મોત વખતની સ્વાર્થભરપૂર દુનિયા તો જોવા નહિ મળે, પણ બીજાના મોત વખતની સ્વાર્થી દુનિયા તો આપણને જોવા મળશે જ, અને એના આધારે આપણા મોત વખતનું પણ દૃશ્ય આપણે કલ્પના દ્વારા માણી શકવાના.

પેલો યુવાન ! સંન્યાસીના સંપર્કમાં આવ્યો, સંન્યાસીએ સંસારની અસારતાનું વર્ણન કરીને સંન્યાસ લેવાની પ્રેરણા કરી, પણ "મારા પરિવારજનોને મારા પર ખૂબ જ સ્નેહ છે, તેઓ મને રજા નહિ આપે..." વગેરે ગાંડપણ ભરેલી વાતો યુવાને કરી અને સંન્યાસી હસી પડ્યા. પેલાને સાચી વાત સમજાવવા માટે એક નાટક ગોઠવી દીધું. યુવાનને પ્રાણાયામ શીખવ્યા, બે-ચાર કલાક મડદાની જેમ રહી શકે એવું શીખવી દીધું.

અને નાટક શરુ થયું, યુવાનને ઢળી પડેલો જોઈને આખો પરિવાર ભેગો થઈ ગયો, રડવા લાગ્યો... પણ હોંશિયાર ભાઈએ વિચાર્યુ કે "મરી ગયેલો તો પાછો આવવાનો નથી, પણ એના ઘરેણા તો આપણને કામમાં આવવાના જ ને ?" અને ગળાની ચેન, હાથનું કડું, આંગળીની વીંટી... બધું ઝપાટાબંધ કાઢી લીધું. પરિવારવાળા બધા જુએ છે, બધાને એ યોગ્ય લાગ્યું, કોઈએ ના ન પાડી. અલબત્ત આઘાત ચોક્કસ હતો, રૂદન ચોક્કસ હતું. 'દુઃખ થયું જ ન હતું.' એવું નહિ, પણ પોતાનું ગુમાવીને કોઈ કશું જ કરવા માંગતા ન હતા. ***'Safety First'*** સૂત્ર બધાએ આત્મસાત કરી લીધેલું, અને બધે બધા એવું જ કરે છે.

ત્યાં પેલા સંન્યાસી આવી પહોંચ્યા, ભિક્ષાના બહાને જ આવેલા અને બધાને રડતા જોઈ પ્રશ્ન પુછ્યો, સંન્યાસી પ્રતિભાશાળી હોવાથી બાપે વ્યવસ્થિત જવાબ દીધો. સંન્યાસીએ યુવાન સામે જોયું, શરીર તપાસ્યું... "હું આને જીવતો

કરી શકીશ, મારી પાસે વિદ્યા છે..." બધા ખુશ થઈ ગયા.

સંન્યાસીએ નાટક કર્યું, મંત્રો ગણવાની, પીંછી ફેરવવાની બધી વિધિ કરી, પાસે પાણીનો એક ગ્લાસ મંગાવી રાખેલો, એને મંત્રિત કરતા ગયા. પંદરેક મિનિટના નાટક બાદ સંન્યાસીએ બધાને કહ્યું "યુવાન તો બચી જશે, પણ એ માટે એક જણનો ભોગ આપવો પડશે. તમારામાંથી કોઈપણ એક જણ આ પાણી પી લે, તો યુવાન બચી જાય. પણ પાણી પીનારો થોડાક સમયમાં મૃત્યુ પામે.

બોલો, કોણ આ પાણી પીશે ?"

હોલમાં નીરવ શાંતિ છવાઈ ગઈ. કોણ હવે જવાબ આપે ? બધા મોઢું છુપાવવા લાગ્યા.

"તમે તો એમના પિતાજી છો ને ? આમ પણ તમારી ઉંમર તો ઘણી થઈ ગઈ છે. તો પી લો આ પાણી ! દીકરો બચી જશે..." સંન્યાસી બોલ્યા, પણ શું બોલે બાપ ! એ જ હાલત માની થઈ. હવે જ્યાં મા-બાપ પણ તૈયાર ન થાય, ત્યાં બીજાની તો વાત જ શી કરવી ?

સંન્યાસી બોલ્યા, "કંઈ નહિ, મારી આગળ પાછળ કોઈ નથી. બીજા પર ઉપકાર કરવો એ મારો સ્વભાવ છે. આ પાણી હું જ પી લઈશ, હું મરી જઈશ, તો કોઈને કશો ફરક પાડવાનો નથી..."

આખો પરિવાર ખુશ ! "શું તમારી પરગજુતા ! તમારા જેવા સંન્યાસીઓથી જ આ વિશ્વમાં થોડી ઘણી પણ શાંતિ છે..." વગેરે વગેરે મધુર શબ્દો બોલવા માંડ્યા. સંન્યાસી હસી પડ્યા, એ મશ્કાઓને, વાણિયાગીરીને ન સમજી શકે એટલા ભોઠ તો એ સંન્યાસી કે એ મૃતતુલ્ય છતાં બધું જ સાંભળતો યુવાન ન જ હતા.

સંન્યાસી પાણી પી ગયા અને નાટકના અંતિમ દૃશ્ય રૂપે તરત જ પેલો યુવાન આળસ મરડીને બેઠો થયો. હવે પેલા સંસારીઓના નાટક શરુ થઈ ગયા... બધા એને વહાલા થવા લાગ્યા... "દીકરા ! ભઈલા ! પપ્પા !..." ના નાદ ગુંજવા લાગ્યા.

પણ હવે આ માયાજાળમાં ફસાય એ બીજા ! એ જ દિવસે **અનાથી મુનિ**ની માફક એ યુવાન સંન્યાસી સાથે ચાલી નીકળ્યો.

એક સજ્ઝાયમાં કહ્યું છે.

***"વહાલા તે વહાલા શું કરો, વહાલા વોળાવી વળશે,***
***વહાલા તે વન નાં લાકડા, તે તો સાથે જ બળશે રે..."***

*એ મહાપુરુષ સંસારી જીવોને ઠપકા સાથે શિક્ષા આપે છે. "અરે, પાગલો ! શું "મારા વહાલા ! મારા પ્યારા ! મારા સ્વજનો !" એમ લવારા કર્યા કરો છો ? માથે તાવ ચડ્યો હોય અને માણસ જેમ લવારા કરે, એમ તમારા આત્મા પર મોહનીયનો એવો તો જબ્બર તાવ ચડ્યો છે, કે તમે એમાંથી છટકી જ નથી શકતા, અને પાગલની જેમ લવારાઓ જ કરો છો.*

*પણ તમને ખબર છે ? એ બધા સ્વજનો તમને માત્ર શ્મશાન સુધી જ વળાવવા આવવાના, તમને સળગાવી દઈને બધા પાછા ફરી જવાના. આખી જીંદગી તમારી સાથે રહેનાર પત્ની પણ તમારી સાથે બળી મરવા તૈયાર નહિ જ થાય. તમારા માતા-પિતા ઘરડા થઈ ગયા હશે, તો ય તમારી પાછળ જીજીવિષા ટુંકાવી દઈને મરી જવાનો વિચાર પણ નહિ કરે.*

*તમારા જો કોઈ ખરા સ્વજનો હોય, તો એ છે જંગલના લાકડાઓ ! એ એકે એક લાકડું, કે જે તમારી ચિતા રૂપે ગોઠવાયેલું છે, એ તમારી સાથે જ આગમાં રાખ બનશે, એકમેક બનશે.*

અરે, આજની તો દુનિયા વળી સાવ વિચિત્ર !

કોઈકના મૃત્યુ બદલ રવિવારે શોકસભા રાખી હોય, અને એ જ દિવસે કોઈકના લગ્નાદિનો જમણવાર પણ હોય, તો સેંકડો માણસો ૯ થી ૧૧ શોકસભામાં હાજરી આપશે, વૈરાગ્યના ગીતો અને પ્રવચનો સાંભળશે, કદાચ આંસુ પણ પાડશે, "આમના ગયા પછી સમાજને ખૂબ ખોટ પડશે." એવું પણ બોલશે, પણ શોકસભા પૂરી થતાની સાથે જ લગ્નસમારંભમાં પહોંચી જશે. ભેટ-સોગાદોની વિધિ પૂરી કરશે અને ખૂબ જ મજાથી, પેટ ભરી ભરીને આઈટમો આરોગશે.

મૃત્યુ સોમવારે થયું હોય તો ય રવિવારે જ શોકસભા ગોઠવવી પડે, એવું શા માટે ? કોઈક આચાર્યશ્રીના કાળધર્મ બાદ એમના ગુણાનુવાદની સભા પણ રવિવારે જ ગોઠવવી પડે, એવું શા માટે ? કેમ મૃત્યુના જ દિવસે કે એક-બે દિવસ બાદ જ ચાલુ દિવસે નહિ ? કારણ એ જ ને ? કે ચાલુ દિવસે ધંધા-પાણી ચાલુ હોવાથી લોકોને આવવાનું ન ફાવે, સંખ્યા

ઘટી પણ જાય. એટલે કે લોકો-સ્વજનો-પરિચિતો મરનાર માટે એક દિવસ પણ ધંધો-દુકાન બંધ રાખવા તૈયાર નહિ, એમ જ ને ?

એક જૈન પરિવારમાં પહેલે માળે માતાનું મૃત્યુ થયું, ત્યારે દીકરો-વહુ અને બીજા પરિવારે ભેગા થઈને ત્યાં જ નિર્ણય કરી લીધો કે "તરત જાહેરાત નથી કરવી, નહિ તો બધા ભેગા થાય, મૃતક લઈ જાય... એ બધામાં આપણા નાસ્તા-પાણીના ય ઠેકાણા નહિ પડે. પહેલા આપણે બરાબર નાસ્તો કરી લઈએ..."

અને નીચે રસોડામાં આખા પરિવારે ફાફડા-જલેબીનું ભોજન કરી લીધું, એ પછી જાહેરાત કરી કે 'મા ગુજરી ગયા છે' અને બધા ભેગા થતા ગયા, એમ ઉદાસીનતાનું, રૂદનનું નાટક પણ ભજવાતું ગયું.

ઘરમાં માનું મડદું પડ્યું હોય, છતાં ય સગો દીકરો પણ ફાફડા-જલેબી મસ્તીથી ખાઈ શકે, એ એક આશ્ચર્ય જ ને ?

**પ્રશ્ન :** પણ સ્વજનો આપણી પાછળ મરવા પણ તૈયાર થવા જોઈએ, એવી અપેક્ષા રાખવી એ જ ખોટું ને ? એમના મરવાથી આપણને કે એમને કોઈપણ જાતનો ફાયદો થતો હોય તો બરાબર, પણ જો ફાયદો થવાનો જ ન હોય, તો એ મરીને ય શું કરે ?

**ઉત્તર :** ચાલો, માની લઈએ કે આપણી પાછળ એમણે મરવાની જરૂર નહિ. આપણે એવી અપેક્ષા પણ ન રાખીએ. પણ કોઈક ઘરે યુવાન ઉંમરના કોઈ ભાઈ-બહેનના મૃત્યુ બાદ પરિવારજનોને એટલું કહેવામાં આવે કે,

"એમના મૃત્યુ નિમિત્તે તમે પ્રતિજ્ઞા કરો કે

(૧) આજ પછી આખી જીંદગી ટી.વી. જોવું નહિ.

(૨) રાત્રિભોજન કરવું નહિ.

(૩) અભક્ષ્ય ખાવું નહિ.

(૪) સેંટ-અત્તરનો ઉપયોગ કે સાબુ-શેમ્પુનો ઉપયોગ કરતો નહિ.

(૫) ફરસાણ-મીઠાઈ-મેવો બંધ..."

બોલો, એ સ્વજનો, ઘણા નજીકના સ્વજનો પણ આ બાધા લઈ શકે ખરા ? આમાં તો એમને કંઈ મુશ્કેલી નથી ને ? આમાં તો એમને આત્મિકદષ્ટિએ પણ ફાયદો જ છે ને ? અરે, પતિના મૃત્યુ બાદ સફેદ-કાળી સાડી પહેરવી પણ હવે કેટલાને ગમે છે ? સમાજના ભયથી પહેરવી પડે છે, તો ય એ સફેદ-કાળી સાડીમાં ય એટલી બધી ફેશન ઉભી કરી દીધી છે કે એ સાડી શોક માટે નહિ, હર્ષ માટે પહેરાયેલી હોય એવી લાગે.

બાર-પંદર-વીસ વર્ષની ઉંમરના સંતાનો જ્યારે કૌમાર્ય અવસ્થામાં જ દીક્ષા લે છે, ત્યારે એમના ૪૫-૫૦-૫૫ વર્ષની ઉંમરના કેટલા મા-બાપો ત્યારે ને ત્યારે જ માત્ર ચતુર્થવ્રત પણ સ્વીકારવા તૈયાર થાય છે ? એ તો કહો. શું એમને એ વિચાર ન આવે ? કે "વીસ-પચીસ વર્ષ આપણે સંસારના સુખો ભોગવ્યા, આપણા લાડલા સંતાને સાવ નાની ઉંમરમાં દીક્ષા લેવાનું પરાક્રમ ફોરવ્યું છે. આપણે એ નિમિત્તે કંઈ નહિ, તો માત્ર બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર ન કરી શકીએ ?"

દીકરો જો ભૂખ્યો હોય, તો મા-બાપ ખાઈ ન શકે, તો દીકરો આખી જીંદગી માટે બ્રહ્મચારી બને, ત્યારે મા-બાપ સંસારસુખ ભોગવી શકે ખરા ? એમને શરમ ન આવે ?

પણ હજારો યુવાન મુમુક્ષુઓએ દીક્ષા લીધી છે, પૂછો એમને કે તમારા દીક્ષા મંડપમાં તમારા મા-બાપે પણ બ્રહ્મચર્યવ્રતનો અંગીકાર કરી લીધો છે ખરો ? કદાચ બે-પાંચ ટકા પણ આવું બનશે કે કેમ ? એ મોટો પ્રશ્ન છે.

આ જ વાત સંયમજીવનમાં ય વિચારી લઈએ ને ?

ગુરુના કાળધર્મ બાદ આખી જીંદગી મીષ્ટાન્ન-ફરસાણ-મેવાદિનો ત્યાગ કરનારા શિષ્યો કેટલા ? અરે, ગુરુના કાળધર્મના દિવસે ય ઉપવાસ કરનારા કેટલા ? ગુરુનો મૃતદેહ ઉપાશ્રયમાં પડ્યો છે, એ ખબર હોવા છતાં ય બંધરૂમમાં ઉનાળાની સીઝનમાં કેરી વાપરનારા સાક્ષાત શિષ્યો પણ થોડાક જ વર્ષો પૂર્વે થઈ ચૂક્યા છે, એ સત્યઘટનાને યાદ કર્યા બાદ શિષ્યોના સ્નેહ ઉપર અંધ વિશ્વાસ મુકનારાને શું કહેવું આપણે ? કોઈ મહાન આચાર્ય કાળધર્મ પામે, ત્યારે એમની પાલખી પૂર્વે આજુબાજુ રહેલા જુદાજુદા ગચ્છના સાધુઓ ઔચિત્યાદિ કારણોસર ત્યાં વંદન કરવા જાય, ત્યારે પણ પહેલા નવકારશી-ગોચરી વગેરે બધું પતાવીને જાય, કારણ કે ત્યાં તો પેટપૂજા થઈ ન શકે ને ? એટલે છેવટે તો પોતાની જાતને સંભાળી લેવી એ જ બધાને માટે મહત્ત્વનું થઈ પડ્યું ને ?

રાજકુમારને ખૂબ વહાલ કરતા **અકબરે બિરબલ**ને પ્રશ્ન પુછ્યો કે, "દુનિયામાં સૌને પોતાના સંતાનો સૌથી પ્યારા હોય છે... એ વાત સાચી ને ?"

બિરબલ હસી પડ્યો, "ના, જહાંપનાહ ! સંતાનો કરતા પણ પોતાની જાત વધુ વહાલી !" અકબરને સંતોષ ન થયો, ત્યારે બિરબલે એક પ્રયોગ કર્યો, ખાલી કુવામાં વાંદરી અને એના બચ્ચાને ઉતારી દઈ એમાં પાણી ભરવા માંડ્યું, જેમ જેમ પાણી ઉંચે આવતું ગયું, તેમ તેમ વાંદરી બચ્ચાને બચાવવા માટે એને ઉંચે ને ઉંચે રાખવા લાગી. અકબર બોલ્યો, "જો, બિરબલ ! તિર્યંચોમાં પણ સંતાનપ્રેમ કેટલો બધો ગજબનો છે."

બિરબલ ફરી હસ્યો, "થોડી વાર રાહ જુઓ..."

પાણી વધતું વધતું વાંદરીના નાક સુધી આવી ગયું, હવે વાંદરીને લાગ્યું કે 'પોતે નહિ બચી શકે.' એટલે બચ્ચાને પાણીમાં ફેંકીને એના ઉપર પગ મૂકીને પોતે ઉંચી થઈ ગઈ... અકબર જોઈ જ રહ્યો, વાંદરીએ જાતને બચાવવા માટે સંતાનને મારી નાંખાની તૈયારી બતાવી જ દીધી. પાણી તરત બંધ કરવામાં આવ્યું, બંનેને બચાવી તો લેવાયા, પણ અકબર બરાબર સમજી ગયો કે *"છેવટે તો બધા જ સ્વાર્થી જ છે."*

**પ્રશ્ન :** જુઓ, બધાના જીવનમાં પોતપોતાને જીવવા માટે આવશ્યક વસ્તુઓ તો રહેવાની જ. આજે ખાવું-પીવું એ તો જીવવા માટે જરૂરી છે જ. હા ! મોજશોખ વગેરેની તમે જે વાત કરી, એ વાત એકદમ સાચી લાગે છે કે સાચો સ્નેહ હોય, તો આવશ્યક વસ્તુઓ બાકી રાખીને બીજી બધી વસ્તુઓ તો છોડી જ દેવી જોઈએ.

પણ છેવટે બધા પોતપોતાના દોષોને પરવશ છે.

હા ! એનો અર્થ એ નથી કે 'એમનો સ્નેહ માત્ર ઢોંગ છે.' અરે, એ સ્વજનો ખરેખર રડે છે, ખરેખર આપણને ચાહે છે. પતિના મૃત્યુ વખતે હૈયાફાટ રૂદન કરતી પત્નીઓ અમે જોઈ છે. એમાં અમને કપટ-ઠગબાજી-દેખાવ નથી લાગ્યો, નરી વાસ્તવિક્તા દેખાઈ છે...

**ઉત્તર :** આના મારે બે ઉત્તર આપવા છે.

પહેલો ઉત્તર તો એ કે શું એ પત્ની પતિવિયોગના કારણે જ રડે છે ? કે અંદર બીજું કંઈક પણ છે ? જેને કદાચ એ પત્ની કે બીજું કોઈપણ પકડી શકતું નથી.

**શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**માં **નમિરાજર્ષિ અધ્યયન**માં આ વાત ખૂબ જ સુંદર દૃષ્ટાન્ત સાથે દર્શાવવામાં આવી છે.

*શરીરદાહથી ત્રાસેલા અને છેવટે એકત્વ ભાવનાથી વૈરાગ્ય પામી બધું ત્યાગી રાજર્ષિ બનેલા, જંગલમાં ધ્યાનસ્થ રહેલા **નમિરાજ**ની પાસે **દેવેન્દ્ર** બ્રાહ્મણનું રૂપ લઈને પરીક્ષા કરવા માટે પહોંચી ગયા.*

*બ્રાહ્મણ નમિ રાજર્ષિને પૂછે છે કે "મિથિલા નગરીમાં એક જબરદસ્ત મોટો વડલો હતો, હજારો પંખીઓ એમાં રહેતા હતા. આજે એ વડલો તૂટી ગયો છે, માટે પક્ષીઓ એ વડલા પ્રત્યેના રાગથી ખૂબ રડે છે. માટે જ આકાશમાં પક્ષીઓનો રડવાનો અવાજ સંભળાય છે."*

*બ્રાહ્મણ આડકતરી રીતે તો એમ જ પૂછે છે કે "નમિરાજ ! મિથિલામાં આપ મોટા વડલા જેવા હતા. રાજ પરિવારને તમારા ઉપર અપાર સ્નેહ હતો. પણ તમે દીક્ષા લીધી, એટલે એ રાણીઓ ખૂબ ખૂબ રૂદન કરે છે. શું આ રીતે સ્વજનોને, તમારા આશ્રિતોને રડતા મૂકી દીક્ષા લેવી એ તમને યોગ્ય લાગે છે ?"*

*પ્રત્યેકબુદ્ધ બનેલા નમિરાજર્ષિ પણ એવી જ આડી ભાષામાં અફલાતૂન જવાબ આપે છે. "બ્રાહ્મણ ! સાંભળ. 'વડલો તૂટી ગયો છે' માટે એ પક્ષીઓ નથી રડતા. પણ એ વડલો તૂટ્યો, એટલે હજારો પક્ષીઓના માળા તૂટ્યા, તેઓ બેઘર બન્યા, અને માટે જ પક્ષીઓ રડે છે. વડલો તૂટે કે રહે એની સાથે એમને કોઈ ઝાઝી નિસ્બત નથી. પણ વડલાના આધારે જ એમનો સંસાર હોવાથી, વડલો તૂટતાની સાથે જ એમનો સંસાર જ તૂટી જાય છે, એ દુઃખના આંસુ તેઓ સારી રહ્યા છે.*

*માટે જ જે પક્ષીઓએ બીજા વૃક્ષ ઉપર નવા માળા બાંધી દીધા છે. તેઓ નથી રડતા."*

*નમિ રાજર્ષિ આડકતરી રીતે નકરું સત્ય ઉચ્ચારી રહ્યા છે કે "બ્રાહ્મણ ! હું ગયો, માટે રાણીઓ રડે છે... એ બાહ્ય દેખાવ ભલે હોય, પણ સાચું તત્ત્વ આ જ છે કે રાણીઓના તમામ સુખ મારે આધીન છે, હું જાઉં છું, એમના બધા જ સુખો જાય છે, એમનો બધો જ સ્વાર્થ ખતમ થાય છે. માટે તેઓ રડે છે.*

હજી તાજા જ લગ્ન થયા હોય, અને પતિ મરણ પામે, તો પત્ની ખૂબ રડવાની. કારણ કે એના તમામ સ્વાર્થો ઘવાઈ જાય છે. પણ એક-બે સંતાનો થઈ જાય, એ મોટા થઈ જાય, કમાતા થઈ જાય અને માતા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હોય અને પતિ મરે, તો હવે પત્નીને બહુ આઘાત નહિ લાગે. એના સુખ પુત્રો-પૌત્રો દ્વારા પૂર્ણ થઈ જાય છે.

હા ! એ પુત્રો જો માતાને ન સાચવે, પરેશાન કરે તો એ જ પત્ની પતિના મૃત્યુ વખતે ખૂબ આઘાત પામશે. કેમકે

પુત્રોના ત્રાસ વખતે પતિ તરફથી એને સહારો મળી રહેતો હતો, એ હવે પતિ જવાથી તૂટે છે, માટે ખૂબ દુઃખ થાય છે.

ક્યારેક એવું બને કે પતિના મરણ વખતે પુત્રો-વહુઓ ખૂબ જ સારી રીતે સાચવતા હોય, તો એ વખતે પત્નીને વિશેષ આઘાત ન લાગે. પણ પતિના મરણ બાદ અમુક સમય પછી પુત્રો-વહુઓ તરફથી ઉપેક્ષા થવા લાગે, હેરાનગતિ અને ત્રાસ વધવા લાગે, ત્યારે એ પત્નીને પતિ યાદ આવે, એનો વિરહ એને હવે દુઃખ દેનારો બને. પતિના મૃત્યુ વખતે જેટલો ખેદ થયો ન હતો, એટલો ખેદ એને હવે થાય. શા માટે ? કારણ કે હવે એ દુઃખી બની છે, અને એ દુઃખ દૂર કરનાર એનો પતિ જ હતો. પુત્રો વગેરે હવે દુઃખ આપનારા બનવા લાગ્યા છે.

આવું જ સંયમજીવનમાં પણ બને ને ?

મોટા ગુરુનો કાળધર્મ થાય, તો ઘણા શિષ્યવાળા શિષ્યને વિશેષ આઘાત નહિ લાગે. કેમકે એની પાસે એની સ્વતંત્ર દુનિયા છે, શિષ્યો છે, ભક્તો છે,... એ એમાં મસ્ત છે. એટલે ગુરુ પાસેથી એને હવે કોઈ અપેક્ષા-સ્વાર્થ સાધવાનો રહેતો નથી.

પણ જે શિષ્યો શિષ્ય-ભક્ત વિનાના છે, જેમને સાચવનાર બીજું કોઈ નથી, એમને સખત આઘાત લાગવાનો. અત્યાર સુધી ગુરુ જ બધું સાચવતા હતા, હવે ગુરુ જતા રહ્યા, એટલે "અમારું કોણ ? અમારું શું થશે ?" એ પ્રશ્ન એમને પરેશાન કર્યા જ કરે. અને માટે જ એ આઘાત આંસુરૂપે બહાર આવી પણ જાય.

આ બધામાં ગુરુનો વિરહ રોવડાવે છે ? કે ગુરુવિરહથી ઉત્પન્ન થનારા દુઃખો - મુશ્કેલીઓ રોવડાવે છે ? એનો નિશ્ચય કોણ કરે ?

આ બધું જો વધારે ખોદી-ખોદીને વિચારીએ, તો કદાચ મોટો પ્રશ્ન એ જ ઉભો થાય કે "શું કોઈને પણ કોઈપણ માટે સાચો સ્નેહભાવ હશે ખરો ? કદાચ હશે, તો ય એ પોતાના ઉપરના સ્નેહભાવ કરતા વધારે હશે ખરો ? શું કોઈપણ પોતાના સ્વાર્થભાવની દુનિયામાંથી બહાર નીકળીને પરાર્થ સાધતો હશે ખરો ?

**પ્રશ્ન :** આમ તો તમે કહ્યું એ પ્રમાણે જ બધું જોવા મળે છે. છતાં ક્યારેક સ્વાર્થભાવ કરતા ય પરાર્થભાવ - સ્નેહભાવ ખૂબ વધી ગયેલો પણ જોવા મળે છે.

જૂના કાળમાં સતી સ્ત્રીઓ પતિના મૃત્યુ બાદ એની સાથે જ સળગી મરતી હતી ને ? અરે ! **ભર્તૃહરિ** અને **પિંગળા** ઝરૂખામાં બેઠા છે, ત્યાં જ રાજમાર્ગ ઉપરથી એક નનામી જાય છે, એની પાછળ છુટાવાળવાળી સ્ત્રી અને હજારો માણસો જઈ રહ્યા છે. પિંગળા પતિને પૂછે છે, ત્યારે જવાબ મળે છે કે "આ બાઈનો પતિ મરી ગયો છે, એટલે આ બાઈ એની પાછળ જીવતી સળગી મરવા જાય છે. ધન્ય છે એ સતી સ્ત્રીને !"

ત્યારે પિંગળા હસી પડે છે અને બોલી ઉઠે છે "આને સતી શી રીતે કહેવાય ? અરે સતી તો એ જ કે જેને પતિના મૃત્યુના સમાચાર મળતાની સાથે જ મૃત્યુ ઘેરી લે. એણે આ રીતે મરવા જવું જ ન પડે, મોત સામેથી જ આવી ગયું હોય."

ભર્તૃહરિને પિંગળાની આ વાત સાંભળીને એ અહંકારી લાગી. "પિંગળા ! બોલવું સહેલું છે, બાકી એ તો ખરેખર પ્રસંગ આવી પડે તો તું ય સતી છે કે નહિ, એની પરીક્ષા થઈ જાય."

પિંગળા બેફિકર બનીને કહે છે કે "સ્વામી ! એની ચિંતા જ ન કરો. આ સ્ત્રી જેવા ધતીંગ કરવાનો અવસર મારે નહિ આવે. પ્રાણનાથના મૃત્યુના સમાચાર જે પળે મારા કાને અથડાશે, એ જ પળે આ દેહમાંથી પ્રાણ ચાલ્યા જશે, એ નક્કી જાણજો..."

ભર્તૃહરિએ નિર્ણય કર્યો કે "પિંગળાના અભિમાનના ચૂરા કરી નાંખવા."

એણે થોડાક દિવસ બાદ એક નાટક ઉભું કર્યુ, શત્રુરાજા સાથે યુદ્ધે જવાનો પ્રસંગ ઉભો કર્યો, અને ખરેખર સૈન્ય સાથે ચાલી પણ ગયો... થોડાક દિવસ બાદ એક ચતુર માણસને પિંગળા પાસે મારતે ઘોડે મોકલ્યો. કાળા ઘોડા પર, ઉદાસ ચહેરે એ માણસ પહોંચી ગયો પિંગળા પાસે !

પિંગળા રોજ પતિદેવના સમાચારની રાહ જોતી હતી. આવનાર માણસના મોઢા ઉપરથી એને અમંગળના એંધાણ આવી ગયા.

'શું સમાચાર ?'

"યુદ્ધમાં તો વિજય મળી ગયો છે, પણ..."

'પણ શું ?'

"મહારાજા વીરગતિને પામ્યા છે..."

શબ્દો પૂરા થયા ન થયા, ને પિંગળા ત્યાં જ ઢળી પડી, પ્રાણપંખેરુ ઉડી ગયું. પેલો માણસ હેબતાઈ ગયો. આ તો હસવામાંથી ખસવું થઈ ગયું. પિંગળાની વાત સાચી ઠરી. પણ મહારાજાનું શું થશે ? એમને તો સખત આઘાત લાગશે.

માણસ પૂરવેગે પાછો ફર્યો, ભર્તૃહરિ તો કાગડોળે રાહ જોતા ત્યાં જ આંટા મારી રહ્યા હતા. એમને ભારે ઈચ્છા હતી કે મોકલેલો માણસ પાછો આવે, સમાચાર આપે કે "આપના મૃત્યુની વાત સાંભળીને પિંગળા ખૂબ રડ્યા છે..." અને હું જીવતો પહોંચુ, રડતી પિંગળાની સામે ઉભો રહીને કટાક્ષ ભરેલા શબ્દોમાં કહું કે "કેમ પિંગળા ! ક્યાં ગયું તારું સતીત્વ ! હવે બીજાની ઠેકડી ઉડાવવાનું બંધ કરી દેજે..."

પણ ભર્તૃહરિની ધારણા ઉંધી પડી. માણસે આવીને જ્યારે સમાચાર આપ્યા કે 'પિંગળા મહારાણી ખરેખર મૃત્યુ પામ્યા છે' ત્યારે તો રાજાના મનમાં અસીમ આઘાત છવાઈ ગયો. પણ હવે શું થાય ?

મારે તો એટલું જ કહેવું છે કે આવો સ્નેહરાગ પણ જોવા મળે છે ખરો ! ધરતીકંપાદિ પ્રસંગોમાં પોતાના સંતાનોને બચાવી લેવા માટે મા-બાપે જાનના જોખમ ખેલ્યાના પણ પ્રસંગો મોજુદ છે. કચ્છમાં થયો ભૂકંપ ! મા-બાપ વગેરે બહાર નીકળી ગયા, પણ ઘરમાં ઘોડિયામાં ઉંઘેલો બાળક શી રીતે ભાગીને બહાર આવે ? છેવટે આંચકાઓ ચાલુ હોવા છતાં, મોતનો પૂરો ભય હોવા છતાં મા અંદર દોડી ગઈ, છોકરાને ઉંચકી લઈ ઝડપભેર બહાર દોડી આવી.

શું જાનનું જોખમ ખેલનાર આ માતાનો સ્નેહરાગ ખોટો ગણશો ?

**ભારત-પાકિસ્તાન**ના ભાગલા વખતનો એ સમય ! બંને રાષ્ટ્રોમાં ભયંકર તોફાનો ! પાકિસ્તાનના હિન્દુ પરિવારો જાન બચાવવા ભારત ભાગી આવવા લાગેલા. એમાંના એક પતિ-પત્નીએ પણ શક્ય એટલી અમૂલ્ય વસ્તુઓ ભેગી કરી, ભીની આંખે પોતાના ઘરને કાયમ માટે વિદાય આપી તોફાનોવાળા સ્થાનોમાંથી માંડ માંડ બચતા બચતા રેલ્વે સ્ટેશન પહોંચ્યા, ત્યાં તો માએ ચીસ પાડી, "મારી દીકરી ક્યાં ! અરે, એને તો હું ઘોડિયામાં જ ભૂલી ગઈ. એ બિચારી તો સુઈ ગયેલી." માના આઘાતનો પાર ન રહ્યો. હવે શું કરવું ?

છેવટે જાનનું જોખમ વહોરીને પણ મા પાછી ફરી, તાળું ખોલી અંદર પ્રવેશી દીકરીને ઉંચકીને છાતી સરસી ચાંપી, ચોધાર હર્ષાશ્રુ સહજ રીતે જ વહેવા લાગ્યા, ભગવાનની કૃપાના પ્રભાવે હેમખેમ સ્ટેશને પહોંચ્યા અને ભારતમાં પણ આવી પહોંચ્યા.

શું માતાના આવા સ્નેહને પણ તમે નકામો, સ્વાર્થ ભરેલો કહેશો ?

મને લાગે છે કે માનો સ્નેહ તો ધરતીનું અમૃત છે. બે-પાંચ-પચીસ પ્રસંગો ખરાબ સાંભળવા મળે, એટલા માત્રથી વિશ્વના આવા લાખો નિર્દોષ સ્નેહભાવને શા માટે ખોટા-નકામા-સ્વાર્થભરપૂર માની લેવા ? શા માટે એની મીઠાશની મહેંકતી મસ્તીથી અળગા રહેવું ?

**ઉત્તર :** માની લઈએ કે ખરેખર આ સ્નેહ સાચો છે, અને આવા ઘણા સાંસારિક સ્નેહો સાચા હશે, એ પણ માની લઈએ. પણ એ સ્નેહ સફળ કેટલા ?

સ્નેહ સાચો-સારો હોવો એ અલગ વસ્તુ છે,
સ્નેહ સફળ હોવો એ અલગ વસ્તુ છે.

દર વર્ષે વિશ્વમાં લાખો-કરોડો માણસો યમરાજના શરણે જાય છે, શા માટે એમના સ્નેહીઓ એમને બચાવી લેતા નથી ?

લાખો બાળકો ય મરે છે, શા માટે એ સ્નેહાળ મમ્મીઓ એમને ઉગારી લેતી નથી ?

કરોડો લોકો કેન્સર-હાર્ટએટેક વગેરે વગેરે ઢગલાબંધ રોગોથી રીબાય છે, પીડાય છે, ત્રાસ પામે છે... શા માટે એમના આત્મીય લોકો એમને નીરોગી બનાવી દેતા નથી ?

કરોડો ઘરડાઓ ઘડપણની શારીરિક-માનસિક વેદનાઓનો શિકાર બનેલા છે, શા માટે એમના પ્યારા સંતાનો એમને યૌવનની ભેટ આપતા નથી ?

**પ્રશ્ન :** એમાં એ સ્નેહીઓનો શું વાંક ? આ તો કુદરતનો નિયમ છે, એમાં આ મગતરા જેવા માનવો શું કરી શકવાના ? એમાં કોઈનું કશું જ ન ચાલે.

**ઉત્તર :** બસ, આ જ વાત તું ધ્યાનમાં લે. શાસ્ત્રકાર મહર્ષિ પણ આ જ પદાર્થ દર્શાવવા માંગે છે કે તારા સ્વજનો વધુમાં વધુ સ્મશાન સુધી જ આવી શકવાના, એ પછી તેઓની ઈચ્છા હશે, તો ય તારી સાથે પરલોકમાં આવી શકવાના નથી. કદાચ તેઓ તારી સાથે સળગી મરે, તો ય પરલોકમાં જ્યાં તું જઈશ, ત્યાં જ તેઓ પણ જન્મ લેશે, એવો નિયમ

ક્યાં છે ? પરલોકમાં તેઓ તારી સુરક્ષા કરવા ક્યાં આવી શકવાના છે ? મરનારાઓને કંઈ પોતાની ઈચ્છા પ્રમાણે જેવો જોઈએ એવો જ જન્મ તો મળતો જ નથી. એટલે છેવટે બધાએ શ્મશાન સુધી વળાવીને પાછા ફરવું જ પડે છે. તેઓ ઈચ્છે છે ખરા કે પરલોકમાં તું સુખી થાય... પણ એમાં બધા જ helpless છે.

પરલોકમાં આવી શકે માત્ર પુણ્ય અને પાપ ! સ્વજનો તો દૂરની વાત છે, પણ શરીર પણ આવી શકતું નથી. તો ભરોસો કોના ઉપર રાખવો ? અને એમાં ય આપણને ઉપયોગી થાય છે માત્ર પુણ્ય ! અને આ આવે છે ધર્મથી ! એમાં ય ધર્મ જેટલો વધુ ઉંચો, પુણ્ય એટલું જ વધારે ઉંચુ !

સમ્યક્ત્વથી જે પુણ્ય મળે, એના કરતા દેશવિરતિથી મળતું પુણ્ય વિશિષ્ટ ! એના કરતા ય સર્વવિરતિની વિશિષ્ટ આરાધનાથી મળતું પુણ્ય વિશિષ્ટ !

હવે શું કરવું એ તું જ નક્કી કરી લે.

**પ્રશ્ન :** પણ શું તમે કહો છો, એ પ્રમાણે ધર્મ મારી સાથે પરલોકમાં મને સહાય કરવા આવશે જ, એવો નિયમ પાકો છે ?

**ઉત્તર :** હા ! ચોક્કસ ! હશે તો આવશે જ.

સાંભળ.

***विहडंति सुआ विहडंति बंधवा, वल्लहा य विहडंति ।***

***इक्को कह वि न विहडइ, धम्मो रे जीव ! जिणभणिओ ॥१२॥***

**ભાવાર્થ :** મૃત્યુ વખતે તારા દીકરાઓ તારાથી છૂટા પડી જવાના, ભાઈઓ અલગ પડી જવાના, પત્ની-મિત્રો-બહેનો, તારા પ્યારા સ્વજનો ય રેઢા પડી જવાના. એ બધા ઈચ્છશે, તો ય નહિ આવી શકે તારી સાથે !

પણ, ઓ આત્મન ! એક માત્ર ભગવંતે ભાખેલો ધર્મ જ એવો છે કે જે ક્યારેય તારાથી છુટો નહિ પડે, એ તો પરલોકમાં પણ તારી સાથે જ આવશે.

જુના જમાનામાં જ્યારે રાજકુમારીના લગ્ન થતા, ત્યારે રાજા-રાણી એને પતિના ઘરે વળાવી દેતા. એ વખતે માતા-પિતા વગેરે કોઈપણ એની સાથે ન જતા. પણ એની પ્રિય, વિશ્વાસુ દાસીઓ તો સાસરામાં પણ એની સાથે જતી. પડછાયાની માફક એની સાથે રહેતી. સાસરામાં એને એકલવાયાપણું ન લાગે, એની જવાબદારી આ પ્રિયતમદાસીઓ ખૂબ જ હોંશિયારીપૂર્વક સંભાળી લેતી. ગમે તેવી મુશ્કેલીઓમાંથી પણ સરસ મઝાનો રસ્તો કાઢવાની અને એ રીતે રાજકુમારીને ખુશ રાખવાની ગજબની કુનેહ એમની પાસે રહેતી.

જૈનધર્મ આ દાસી જેવો છે. મરીને જ્યારે આપણે પરલોકરૂપી સાસરે જશું, ત્યારે આપણી સાથે એક સેવકની માફક આપણી સેવા કરવા માટે આ જૈનધર્મ સાથે આવશે, એ જ આવશે. અને પરલોકમાં આપણને બધી રીતે સુખ-શાંતિ આપવાનું કામ એ જ કરશે.

પણ પ્રશ્ન એ છે કે આપણે અહીં જૈનધર્મને આપણો પ્રિય બનાવ્યો છે ખરો ? રાજકુમારી જેવા આપણે એવા બડભાગી છીએ ખરા ? કે આપણે આપણી સાથે સતત જૈનધર્મ નામનો દાસ સાથે રાખ્યો હોય ?

આપણે હોઈએ જો ભિખારી જેવા, અને એટલે જ હિંસા વગેરે પાપકર્મો રૂપી સાવ નકામા માણસો સાથે જ આપણો વારંવારનો સંપર્ક હોય, તો આપણી પાસે જૈનધર્મ નામનો દાસ નથી જ હોવાનો, અને એ પરલોકમાં નથી જ આવવાનો.

દીકરાઓ-ભાઈઓ પરલોકમાં તો ઠીક, આ લોકમાં ય ક્યાં આપણી સાથે છે ? બિચારા કેટલાય ઘરડા મા-બાપો દીકરાઓ હોવા છતાં સ્વતંત્ર ઘરોમાં કે છેવટે ઘરડાઘરોમાં જીવે છે. ભાઈઓ તો ભેગા રહેવાની વાત જ જવા દો. લગ્ન થયા નથી કે ભાઈઓના ઘરો જુદા થયા નથી. બહેનો-દીકરીઓ તો આમે ય સાસરે જવાની જ છે. આ જીવનમાં ય જો સાથે રહી શકતા નથી, તો પરલોકની તો વાત જ શું કરવાની ?

**પ્રશ્ન :** પણ 'ધર્મ આપણી સાથે જ આવે છે.' એ વસ્તુ મને બરાબર સમજાણી નહિ.

**ઉત્તર :** ધર્મ એટલે બાહ્ય ક્રિયાઓ - આંતરિક પરિણતિ - પુણ્યકર્મ... ! આ ત્રણેય વસ્તુ પરભવમાં આપણી સાથે શી રીતે આવે ? એ વિચારીએ.

જો આ ભવમાં પ્રભુભક્તિ-સુપાત્રદાન-પૌષધ-સામાયિક વગેરે વગેરે ક્રિયાઓ ખૂબ કરેલી હોય, ઉલ્લાસપૂર્વક કરેલી હોય, તો પરભવમાં પણ નિમિત્ત મળતા જ આપણે એ ક્રિયાઓમાં ઉમંગભેર લાગી પડશું. જે જે ક્રિયાઓ આ ભવમાં ખૂબ આચરી, તે તે ક્રિયાઓના એવા સુંદર સંસ્કાર પડવાના કે આવતા ભવમાં એ જ ક્રિયાઓ આપણા જીવનમાં જલ્દી ઉદયમાં

આવે.

આ ભવમાં પ્રભુભક્તિ ખૂબ કરી હશે, તો આવતા ભવમાં પણ એ જ જલ્દી આવશે, પણ સામાયિકાદિ નહિ કર્યા હોય, તો એ જલ્દી નહિ મળે.

જેણે સુપાત્રદાનમાં જ ખૂબ રસ લીધો હશે, એને આવતાભવમાં સુપાત્રની ભક્તિ ખૂબ જ મળશે, પણ કદાચ જિનપૂજાદિ નહિ મળે, જો એ ક્રિયાઓ અહીં નહિ કરી હોય.

આવું બધી ક્રિયામાં સમજી લેવું.

હવે વિચારીએ પરિણતિ !

વર્ષો સુધી ક્ષમાગુણ વિકસાવ્યો હશે, તો આવતા ભવમાં ક્ષમાશીલ બનશું.

વર્ષો સુધી અનાસક્તિગુણ ખીલવ્યો હશે, તો આવતા ભવમાં અનાસક્ત બનશું. ગુણોનો અભ્યાસ, ગુણોના સંસ્કાર પાડીને આવતા ભવમાં ફરી ગુણોની પ્રાપ્તિ કરાવી દે છે.

ત્રીજો ધર્મ છે પુણ્ય !

શુભ ક્રિયાઓ અને શુભપરિણતિથી પુષ્કળ પુણ્ય બંધાઈ જ જવાનું અને એ અવશ્ય પરલોકમાં આપણી સાથે દાસની માફક આવવાનું.

શ્રીમંતપરિવારમાં જન્મ આપશે આ પુણ્ય !

આપણને ગર્ભમાં મારી ન નાંખનારી, ખૂબ ચાહનારી, સંસ્કારી માતા આપશે આ પુણ્ય !

રૂપવાન-શક્તિમાન-સૌને ગમે એવો દેહ આપશે આ પુણ્ય !

રોગ જાગે જ નહિ, જાગે તો નાના-નાના જાગે, એ ય તરત દૂર થાય એવી શારીરિક સુખ-સમૃદ્ધિ પૂરી પાડશે આ પુણ્ય !

આપણો પડ્યો બોલ બધા ઝીલે. આપણી ચારેબાજુ પ્રશંસા થાય, આપણને સારામાં સારા ગુરુનો ભેટો થાય... આ બધું જ આપશે આ પુણ્ય !

પુણ્યને દાસની ઉપમા આપવાને બદલે માની ઉપમા આપવી વધુ સારી. પરલોકમાં આપણી બહારની માતા ભલે કોઈ સ્ત્રી બને, કે દેવલોકમાં દેવશય્યા બને, પણ આંતરિક માતા તો આ પુણ્ય જ ! બાહ્યમાતા શું કાળજી કરવાની ? એના કરતા હજાર ગણી કાળજી આ પુણ્યમાતા કરશે. અરે, પેલી બાહ્યમાતા કાળજી કરે છે, એ પણ આ પુણ્યમાતાની પ્રેરણા થવાના લીધે જ ! જો પુણ્યમાતા નબળી પડે, તો એ બાહ્યમાતા જ આપણને ગર્ભમાં કાપી નાંખે. અને આજે વર્ષે લાખો-કરોડો બાળકો આ જ રીતે કપાઈ જ મરે છે ને ? પુણ્યમાતા એમની મરી પરવારી છે, માટે બાહ્યમાતા પણ એને મારી નાંખવા સુધી તૈયાર થાય.

પુણ્યમાતા વિના એકક્ષણ પણ જીવવું ભારે છે, માટે જ એને સતત પાસે રાખવી જરૂરી છે, માટે જ શુભપ્રવૃત્તિ અને શુભપરિણતિ રૂપ ધર્મ અત્યંત આવશ્યક છે. આ સદ્બુદ્ધિ જેને આવશે, એ પછી ક્યાંય ફાંફાં નહિ મારે.

યાદ રાખજો કે સંસારી સ્વજનો હોય કે કોઈપણ હોય એ બધા તો એક કઠપુતળી સિવાય બીજું કશું જ નથી, તેઓ આપણા કર્મોના પ્રેરાયેલા જ આપણી સાથે સારા-નરસા રહેવાના, પણ એ પ્રભાવ એમનો નથી, પુણ્યમાતાનો છે. એટલે વિશ્વાસ મુકવો હોય તો એ પુણ્યમાતા ઉપર મૂકવો, બીજા કોઈ પર નહિ.

**પ્રશ્ન :** આનો અર્થ એ કે પુણ્ય એ જ ઉપાદેય છે, એ આવી ગયું એટલે આપણે કાયમ માટે લીલાલહેર !

**ઉત્તર :** ના. પુણ્ય પણ છેવટે તો ધર્મને જ આધીન છે. એટલે ધર્મ નહિ હોય, તો તો પુણ્ય પણ નથી જ હોવાનું. અગત્યની વાત તો એ કે પુણ્ય છેવટે તો છેતરામણું જ છે. એ કાયમ રહે, એમ માની શકાય નહિ.

કાયમી ઉપાય તો એક જ છે "પુણ્ય કે પાપ બધું જ ખતમ કરીને મોક્ષમાં પહોંચી જવું."

એટલે જ ગ્રન્થકાર મહર્ષિ કહે છે -

***अडकम्मपासबद्धो जीवो संसारचारए ठाइ ।***

***अडकम्मपासमुक्को आया सिवमंदीरे ठाइ ॥१३॥***

**ભાવાર્થ :** પુણ્યકર્મને આપણે એલોપથી ગોળીની ઉપમા આપી શકાય.

જેમ એલોપથી ગોળી કોઈપણ રોગને તાત્કાલિક દબાવી દે - મટાવી પણ દે, પણ એ બીજી ઘણી આડઅસરો ઉભી કરી દે.

એમ પુણ્યકર્મ કોઈપણ દુ:ખને તાત્કાલિક દબાવી દે, સુખ લાવી દે, પણ એ સુખની સાથે સાથે પાપો પણ ઉભા કરી દે.

પુણ્યપ્રભાવે શરીર નીરોગી મળે, એટલે જીવ સ્ત્રી + ભોજન બંનેના ભોગ બેફામ બનીને ભોગવી શકે.

પુણ્યપ્રભાવે સત્તા-યશ-આદેયતા મળે, એટલે ક્રુર બનીને કેટલાયને કચડી નાંખવાનું કામ સહજ રીતે જ થઈ શકે.

પુણ્યપ્રભાવે સંપત્તિ ખૂબ મળે, એટલે એનો વધુમાં વધુ દુષ્ટ ઉપયોગ થઈ શકે.

આજના વિશ્વમાં ચારેબાજુ સંપત્તિમાનોની, સત્તાધીશોની પાપલીલાઓ જોતા એ ચોક્ખું સમજાઈ જશે કે એ પુણ્યે એમના દુ:ખો તો દૂર કર્યા, પણ પાપોના ઢગલા ઉભા કરાવી દીધા.

આવી એલોપથી ગોળી જેવા પુણ્યનો ભરોસો શું ?

શાસ્ત્રીયભાષામાં કહીએ તો પુણ્ય એ ય છેવટે તો સોનાની બેડી જ છે. 'સોનું છે' એ સારું, પણ બેડી છે - બાંધી રાખનાર છે - સ્વતંત્રતા છિનવી લેનાર છે... એનું શું ? એમ પુણ્ય સાંસારિક સુખો આપે, મોજ કરાવે, પણ સંસારમાં બાંધી રાખે, શાશ્વત સુખ ન પામવા દે... એનું શું ?

**પ્રશ્ન :** પણ આ બધું તો પાપાનુબંધી પુણ્ય માટે બરાબર ! પુણ્યાનુબંધી પુણ્ય તો આવું નથી ને ?

**ઉત્તર :** એ નુકસાન ન કરે. એ આયુર્વેદિક ગોળી જેવું છે, રોગ મટાડે, આડ અસર ન કરે. એ પછી એ દવા લેવી જ ન પડે.

એમ પુણ્યાનુબંધી પુણ્ય દુ:ખો મટાડે, પાપો ઉભા જ ન થવા દે, છેક મોક્ષની પ્રાપ્તિ સુધી એ આપણને સહાયક બને, એ પછી પોતાની મેળે જ એ દૂર થઈ જાય.

પુણ્યાનુબંધી પુણ્ય એટલે પેટનો કચરો સાફ કરનારું દિવેલ !

દિવેલ બધો કચરો કાઢી નાંખે, અને પોતેય સાથે જ નીકળી જાય, દિવેલને કાઢવા માટે નવું દિવેલ કે દવા લેવી ન પડે.

એમ પુણ્યાનુબંધી પુણ્ય બધા દુ:ખો-દોષો કાઢી નાંખે, અને પોતે પણ નીકળી જાય, એને કાઢવા માટે કોઈ મહેનત કરવાની જરૂર નહિ.

પુણ્યાનુબંધી પુણ્ય એટલે ઉકરડો બાળી નાંખનારી આગ ! ઉકરડો બાળી નાંખ્યા બાદ આગ એની મેળે ઓલવાઈ જ જવાની. એમ પુણ્યાનુબંધી પુણ્ય પણ દુ:ખો-દોષોને ખતમ કરી નાંખ્યા બાદ એની મેળે જ ખતમ થઈ જવાનું.

પુણ્યાનુબંધી પુણ્ય એટલે દુ:ખો-દોષો રૂપી કાંટાઓને કાઢવા માટે નંખાતો કાંટો ! નવો કાંટો અંદર ઘુસેલા કાંટાને કાઢીને પોતે પણ જાતે જ નીકળી જાય.

એટલે પુણ્યાનુબંધી પુણ્યનો તો વાંધો જ નથી, પણ એક વાત તો પાકી જ છે કે જ્યાં સુધી જીવ આઠકર્મોથી બંધાયેલો છે, ત્યાં સુધી જીવ ચારગતિરૂપી સંસારમાં, એક જેલમાં જ બંધાઈને રહેવાનો. આ સંસાર એનું ઘર નથી, એનું ઘર તો છે મોક્ષ ! આત્મિક ગુણો એ જ મોક્ષ ! જીવે એમાં જ રહેવાનું છે, પણ બિચારો દોષોરૂપી સંસારમાં, જેલમાં ફસાયો છે.

જ્યારે છુટા પડશે એ આઠ કર્મો, ત્યારે એ મોક્ષમંદીરમાં, પોતાના ઘરમાં, પોતાના મહેલમાં રહેવા માટે જતો રહેશે.

**પ્રશ્ન :** આઠ કર્મથી મુક્ત થવાનો ઉપાય શું ?

**ઉત્તર :** રત્નત્રયી ! છતાં સ્પષ્ટ ભાષામાં કહેવું હોય, તો પહેલા પુણ્યાનુબંધી પુણ્ય જોઈશે અને એ માટે **શ્રી અષ્ટકપ્રકરણ**માં **ભગવાન હરિભદ્રસૂરિજી**એ ખૂબ જ સુંદર કેટલાક ઉપાયો બતાવ્યા છે. ***"दया भूतेषु वैराग्यं विधिवद् गुरुपूजनम् । विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्ध्यदः ।"***

*(૧) ષટ્કાય ઉપર દયાનો પરિણામ ! એ માટે સર્વવિરતિનું સુંદર મઝાનું પાલન ! એ શક્ય ન બને તો છેવટે વધુમાં વધુ દેશવિરતિનું પાલન !*

*(૨) પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયોમાં ચોંટી ન પડવું, માતા-પિતા-ભાઈ-બહેન વગેરે સ્વજનો પ્રત્યેની મમતા છોડી દેવી, કદાગ્રહ-મતરાગને તિલાંજલિ આપવી... આમ કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગનો ત્યાગ એ જ વૈરાગ્ય !*

*(૩) અનંતોપકારી સદ્ગુરુના ચરણે સર્વસ્વ સોંપી દેવું, નિર્વિકલ્પ શરણાગતિ સ્વીકારવી, એમની શક્ય એટલી વધુ ને વધુ અને શાસ્ત્રવિધિયુક્ત એવી ભક્તિ કરવી.*

*(૪) બ્રહ્મચર્યનું નિર્મળ પાલન કરવું. સદાચારોનું નિર્દોષ જીવન જીવવું.*

બસ, આ છે ચાર ઉપાયો પુણ્યાનુબંધી પુણ્ય કર્મના !

આટલું જ તમે કરો, પછી આગળ કશું જ તમારે કરવાનું રહેતું નથી.

— x — x —

**પ્રશ્ન :** તમે જે ઉપાયો બતાવ્યા છે, એ માટે મુખ્યત્વે તો વૈરાગ્યભાવ જ કેળવવો પડે. સર્વવિરતિનું પાલન કે ઈન્દ્રિયોના સુખોથી અળગા રહેવું... એ બધું માત્ર ને માત્ર વૈરાગ્ય હોય તો જ શક્ય છે. ઉપરના ચાર ઉપાયોમાં એક ઉપાય ખુદ વૈરાગ્ય જ છે, ખરું પૂછો તો બાકીના ત્રણ ઉપાયોનો પાયો પણ આ વૈરાગ્ય જ છે.

પણ આ વૈરાગ્ય મેળવવો શી રીતે ? એનો ઉપાય ખરો ?

**ઉત્તર :** અનિત્યભાવના આત્મસાત કરો, વૈરાગ્યભાવ આત્મસાત થયા વિના નહિ રહે. ગ્રન્થકારશ્રી હવે અનિત્યભાવના જ બતાવી રહ્યા છે.

***विहवो सज्जणसंगो, विसयसुहाइं विलासललिआइं ।***

***नलिणीदलग्गघोलिरजललवपरिचंचलं सव्वं ॥१४॥***

**ગાથાર્થ :** વૈભવ, સ્વજનોનો સંગ, વિષયસુખો, જલસાઓ - મસ્તી.... કમળના પાંદડાના અગ્ર ભાગ ઉપર લટકતા પાણીના ટીપા જેવું આ બધું જ ચંચળ-અનિત્ય છે.

**ભાવાર્થ :** બૌદ્ધધર્મના સંસ્થાપક રાજકુમાર ગૌતમ, ભગવાન બુદ્ધે પોતાનો મુખ્ય સિદ્ધાંત દર્શાવ્યો છે ***''सर्वं क्षणिकं''*** *જગતની તમામ વસ્તુ માત્ર ક્ષણવાર જ રહેનારી છે, નાશવંત છે, અનિત્ય છે.*

કેટલાક સજ્જનોને પ્રશ્ન થયો કે વસ્તુ અમુક સમય સુધી તો ટકી જ રહે છે ને ? એ અમે સાક્ષાત જોઈએ પણ છીએ. છતાં આવા મોટા ધર્મગુરુ ***''सर्वं क्षणिकं''*** કેમ કહેતા હશે ?

**શ્રી યોગદૃષ્ટિ ગ્રન્થ**માં **ભગવાન હરિભદ્રસૂરિજી**એ જવાબ દીધો છે કે, *''એમના શિષ્યોમાં રાગની તીવ્રતા વધતી જતી એમને દેખાઈ. ખાવા-પીવામાં, સ્વજનોમાં, ભક્તોમાં, મઠોમાં, ધર્મોપકરણ જેવી વસ્તુઓમાં શિષ્યો જે રીતે રાગ-દ્વેષનો ભોગ બનતા દેખાયા, એ જોઈને એમનું હૈયું દ્રવી ઉઠ્યું અને એક દિવસ શિષ્યોને ભેગા કરીને ભીના હૈયે અને ભીની આંખે એમણે શિષ્યોને આ ઉપદેશ આપ્યો ''મારા વિનયી શિષ્યો ! તમે આ તુચ્છ વસ્તુઓમાં રાગી કાં બનો ? આ બધું તો નાશવંત છે, ખતમ થઈ જનાર છે...''*

અને એ પછી બુદ્ધની દેશનાનો સૂર મોટાભાગે આ જ રહેતો ***''सर्वं क्षणिकं''*** રાગ ખતમ કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે આ સૂત્ર ***''सर्वं क्षणिकं.''***

યાત્રિકો યાત્રા કરવા નીકળ્યા હોય, ધર્મશાળાના એક રૂમમાં ઉતર્યા હોય, ત્યાં અડધો કાચ ફુટ્યો હોય તો યાત્રિકો શું કરે ? કયા યાત્રિકે નવો કાચ મંગાવીને કાચ નંખાવ્યો ? કારણ એ જ કે 'રૂમમાં અમારે ક્યાં વધુ રહેવું છે.' એ વિચાર એમના મનમાં સ્પષ્ટ છે. અર્થાત્ રૂમ સાથેનો સંપર્ક થોડા જ કાળ માટે છે... એટલે રૂમ પર એમને રાગ થતો નથી.

હા ! પોતાના ઘરનો કાચ ફુટ્યો હોય, તો નવો નંખાવશે.

મુંબઈ સ્ટેશન પર ઉતરી ટેક્ષીમાં બેઠા, ટેક્ષીની સીટ થોડીક ફાટેલી હોય, ટેપ થોડુંક બગડેલું હોય... તો કયો ગૃહસ્થ સીટ બદલાવશે ? નવું ટેપ નાંખી આપશે ?

હા ! પોતાની કાર હોય, તો બધું જ કરશે.

લગ્નપ્રસંગે કોઈકની પાસેથી ઉછીના કે ભાડુતી ઘરેણા-કપડા લાવ્યા હોય, ખૂબ જ સરસ લાગતા હોય, એમાં થોડોક રાગ પણ થાય... 'પણ આ તો મારી પાસે કાયમ રહેવાનું નથી...' એ ધ્યાન પાકું છે. એટલે જ એ ગમ્યું હોવા છતાં ય એ બધું પાછું સહેલાઈથી આપી શકે છે.

બસ, આ જ બુદ્ધિ થોડીક મોટી બનાવવાની છે.

મળ્યો છે બંગલો - કરોડોની સંપત્તિ - બે ચાર ગાડીઓ - મોટી ઓફિસ - અનેક નોકરો... એમાં મન ચોંટી ગયું છે, એ બધું જોઈને, ''મારું છે'' એ યાદ કરીને, બીજાઓ દ્વારા એની પ્રશંસા સાંભળીને મન ચોંટે છે, પણ ત્યાં કેમ આ વિચાર નથી આવતો ? કે ''આ બધું ક્યાં મારી સાથે કાયમ રહેવાનું છે ? કાં તો હું આ બધું છોડીને મરી જઈશ, કાં તો મારા જીવતા જ આ બધું મારી પાસેથી અળગું થઈ જવાનું ? શાને માટે રાગ ?''

ધરતીકંપના, સુનામીના સપાટામાં કેટલાય કરોડોપતિઓ સેંકડોમાં ભિખારી નથી બની ગયા શું ? શેરબજારની ઉથલપાથલે રાતોરાત કેટલાય અમીરો દેવાદાર નથી બની ગયા શું ?

એમ મોટા પરિવારને જોઈ, સગા-વહાલાઓના લાંબા વિસ્તારને જોઈને શું ફુલાવાનું ? અચાનક જ એક ગાડીના

અકસ્માતમાં બે મોટા ભાઈઓ, એક નાની બહેન, મા-બાપ પાંચેય મરી ગયા, અને રાતોરાત જ બે વર્ષની ઉંમરનો એ છોકરો બની ગયો અનાથ ! 'કાં તો પરિવાર જતો રહેશે, કાં તો હું પરિવારને છોડીને જતો રહેવાનો... પણ એક દિવસ એ ઉગવાનો ખરો કે, સ્વજનોનો સંગ કાચા સુતરના દોરાની જેમ એક પળમાં તૂટી જવાનો.'

નાનપણમાં અણસમજના લીધે મને વિચાર આવતો કે "કાકા-પપ્પા વગેરે પરિવારમાં કુલ ૨૫-૩૦ સભ્યો છીએ. એમાં હું સૌથી નાનો છું. એટલે સૌથી છેલ્લે હું મરીશ, મારા પહેલા બધા મરી જવાના. તો જ્યારે બધા મરી જશે, તો છેલ્લે મને સાચવશે કોણ ? મને ખવડાવશે કોણ ?"

મને ખબર ન હતી કે મોટો મોડો મરે, નાનો વહેલો મરે... એ ય બને. પણ એટલી તો ખબર હતી કે આ સ્વજનસંગ કાયમી નથી. પણ અફસોસ ! એ વખતે તો એ વિચારે મને વૈરાગ્યને બદલે ભયની જ ભેટ ધરેલી.

સંસાર સુખો ય ક્યાં સુધી ભોગવી શકવાના ? દાંત ઢીલા થશે, પછી ખાશું શું ? કાન બહેરા થશે, પછી સાંભળશું ? મશીન લગાડીને સાંભળવાની ફોગટ મહેનત કરશું ? આજુ-બાજુવાળા, બહેરા એવા આપણી મશ્કરી કરશે ? આપણી હાજરીમાં જ આપણી ઠેકડી પણ આપણા નજીકવાળાઓ જ ઉડાડશે, કારણકે આપણે બહેરા - ઓછું સાંભળનારા બની ગયા હશું ? ચશ્માના નંબરો વધ્યા હશે, કશું વાંચવું કે જોવું ય દુર્લભ થઈ જશે, જોતા જોતા આંખો ખેંચાવા લાગશે...

જેમ જેમ રોગો-ઘડપણ વધતા જશે, તેમ તેમ આપણી ઈચ્છા હોવા છતાં ય વિષયસુખોનો ભોગવટો અશક્ય બનતો જશે.

કેટલી સચોટ ઉપમા આપવામાં આવી છે, આ સૌ પદાર્થોને ! કમળના પાંદડાની ટોચ ઉપર લટકી રહેલા ટીપા જેવા આ પદાર્થો ! પળવારમાં તો ખરી જ પડવાના.

આજે મારો જાત અનુભવ તમને કહું ?

મને જ્યારે પણ મારા મૃત્યુનું સ્મરણ થાય કે તરત જ મન એકદમ શાંત પડી જાય, પછી વસ્તુઓ કે વ્યક્તિઓ માટેનો રાગભાવ એની મેળે નાબુદ થઈ જાય. મારે હવે જીવવાનું કેટલું ? આજે ૪૬ થઈ ગયા, હવેના જમાનામાં માણસ કેટલું જીવવાનો ? ૭૦ તો લગભગ હદ થઈ ગઈ. એ પહેલા જ ૬૦ની આસપાસ તો એટેક-ડાયાબિટીસ-બી.પી. વગેરે કેટલાય રોગોએ ગભરાટ ફેલાવવાની શરૂઆત તો કરી જ દીધી હોય. એટલે સ્વસ્થ જીંદગી જોવા જાઉં, તો માત્ર ૧૩ વર્ષની જ હવે ગણાય. અર્થાત્ વીતેલી જીંદગીની સામે ૨૫% જેટલી જ ! ૧૩ વર્ષ પછી તો આ બધું જ છુટી જ જવાનું. હું ઈચ્છું કે ન ઈચ્છું, કુદરત જ મારી પાસેથી છિનવી લેવાની. તો એનો મોહ શા માટે ? જડ કે ચેતન કોઈપણ વસ્તુ સાથેનો સંયોગ જ્યારે આવો સાવ તકલાદી છે, ત્યારે એમાં ચોંટવાને બદલે જાતમાં જ ચોંટી ન જવું ?

અલબત્ત એટલી બધી અંતર્મુખતા હજી આવી નથી, એ વાત સાચી. પણ એ સાથે એ વાત પણ એટલી જ સાચી કે અનિત્યતાનો વિચાર મનને વૈરાગ્યનો રંગ તો ચોક્કસ લગાડી જ આપે છે.

પ્રવચનો કરવાનો રાગ હોય, શિષ્યો બનાવવાના કોડ હોય, પુસ્તકો લખવાના ક્ષેત્રે વિક્રમ સર્જવાની તમન્ના હોય, સમસ્ત જૈનસંઘમાં ખ્યાતનામ બની જવાની ભાવના હોય, સેંકડો-હજારોને મારા અનુયાયી બનાવવાની ઈચ્છા હોય... આવું આવું જે કંઈપણ રાગભાવનું તોફાન મનમાં ઉભું થાય, તે બધું જ તોફાન શમાવવાની તાકાત જાતે અનુભવી છે મેં અનિત્યતાની ભાવનામાં !

વિચારો આવી જાય મનમાં કે આ બધું અનાદિકાળથી બધા કરતા જ આવ્યા છે, અને બધા ભુંસાતા આવ્યા છે, બધાના કાર્યો પણ ભુંસાતા આવ્યા છે. તો હું કે મારા કાર્યો ક્યાં કાયમી રહેવાના છે ? થોડાક વર્ષોની તુચ્છ માનસિક પ્રસન્નતા સિવાય શું મળવાનું આ અહંભાવના પોષણમાંથી ? અરે, પૂજ્યપાદ ગુરુદેવશ્રીને તો નજરોનજર આ તમામ કાર્યો કરતા સાક્ષાત જોયા છે અને આજે તમામ કાર્યોથી નિવૃત્ત થઈ રાખ બની ચુકેલા પણ સાક્ષાત જોયા છે. એમના એ ૧૦,૦૦૦ માણસોને વગર માઈકે ધ્રુજાવી દેતા ઝંઝાવાતી પ્રવચનો હવે ક્યાં છે ? એમના પ્રવચનો સાંભળીને વૈરાગ્યની ધારાએ ચડીને પ્રવ્રજ્યાના પાવન પંથે પ્રયાણ કરવાની તીવ્રતમ તમન્નાવાળા એ સેંકડો મુમુક્ષુઓ હવે એમની પાસે દોડાદોડ કરતા ક્યાં જોવા મળે છે ? રોજના ૮૦-૧૦૦ પાના લખી નાંખતી, એમની એ એક્સપ્રેસ કલમનો કસબ હવે ક્યાં જોવા મળે છે ? અઢીસો ઉપરાંત પુસ્તકોની સર્જન યાત્રા કરી લીધા બાદ હવે એ યાત્રામાં વધુ આગળ વધવાની પ્રવૃત્તિ ક્યાં છે ? ત્રણ-ચાર દાયકાઓ સુધી જૈનસંઘમાં પુષ્કળ પ્રશંસા પામ્યા બાદ આજે એ પવિત્ર દેશનાધારા ક્યાં છે ? હજારોના મનમાં ગુરુ તરીકે બિરાજિત થઈ ચુકેલા એ પૂજ્યપાદ ગુરુદેવશ્રી હવે નવા હજારો યુવાનોના હૃદયમાં ગુરુ તરીકે પ્રતિષ્ઠા પામનારા ક્યાં છે ?

ક્યાં ગયું આ બધું ?

હજી થોડાક જ વર્ષો પહેલા જે બધું જ જોવા મળેલું, એ અચાનક આંખ સામે જ ક્યાં અદશ્ય થઈ ગયું ? માનવું જ પડશે કે કાળના પ્રવાહમાં બધું જ તણાઈ ગયું. દુનિયા બદલાઈ ગઈ. હવે નવા પ્રભાવકો-નવા લેખકો-નવા ગુરુજનો... બધું જ નવું.

હવે જો મહાન વિભૂતિની કૃતિઓ પણ ***सर्वं क्षणिकं*** સૂત્રમાં તણાઈ ગઈ, તો મારા-અમારા જેવાના કાર્યોની તો વિસાત જ શું ? ન તો હું અમર બની શકવાનો, ન તો મારા કાર્યો !

તો પછી શેનો આ રાગ ! શેની આ અઢળક કાર્યો કરી લેવાની ગાંડી ઘેલછા ! શેનો એ બધા પ્રત્યેનો મમતાભાવ !

એક મુનિએ ખૂબ જ માર્મિક વાત કરેલી મને ! એ કહે *"અત્યારે આ ધરતી ઉપર જે ૭ અબજ માણસ જીવે છે, એમાંનો એક પણ માણસ ૧૦૦ વર્ષ બાદ આ ધરતી પર જીવતો નહિ હોય. આખી દુનિયા જ બદલાઈ ગઈ હશે." સાવ સીધી-સાદી-સાચી વાત ! છતાં એને ઉંડાણથી વિચારીએ, તો હૈયું હચમચી જાય, બસ ત્યારે ! છેલ્લે તો બધું જ નાશવંત જ ને !"*

**શાંત સુધારસ**ની એ પ્રથમ **અનિત્ય ભાવના**નું ગાન કરો, ખરેખર વૈરાગ્ય મજબુત બન્યા વિના નહી રહે.

એની કેટલીક કડીઓના ભાવાર્થો !

*જેની સાથે અમે રમતા હતા, જે વડીલોને અમે આદર-સત્કાર-સન્માન આપતા હતા, જે મિત્રો વગેરેની સાથે કલાકો સુધી સ્નેહ ભરેલી વાતો કરતા હતા... એવા તો કેટલાય માનવોને, માટીના પુતળાઓને નજર સામે જ સ્મશાનમાં રાખ બનતા જોયા છે, અને છતાં હજી હું જાણે કે 'મરવાનો જ નથી' એ રીતે નિઃશંક બનીને જીવું છું. ધિક્કાર હો મારા પ્રમાદને !*

*આ યમરાજ ! કાળ ! જગતના જડ અને ચેતન બધા જ પદાર્થોને સતત ખાધા જ કરે છે. આપણે અત્યારે એના હાથમાં કોળીયા તરીકે તો પહોંચી જ ગયા છીએ. મોઢામાં રહેલો કોળીયો એ ગળામાંથી નીચે ઉતારે, એટલી જ વાર, પછી સીધો આપણો જ વારો આવવાનો છે. આપણે પણ ચવાઈ-ખવાઈ જવાના.*

આપણી કિંમત, આપણી તાકાત, આપણી હેસિયત આ મહાકાળ સામે કેટલી ? એ વિચારીએ તો હાથીની સામે કીડી જેવા ય આપણે ન લાગીએ.

**નમસ્કાર મહામંત્ર**ની નવકારવાળીની જેમ ***"सर्वं क्षणिकं"***ની પણ ભાવભરી જપમાળા આપણે ગણતા થઈએ, તો વૈરાગ્યભાવ આત્મસાત થયો જ સમજો.

***तं कत्थ बलं तं कत्थ जुव्वणं अंगचंगिमा कत्थ ।***

***सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥१५॥***

**ગાથાર્થ :** તે બલ ક્યાં ? તે યૌવન ક્યાં ? તે અંગની મનોહરતા ક્યાં ? જુઓ, બધું જ અનિત્ય છે. હજી જોયું, ત્યાં તો યમરાજે ખતમ કરી નાંખ્યું.

**ભાવાર્થ :** કોઈક ઘરડા સાધુ-સાધ્વી સાથે બેસીને જુની વાતો પુછશો તો એ કહેશે કે "અમે યુવાન હતા, ત્યારે તો બપોરે ગોચરીમાં ૫૦-૫૦ માળ જેટલું પણ ચડી આવતા. એક-એક કિ.મી. સુધી જઈ આવતા. પાત્રાઓ ભરી ભરીને ઉંચકી લાવતા. વિહારમાં ય પુષ્કળ વજન ઉંચકતા. પણ આજે ? હવે તો ભાઈ ! પહેલા માળે ય જવાતું નથી. ઉપાશ્રયમાં નીચે જ ઉતરવું પડે છે, ચાર-પાંચ દાદરા ચડવા પડે, તો ય શ્વાસ વધી જાય છે."

ક્યાં ગયું પેલું બળ !

દરેકનો પોતપોતાના પુણ્યોદયનો એક કાળ હોય છે. એ વખતે એ ચારેબાજુ પ્રકાશમાન સૂર્યની માફક પ્રસિદ્ધ તો બની જાય. પણ આ બધું જ કર્મરાજા પાસેથી ઉછીનું લીધેલું ! પોતાનું તો કંઈ જ નહિ, કર્મ ફરે, કાળ ફરે અને પત્તાના મહેલની માફક બધું જ સાફ !

એ જ હાલત યુવાનીની !

યૌવનમાં શરીર પર એક પણ કરચલી નહિ, ઘડપણમાં આખું શરીર જ જાણે કરચલીઓનું બનેલું !

યૌવનમાં ગોગલ્સથી કે સાદા છતાં આકર્ષક ચશ્માથી શોભતું મુખ ! ઘડપણમાં જાડા, જોવા ય ન ગમે એવા, મોટા ચશ્માથી મુખની શોભા જ બગડી ગઈ હોય.

યૌવનનો પહેરવેશ ઘડપણમાં પહેરો, તો કેવું લાગે ?

યૌવનમાં ટટ્ટાર ચાલનારો, મજબુતાઈ સાથે પ્રત્યેક પગલા ભરનારો માણસ ઘડપણમાં કેડેથી આખોને આખો વળી

ગયેલો, લાકડીના ટેકે કે કોઈકના હાથના ટેકે ચાલતો હોય, ત્યારે બિચારો કેવો લાગે ?

આપણી પાસે અત્યારે યૌવન છે, પણ કોઈક ઘરડા માણસને નજર સામે લાવો, એની દિવસભરની બધી પ્રવૃત્તિઓ નજર સામે જુઓ, પછી જાતને એ જગ્યાએ ગોઠવીને વિચારવાનો પ્રયત્ન કરો તો "થોડાક દિવસ-વર્ષ પછી હું જ આ છું. આ મારું જ મોડેલ છે."

**વૈશાલી મહાનગરી**ની રાજનર્તકી **આમ્રપાલી !** રૂપના અહંકારનો નશો એટલો બધો ભારે ચડેલો કે મોટા માણસોને પણ તુચ્છકારી નાંખે, અને છતાં પુણ્યાઈ એવી કે મોટાઓ પણ એ તુચ્છકારને પોતાનું ભાગ્ય સમજે.

મગરુરીમાં રાચતી એ આમ્રપાલીનો રથ એકવાર રાજમાર્ગ ઉપરથી પસાર થઈ રહ્યો હતો, અને સામેથી યુવાન બૌદ્ધ ભિક્ખુ આવતા એને દેખાયા. અત્યાર સુધી શેઠિયાઓ, વણિકપુત્રો, રાજકુમારો, રાજાઓને ધુત્કારી છુટેલી આમ્રપાલીને આ ભિક્ખુના રૂપમાં રાગ જાગ્યો. રથ ઉભો રાખીને અહંકાર સાથે ભિક્ખુને સીધી વાત કરી દીધી. "એ ય ભિક્ખુ ! હું તને ચાહું છું, તું મારા મહેલ પર આવી પહોંચજે."

"ના, હું નહિં આવું." જીંદગીમાં પહેલીવાર આમ્રપાલીએ આવો 'ના' નામનો સણસણતો તમાચો ખાધો.

"હજારો યુવાનો મારા પાછળ ગાંડા છે, છતાં હું કોઈને દાદ આપતી નથી. તને હું સામેથી બોલાવું છું. મુરખ ! છતાં તું ના પાડે છે." આમ્રપાલી ધુંધવાઈ ગઈ.

"હા ! અત્યારે નહિ આવું."

"તો ? તું ક્યારે આવીશ ?"

"જયારે તને મારી ખરેખર જરુર પડશે, ત્યારે !"

અને ભિક્ખુ સડસડાટ આગળ નીકળી ગયો.

વર્ષો પસાર થઈ ગયા. આમ્રપાલી રૂપના, યૌવનના, સત્તાના, અહંકારના નશામાં ચકચૂર હતી. એને કશું ભાન હતું નહિ. મન ફાવે એમ ભોગો ભોગવતી રહી, અને ***'भोगे रोगभयं'*** એ ન્યાયે ઘડપણ આવતા પહેલા જ ઘડપણ આવી ગયું. હજી તો યુવાની પૂરી પણ થઈ ન હતી, ત્યાં તો એના શરીરે રક્તપિત્તનો ચેપીરોગ લાગુ પડી ગયો. આખા શરીરમાંથી પરુ અને લોહી ટપક્યા કરે, શરીરના અંગો એ રોગથી ખવાઈ જવા લાગ્યા, મોઢાની ચામડી ખરી પડવા લાગી, મોઢા પર રીતસર પરુ અને લોહી પથરાયેલું દેખાય, એને જોતાની સાથે મોઢામાંથી ચીસ નીકળી પડે, એવી અત્યંત કદરૂપી બની ગઈ એની કાયા !

ધીમે ધીમે આખા નગરમાં વાત ફેલાઈ. રોગ અસાધ્ય હતો, રાજાએ વિચાર્યું કે "આને નગરમાં ન રખાય, આના શરીરને લાગેલો પવન પણ રોગચાળો ફેલાવે, એનું સ્નાનજળ પણ જ્યાં જાય, ત્યાં રોગ ઉત્પન્ન કરે. એને નગર બહાર જ કોઈ નાનકડી ઓરડીમાં રાખી દેવી પડે. ત્યાં જ એ પોતાની જીંદગી પૂરી કરે. એ વર્ષો સુધી રાજનર્તકી રહી છે, તો ત્યાં એને ખાવા-પીવાની વ્યવસ્થા આપણે પૂરી પાડશું."

અને રાજ સૈનિકો આમ્રપાલી પાસે જઈ પહોંચ્યા. રાજાનો આદેશ વંચાવવામાં આવ્યો. આમ્રપાલીને તો આ દાઝ્યા પર ડામ લાગ્યો. પણ શું કરે ? આજે કોઈ એની સાથે ન હતું. જે દાસીઓને એણે લાખો રૂપિયા આપીને સુખી બનાવી દીધેલી, તે દાસીઓ પણ આજે એની પાસે ફરકવા પણ તૈયાર ન હતી. કોણ જીવનું જોખમ વહોરી લે ? પેલા લટ્ટુ થઈને ફરનારા કામુક યુવાનોને હવે આમ્રપાલીમાં કોઈ જ રસ ન હતો, એમણે બીજી નર્તકીઓ શોધી લીધી હતી.

આમ્રપાલીને હવે સાચું ભાન આવ્યું, પણ શું કરે ? સૈનિકો પોતાને ચેપ ન લાગે, એ માટે પોતાના શરીર પર મોટા-જાડા કપડા વીંટાળીને અશક્ત આમ્રપાલીને ઉંચકીને ગામની બહાર નિર્જન સ્થાનમાં તૈયાર કરેલી એક કુટિરમાં મુકી આવ્યા. ધરપત આપી કે, "રાજ તરફથી તમને નિયમિત ભોજન મળ્યા કરશે."

આમ્રપાલી સાવ એકલી પડી ગઈ. દિવસોના દિવસો સુધી એની સાથે વાત કરનાર પણ કોઈ ન મળ્યું, ત્યારે તો એ સાવ-સાવ હતાશ થઈ ગઈ. નગરની ખાળનું ગંદુ પાણી કુટિરની થોડેક દૂરથી પસાર થતું હતું, આમ્રપાલીને શરીર સાફ કરવા માટે એ ગંધાતા પાણીનો ઉપયોગ કરવો પડતો.

શરીરમાં ઉભા થવાની તાકાત નહિ, જે ભોજન ખાય, એ બધું રોગના કારણે પરુ બનીને બહાર નીકળે. ભોજન આપવા આવનારો એક પળ પણ ત્યાં ઉભો રહેવા તૈયાર નહિ. આમ્રપાલીના આખા દેહમાંથી ભયંકર દુર્ગંધ વછુટે. પેલો માણસ નાક પર કપડું બાંધીને જ આવે, સામે જુએ પણ નહિ, મોઢું મચકોડી, ભોજન મૂકીને જતો રહે. આમ્રપાલી કંઈક ફરિયાદ કરવા માંગે, તો પણ કોને કરે ?

સવારે-સાંજે આમ્રપાલી ઢસડાતી ઢસડાતી પેલા ખાળના વહી જતા પાણી પાસે પહોંચે. મહા મહેનતે શરીરની થોડી ઘણી શુદ્ધિ કરે, પણ એ વળી ગંદુ પાણી ગંદા શરીરને શું ચોક્ખું કરવાનું ?

એક સાંજે એ આ જ રીતે ખાળ પાસે પહોંચી, હાથથી પાણી લઈ સફાઈ કરવા લાગી... પણ આજે એ હિંમત હારી ગઈ. ભવ્ય ભૂતકાળ નજર સામે દેખાવા લાગ્યો. કેટલીય દાસીઓ મને અત્તરના હોજમાં સ્નાન કરાવતી, મારા દેહ પર મેલનો અંશ પણ કદી ય બાકી રહ્યો જ ન હોય, એટલી શુદ્ધિ મારા દેહની દાસીઓ કરતી. યુવાનોના ટોળેટોળા મારા મહેલે ઉભરાતા. હું માત્ર ઝરૂખામાંથી દર્શન આપું, એમાં તો એ યુવાનો હર્ષની કીકીયારીઓ પાડતા. હું જેને મારા શયનખંડ માટે આમંત્રણ આપું, એ તો મારી પાછળ સર્વસ્વ સોંપી દેવા તૈયાર થઈ જતો. મારા પગ ધોઈને પાણી પી જવાની તૈયારી બતાવતો.

અને આજે ?

એ રડી પડી, દર્દના આંસુઓ પરુની સાથે ટપક ટપક પડવા લાગ્યા. "કોણ જાણે ? મોત ક્યારે આવશે ? હવે મારે જીવીને પણ શું કરવાનું ?" એ હિબકા ભરવા લાગી, પણ આ જંગલમાં કોણ સાંભળે એનો દર્દનાદ !

અચાનક એ જ વખતે એને એક અત્યંત સુમધુર સ્વર સંભળાવા લાગ્યો. શરુઆતમાં ધીમો એ અવાજ, ધીમે ધીમે નજીક આવવા લાગ્યો... આમ્રપાલીને જાણે કે ઘણા વખત બાદ સુખાનુભવ થયો. ***"बुद्धं सरणं गच्छामि.... धम्मं सरणं गच्छामि..."*** એ પોતાનું બધું જ દર્દ ભૂલી જવા લાગી. એ પવિત્ર શબ્દોની દુનિયામાં ખોવાઈ ગઈ.

એક માનવાકૃતિ એની સામે આવીને ઉભી રહી.

સંન્યાસીના વેષમાં રહેલા એ પુરુષને જોઈને આમ્રપાલીએ મસ્તક નમાવ્યું, હાથ જોડ્યા, પણ ચરણ સ્પર્શ કરવાની હિંમત ન કરી શકી. "મને રક્તપિત્ત થયો છે" એનું ભાન એને બરાબર હતું, લોકોએ કરાવ્યું હતું.

"પૂજ્યવર ! આપે દર્શન દઈ મારા પર ખૂબ ઉપકાર કર્યો છે."

"આમ્રપાલી ! મને ન ઓળખ્યો ? જેને તેં ભરબજારમાં આમંત્રણ આપેલું, એ હું ભિક્ખુ ! આજે હવે તને મારી જરૂર છે. અને મેં તને વચન આપેલું કે જ્યારે તને મારી ખરેખર જરુર પડશે, ત્યારે હું આવીશ. જ્યારે તેં મને આમંત્રણ આપેલું, ત્યારે તો તારી પાસે ઘણા હતા, મારી જરુર ન હતી.

આમ્રપાલી ! મારે તને સાચો માર્ગ દેખાડવો છે, એ માટે જ આવ્યો છું. હું તારા રક્તપિત્ત દેહને નહિ, તારા પવિત્ર આત્માને નિહાળી રહ્યો છું. હવે તું ચિંતા ન કરીશ."

આમ્રપાલી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. આજે એને સાચી લાગણી, નિર્મળ સ્નેહના દર્શન થયા. આખી જીંદગી માત્ર સ્વાર્થી માણસો વચ્ચે જ એ જીવેલી, એનો હવે એને બરાબર ખ્યાલ આવી ગયો.

પછી તો ભિક્ખુએ આમ્રપાલીને એના મૃત્યુ સુધી પૂર્ણ સમાધિ આપી...

આ પ્રસંગનો સાર એટલો જ કે

ક્યાં ગયું એ રૂપ ! જે યુવાનીમાં હજારો યુવાનો ઉપર કામણ કરનારું હતું.

એક રૂપવતી છોકરીની એક છોકરા સાથે સગાઈ થઈ. એ પછી છોકરીને પગના ભાગમાં જરાક સફેદ ડાઘાઓ શરુ થયા. એ ચેપી ન હતા. દવાથી અટકી શકે એમ હતા. છતાં છોકરીએ નિખાલસતાથી છોકરાને સાચી વાત કહી દીધી. છોકરો ત્યારે તો કંઈ ન બોલ્યો, પણ બીજા જ દિવસે છોકરા તરફથી સગાઈ ફોક કરવાના સમાચાર આવી ગયા.

આયનામાં વારંવાર મોઢું જો-જો કરનારા એ સ્વરૂપલંપટ યુવાન-યુવતીઓને કોણ સમજાવે ? કે આ તમારું રૂપ એક દિવસ ભંગાર થઈ જવાનું છે. તમને પણ તમારું ડાચું (!) જોવું નહિ ગમે, એટલી હદે બિભત્સ થઈ જવાનું છે. આ ગાંડપણ છોડી દો હવે !

આપણે બધા તો ગુલામ છીએ ગુલામ ! એ માલિક તો પેલો છે કર્મરાજ ! યમરાજ ! કાળરાજ ! ઝાપટ મારીને આપણું બળ, આપણું યૌવન, આપણું રૂપ ચપટીમાં ચોળી નાંખશે.

હા ! એકમાત્ર આત્માનું જે અરૂપી રૂપ છે, એને ખતમ કરવાની તાકાત એમની પાસે નથી. ચાલો, આપણે સૌ એમાં - શાશ્વતરૂપમાં પાગલ બનીએ.

અનિત્યભાવના જેમ વૈરાગ્યને પુષ્ટ કરે, એમ અશરણભાવના પણ વૈરાગ્યને અત્યંત મજબુત બનાવે.

ગ્રન્થકારશ્રી એ અશરણભાવના હવે બતાવી રહ્યા છે.

***घणकम्मपासबद्धो भवनयरचउप्पहेसु विविहाओ ।***
***पावइ विडंबणाओ जीवो को इत्थ सरणं से ॥१६॥***

**ગાથાર્થ :** કર્મોના ગાઢ પાશથી બંધાયેલો જીવ સંસાર રૂપી નગરના ચાર રસ્તાઓ ઉપર અનેક પ્રકારની વિટંબણાઓને પામે છે. ઓ જીવ ! કોણ તને બચાવનાર છે ?

**ભાવાર્થ :** કોઈ ચોર-લુંટારા-ખૂનીએ ઘણા બધા અપરાધો કરેલા હોય, રાજા એનાથી ખૂબ ત્રાસી ગયો હોય, અને એ ચોર-ખૂની ઝપટમાં આવે, પકડાય પછી ગુસ્સે ભરાયેલો રાજા એને ફાંસીની સજા તો કરે, પણ રીબાવી-રીબાવીને મારવાનું જાહેર કરે અને એ માટે એને સાંકળોથી બરાબર બાંધે, આખા નગરમાં બધે જ ફેરવે, ચાર રસ્તાઓ ઉપર ફટકાઓ મરાવે, એના શરીર ઉપર વિષ્ટા-મૂત્ર નંખાવે, રસ્તામાં ઉંધો પાડી દઈને ધસડી ધસડીને લઈ જાય... નગરના લોકોમાં ભય ઉત્પન્ન કરવા આ બધું જ કરે. છેલ્લે ફાંસીએ લટકાવી દે.

એ વખતે કોણ એને બચાવવા જાય ? પેલો પાણી પાણી કરે, ઉનાળાની ભરબપોરે સળગતી ધરતી ઉપર એને ઢસડીને લઈ જવામાં આવે, ત્યારે એ ચીસાચીસ પણ કરે કે, "કોઈક મને પાણી તો આપો..." પણ બધા સમજે કે આમાં આપણે ડહાપણ કરવા ગયા, તો રાજા આપણને ફાંસીએ ચડાવી દે. બધા નજરે જુએ, અરે ! બધાને દયા પણ આવે, પણ કોઈ એને પાણીનું એક ટીપું ય આપી શકે નહિ. હા ! આંખમાંથી પાણીના ટીપાઓ ઘણા પાડી શકે, પણ પીવડાવી તો ન જ શકે.

બસ, એ ચોર જેવી હાલત આપણી છે.

ઘણા કર્યા છે અજ્ઞાન-પ્રમાદને પરવશ થઈને ભયંકર અપરાધો આપણે ! હવે પેલો કર્મરાજ ગુસ્સે ભરાયો છે આપણા ઉપર ! રીબાવી રીબાવીને મારવા માંગે છે એ આપણને ! આ સંસાર એ જ એનું નગર છે ! આપણને આઠ-આઠ ભયંકર કર્મો રૂપી ગાઢ બંધનથી બાંધીને પછી ભટકાવે છે આ સંસારનગરમાં !

નારકગતિના કારમા દુઃખો સૌ જાણે છે, છતાં વાંચો **ઉત્તરાધ્યયનનું મૃગાપુત્રીય અધ્યયન !**

તિર્યંચગતિના દુઃખો નજર સામે દેખાય છે. કતલખાનામાં પશુઓ જીવતે જીવ કપાય છે, ચીન જેવા દેશોમાં વાંદાઓ જીવતા ને જીવતા જ ચાવી જવામાં આવે છે, જીવતા સાપોને ભજીયાની માફક કઢાઈમાં તેલમાં નાંખીને તળી લેવામાં આવે છે...

મનુષ્યગતિ આમ ભલે સારી ગણાય, પણ એ સુખમય-શાંતિમય પસાર થાય, એ તો કેટલાકોનું જ સૌભાગ્ય ! બાકી તો હોસ્પિટલો ઉભરાતી જાય છે, આપઘાતના પ્રસંગો હજારોની સંખ્યામાં બનતા જ જાય છે, સામાજિક પ્રશ્નોની હારમાળાઓથી સમાજ ત્રાસી ચુક્યો છે, ઘરની બહાર નીકળો, એટલે હજારો માનવો બિચારા મોઢા-માથા પર ચિંતા લઈને પાગલની માફક આમતેમ દોડતા દેખાય. મુંબઈની લોકલ ટ્રેનની જીંદગી જોઈ લો, એટલે માનવભવની કેવી દુર્દશા છે... એ સમજાઈ જાય.

જોઈ આવો એ ઝુંપડપટ્ટીઓ ! જ્યાં ખાવાનું ન મળવાથી બાળકો ટળવળે છે.

જોઈ આવો એ હોસ્પિટલો ! જ્યાં કેન્સરવાળા, સળગેલા, અકસ્માતવાળા... કંઈ કેટલાય પ્રકારના માણસો અસહાય બનીને ચીસો પાડે છે.

જોઈ આવો એ અંધજનોને ! બહેરા મુંગાઓને ! લંગડા-લુલાઓને ! જેઓ પરવશતાની કારમી માનસિક બિમારીમાં નાછુટકે જીવન પસાર કરે છે.

જોઈ આવો એ ઘેર ઘેર સળગી રહેલા ઝઘડાઓને ! સંકલેશોને ! જ્યાં સંપત્તિ-સત્તા-શાણપણ હોવા છતાં હૈયાની હોળીઓ સળગી છે.

તમાચો મારીને મોઢું લાલ રાખવું એમ મોટા ભાગના માણસો 'પોતે દુઃખી નથી' એમ દેખાડવા માટે ખૂબ સુખી હોવાનો મિથ્યા પ્રયાસ કર્યા જ કરતા હોય છે. જરાક ઉંડાણમાં ઉતરો, તો બધાનો ભંડો ફૂટી જાય.

તમને કદાચ થશે કે દેવોની દુનિયામાં તો સુખ-શાંતિ ખરીને ?

પણ આ ભ્રમણામાં પણ રહેતા નહિ, **ઉપદેશમાલા**માં કહ્યું છે કે

***इसाविसायमयकोहमायालोहेहिं एवमाइहिं ।***
***देवा वि समभिभूया तेसिं कत्तो सुहं नाम ।***

*દેવોને જે સમૃદ્ધિ મળે, એમાં પ્રાયઃ વૃદ્ધિ થતી નથી. અહીં જેમ કોઈ ગરીબ રાજા બની જાય, એમ ત્યાં સામાન્ય દેવ*

*આગળ વધે અને ઈન્દ્ર બને... આવું નથી. ત્યાં તો તે તે સ્થાન પ્રમાણે સંપત્તિ-સત્તા-સ્ત્રી વગેરેની પ્રાપ્તિ નિશ્ચિત હોય છે.*

હવે જે દેવોની પાસે ઘણી વધારે સમૃદ્ધિ-શક્તિ-સ્ત્રી-સત્તા છે, એને જોઈ જોઈને એના કરતા ઓછી સમૃદ્ધિ... વગેરેવાળા દેવો રીતસર પીડાય. પોતાનું સુખ અબજો માનવો, અનંતા તિર્યંચો, અસંખ્ય દેવો કરતા વધારે હોવા છતાં બિચારા તેઓ એ જોઈને રાજી ન થાય, પણ પોતાના કરતા આગળ રહેલાને જોઈને મનમાં જ બળ્યા કરે. એ મુર્ખાઓને ***"दुःखे दुःखाधिकं पश्य"*** સૂત્ર આવડતું નથી. ***"सुखे अल्पसुखं पश्य"*** એ વાત પણ તેઓ સમજ્યા નથી. તેઓ ***"सुखे सुखाधिकं पश्य"*** એમ તદ્દન ખોટો રસ્તો પકડી બેઠા છે. પોતાના કરતા ઓછા સુખવાળાને જોવાને બદલે વધુ સુખીઓને જુએ છે અને માટે અગ્નિ વિના જ બળ્યા કરે છે.

બે-ચાર રૂપાળી પત્નીઓ પોતાની પાસે છે, પણ "અરેરે ! મારી બાજુવાળા પાસે આઠ-આઠ પટ્ટરાણીઓ છે, મારી દેવીઓ કરતા વધારે રૂપાળી છે..." અને એટલે પોતાની પત્નીઓને જોઈને પણ એને આનંદ ન થાય. આજના માણસો જેમ પીક્ચરોમાં હીરોઈનોને જોઈને એના જેવી સ્ત્રીની ઝંખના કરે, પણ 'પોતાની સ્ત્રી એના કરતા સાવ પછાત છે' એ વાસ્તવિક્તાના કારણે બિચારા બધી રીતે દુઃખી થાય. 'છે' એનો આનંદ લઈ ન શકે. 'નથી' એ મેળવી ન શકે.

જેનું મન જ દોષગ્રસ્ત છે, એ ગમે ત્યાં હોય, એને આ તકલીફ પડવાની જ. સાધુપણામાં ય જુઓ ને, આપણા ગુરુભાઈના પ્રવચનોમાં ૧૦૦૦ માણસ ભેગું થતું હોય, તો પછી આપણા પ્રવચનોમાં ૫૦૦ માણસ આવવા છતાં એનો આનંદ છિનવાઈ જાય. બીજા અનેક પ્રવચનકારોના ગોઠવેલા પ્રવચનો પણ નિષ્ફળ જાય છે... એ યાદ જ ન આવે.

આપણી પાસે બે-ચાર શિષ્યો હોય, બીજા પાસે ઘણા હોય - વધુ હોંશિયાર, તપસ્વી, વૈયાવચ્ચી હોય... ત્યારે એ બધાની સામે નાનપ અનુભવાય. ત્યારે આપણા પ્રત્યે લાગણીવાળા, થોડીક ઓછી છતાં એકંદરે ઘણી સારી વૈયાવચ્ચ કરનારા શિષ્યો પર પણ અરુચિ થાય. "તમે નકામા છો, પેલા શિષ્યો જુઓ..." એ જ ચાલ્યા કરે. પણ એ વખતે એકાદ પણ શિષ્ય વિનાના હજારો સંયમીઓ છે, એ વાત જ આપણે ભૂલી જઈએ.

દેવો આ જ ભયાનક ઈર્ષ્યાની આગમાં સતત સળગ્યા કરે.

એમાં એ અવધિજ્ઞાનથી જાણે કે "મેં પૂર્વભવમાં થોડોક પ્રમાદ કરેલો, એટલે મને આ ઓછું મળેલ છે. નહિ તો ઘણું વધારે મળત." તો એના ખેદનો પાર ન રહે. "મેં પૂર્વભવમાં આરાધના થોડીક વધારે સારી કરી હોત, તો મારે આ રીબાવાનો વારો ન આવત. પણ હવે શું થાય ?..."

*ટુંકમાં બિચારાઓને આધ્યાત્મિક સુખ તો નથી જ, પણ સાંસારિક સુખ પણ દુઃખોથી ભરચક છે. માનસિક ત્રાસથી ભરચક છે. બીજી દેવીઓ પાસે ભોગસુખની ભીખ માંગતા, ઓછી શક્તિવાળાની દેવીને ઉપાડી જતા, એ પછી પરસ્પર મારામારી કરતા એ દેવોને માટે વિચાર કરીએ તો એમનામાં અને ભિખારીઓમાં ફરક શું ? એમનામાં અને આજના ચોરલુંટારાઓમાં ફરક શું ? એ જ ખબર ન પડે. એ દેવોને સજ્જન કહેવાય જ શી રીતે ? એ મોટો પ્રશ્ન થાય.*

*કોઈ નબળા દેવને તગડા દેવો મારે, એની દેવીને લઈ જાય... પેલો બિચારો ખૂબ રાડો પડે, ફરિયાદો કરે, રડે, ઉદાસ બની જાય, પાગલ જેવો બની જાય... આવા ગાંડાઓથી ભરેલા એ દેવલોકને તો 'પાગલોની હોસ્પિટલ' સિવાય બીજું નામ પણ શું આપી શકાય ?*

જો દેવોની આ હાલત છે, તો આપણી તો વાત જ શી કરવી ?

બોલો હવે ! કોણ બચાવે આ પીડાઓમાંથી ! જોનારાઓને આપણી દયા ચોક્કસ આવશે, બે આંસુ પણ પાડશે, પણ આપણા આંસુ લુંછી નાંખવાની તાકાત એ બિચારાઓ પાસે નથી જ નથી. કારણ કે કર્મરાજાએ આપણને આ સજા ફટકારી છે, એની સામે પડવાની તાકાત કોઈની નથી.

હા ! ધર્મરાજ બચાવી શકે, કારણ કે કર્મરાજની સામે લડી શકે અને જીતી શકે એવો એ એક જ રાજવી છે. પણ આપણા જેવા ડફોળશંકર નંબર ૧ આખા જગતમાં કોઈ નથી. આપણે બીજા બધા પાસે ગયા, શરણ માંગ્યું... પણ ધર્મરાજના શરણે આપણે જવા તૈયાર નથી. કદાચ એનાથી આપણે દૂર જ ભાગવા ઈચ્છીએ છીએ.

આ ભૂલ જો સુધારી દઈએ, ધર્મરાજ ઉપર શ્રદ્ધા મુકીએ, સર્વવિરતિના માર્ગે ધસી જઈએ, તો આપણી સુરક્ષાની જવાબદારી પછી આપણા ઉપર નહિ જ રહે.

ગ્રન્થકાર મહર્ષિ માનવભવમાં થતી વિટંબણાઓ બતાવે છે.

***धोरंमि गब्भवासे कलमलजंबालअसुचिबीभच्छे ।***
***वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेणं ॥१७॥***

**ભાવાર્થ :** રસ્તામાંથી પસાર થતા હોઈએ, અને સરકારની ભૂલથી ખુલ્લી રહી ગયેલી ગટરમાંથી દુર્ગંધ વછુટતી હોય, ત્યારે નાક બંધ કરીને કેવા ઝડપથી ભાગી જઈએ ?

જાહેર શૌચાલયમાં ખાનદાન માણસો સંડાસ-બાથરૂમ માટે જઈ જ ન શકે, ના છુટકે જવું પડે તો છી-છી કરતા જાય, ઝડપથી બહાર નીકળી જાય.

અરે, ધર્મશાળાઓના બાથરૂમમાં સ્નાન કરવું પડે, તો ય ત્યાંની ગંદકીના કારણે કેટલા લોકોને ત્યાં રુચિ થાય ?

ત્યાં તો માત્ર દુર્ગંધ જ આવે છે. અને પાંચ-દસ મિનિટથી વધારે સમય રોકાવાનું પણ નથી.

પણ માતાના ગર્ભમાં આપણે આવ્યા, ત્રણ-ચાર મહિનાના થઈ ગયા. ત્યારે આપણી હાલત શું હતી ?

સૂર્યનો પ્રકાશ તો ઠીક, દીવાના પ્રકાશનું એક કિરણ પણ ક્યારેય ગર્ભમાં પ્રવેશેલું ખરું ? કેટલો બધો ઘોર અંધકાર ! નવમાસ સુધી એ અંધારામાં જ રહ્યા ને આપણે ! આજે તો લાઈટ જાય, અડધો કલાક જો બધે જ અંધારપટ છવાઈ જાય, તો ગભરાઈ જનારા આપણે ત્યાં નવ મહિના શી રીતે જીવ્યા ?

એ ગર્ભમાં માત્ર દુર્ગંધ જ ન હતી, પણ દુર્ગંધ જેમાંથી નીકળે એવી તદ્દન બિભત્સ વસ્તુઓ જ આપણી ચારેબાજુ વીંટળાયેલી હતી, વચ્ચોવચ આપણે !

આપણું માથું નીચે ! પગ ઉપર ! નવ મહીના આ રીતે ઉંધા લટકતા રહ્યા.

મા જે ખાય, ચાવી-ચાવીને ખોરાક અંદર ઉતારે, એમાંથી જ આપણે આપણો ખોરાક મેળવી લેવાનો. આજે માતાએ મોઢામાં કોળીયો નાંખ્યા બાદ, એક મિનિટ ચાવ્યા બાદ બહાર કાઢ્યો હોય, તો માતાનો પરમભક્ત દીકરો પણ શું એ ચવાયેલો કોળીયો ખાઈ શકશે ખરો ? અડકી શકશે ય ખરો ? તો ગર્ભમાં તો એ કોળીયો પૂરો ચવાઈને માતાના પેટમાં ગયો, અને એમાંથી આપણે આપણો સ્વાર્થ સાધી લીધો. કેવી પરાધીનતા !

ગાયનું વાછરડું જન્મે, ત્યારે એના આખા શરીર ઉપર પીળું પીળું પડ બાઝેલું હોય છે. આપણને જોવું કે અડવું ય ન ગમે. આપણે જન્મ્યા, ત્યારે એવું જ કોઈક બિભત્સ પડ લઈને જન્મેલા. એ તો પછી ડોક્ટરો એને ચોક્ખું કરે, અને દેખાવડો બાળક તૈયાર થાય.

આવો ગર્ભાવાસ કેટલી વખત પામ્યા ? લાખ-કરોડ વાર નહિ, પણ અનંતવાર !

શું આ બધું ગમે છે ?

એક ઉત્તમ આત્મા આવો કારમો કારાવાસ ભોગવે, એ એની બેઈજ્જતી નથી ? આપણું આવું અપમાન સહન કરવા તૈયાર છીએ આપણે ?

જો મોક્ષપદ માટેની સાચી-સારી આરાધના ન કરી, તો હજી અનંતીવાર આ જ જેલવાસ આપણે ભોગવવાનો આવશે. પેલા ભારતના આઝાદવીરો સેંકડોવાર જેલમાં જઈ આવ્યા, પણ એમનો જેલવાસ પણ સફળ થયો, છેવટે એના પ્રતાપે આઝાદી તો મળી. આપણો આ ગર્ભાવાસ તો....!

***चुलसीइ किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।***

***इक्किक्कम्मि अ जीवो अणंतखुत्तो समुप्पन्नो ॥१८॥***

**ભાવાર્થ :** યોનિ એટલે ઉત્પન્ન થવા માટેનું સ્થાન ! જૈનોમાં અને જૈનેતરોમાં આ વાત પ્રસિદ્ધ છે કે કુલ ૮૪ લાખ યોનિઓ છે. અને એ દરેકે દરેક યોનિમાં જીવ અનંતવાર ઉત્પન્ન થઈ ચુક્યો છે.

**પ્રશ્ન :** આ યોનિનું ગણિત અમને સમજાતું નથી. ૮૪ લાખ સંખ્યા સાંભળી છે, પણ એની ગણતરી કેવી રીતે કરવાની ? દા.ત. સ્ત્રીયોનિ એ મનુષ્યની ઉત્પત્તિ માટેની યોનિ છે, હવે જો સ્ત્રીઓ વિશ્વમાં ૫૦% હોય, તો પણ ત્રણ અબજ યોનિઓ થઈ. તો ૮૪ હજાર શી રીતે ઘટે ? અને એમ કહો કે મનુષ્યોનું ઉત્પત્તિસ્થાન એક જ ગણાય, તો ચૌદલાખ યોનિઓ મનુષ્યની બતાવી છે, એ પણ શી રીતે ઘટે ? વળી શાસ્ત્રમાં તો મનુષ્યો માટે વંશીપત્રા, કુર્મોન્નતા, શંખાવર્તા એમ ત્રણ જ યોનિઓ બતાવી છે, તો આ ૧૪ લાખનું ગણિત કેવી રીતે છે ? એ જ રીતે દેવ-નારકાદિ માટે પણ અમને સમજણ પડતી નથી.

**ઉત્તર :** ૧ થી ૩૫% વાળા બધા નાપાસ ગણાય. ૩૬ થી ૧૦૦ ટકા સુધી બધા પાસ ગણાય. પણ એમાં ય ટકા પ્રમાણે એ-બી-સી વગેરે ગ્રેડ પડતા હોય છે. આવું જ કંઈક યોનિ બાબતમાં હોય એવું લાગે છે. એનું સ્પષ્ટ ગણિત તો અતિશયજ્ઞાનીઓ જ કહી શકે, છતાં શ્રુતજ્ઞાનનું જે કંઈક બળ છે, એના આધારે કહું તો સરખા વર્ણાદિવાળી અનેક યોનિઓ પણ એક જ યોનિ ગણાય. જ્યારે વર્ણાદિમાં ફેરફાર પડે, ત્યારે યોનિ બદલાયેલી કહેવાય.

દા.ત. છાણ એ વીંછી માટેની યોનિ છે. હવે વિશ્વમાં અબજો છાણ પડેલા છે. પણ એમાં કરોડો છાણો એક સરખા જ દેખાતા હોય, તો એ બધા એક જ યોનિ ! પણ જે બાકીના કરોડો છાણો પેલા કરતા અલગ દેખાતા હોય, તે બીજી યોનિ !.... આ રીતે યોનિની વિચારણા કરી શકાય. (પૂર્વે સમાધાનબિંદુમાં યોનિ અંગેના પ્રશ્નનો વિસ્તારથી ઉત્તર વિરતિદૂતમાં આપી દીધો છે.)

આ તમામ યોનિઓમાં અનંતવાર ઉત્પત્તિ ! એનો અર્થ જ એ કે કોઈ સુખ કે કોઈ દુઃખ ભોગવવાનું બાકી રહ્યું નથી. હવે ક્યાં સુધી આ જ ચક્કર ચલાવ્યા કરવાનું ? આનો અંત લાવવો જ જોઈએ.

***माया-पिय-बंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।***
***बहुजोणि-निवासीहिं, न य ते ताणं च सरणं च ॥१९॥***

**ગાથાર્થ :** આ આખો લોક ઘણી બધી યોનિઓમાં નિવાસ કરનારા માતા-પિતા-ભાઈ... એ સંસારી જીવોથી જ ભરેલો છે. કોઈ આમાં રક્ષણ કરનાર, શરણ આપનાર નથી.

**ભાવાર્થ :** "એ બાલમુનિ ! તમારી બા મરી ગઈ." એક વડીલે શબ્દ ઉચ્ચાર્યા. અને બાલમુનિ "હેં ! મારી બા મરી ગઈ..." ખૂબ આઘાત પામી રડવા લાગ્યા. બીજા બધા સાધુઓ પણ બાલમુનિનું દુઃખ જોઈ દુઃખી થઈ ગયા.

"કોણે સમાચાર આપ્યા ?"

"કોઈએ નહિ. મેં જાતે એમની બાને મરેલા જોયા"

"ક્યાં ?"

"રસ્તા પર" બોલી વડીલ હસવા લાગ્યા. બધાને એમની વાત વિચિત્ર લાગી. તરત વડીલ સાધુ બધાને ઉપાશ્રયની બારી પાસે લઈ ગયા, રસ્તામાં મરી ગયેલી કુતરી દેખાડી.

"આ ક્યાં એની બા છે ?"

"અનાદિકાળમાં આ કુતરીનો જીવ અનંતીવાર એની બા બની જ ચૂક્યો છે. એટલે મેં કહ્યું, એમાં ખોટું શું ?"

વડીલે ભલે મશ્કરી કરી, પણ વાત તો ખોટી ન જ હતી. ભૂતકાળ એટલો બધો વિરાટ છે કે, આપણી સામે કોઈપણ જીવ દેખાય, માની જ લેવું કે એ આપણી સાથે પ્રત્યેક સંબંધ અનંતીવાર ભોગવી ચૂક્યો છે. ***"तुमही हो माता..."*** એ સ્તવના ભગવાન પાસે ભલે ભક્તિભાવથી કરીએ, પણ પ્રત્યેક જીવ સામે તો વાસ્તવિક્તા દર્શાવવા માટે પણ કરવી. *"તું મારી મા છે, બાપ છે, બધું છે, ભાઈ છે."*

બાપ મરીને દીકરાના જ ઘરે દીકરા તરીકે જન્મ્યો, જાતિસ્મરણ જ્ઞાન થયું. "આ મારો પુત્ર ! આ મારી પુત્રવધુ !" બધી ખબર પડી ગઈ, એ બિચારો મુંઝાયો. વર્ષો સુધી જેને 'બેટા' કહ્યો, એને હવે 'પિતાજી' શી રીતે કહેવું ? જે પુત્રવધુને વર્ષો સુધી 'વહુબેટા' કહીને સંબોધી, એને માટે હવે 'બા' શબ્દ જ જીભ પર આવતો નથી.

છેવટે એ બાળકે નક્કી કર્યું કે 'મારે કશું જ બોલવું નથી.' બાળક બોલવાની ઉંમરને ઓળંગી ગયો, હવે તો મા-બાપ ચિંતામાં પડ્યા "કેમ અમારું બાળક બોલતું નથી ? મુંગું છે ?"

વૈદ્યોને બતાવ્યું, વૈદ્યો કહે "શરીરમાં, જીભમાં કોઈ ખામી નથી, છતાં કેમ બોલતું નથી. એ ખબર નથી પડતી..."

પણ શી રીતે ખબર પડે ? બાળક જાણી જોઈને મૌન પકડીને બેસી રહે, પછી તો કોઈનું કશું જ ન ચાલે ને ?

પુષ્કળ તપાસ-ઉપચારો થવા છતાં પરિસ્થિતિ એવી જ રહી.

એક દિ'

જ્ઞાની ગુરુ આવ્યા. બાળકની દ્વિધા પામી ગયા, ગંભીર ભાષામાં હિતોપદેશ આપી દીધો, અને બાળકને સાચી સમજણ મળી જતા એ સહજ રીતે જ બોલવા માંડ્યો. મા-બાપને ખૂબ જ આશ્ચર્ય થયું. છેવટે બધા ખુલાસા થયા, વૈરાગ્ય પામી બાળકે દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધી લીધું.

**પાર્શ્વપ્રભુ** અને એમને ઉપસર્ગ કરનાર **કમઠ...** એ બંને પૂર્વના ભવોમાં તો **કમઠ** અને **મરુભૂતિ** નામના સગાભાઈ તરીકે જ રહી ચૂકેલા હતા ને ?

આચાર્ય ભ. ને ડંખ મારવા ધસમસતો દોડી આવેલો સાપ પૂર્વભવમાં એ જ આચાર્યના ગુરુ તરીકે જ હતો ને ? અને પોતાના શિષ્ય પ્રત્યેની ઈર્ષ્યાના કારણે જ એણે સાપનો ભવ લેવો પડ્યો ને ?

**મહેશ્વરદત્ત** દુકાન ઉપર બેઠો હતો, એક બકરાને લઈ જઈને ત્યાંથી કસાઈ પસાર થતો હતો, ત્યારે બકરો દુકાન પર ચડવા માટે સખત પ્રયત્ન કરવા લાગ્યો, કસાઈએ એને માર્યો, મહેશ્વરને દયા ન આવી. 'આવા તો કેટલાય મરે-કપાય...'

ત્યાં જ એક મુનિ ત્યાંથી પસાર થયા, આ દશ્ય જોઈ માર્મિક હસ્યા. મહેશ્વરને આશ્ચર્ય થયું. "શા માટે જૈનમુનિ આ રીતે હસ્યા ?"

બપોરે ઘરે જમવા ગયો, ખોળામાં નાના છોકરાને ઉંઘાડ્યો હતો, એ મુતર્યો, કપડા પલળી ગયા. છતાં પુત્રવાત્સલ્યથી મહેશ્વર ભોજન કર્યા જ કરે છે. ત્યારે જ પેલા જ સાધુ ત્યાંથી પસાર થયા, એ પાછા એવું મર્મભરેલું હસ્યા...

પેલો મહેશ્વર વિચારમાં પડ્યો, ભોજન કરીને પહોંચ્યો સાધુ પાસે ! હસવાનું કારણ પુછયું. "એ બકરો એ જ તમારા મરી ગયેલા પિતાજી ! એમને દુકાન જોઈને જાતિસ્મરણ થયું, એટલે જ એ તમને દીકરો સમજી તમારી આશાએ ઉપર ચડતા હતા, પણ તમે..." મહેશ્વર સીધો દોડ્યો, કસાઈખાને પહોંચ્યો. પણ જેવો પ્રવેશ કર્યો, ત્યાં જ એ બકરા ઉપર છરાનો ઘા પડતો જોયો, મહેશ્વર ચીસ પાડી ઉઠ્યો, પણ ખેલ ખતમ !

એ ભારે ઉદાસ બની ગયો. આવ્યો પાછો સાધુ પાસે ! "મહેશ્વર ! દુઃખી ન થા. જે થવાનું હોય એ થાય જ છે. હવે બીજા હાસ્યનું રહસ્ય ! એકાદ વર્ષ પૂર્વે તારી પત્ની સાથે પરપુરુષને જોઈને તેં એનો ઘાત કર્યો, પણ એ જ પરપુરુષ તારી પત્નીની કુક્ષિમાં એના જ વીર્યમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. જેને તેં માર્યો, એને જ તું ઝંખે છે - ચાહે છે.

મહેશ્વરને ખૂબ આઘાત લાગ્યો.

"અને છેલ્લી વાત ! તું થોડાક જ દિવસનો મહેમાન છે. હવે વધુમાં વધુ ધર્મારાધના કરી લેવી જોઈએ."

મહેશ્વરે દીક્ષા લીધી, આત્મસાધના સાધીને સ્વર્ગલોકમાં પહોંચી ગયા.

આવા તો કેટલા પ્રસંગો !

કોઈપણ સંબંધ કાયમ રહ્યો છે જ ક્યાં ?

જે માતાને પૂજનીય માની હોય, એ જ માતા અનંતા ભવોમાં પત્ની પણ બની છે. આ કેવી વિચિત્રતા ? માતા ભોગ્ય હોઈ શકે ? એ ભવમાં નહિ, પણ પછીના ભવોમાં ખરી... એમ જ ને ?

સમાજમાં જે જે સંબંધો પવિત્ર મનાયા છે, એ તમામ સંબંધોની મર્યાદા એ ભવમાં ભલે ન તોડી હોય, પણ અન્ય ભવોમાં તો તૂટી-ફુટી જ ગઈ છે.

અને સૌથી મોટી વાત એ કે "મને મારા સ્વજનો સાચવશે, સુખ આપશે," એવી આપણી માન્યતા કેવી પોકળ ! અરે, ચારે બાજુ બધા જ તમારા સ્વજનો જ છે. ક્યાં તેઓ તમને બચાવી શકે છે ? ક્યાં તેઓ તમને સુખ આપી શકે છે ?

***जीवो वाहि-विलुत्तो सफरो इव निज्जले तडप्फडइ ।***

***सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे ॥२०॥***

**ભાવાર્થ :** તળાવ સુકાય અને એના આધારે જીવનારા માછલાઓ પાણી વિના બિચારા તરફડે, થોડોક સમય ધ્રુજ્યા બાદ છેવટે મૃત્યુ પામે.

એ તરફડતી માછલીને બરાબર ધ્યાનમાં લો, એ પગ પછાડતી હોય, મોઢું હલાવતી હોય, માંડ માંડ હાલતી ચાલતી હોય... પણ...

માણસ જ્યારે રોગિષ્ઠ બને, ત્યારે એની માફક જ તરફડતો હોય, બધા લોકો એને નજર સામે જુએ, આશ્વાસન પણ આપે, પણ વેદના ખતમ કરવા માટે કોણ સમર્થ બને ?

જ્યારે આપણને મેલેરિયા-ઝેરી મેલેરિયા થયો હતો, ત્યારે આપણી શું હાલત હતી એ યાદ કરો. હું મારો જ જાત-અનુભવ કહું. તપોવનમાં એક રાત્રે અઢિ વાગે મને અચાનક તાવ ચડ્યો. આખા શરીરમાં ધ્રુજારી થવા લાગી. સખત ઠંડી લાગવા લાગી, હવે શું કરવું ? મારી પાસે એક જ કામળી ! એ ઓઢી, પણ આખું શરીર ધ્રુજે, જરાક પગ પણ હલાવું તો ય ભયંકર ધ્રુજારી અનુભવાય. ઉભા થવાની પણ તાકાત નહિ, કોઈને ઉઠાડવા પણ જઈ શક્યો નહિ. બુમ પાડવાની ઈચ્છા થઈ. પણ 'બધા જ ઉઠી જશે.' એ ભયથી કશું બોલ્યા વિના પડ્યો રહ્યો. રૂમના એક ખૂણામાં ટુંટીયુ વાળીને એ રાત પસાર કરી. માથું સખત દુઃખે. મારા હાથે જોર જોરથી માથા પર મારવા લાગ્યો, પગ તૂટે... પગ પછાડવા લાગ્યો... પણ એમ કરવામાં ધ્રુજારી વધતી એટલે વધુ પરેશાન થતો.

આખી રાત આમ ને આમ પસાર કરી, રીતસર દુર્ધ્યાન જેવું થયું.

સવારે જ્યારે બધાને ખબર પડી અને સેવા-ચાકરી શરુ થઈ, ત્યારે થોડી ઘણી રાહત થઈ.

એક સાધુ મહારાજને ઘણીવાર શ્વાસની તકલીફ ઉપડતી, એ પણ મોટા ભાગે રાત્રે જ તકલીફ થાય. શ્વાસ માંડ માંડ

લેવાય, આખું શરીર હાંફે. આડા પડી ન શકે, બેસી જ રહેવું પડે, રાતના ત્રણ-ચાર-પાંચ કલાક આવી હેરાનગતિ સાથે પસાર કરવા પડે. ઘણીવાર અમે જોતા, પણ અમે શું કરી શકીએ ? આશ્વાસન આપવા સિવાય આનો બીજો ઉપાય શું ? અને એ આશ્વાસન પણ પેલાને તો ક્યાં વેદનામાંથી મુક્તિ અપાવવાનું જ છે ?

એક જણને પેટમાં ડાબી બાજુ જરાક નીચે પડખાના ભાગે હર્પિસનો રોગ થયેલો. અતિ અતિ ભયાનક પીડા ! એ જગ્યાએ રેશમનો સુંવાળો સ્પર્શ થાય ને, તો પણ ચીસ પડી જાય એવી ઘોર વેદના થતી. એ સહન ચોક્કસ કરતા, પણ સાથે સાથે કહેતા પણ ખરા કે 'મારા પેટ ઉપર કોઈએ ધગધગતો અંગારો મુક્યો હોય, એટલી બધી બળતરા થાય છે.' ઉંઘમાં પડખું ફેરવતી વખતે પણ એ વેદના વેગ પકડે. તરત જ ઉંહકારો નીકળી જાય. એ ૬૦ દિવસ દરમ્યાન કોઈપણ પ્રકારનું ઉપલું વસ્ત્ર તો પહેર્યુ જ નહિ... વચ્ચે વચ્ચે જ્યારે પીડા અસહ્ય બને, ત્યારે પેઈનકીલરનાં ઈંજેક્શન લઈ થોડાક કલાક માટે રાહત મેળવી લે.

એક ભાઈને કેન્સરના કારણે માથામાં એટલી બધી સખત વેદના થતી કે ઘણીવાર બેકાબુ બનીને દિવાલ સાથે જોરજોરથી માથું અફાડતા, લવારા કરતા, જ્યારે સ્વજનો એમને બળજબરીથી પકડી રાખે, ત્યારે ચીસો પાડે "મને મારી નાંખો, મારાથી આ સહન થતું નથી."

લોકોક્તિ એવી છે કે "આપણા શરીરમાં કરોડો રોગો ઉત્પન્ન થવાની સંભાવના છે." પણ એ બધું કદાચ ન સમજાય તો પણ આજે વિજ્ઞાને જે હજારો રોગોની શોધ કરી છે, માત્ર એનો વિચાર કરીએ અને 'એ રોગો આપણને થાય તો શું ?" એ કલ્પના કરીએ, તો ધડકન વધી ગયા વિના ન રહે.

જીભમાં કે ગળામાં કેન્સર થયું હોય, એ પછી બે-બે વર્ષ પણ માણસ જીવે પણ કશું ખાઈ ન શકે. નળી વાટે બધું આપવું પડે... એ કેવી દયનીય દશા !

બિચારા એક ભાઈને એવી તકલીફ કે બધું ખાઈ શકે ખરા, પણ નીચે કાણું જ નહિ. સંડાસ જઈ જ ન શકે, શું કરે ? ઓપરેશન કરાવીને કાણું પડાવવું પડ્યું.

એકને વળી કાણું ઘણું વધારે મોટું ! બધું નીકળી જ જાય, એણે ઓપરેશન દ્વારા સાંધા કરીને કાણું નાનું કરાવવું પડ્યું.

એકને વળી પેટ પાસે કાણું પાડીને ત્યાં નળી ગોઠવવામાં આવી, એ નળી વાટે આંતરડાનો મળ બહાર કાઢવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી. બહાર પ્લાસ્ટીકમાં એ બધો મળ ભેગો થતો જાય, પછી સંડાસમાં નાંખી દેવાનો... પેલા ભાઈને આ બધું જોઈને ચીતરી ચડે, પણ...

કોઈકને વળી પેશાબમાં રીતસર લોહી પડે. ઘામાંથી લાલ-લાલ લોહી નીકળતું હોય, એવું જ લાગે.

એક જણે ખાવામાં કોણ જાણે શું ગરબડ કરી, પણ એને એવો વિચિત્ર રોગ થયો કે આખા શરીરની રૂંવાટીઓમાંથી, નાના-નાના કાણાઓમાંથી નાની-નાની જીવાતો સતત નીકળ્યા જ કરે, આખું શરીર જીવાતોથી ખદબદે, એના મા-બાપ આ જોઈ જ ન શક્યા. ઘણી દવાઓ કરવા છતાં ફરક ન પડ્યો, ત્યારે મા-બાપે કહ્યું કે "આને આવી હાલતમાં જીવાડવો શી રીતે ? બિચારો એ પણ કેટલી વેદના ભોગવે ? એને ઝેરનું ઈંજેક્શન આપીને મારી નાંખો."

એક જણને કપાળની વચ્ચોવચ મોટું ગુમડું થયું, રીતસર કપાળ પર ચોંટાડેલું લીંબુ ન હોય, એટલું મોટું એ ગુમડું !

સુરતમાં એક બહેનને આખા શરીર ઉપર આવા મોટા મોટા ગુમડા કાયમ માટેના થઈ ગયેલા. એ રસ્તા ઉપર જાય, ત્યારે કોઈને એમનું મોઢું જોવું ન ગમે. ગભરાટ લાગે, જુગુપ્સા થાય, બધા એમને તિરસ્કારે, એ ગુમડાઓ પણ પાકીને કાળા કાળા થઈ ગયેલા. મોઢાનો એકપણ ભાગ આવા ઉપસેલા ગુમડાઓ વિનાનો નહિ.

સાંભળ્યું છે કે અમેરિકામાં એક ભાઈને ખાદ્યપદાર્થોમાં ગરબડ થવાદિ કોઈક કારણોસર શરીરમાં જ માખી ઉત્પન્ન થતી, જ્યારે માત્રુ કરે, ત્યારે સૌ પ્રથમ માત્રાના ભાગેથી માખી નીકળે, પછી માત્રુ થાય. એ વખતે પેલા ભાઈ જોર જોરથી ચીસો પાડે, પણ શું કરે ? માત્રુ સખત લાગે, એટલે જવું તો પડે જ. અને એ વખતે આખી માખી નીકળે, એની પીડા કેવી હોય ?

રસોડામાં નાનો બાળક બેઠો-બેઠો રમતો હતો. ઉભા રસોડા પર મમ્મી ગેસ પર કઢાઈમાં પુરીઓ તળતી હતી. કારણસર કપડાથી કઢાઈના બે હેંડલ પકડીને કઢાઈ નીચે ઉતારવા ગયા અને કઢાઈ હાથમાંથી છટકી, ગરમાગરમ તેલ નીચે બેઠેલા બાળકના માથા પર, પીઠ પર પડ્યું. કાન ફાડી નાંખે એવી ભયાનક ચીસો છોકરાએ તો પાડી જ, પણ મમ્મી પણ હેબતાઈ ગઈ. પીઠની ઘણી બધી ચામડી સાવ જ બળી ગઈ, જુની ભીંત ઉપરનો કલર ઉખડીને ભીંતથી છુટો પડે, એમ ચામડી આખીને આખી શરીરથી છુટી પડવા માંડી.

એ પછી તો દસ-બાર વર્ષો સુધી જાત-જાતની અનેક સારવાર કરાવી, છતાં હજી પણ એ નિશાનીઓ-ડાઘાઓ ગયા નથી. લાખો રૂપિયા મા-બાપે ખર્ચી નાંખ્યા ! એ દીકરાને સારું કરાવવા માટે ! જે મહેનત દસ-બાર વર્ષે માંડ સફળ (!) થઈ.

એક જણને અચાનક બી.પી. વધી ગયું, એમાં બ્રેઈન હેમરેજ ! જમણો ભાગ આખોને આખો લકવાગ્રસ્ત ! ડોક્ટરોએ એમના માથાનું ઉપરનું પડ આખું ને આખું કાઢી નાંખીને અંદર સારવાર કરી, એ પછી એ પડ ફ્રીજમાં રહેવા દેવું પડ્યું. એ ભાગ કપડાથી - પટ્ટીઓથી ઢાંકી રાખવામાં આવ્યો. વારંવારની સારવાર બાદ ફરી પાછું એ પડ ત્યાં ફીટ કરવામાં આવ્યું.

લગભગ છ મહીના સુધી તો સંડાસ-બાથરૂમ પણ જઈ ન શકે. એ તો ઠીક, પણ લકવાની અસર જબરદસ્ત હોવાથી પથારીમાં વાટકામાં સંડાસ ગયા બાદ ચોક્ખાઈ પણ જાતે ન કરી શકે. મને કે ક-મને સ્વજનોએ એ ચોક્ખાઈ કરતા રહેવું પડ્યું. ન હાથ ચાલે, ન પગ ચાલે... શી રીતે ખાટલામાં જ છ મહીના પસાર કર્યા હશે ?

મુમુક્ષુઓ ! સંયમીઓ ! આ માત્ર વાંચી જવા માટેના પ્રસંગો નથી, આ અનુભવના સ્તર પર લઈ જવાના પ્રસંગો છે. "મને પણ આમાંનું કંઈપણ થઈ શકે છે. જ્યારે મારા પાપકર્મોનો ઉદય આવશે, ત્યારે હું પણ આવી જ કોઈ કે આનાથી પણ વધુ ખરાબ કોઈ વેદનાનો ભોગ બનીશ. બચાવનારા કેટલું બચાવવાના ? અરે, અંતે તો મોત લાવનારી વેદના વખતે બધાના હાથ હેઠા પડવાના.

એ વખતે બધા દોડાદોડી ચોક્કસ કરવાના, પણ સાવ નકામી !

એ વખતે બધા ચોક્કસ રડવાના, પણ નકામું !

એ બધા પુષ્કળ આશ્વાસન ચોક્કસ આપવાના, પણ નકામું !

"બધું મટી જશે, ચિંતા ન કરશો" એ વાક્ય સેંકડો વાર બોલાશે, પણ નકામા !

વેદના જોઈને મોઢા પર ઉદાસીનતા ધારણ કરનારા એ સંસારીઓ મારી પાસે આવતા પહેલા હસતા હશે, બહાર નીકળીને વળી પાછા 'હાય ! હેલો !'ની દુનિયામાં જ પહોંચી જવાના, હસાહસી કરવાનાં. મારી વેદનામાં સાચા અર્થમાં સમભાગી થનાર છે જ કોણ ? હું જ્યાં સુધી ન હસું, ત્યાં સુધી નહિ જ હસવાની આત્મીયતા ધરાવનાર એક પણ સ્વજન મારી પાસે છે જ ક્યાં ?

એક બહુ મોટા આચાર્ય ભગવંતની ગંભીર પરિસ્થિતિના સમાચાર ચારેબાજુ જાહેર કરવામાં આવતા, હજારો ભક્તો એમને શાતા પુછવા, અંતિમ દર્શન કરવા દોડી આવ્યા. રોજ સવાર-બપોર-સાંજ બસો-પાંચસો માણસ તો બહારગામથી આવવા માંડ્યું. શ્રીસંઘે એ બધા માટે ત્રણ ટાઈમ ભોજનાદિની વ્યવસ્થા પણ ગોઠવી.

રૂમમાં રહેલા આચાર્યશ્રીને બહારથી જ વંદન કરવા દેવામાં આવતા. લોકો વંદન કરતા, બે ઘડી ખેદ વ્યક્ત કરતા, નીચેના હોલમાં જઈને ખુરશીઓ પર બેસી ગામ-ગપાટા મારતા, એ આચાર્યના શિષ્યોએ આ બધું જોયું, "બધા અલકમલકની વાતો કરે છે, વચ્ચે વચ્ચે હસી લે છે, જમવાનો સમય થતા જમવા પહોંચી જાય છે... અને ત્યાં ગોચરી વહોરવા ગયેલા સાધુઓએ જોયું "બધા મસ્તીથી જમે છે. કોઈના મુખ ઉપર વૈરાગ્યની રેખા દેખાતી નથી. કોઈને આજે ખાવાનું અણભાવતું બન્યું નથી. કોઈએ આજે આચાર્યદેવ નિમિત્તે આંબિલ કર્યુ નથી, કમસેકમ ત્યાગ સુદ્ધા પણ કર્યો નથી. "તમે ક્યારે નીકળવાના છો ?, રિઝર્વેશન મળી ગયું કે ? એ વિના તો ન ફાવે. ગરમી ઘણી છે, એ.સી.નું મળે, તો તો વધારે સારું..." આવા આવા શબ્દોની આપ-લે થતી સંભળાતી.

પણ "કેવો છે આ અસાર સંસાર ! અંતે આપણે પણ..." એવા કોઈ વૈરાગ્ય નીતરતા શબ્દો ન સંભળાયા. કોઈની આંખમાં આંસુના ટીપા બાઝેલા ન દેખાયા. કોઈક વળી રડ્યા, તો સ્નેહરાગથી ! નહિ કે ધર્મરાગથી કે વૈરાગ્યથી પ્રેરાઈને !

'કોણ આપણને વેદનાથી બચાવી શકવાનું ?' એ પ્રશ્ન પછી વિચારજો. પહેલા એ તો વિચારો કે "કોણ આપણને વેદનામુક્ત કરવા માટે ખરેખર તડપે છે ?" યાદ રાખજો 'તડપન' આખી વસ્તુ જ જુદી છે. વેદનાગ્રસ્ત આપણે જેટલી તીવ્રતાથી વેદનામુક્તિ ઝંખીએ છીએ, એના સોમા ભાગની તીવ્રતાથી પણ આપણને વેદનામુક્ત કરવાની ઝંખના કોને છે ?

જે કેટલાકોને આપણા માટેની ખરી લાગણી છે, એટલે જ જેઓ આપણી વેદનામાં સાવ સૂનમુન બની ગયા છે. ખાવાનું-હસવાનું ભૂલી ગયા છે. આપણી સામે જ બેસી રહે છે, આપણી સામે વારંવાર સ્નેહાળ નજરે નીરખ્યા જ કરે છે... એ બધા માટે ય છેલ્લે આપણે આ તો વિચારવું જ પડશે કે "આ બધા આપણને બચાવી શકવાના તો નથી જ."

**પ્રશ્ન :** તો કોણ બચાવશે ?

**ઉત્તર :** ધર્મ ! પેલા **અનાથી મુનિ**ની તમામ વેદના મટાડી દીધી સર્વવિરતિધર્મની ઈચ્છાએ જ ! માનો કે નિકાચિત પાપ કર્મને ધર્મ ખતમ ન કરી શકે અને એટલે વેદના ભોગવવી જ પડે, તો પણ ધર્મ મનમાં વિશિષ્ટ સમાધિ ઉત્પન્ન કરાવી દે, જેનાથી વેદના હોવા છતાં વેદના લાગે નહિ. એ વેદનાને સહન કરવાની પ્રચંડ તાકાત ધર્મ જ ઉભી કરી દે.

ધર્મ ઘણી બધી રીતે વેદનાનો સર્વનાશ કરે છે.

(૧) ધર્મ મોક્ષ અપાવે, એટલે એ પછી તો કાયમ માટે વેદના વિદાય પામે જ છે.

(૨) ધર્મ પુષ્કળ પુણ્ય બંધાવી આપે, પુણ્ય શાતા ને શાતા જ આપે. એટલે જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી પણ ધર્મજન્ય પુણ્યના પ્રભાવે શાતા જ મળતી રહેવાથી મોટા ભાગે વેદનાઓ-દુઃખો ભોગવવાનો અવસર જ ન આવે.

(૩) ધર્મ વેદનાને ઉત્પન્ન કરનારા પાપકર્મોનો જ નાશ કરી નાંખે, એટલે હવે વેદના આવે ક્યાંથી ? ઘણી ખરી આવનારી વેદનાઓ આ રીતે જ આવતા પહેલા જ મરી જાય.

(૪) નિકાચિતકર્મોથી જે વેદનાઓ અવશ્ય આવે, એને તો ધર્મ ન હટાવી શકે, પણ ધર્મ સહનશીલતા નામનો એવો ગુણ ઉત્પન્ન કરી દે કે વેદના વેદના તરીકે લાગે જ નહિ. બખ્તર પહેર્યું હોય, તો દુશ્મને છોડેલી ગોળી લાગે ખરી, પણ ગોળી પોતાનું કામ ન કરી શકે, એ બિચારી બખ્તર સાથે અથડાઈને નીચે પડી જાય. હા ! જરાક ધક્કો લાગ્યો હોય એટલું લાગે.

આ તત્ત્વને ધ્યાનમાં લઈ નિશ્ચય કરીએ કે

જ્યારે વેદનાઓ જાગે, ત્યારે બીજાનો આશરો લઈએ કે ન લઈએ, પણ ધર્મનો આશરો તો લેશું જ લેશું.

***मा जाणसि जीव ! तुमं, पुत्तकलत्ताइ मज्झ सुहहेउं ।***

***निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥२१॥***

**ભાવાર્થ :** આ ગાથાનો સીધો અર્થ તો આટલો જ છે કે 'હે જીવ ! તું એવું માનતો જ નહિ કે દીકરાઓ - પત્ની... એ બધા મને સુખ આપશે.' ઉલટું સંસારમાં ભટકતા જીવોને માટે તો આ જ એક ભયંકર બંધન છે.

હવે આનો ભાવાર્થ જાણવા પ્રયત્ન કરીએ.

**મહાભારત**નો પ્રસંગ તો બધા જ જાણે છે કે ભરસભામાં **દ્રૌપદી**નું વસ્ત્રાહરણ થાય છે, દ્રૌપદી સ્વબચાવ માટે પતિઓની અપેક્ષા રાખે છે, પોતાના હાથ પર ભરોસો રાખે છે. છેવટે દાંતમાં પોતાનું વસ્ત્ર ભરાવી રાખીને દાંત પર ભરોસો રાખે છે... પણ બધે જ મળે છે નિષ્ફળતા ! અને છેલ્લે બધેથી હારીને જૈનેતરોના કહેવા પ્રમાણે **કૃષ્ણ**નું શરણ સ્વીકારે છે... બસ, એ જ સમયે કૃષ્ણની સહાય શરુ થઈ જાય છે, વસ્ત્રોના ધાડેધાડા ઉતરે છે.

સંસારીઓ 'દુઃખ આવે, ત્યારે દીકરાઓ સાચવશે, પત્ની સેવા કરશે, પૈસો ઘણો છે એટલે હોસ્પીટલના ખર્ચાને પહોંચી વળાશે, ડોક્ટરો પણ ખૂબ જ સારા મળેલા છે. એટલે કોઈ જ વાંધો નહિ આવે...' વગેરે વગેરે આશાઓના તાંતણે જીવતા હોય છે. અને કદાચ એટલે જ ભગવાન સમાન ધર્મનું શરણ સ્વીકારવાનો વિચાર પણ એમને આવતો નથી...

આ જ છે મોટું બંધન ! મૃત્યુના છેલ્લા સમય સુધી પણ જેઓ ધર્મ ન કરવા દે, ધર્મની બુદ્ધિ ન થવા દે, એ મોટા બંધન રૂપ જ કહેવાય ને ?

દીકરાઓ ન હોત, પત્ની ન હોત, પૈસાની સગવડ ન હોત, ડોક્ટરોની ઓળખાણ ન હોત, સ્વજનવર્ગ ન હોત... તો 'હવે મને કોણ બચાવશે ?' એ ચિંતામાંથી ચોક્કસ ભગવાનનું શરણું લેવાનું મન થાત. ચોક્કસ ધર્મારાધના કરવાનું મન થાત.

આપણા સંયમજીવનનો વિચાર કરશું તો

મારે તો ઘણા શિષ્યો છે, સેવાભાવી છે... એટલે મારે ઘડપણની મારી કાળજીની શી ચિંતા ?

વિહારો લાંબા છે, પણ વાંધો શું ? સાઈકલવાળો માણસ સાથે છે જ ને ?

સાથે વ્હીલચેર / ડોળી રાખી જ છે, એટલે રસ્તામાં જરૂર પડે, તો ઉપયોગ કરી લઈશું.

મારો સાંસારિક પરિવાર સુખી-સક્ષમ છે, ગમે ત્યારે મને સાચવી જ લેશે.

મારે કોઈપણ કામ કરાવવા હોય તો શ્રીમંત ભક્તો તૈયાર જ બેઠા છે.

આપણને તો દર વર્ષે દસ-બાર વિનંતિઓ આવે છે, ચોમાસું ક્યાં ન કરવું ? એની ચિંતા છે, કરવાની નહિ. આગળના ગામમાં જૈનોના ઘરો ઘણા છે, ભાવિક છે, ઓળખીતા છે... ગોચરીની કોઈ ચિંતા નહિ...

સાચું બોલજો, મુશ્કેલીઓના નિવારણ માટે આપણે ઐહિક વસ્તુ ઉપર જેટલી શ્રદ્ધા રાખીએ છીએ, એટલી શ્રદ્ધા ધર્મ

ઉપર, પ્રભુ ઉપર, સંયમ ઉપર ખરી ?

મારી પાસે સંયમ છે. પ્રભુ મારું સર્વસ્વ છે... પછી મારે ઘડપણથી માંડીને કશી જ ચિંતા કરવાની જરૂર જ ક્યાં રહે છે ? આવી શ્રદ્ધા આપણને પ્રગટે છે ખરી ?

વ્યવહારમાં ભલે બાહ્ય વસ્તુઓનો આધાર - વિશ્વાસ રાખીએ, પણ એ બાહ્યવસ્તુઓ પણ છેવટે તો ધર્મના પ્રભાવથી જ મળે છે... એવું રોમેરોમમાંથી સંવેદન પ્રગટે છે ખરું ?

બસ, આ જ એક મહાન બંધન છે, સાચો સમર્પણભાવ રોકનારું - તોડનારું !

***नत्थि मे कोइ*** ભાવના ઘુંટવાનું શા માટે કહ્યું હશે ? એ હવે સમજાય છે. શિષ્યો મારા છે જ નહિ, મારું ઘડપણ તો સુધારશે મેં કરેલી સંયમની આરાધના ! ... એવું બધે જ સમજી લેવું. યાદ રાખજો 'હું અનાથ છું' એવી સાચી પ્રતીતિ જ્યાં સુધી નહિ થાય. ત્યાં સુધી પ્રભુ પ્રત્યે, સંયમ પ્રત્યે, ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા ઉત્પન્ન થવી લગભગ અશક્ય જ માની લેજો.

– x – x –

***जणणी जायइ जाया, जाया माया पिया य पुत्तो य ।***
***अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥२२॥***

**ભાવાર્થ :** વિચિત્રતા કેવી છે આ સંસારની !

આ ભવની માતા આવતા ભવોમાં પત્ની બને.

આ ભવની પત્ની આવતા ભવોમાં માતા બને.

પિતા મરીને પુત્ર બને.

પુત્ર મરીને પિતા બને.

બિચારા બધા જ જીવો ! સાવ કર્મને પરાધીન છે. જાણે કે કઠપુતળી જ જોઈ લો. આમાં કોઈની પણ કોઈપણ અવસ્થા સ્થિર નથી. બધું જ બદલાય, બધાનું જ બદલાય, ન ઈચ્છીએ એવું બદલાય.

પેલો બાપ ! મરીને દીકરાના જ દીકરા તરીકે જન્મ્યો. જાતિસ્મરણ જ્ઞાન થયું. હું મારા પુત્રને 'પપ્પા' શી રીતે કહું ? મારી પુત્રવધુને 'મમ્મી' શી રીતે બોલું ? બિચારાની જીભ જ ઉપડતી નથી. મોટો થવા છતાં પણ કશું બોલતો જ નથી. મા-બાપ (પૂર્વભવના પુત્ર-પુત્રવધુ) મુંઝાયા. 'દીકરો મૂંગો હશે ? જીભમાં ખામી હશે ?' ઘણા ઉપચારો કરાવ્યા, પણ બધું જ શૂન્ય ! એ દીકરાએ જ જ્યારે મૌનની બાધા લઈ લીધી હોય, ત્યારે બીજું તો શું થઈ શકે ?

આ તો સારું થયું કે જ્ઞાની મુનિએ એ છોકરાને સમજાવ્યો, એ બોલતો થયો, વૈરાગ્ય પામી દીક્ષા લઈ કલ્યાણ સાધી લીધું. બાકી તો...

અરે, પરભવની ક્યાં વાત કરવી ? આ જ ભવમાં સગી મા સાથે જાણે-અજાણે પત્ની તરીકેનો વ્યવહાર પણ આ કાતિલ કર્મો ઉભો કરાવી દે છે. પેલી **કામલતા** બ્રાહ્મણી ! પારણે પોઢેલા દીકરાથી વિખૂટી પડી... છેલ્લે વેશ્યા બની અને અજાણતા જ વર્ષો બાદ પોતાના સગા દીકરા સાથે વેશ્યા તરીકે સંસાર સુખો ભોગવ્યા.

**નયશીલસૂરિ !** શિષ્ય પ્રત્યેની ગાઢ ઈર્ષ્યાના કારણે મરીને સાપ બન્યા, પોતાના જ શિષ્યને ડંખ મારીને ખતમ કરી નાંખવા ધસમસતા દોડ્યા.

પેલો **કોણિક !** પૂર્વભવના વૈરાનુબંધના પાપે જ એક કલંકી પુત્ર પાક્યો. સગા બાપનો જીંદગીભરનો વૈરી !

અરે, સગાભાઈ-બહેનના અને સગા બાપ-દીકરીના સંબંધો પણ ક્યાં નથી બગડ્યા ?

**પ્રશ્ન :** આ બધી વિચિત્રતાનું કારણ શું ?

**ઉત્તર :** કર્મ ! આપણે જ પૂર્વભવમાં બાંધેલા કર્મો !

**પ્રશ્ન :** પણ આવા કર્મો બંધાવાનું કારણ શું ? શા માટે આવા કર્મો બાંધ્યા ?

**ઉત્તર :** કર્મબંધનું કારણ તો આપણે પોતે જ ! શા માટે આપણે આવા કર્મો બાંધ્યા ? એનો ઉત્તર એ જ કે કોઈપણ વ્યસની માણસ સિગરેટ-તમાકુનું વ્યસન કરે છે. એ કંઈ કેન્સર ઉત્પન્ન કરવા નથી કરતો, પણ એને પડેલી કુટેવના કારણે વ્યસન કરે છે અને કેન્સર થઈ જાય છે.

આપણે કુટેવના કારણે જ પાપમાં લીન બનીએ છીએ, આપણી ઈચ્છા નથી હોતી કે "આ પાપો કરવાના કારણે મને એવા કર્મો બંધાઓ, જે મને ભવિષ્યમાં દુઃખી દુઃખી કરી નાંખે..." પણ કર્મો કંઈ આપણી ઈચ્છા-અનિચ્છાની રાહ જોવા

ક્યાં બેઠા છો ? એ તો બંધાવાના અને આ દશા ઉભી થવાની.

શ્રાવકજીવનમાં કે સાધુજીવનમાં જો આપણા મન-વચન-કાયાના યોગો વિષય-કષાયોથી અપવિત્ર રહેશે, તો સમજી જ લેવું કે હજી અનંતકાળ સુધી આ બધી હાડમારીએ આપણા જીવનમાં એક યા બીજી રીતે આવ્યા જ કરશે.

પ્રભુનું વચન છે. ***अप्पा चेव दमेयव्वो...*** *તારી જાતને કાબુમાં લે.* કારણ કે એ જ કામ કપરું છે. જો જાત કાબુમાં, તો તું સુખી ! નહિ તો દુઃખી !

હા ! આપણને આ રીતે નાચ્યા કરવું ગમતું હોય, દર નવો ભવ એટલે દર નવું નાટક કે પીક્ચર ! અને એમાં આપણે નટ તરીકે - એક્ટર તરીકે જાત જાતના રોલ ભજવવાના. પેલો કર્મરાજ જેમ કહે એમ એક્ટીંગ કરતા રહેવાનું... આવી ગુલામી પસંદ હોય તો ઠીક છે બાકી ?

પીક્ચરલાઈનમાં તો એક્ટરો ખૂબ પૈસા-યશ કમાય છે, પણ અહીં નાટક કરવામાં કશી જ કમાણી નથી... એ પાછું ધ્યાનમાં લેવું.

— x — x —

***न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।***

***न जाया न मुया जत्थ, सव्वे जीवा अणंतसो ॥२३॥***

**ભાવાર્થ :** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની મુખ્ય પાંચ જાતિઓમાંથી દરેક જીવ દરેક જાતિમાં કેટલીવાર ઉત્પન્ન થયો ? આ પ્રશ્નનો જવાબ છે અનંતીવાર !

૮૪ લાખ યોનિઓમાંથી દરેક યોનિમાં જીવ કેટલીવાર જન્મ્યો ? અનંતીવાર !

પૃથ્વી-અપ વગેરેના જે ઉત્પત્તિસ્થાનો **પન્નવણા** વગેરે આગમોમાં દર્શાવેલા છે ? એ સ્થાનોની વિચારણા કરીએ તો ય જવાબ એક જ અનંતીવાર !

ઉંચા કે નીચા, કોઈપણ કુળમાં પ્રત્યેક જીવની ઉત્પત્તિ અનંતીવાર !

આ જેમ જન્મ માટે વિચારવાનું, એમ મરણ માટે પણ વિચારી લેવાનું.

એમ જ લાગે કે આ જીવ એટલે મેળાની ચગડોળ ! એને ગોળ-ગોળ ફર્યા કરવું જ ગમે છે.

એમ જ લાગે કે આ જીવ એટલે ચંચળતાનું ઘર ! એને એક જગ્યાએ સ્થિર થવું ગમતું જ નથી. ફરી ધ્યાનમાં લેજો કે જીવને આવું ગમે છે ? એવું નથી. પણ એ બિચારો પરાધીન - અજ્ઞાની છે, એટલે એક અસહાય ગુલામની માફક એક જીંદગી નહિ, પણ અનંતા ભવો પસાર કરી ચૂક્યો છે, કરે છે અને કરશે.

(બધી જ યોનિમાં અનંતીવાર ઉત્પત્તિ તો શક્ય નથી ?... એ બધા પ્રશ્નોના ઉત્તર પૂર્વે આપી દીધેલા છે, એ પ્રમાણે સમજી લેવાના.)

ભિખારી જેમ ભીખ માંગવા ઘરે ઘરે ફરે, પણ બધે કંઈ ભિક્ષા મળતી નથી, મોટા ભાગે તો ગાળો જ ખાય, ધક્કાઓ ખાય... માંડ ક્યાંક કંઈક ભિક્ષા મળે, એમાં એ બિચારો સ્વર્ગ મળી ગયા જેટલો આનંદ માણે. પણ એ ટકે કેટલો ? સાંજ સુધીમાં તો એનો આનંદ ખતમ ! વળી ભીખ માંગવા નીકળી પડવાનું, વળી ૯૯ નિષ્ફળતાઓ અને એક સફળતા ! વળી એ ક્ષણિક આનંદમાં મસ્ત બનવું... વળી પાછી ભિખારીની નોકરી શરુ !

આ જીવ આવો ભિખારી જ છે ને ? આખા વિશ્વમાં ભટકે છે, પણ સુખ નામની ભિક્ષા મળે છે જ ક્યાં એને ? મળે છે માત્ર શારીરિક - માનસિક - વાચિક દુઃખો ! હા ! ક્યાંક દેવલોકાદિના ભવમાં શારીરિક સુખો મળી પણ જાય, અને આ ભિખારી એમાં જ રાજી રાજી પણ બની જાય... પણ ભવ પૂરો ને એ તુચ્છ સુખ પણ પૂરું... વળી ભિખારી બનીને બધા ભવોમાં ભટકવાનું... વળી ક્યારેક કોઈક ભવમાં સુખની ભિક્ષા મળે... આ છે દુનિયા ભિખારીની !

**પ્રશ્ન :** મારે આવા ભિખારી મટીને હવે શ્રીમંત બનવું છે, તો શું કરવું ?

**ઉત્તર :** મૂડી ભેગી કરો, ધંધો કરો, પૈસા કમાઓ. અર્થાત્ મનુષ્યભવમાં બધી અનુકૂળતા મળી છે, તો વિષયસુખોના ભોગવટા પાછળ સમય-સંપત્તિ-શરીર બરબાદ કરવાને બદલે ધર્મની આરાધનામાં એને જોડી દેવી એ જ શ્રીમંત બનવાનો શ્રેષ્ઠ ઉપાય !

***तं किंपि नत्थि ठाणं लोए वालग्गकोडिमित्तंपि ।***

***जत्थ न जीवा बहुसो सुहदुक्खपरंपरा पत्ता ॥२४॥***

**ભાવાર્થ : પ્રશ્ન :** આપણે બધી જાતિ વગેરેમાં અનંતીવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છીએ, પણ ૧૪ રાજલોકમાં

મોટાભાગની જગ્યાએ તો આકાશ જ છે. તો ખુલ્લા આકાશમાં આપણે જન્મ્યા છીએ ખરા ? મર્યા છીએ ખરા ?

**ઉત્તર :** ત્યારે તમે સૂક્ષ્મ નિગોદને અને સૂક્ષ્મ પૃથ્વી વગેરેને ભૂલી ગયા લાગો છો. શાસ્ત્રમાં કહ્યું છે કે ***''सुहुमा हु सव्वलोए''*** *સૂક્ષ્મજીવો આખા લોકમાં સર્વત્ર ફેલાયેલા છે.* વાળના અગ્રભાગ જેટલી જગ્યા પણ બાકી નથી. અને એ સૂક્ષ્મજીવોની દુનિયામાં આપણે અનંતકાળ વીતાવ્યો છે.

**પ્રશ્ન :** એ સૂક્ષ્મજીવો તો માત્ર નિગોદના જ ને ?

**ઉત્તર : જીવવિચાર** ભણ્યા નથી લાગતા કે શું ? પૃથ્વી, અપ્, તેઉ, વાયુ એ ચાર પણ સૂક્ષ્મ હોય છે. અને તે આખા લોકમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા છે.

ફરક માત્ર એટલો જ કે સૂક્ષ્મનિગોદમાં અનંતા જીવો ! જ્યારે સૂક્ષ્મપૃથ્વી વગેરેમાં અસંખ્ય !

**પ્રશ્ન :** પણ આ ગાથામાં તો એમ લખ્યું છે કે એ પ્રત્યેક સ્થાને સુખોની અને દુઃખોની પરંપરા પામ્યા. શું આ સૂક્ષ્મ નિગોદ વગેરેમાં સુખ હોઈ શકે ? ત્યાં તો માત્ર ને માત્ર દુઃખ જ હોય ને ?

**ઉત્તર :** આમાં નીચે પ્રમાણે સમાધાન સમજવું.

(૧) બધા સ્થાનોમાં સુખ-દુઃખ પામેલા છે, એવો અર્થ નહિ લેવો પરંતુ દેવલોકાદિ સ્થાનોમાં સુખો અને નરકાદિ સ્થાનોમાં દુઃખો પામેલા છે... એ રીતે વિભાગ પાડી દેવો.

(૨) તીર્થંકરોના કલ્યાણક વખતે તો જગતના સર્વજીવો શાતા પામે જ છે ને ? એટલે નિગોદ-નરકાદિમાં રહેલા જીવો પણ શાતા પામવાના. આ રીતે દરેક જીવ દરેક સ્થાનમાં સુખ પામેલો છે.

**પ્રશ્ન :** પણ એવા કલ્યાણકોનો કાળ તો અતિ-અતિ-અતિ અલ્પ છે...

**ઉત્તર :** એકદમ સાચી વાત ! એટલે જ આપણે કેટલું વધારે ભટક્યા ? એનો પાકો ખ્યાલ આવે છે. તીર્થંકરોના કલ્યાણક ક્યારેક જ થાય, અને એ વખતે જીવ જ્યાં હોય, ત્યાં સુખ પામે. પણ આવી રીતે સુખ પામવાનું પણ આખા લોકમાં બધે જ અનેકાનેક વાર બન્યું છે, એનો અર્થ જ એ કે આપણે બેહદ મુસાફરી કરી નાંખી છે.

જેમ આપણે અત્યાર સુધી ૭૦ જન્મદિવસ આપણા ઉજવ્યા હોય, તો એનો સીધો અર્થ એ જ કે આપણે જીંદગીના ૭૦ વર્ષ પૂર્ણ કરી દીધા છે. નહિ કે ૭૦ દિવસ કે ૭૦ મહિના ! કારણ કે જન્મદિવસ વર્ષમાં ૧ જ વાર આવે, વારંવાર નહિ. એમ અહીં પણ અસંખ્ય સ્થાનોમાં કલ્યાણકો દ્વારા સુખ પામ્યા, વારંવાર પામ્યા... એનો અર્થ જ એ કે આપણે અસંખ્યસ્થાનોમાં વારંવાર ભટકી ચુક્યા છીએ.

દુઃખોની પરંપરાનો તો કોઈ અંત જ નથી. પૂર્વેની ગાથાઓમાં એનું અનેકપ્રકારે વર્ણન કરી જ દીધું છે.

**પ્રશ્ન :** અમને આ સુખો ગમે છે, એમાં મજા આવે છે. પાંચ ઈન્દ્રિયના સુખો એ કામસુખ ! તો સ્વજનોના સંબંધના સુખો એ સ્નેહસુખ ! એ લાગણીના સંબંધોમાં કેટલી બધી ભીનાશ છે... અને સમૃદ્ધિના સુખોની તો વળી દુનિયા જ જુદી છે. એક મોટો ફલેટ કે બંગલો હોય, આપણી પોતાની કાર હોય, ઓફિસ કે ફેક્ટરી પણ સારી એવી મોટી હોય, ઘણા માણસો આપણા હાથ નીચે કામ કરતા હોય...

આપણા આ બાહ્ય પ્રભુત્વના કારણે લોકો પણ આપણને સન્માન આપતા હોય. કેટલાય કાર્યક્રમોમાં આપણને પ્રમુખ-અતિવિશેષ-મુખ્ય મહેમાન તરીકે રહેવા મળતું હોય, અરે ! વ્યાખ્યાનાદિમાં પણ આપણને 'આગળ બેસો...' કહીને લોકો બોલાવતા હોય...

આ બધામાં જે પ્રસન્નતા અનુભવાય છે, એ એટલી બધી મીઠી લાગે છે કે એમાં જ અમને તો અમારું સર્વસ્વ આવી ગયું હોય એમ લાગે છે.

**ઉત્તર :**

***सव्वाओ रिद्धिओ पत्ता, सव्वे वि सयणसंबंधा ।***
***संसारे ता विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥***

**ભાવાર્થ :** બચ્ચાને જન્મ આપીને સિંહણ માતા મરી ગઈ. કોઈ ભરવાડે બચ્ચાને પોતાના ઘેટા-બકરાના ટોળા સાથે બચ્ચાને મોટો કર્યો. બિચારું સિંહબાળ પેલા ઘેટા-બકરાઓની સાથે રહી રહીને એવું જ વર્તન કરવા લાગ્યું.

એક દિવસ તળાવમાં પાણી પીતા પીતા એણે બીજા કોઈક સિંહની ત્રાડ સાંભળી, એણે પોતાનું મોઢું પાણીમાં જોયું, દૂર રહેલા સિંહ જેવો જ પોતાનો આકાર દેખાયો, બીજા બધા તો સાવ અલગ જ લાગ્યા. અંદર તો સિંહત્ત્વ પડેલું જ હતું. એ સમજી ગયો કે 'હું સિંહ છું. આ બેં બેં કરવું, ભરવાડના ગુલામ બનીને રહેવું, ઘાસ ખાવું... એ મારું કામ નથી.'

અને એણે પ્રયત્ન કરી કરીને મોટી ત્રાડ નાંખી.

પેલો ભરવાડ અને ઘેટા-બકરા... બધા ભાગી ગયા, અને સિંહબાળક (જે હવે તો મોટું થઈ ચુકેલું) એમના વર્ષોના સ્નેહને તોડી નાંખી, એકલવીર બનીને જંગલમાં જતું રહ્યું. એને એમાં જ સાચો આનંદ લાગ્યો, પેલા વર્ષોના પરિચિતોને છોડવામાં કે ઘાસચારાના ભોજન છોડવામાં એને જરાક પણ મુશ્કેલી ન પડી.

આપણે બધા આ સિંહના બચ્ચા જ છીએ ને ? અત્યાર સુધીમાં ચિક્કાર સંપત્તિ અનંતવાર પામ્યા, તમામ સાથે તમામ પ્રકારના સંબંધો પણ અનંતવાર પામ્યા... આ બધા હતા બેં બેં કરનારા બકરા ! એટલે આપણે પણ આપણી ત્રાડ ભૂલી જઈ બેં બેં કરતા થઈ ગયા.

'મને ગોચરીમાં આ તો જોઈએ જ, એના વિના ગોચરી શી રીતે વપરાય ? માત્ર રોટલી જ મળે અને શાક-દાળાદિ ન મળે એ શી રીતે ચાલે ?' આ છે બેં બેં !

'હું તો ગરમીના દિવસોમાં હેરાન થઈ જાઉં છું, મારે તો પવનવાળું, ઠંડકવાળું સ્થાન જોઈએ... ઉનાળામાં ગમે તે જગ્યાએ હું ન રહું.' આ છે બેં બેં !

'હું ગોચરી ન જાઉં. દૂર દૂર જવાની મારી તાકાત નહિ. વજન ઉંચકાય નહિ. એમાં ય અજૈનોમાં તો મને ખૂબ શરમ આવે. અપમાન સહન કરવાની મારી તાકાત નથી એના કરતા તો માંડલીના અંદરના કામ કરવા ઘણા સારા' આ છે બેં બેં !

'હું આમની સાથે નહિ રહું, એમની સાથે મારે મેળ ન પડે, નકામો સંકલેશ જ થયા કરે. હું તો બીજા-ત્રીજા સાથે જ રહીશ.' આ છે બેં બેં !

આ બધા બકરાઓની સંગાથમાં આપણે ય બની ગયા બકરા જેવા !

પણ હવે આપણે આપણી જાતને ઓળખી છે ખરી ?

જુઓ પરમાત્માને ! એ સિંહ છે, એને જોઈને જો આપણી જાતની ઓળખાણ થઈ જાય, તો આપણે તમામ બેં બેં બંધ કરીને ત્રાડ પાડતા થઈ જઈએ.

જુઓ એવા સત્ત્વશાળી સંયમીઓને ! જેઓ આ બધી બાબતમાં ક્યાંય ઢીલા પડતા જ નથી, આ સંપત્તિ, સ્વજનોને ઘાસ બરાબર માને છે... એમને જોઈને આપણે ય ગર્જના કરશું 'ન ખપે આ સંપત્તિ ! ન ખપે આ સ્વજનોની મમતા !'

મુમુક્ષુઓ માટે અને સંયમીઓ માટે... બંને માટે સંપત્તિ અને સ્વજનનું સ્વરૂપ થોડુંક જુદું પડશે. મુમુક્ષુ માટે ભૌતિક સમૃદ્ધિ, પુષ્કળ પૈસો, માતા-પિતા, ભાઈ-બહેન. મિત્રો... આ બધા સ્વજનો એને બેં બેં કરતા શીખવાડે છે. સંયમીઓને સુખશીલતા, વધુ પડતી મળી રહેતી અનુકૂળતાઓ... આ બધું એને બેં બેં કરતા શીખવાડે છે. જો સહવર્તીઓ સિંહ જેવા હોય, તો નવો સંયમી સિંહ જેવો જ બની જાય. એમ મુમુક્ષુઓ પણ સિંહ જેવા તો જ બનશે, જો એમણે પસંદ કરેલું ગ્રુપ સિંહગર્જના કરનારું હશે.

ગ્રુપ સિંહ જેવું હોવું એટલે શું ?

ગ્રુપ સિંહગર્જના કરનારું હોવું એટલે શું ?

એટલે એ જ કે સંયમાચારોના પાલનની બાબતમાં ગ્રુપ એકદમ પક્ષપાતવાળું હોવું જોઈએ. પ્રતિકૂળતાઓ આવી પડે, તો ય બને ત્યાં સુધી દોષો સેવે નહિ. દોષો સેવવા પડે તો ય એના પ્રત્યેનો અરુચિભાવ સ્પષ્ટ રીતે દેખાઈ જ આવે, સંયમનો નીતરતો રાગ એ ગ્રુપમાં દેખાયા વિના ન રહે, વાતે વાતે જિનાજ્ઞા પ્રત્યેનો બહુમાનભાવ પ્રગટ થયા વિના ન રહે.

અહીં રહેશો, તો સિંહોને જોઈ સ્વયં જાતને જાણશો, પિછાણશો... અને તો બધી બેં બેં બંધ કરી દેશો.

***एगो बंधइ कम्मं एगो वहबंधणमरणवसणाइं ।***

***विसहइ भवंमि भमडइ एगुच्चिय कम्मवेलविओ ॥२६॥***

**ભાવાર્થ :** અજૈનોમાં એક દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. **વાલિયો** લુંટારો રસ્તામાંથી પસાર થતા ઋષિઓને લુંટવાનો પ્રયત્ન કરે છે, ઋષિ પુછે છે 'આ બધું કોના માટે ?' પેલો બિચારો કહે 'પરિવાર માટે !' ઋષિ કહે 'વાંધો નહિ, પણ એ પરિવારને પુછી તો આવ કે આ બધા પાપનું જે ફળ આવે, એમાં એ બધા ભાગીદાર ખરા ને ?'

વાલિયો પુછવા ગયો, જવાબ 'ન'કારમાં સાંભળીને હેબતાઈ ગયો, સંન્યાસ લઈ **વાલ્મીકિ ઋષિ** બન્યો, **રામાયણ**ની રચના કરી.

એ પરિવારવાળાએ તો ના જ પાડી, પણ માનો કે પરિવારવાળા હા પાડે, તો ય એમના હાથની આ વસ્તુ જ ક્યાં હતી ? તેઓ ઈચ્છે, તો પણ છેવટે તો પાપ કરનાર જ પાપકર્મ બાંધે, બીજાઓ નહિ. હા ! એ લુંટફાટમાં એમની અનુમતિ હોવાથી એ પાપનું પાપકર્મ ભલે તેઓ બાંધે. પણ મારામારી, હિંસા વગેરેમાં વાલિયાને જે દુષ્ટ અધ્યવસાય પ્રગટે, એનું કર્મ તો એને જ બંધાય, એ પરિવારવાળાને નહિ.

હવે જો કર્મ એ બાંધે, તો એના ફળ પણ એ જ ભોગવે ને ?

**શ્રી ઉપદેશમાલા**માં કહ્યું છે કે, ***''दसगुणिओ इक्कसि कयाणं ।''*** *એક પાપનું ફળ દસગણું થઈને મળે.*

એકવાર કોઈને અપશબ્દો કહ્યા, તો ઓછામાં ઓછા દસવાર એવા શબ્દો સાંભળવાના આવે.

એકવાર કોઈની ખાનગીમાં નિંદા કરી, તો દસવાર આપણી નિંદા થવાની.

એકવાર કોઈને ગુરુ પાસે આડી-અવળી વાતો કરીને હલકા સાબિત કર્યા, તો દસવાર આપણે કોઈકના દ્વારા આવી જ કાનભંભેરણીથી હલકા સાબિત થવાના.

એકવાર ગ્લાન સંયમીની સેવાદિમાં ઉપેક્ષા કરી, તો દસવાર આપણે માંદા પડશું, ત્યારે બધા તરફથી આપણી ઘોર ઉપેક્ષા થશે, અને આપણે રીબાશું.

એકવાર કોઈકના શિષ્ય-શિષ્યાને પડાવી લીધા, તો દસવાર આપણા શિષ્ય-શિષ્યાને કોઈક પડાવી લેશે...

આ ફળ નજર સામે રાખવું જ, આપણે કોના માટે પાપ કર્યું છે, એ બધું પછી જોવાશે, પણ આપણે પાપ કર્યું છે, તો એનું આવું વિચિત્ર ફળ આપણને મળવાનું જ.

**પ્રશ્ન :** પાપનું ફળ દસગણું મળે એવો એકાંત છે ?

**ઉત્તર :** ના. એકાંત નથી. અધ્યવસાય જો વધારે ખરાબ હોય, તો અનંતગણું પણ ફળ મળે. જેમ **ગોશાળા**એ પ્રભુ ઉપર આગ છોડી, તો અનંતભવોમાં આગથી બળી મરવા રૂપ ફળ એને મળશે. પણ જો અધ્યવસાય એકદમ મંદ હોય, અથવા તો પાપ કર્યા બાદ ખૂબ પશ્ચાત્તાપ વગેરે થાય, તો પછી એ બંધાયેલું પાપ ધોવાઈ જાય અને એટલે જ ફળ ઓછું મળે, ઘણું ઓછું મળે, કદાચ ન પણ મળે.

પણ મોટાભાગે તો પાપ કરતી વખતે પાપના સંસ્કારો આત્મામાં પડી જ જતા હોય છે, એટલે એ સંસ્કારોના કારણે ઉત્તરોત્તર વધુ ને વધુ પાપ ઉત્પન્ન થતું જ જાય... માટે જ ગાથામાં છેલ્લે શબ્દ લખ્યો છે ***'कम्मवेलविओ'*** *કર્મો બિચારા જીવને ઠગે છે. ફરી ફરીને પાપ કરવા માટે પ્રેરે છે, એનાથી ફરી ફરીને કર્મ બંધાય છે...* બસ, એ જ રીતે સંસાર ચાલ્યા કરે.

બિચારો આ જીવ ! એકલો-અટુલો ભમ્યા જ કરે, ભમ્યા જ કરે આ સંસારસમુદ્રમાં !

**પ્રશ્ન :** તમે જે પદાર્થ રજુ કર્યો, એના આધારે તો એવું જ લાગે છે કે 'જીવ સ્વયં કર્મ બાંધે, એના જ કારણે દુઃખો પામે, ફરી પાછો દુર્ગતિઓમાં ભમે.' એટલે કે જીવ જ પોતાના જ હાથે બધા દુઃખો ઉભા કરે છે... એવો જ અર્થ થયો ને ?

પણ આ વાત મગજમાં બેસતી નથી.

ચોક્ખો અનુભવ તો એવો જ છે કે કેટલાય લોકો આપણને હેરાન-પરેશાન કરે છે, માટે જ આપણે દુઃખી છીએ. જો એ આપણા હિતશત્રુઓ હાજર ન હોત, તો આપણને કશી તકલીફ ન પડત.

ટ્રક-ડ્રાઈવર દારુ પીને ટ્રક ચલાવતો હતો, એ બેલેન્સ ચૂકી ગયો, એટલે આપણે અકસ્માતનો ભોગ બન્યા.

કોઈકે આપણા ગુરુને ખોટેખોટી કાનભંભેરણી કરી, એટલે જ ગુરુનો આપણા માટેનો સદ્ભાવ ઘટી ગયો અને આપણને ખખડાવી નાંખ્યા, કાળજી કરવાનું ઘટાડી દીધું.

કોઈએ આપણી પાસે તૈયાર થનારા મુમુક્ષુને ઉંધી-ચત્તી વાતો કરીને ભડકાવી નાંખ્યો, માટે જ એ આપણો શિષ્ય થતો અટકી ગયો.

આપણા જીવનમાં જે કોઈપણ દુઃખો આવે છે, એમાં દરેક સ્થળે આવા હિતશત્રુઓ આપણી નજર સામે દેખાય જ છે. તો પછી એમને જ દુઃખોના ઉત્પાદક માનવા જોઈએ ને ? આમાં વળી કર્મ ક્યાંથી વચ્ચે આવી ગયું ?

**ઉત્તર :**

***अन्नो न कुणइ अहियं, हियं पि अप्पा करेइ न हु अन्नो ।***
***अप्पकयं सुहदुक्खं भुंजसि, ता कीस दीणमुहो ॥२७॥***

**ભાવાર્થ :** આખો ક્રમ આ પ્રમાણે છે.

(૧) આત્મા = આત્માના અધ્યવસાયો.

(૨) સારા અધ્યવસાયોથી પુણ્યકર્મ ! ખરાબ અધ્યવસાયોથી પાપકર્મ !

(૩) એ પુણ્યકર્મ સારા નિમિત્તોને ખેંચી લાવે, પાપકર્મ ખરાબ નિમિત્તોને ખેંચી લાવે.

(૪) એ સારા નિમિત્તોથી સુખ ! ખરાબ નિમિત્તોથી દુઃખ !

આમાં મુશ્કેલી એ છે કે સુખ અને દુઃખ જ્યારે પણ આવે છે, ત્યારે બહારના નિમિત્તો તો તરત જ દેખાઈ જાય છે, એટલે એના ઉપર આપણને જલ્દી શ્રદ્ધા બેસી જાય છે. પણ એ નિમિત્તો લાવનાર પુણ્ય-પાપ કર્મ તો ત્યારે દેખાતા જ નથી, અને એ કર્મો બંધાવનાર ઘણા કાળ પહેલાના આપણા જ પોતાના અધ્યવસાયો તો દેખાઈ શકવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ?

બસ, આ જ ભયંકર મોટી ભ્રમણા આપણને સૌને મારી નાંખે છે.

મા-બાપ દીક્ષા માટે રજા ન આપે, તો મુમુક્ષુઓને મા-બાપ પર સખત ગુસ્સો આવે, જેમ તેમ અપશબ્દો બોલવાનું ય બની જાય... પણ એ વખતે એવો વિચાર ન આવે કે પૂર્વભવોમાં મેં કોઈકના મા-બાપ બનીને કે બીજી-ત્રીજી રીતે દીક્ષા અટકાવવાનો પ્રયત્ન કર્યો જ હશે, અને એનું જ આ ફળ ભોગવી રહ્યો છું. મા-બાપ તો મેં જ બાંધેલા કર્મોના આધારે કામ કરનારા એ કર્મરાજની જ કઠપુતળી જેવા છે.

દીક્ષા લીધા બાદ આપણા ગ્રુપમાં આપણી કોઈ કિંમત ન હોય, કોઈ તરફથી વાત્સલ્ય મળતું ન હોય, વારંવાર ઠપકાઓ જ સાંભળવા પડતા હોય, કોઈ આપણી સાથે આવવા તૈયાર ન હોય, શિષ્ય થવા તૈયાર ન હોય, આપણી નિંદા વારંવાર થતી હોય... આ બધું અનુભવીને ગ્રુપ ઉપર અસદ્ભાવ થાય, ગુરુ ઉપર અસદ્ભાવ થાય, ગુરુની પાસે વધુ ને વધુ નજીક રહેનારા તરફ અરુચિ પ્રગટે, ગુરુ જેને વધુ મહત્ત્વ આપે, એ વ્યક્તિઓ અણગમતી બનતી જાય, સંકલેશ પારાવાર થાય... એ વખતે એ બધા આપણને દુઃખ દેનારા, સંતાપ જન્માવનારા, આર્તધ્યાનની હોળી સળગાવનારા લાગે, ઉંડે ઉંડે એ જીવો પ્રત્યે (ના, ના ! સંયમીઓ પ્રત્યે) વૈરભાવ (!) ઘુંટાતો જાય... આ કેટલું ઘોર અજ્ઞાન ! કેટલી ગંભીર ભૂલ ! કેટલું મોટું ગાંડપણ !

કેમ એવો વિચાર ન જન્મ્યો ? કે 'મેં ગુરુ બનીને મારા શિષ્યોને દુઃખી કર્યા હશે, વાત્સલ્યને બદલે આગ વરસાવી હશે ? ડામ જેવા શબ્દો સંભળાવીને, બોલાવડાવીને કોઈકને સખત ત્રાસ ઉત્પન્ન કરાવ્યો હશે, માટે જ એ બધાનું ફળ મારે ભોગવવું પડે છે ને ?'

અરે લોકમાં ય કહેવત છે ***"जैसी करनी, वैसी भरनी"***

જેમ દુઃખમાં આ વિચાર કરવાનો છે, તેમ સુખમાં પણ આ જ વિચાર ઉંધી રીતે કરવાનો છે. જો સુખ આપનારા નિમિત્તો જ માત્ર દેખાશે, તો એમાં રાગ ઉત્પન્ન થવાનો જ. 'આ મારા ઉપકારી ! મારા સર્વસ્વ !' અને પછી એમની પાછળ આખી જીંદગી વિતાવી દેવી પડે, તો પણ એ જીવ એને મોટામાં મોટું ધર્મકાર્ય જ માનશે.

**પ્રશ્ન :** તો શું એ ખોટી વાત છે ? મા-બાપ વગેરેએ આપણા ઉપર પુષ્કળ ઉપકાર કર્યો જ છે ને ? એનો બદલો વાળવા માટે આખી જીંદગી આપી દેવી પડે તો પણ શું વાંધો ? એમના ઉપર રાગભાવ પેદા થાય, તો પણ શું વાંધો ?

**ઉત્તર :** વાહ રે વાહ ! જો મા-બાપનો ઉપકાર છે, તો એના કરતાં ય અનંતગણો તો ધર્મનો ઉપકાર છે. કેમ મા-બાપ આપણને ગર્ભમાં જ મારી નાંખનારા ન મળ્યા ? કેમ આપણા મા-બાપને આપણા ઉપર અનહદ સ્નેહ જાગ્યો અને ટક્યો ? કેમ તેમણે પોતાના તમામ સુખોનો ભોગ આપવાની તૈયારી સાથે આપણને મોટા કર્યા ? એ બધાની પાછળ આપણે પૂર્વભવમાં કરેલો ધર્મ જ મહત્ત્વનો ભાગ ભજવે છે ને ? એ ન હોત, તો કેટલાય દુઃખિયારા બાળકો જેવી આપણી દશા પણ થાત.

એટલે મા-બાપ આપણા ઉપકારી બન્યા, એની પાછળ પણ બધો દોરીસંચાર તો ધર્મનો જ છે, તો એના ઉપકારનો બદલો નહિ વાળી આપવાનો ?

**પ્રશ્ન :** સાચી વાત. પણ એના માટે શું કરવાનું ?

**ઉત્તર :** ધર્મની વધુ સારી આરાધના કરવાની, એના દ્વારા સ્વ-પર બંનેમાં ધર્મનો ફેલાવો કરવાનો... એ જ પ્રત્યુપકાર કરેલો કહેવાશે ને ?

**પ્રભુવીરે ઉત્તરાધ્યયનસૂત્ર**માં આ વાત સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી છે.

***अप्पा नइं वेयरणी, अप्पा मे कूडसामली ।***

***अप्पा कामदुहा धेणु अप्पा मे नंदणं वणं ।***

*નારકની વૈતરણી નદી મારો આત્મા જ છે, કરવત જેવા પાંદડાઓ વડે નારકીજીવોને ઉભા ને ઉભા ચીરી નાંખનાર શાલ્મલિ વૃક્ષ પણ મારો આત્મા જ છે.*

*કામધેનુ ગાય મારો આત્મા જ છે, તો નંદનવન પણ મારો આત્મા જ છે.*

આનો સાર એ કે નારકીના દુ:ખો મને મળ્યા, તો એમાં પરમાધામી વગેરે કોઈ જ નિમિત્ત નથી, ખરેખર નિમિત્ત છે માત્ર ને માત્ર મારો આત્મા !

એમ સ્વર્ગીય સુખો પણ મારા આત્માએ જ પ્રગટાવ્યા છે, બીજા કોઈ એમાં નિમિત્ત નથી, જે નિમિત્તો દેખાય છે, તે ગૌણ છે. મુખ્ય છે મારો આત્મા !

***अप्पा कत्ता विकत्ता य दुक्खाण य सुहाण य ।***

***अप्पा मित्तममित्तं च, दुप्पड्ठियसुप्पड्ठिओ ॥***

*દુ:ખો અને સુખોનો કર્તા આત્મા જ છે. ઉન્માર્ગગામી આત્મા શત્રુ છે, સન્માર્ગગામી આત્મા મિત્ર છે.*

*એટલે હવે જ્યારે દુ:ખો ભોગવવાના આવે, ત્યારે દીન ન બનવું, 'મેં કર્યું છે, તો મારે જ ભોગવવાનું છે.' એમ પૂરા ઉત્સાહ સાથે દુ:ખો સહન કરવા.*

***बहुआरंभविढत्तं वित्तं विलसंति जीव ! सयणगणा ।***

***तज्जणियपावकम्मं अणुहवसि पुणो तुमं चेव ॥२८॥***

**ભાવાર્થ :** એકલા માણસને પોતાનું જીવન ટકાવવા માટે કેટલું જોઈએ ? એને પોતાને પણ સહજ રીતે એમ થાય કે 'આ બધું કોના માટે કમાઉં ? હું તો એકલો છું. મારા મર્યા પછી શું ?'

પણ એને પુછીએ કે વિશ્વમાં કરોડો લોકો છે જ ને ? તું તારે સખત મહેનત કરીને કમાણી કરી લે ને ? એ બધા પૈસા લોકોના કામમાં તો આવશે ને ?

તો ભાઈ જવાબ આપશે 'એ બધા માટે મારે શું કામ પૈસા ભેગા કરવા ? એ તો બધા પારકા છે...'

બસ ! જેમ વિશ્વના લોકો પારકા લાગ્યા, એમ પત્ની-પુત્રાદિ સ્વજનો પણ પારકા લાગી જાય, તો તો એ બધા માટે ગાંડી દોટ મુકવાનું છોડી દે. પોતાની ફરજ રૂપે જેટલું કરવું પડે, એટલું જ કરે, પરિવારની આવશ્યક્તા પૂરી કરે, પણ એમની અનુકૂળતાઓ પોષી આપવા માટે પોતે મહાપાપના ધંધા ન વિકસાવે.

પણ આ સમજણ બિચારા સંસારીઓને આવતી જ નથી. એમને સ્વજનો પ્રત્યેનું મમત્વ એટલું બધું હોય છે કે એના માટે ગમે તેવા પાપો કરતા પણ ખચકાટ ન થાય. બે ફેક્ટરી હોય, લાખો-કરોડોની કમાણી હોય, છતાં હજી નવી ફેક્ટરી, નવા ઈન્વેસ્ટમેન્ટ ચાલુ જ ! પછી તો આ ટેવ જ પડી જાય. પોતાને કે સ્વજનોને કશું ખુટવાનું નથી... એ સ્પષ્ટ રીતે ખબર પડવા છતાં પણ અજ્ઞાનતાથી, ધંધાકીય સ્પર્ધાથી, સૌથી વધુ શ્રીમંત તરીકેની છાપ ટકાવી રાખવાની ઝંખનાથી... તેઓ ધંધો વિકસાવતા જ રહે.

એના સ્વજનો પૂરેપૂરો એનો લાભ લે. ફ્લેટમાંથી બંગલામાં, મારુતિમાંથી મર્સીડીઝમાં, ટ્રેનમાંથી પ્લેનમાં... બધા ક્ષેત્રે હરણફાળ ભરે. સંપત્તિ એટલી હદે વધી ચૂકી હોય કે એને ક્યાં વાપરવી ? એ જ એમના માટે સૌથી મોટો પ્રશ્ન હોય.

પણ એ બિચારા સ્વજનરાગીને કોણ સમજાવે ? કે આ જે કંઈ પાપ તેં એકઠું કરેલું છે, એનું ફળ તો તારે જ ભોગવવાનું છે.

જુઓ,

● ચક્રવર્તી જો દીક્ષા ન લે, તો ચોક્કસ નરકગામી જ બને. પણ એની હજારો પત્નીઓ કે દીકરાઓ માટે એવો નિયમ નથી. તેઓ દીક્ષા ન લે, તો ય સદ્ગતિગામી બની શકે ખરા. હવે એ બધાએ ચક્રવર્તીની સંપત્તિ જ ભોગવી છે, છતાં એનું ફળ ચક્રવર્તી જેવું તો એમને ન જ મળે. સંપત્તિના ભોગવટાનું ફળ મળે, પણ સંપત્તિની ઉત્પત્તિ કરવા માટે ચક્રવર્તીએ જે પાપો કર્યા હોય, એનું ફળ આ સ્વજનોના ભાગે આવતું નથી.

● આ જ વાત વાસુદેવ અને એના સ્વજનો માટે પણ વિચારી જ લેવી. તમામ વાસુદેવ નક્કી નરકગામી છે. પણ એમના સ્વજનો માટે એવો કોઈ જ નિયમ નથી.

● ***'રાજેશ્વરી તે નરકેશ્વરી'*** આ કહેવત પણ મુખ્યત્વે રાજા માટે છે, એના સ્વજનો માટે નહિ.

એના સ્વજનો જો નરકે જાય, તો એ એમણે સ્વયં કરેલા પાપોના કારણે જાય. આ બધી બાબતો જણાવીને ગ્રન્થકાર

મહર્ષિ એક જ વાત કરવા માંગે છે કે 'આપણી જાત સિવાય બીજા કોઈની ઝાઝી પંચાત કરવાની જરૂર નથી. ***'તું તને સંભાળી લે.'*** એ જાણે કે મહાન મંત્ર મહર્ષિઓ આપણા કાનમાં સંભળાવી રહ્યા છે.

**પ્રશ્ન :** સ્વજનો પ્રત્યે મમતા ન રાખવી, રાગ ન કેળવવો... એ તો બરાબર ! પણ આપણી ફરજ તો આપણે નિભાવવી જ પડે ને ? મા-બાપ ઘરડા હોય, તો એમને અનાથ મુકીને દીક્ષા લઈ લેવાની ? માનો કે ઘરડા ન હોય, તો પણ એમને આપણા સિવાય બીજું કોઈ સાચવનાર ન હોય તો શું કરવું ? મા-બાપના હૈયાને ધક્કો લગાડીને ધર્મ કરવો ? આ શું સારું ગણાશે ?

એમ લગ્ન થઈ ચુક્યા હોય, ઘરે યુવાન પત્ની હોય, નાના દીકરા-દીકરીઓ હોય... આ બધાને રખડતા મુકી દેવાના ? એમના માટે અમારી કોઈક ફરજ તો બને ને ?

**ઉત્તર :**

***अह दुक्खियाइं तह भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं ।***

***तह थोवं पि न अप्पा, विचिंतिओ जीव ! किं भणिमो ॥२९॥***

**ભાવાર્થ :** 'આ મારા છોકરાઓ દુઃખી છે, બિચારા ભુખ્યા છે, એમનું શું થશે ? મારે એમના માટે કંઈક તો કરવું જ જોઈએ...' આવા બધા પુષ્કળ વિચારો તેં સંતાનો માટે કર્યા. પણ 'મારા આત્માનું શું થશે ? મરીને હું ક્યાં જઈશ ? હું પહેલા મારું કલ્યાણ તો સાધી લઉં...' આવો કોઈપણ વિચાર તું કરતો નથી.

ઓ જીવડા ! તને શું કહેવું ?

આ પદાર્થ એક દૃષ્ટાન્ત દ્વારા આપણે સમજીએ.

માનો કે તમે અને તમારો પરિવાર (માતા-પિતા-પત્ની-પુત્રાદિ) ઘરે ઉંઘ્યા છો, અને અચાનક આગ લાગે, તમે જાગી જાઓ, ગંભીર પરિસ્થિતિનો ખ્યાલ આવી જાય, એ વખતે તમે શું કરો ?

તમારી પાસે અમુક વિકલ્પો છે.

(૧) તમારી જાતને અને આખા પરિવારને બધાને બચાવી લો... એ શ્રેષ્ઠ વિકલ્પ !

(૨) જો તમારા પરિવારને બચાવી લો, તો એમાં તમારી જાતને બચાવી ન શકો... એવી પરિસ્થિતિ હોય.

(૩) ન તમારી જાતને કે ન તમારા પરિવારને... કોઈને પણ બચાવી ન શકો.

(૪) જો તમારા પરિવારને બચાવવા જાઓ. તો ન તો એ બચે કે ન તમે બચો. એમને બચાવવા જતાં જ તમારું મોત થાય. પણ જો 'પરિવાર બચી શકવાનો જ નથી.' એ જાણીને એને દુઃખી હૈયે છોડી દઈને તમારી જાતને બચાવવાનો પ્રયત્ન કરો, તો બચાવી શકો એમ છો...

આ બધામાંથી તમે કયો વિકલ્પ પસંદ કરશો ?

જુઓ, હું જ તમને બતાવી દઉં.

પ્રથમ વિકલ્પ શક્ય હોય, તો તો કોઈ પ્રશ્ન જ નથી.

ત્રીજો વિકલ્પ નકામો છે, કેમકે એમાં કોઈ બચતું નથી.

બીજો વિકલ્પ મોટા ભાગે તો કોઈ ન અપનાવે, પોતે મરવાનું કબુલ રાખે અને પરિવારને બચાવે, એવા ઘણા ઓછા જોવા મળે.

ચોથા વિકલ્પમાં કોઈપણ ડાહ્યો માણસ આટલું જ વિચારશે કે 'પરિવારને બચાવવાનો પ્રયત્ન કરવા છતાં પણ જો એ ન જ બચવાનો હોય, ઉલટું એમાં મારે ય મરવાનું હોય, તો એના કરતા તો બહેતર છે કે હું મારી જાતને તો બચાવી લઉં. પરિવાર તો આમે ય બચવાનો નથી. મારે તો સમજણપૂર્વક નિર્ણય લેવાનો છે. એમ કંઈ શહીદ થઈ જવાથી મને શું ફાયદો થવાનો ?'

હવે આ જ વાત આધ્યાત્મિકક્ષેત્રમાં પણ વિચારીએ.

(૧) વૈરાગ્ય પામેલો મુમુક્ષુ એવી ઈચ્છા કરવાનો જ કે 'આ આખો સંસાર સળગે છે, તો હું તો એમાંથી બહાર નીકળું જ, પણ મારા આખા પરિવારને પણ એમાંથી બહાર કાઢું, બચાવું.' અને એટલે જ શક્ય હશે, તો એ આખા પરિવારને સમજાવીને બધાને દીક્ષા અપાવશે. અને આ હકીકત **પંચસૂત્ર**માં દર્શાવેલી પણ છે જ.

(૨) આધ્યાત્મિકક્ષેત્રમાં બીજો વિકલ્પ પ્રાયઃ ઓછો સંભવિત છે. જો આખો પરિવાર દીક્ષા લેતો હોય, તો એની સાથે પોતાને પણ દીક્ષા લેવામાં શું વાંધો ? બધા નીકળી જાય ને ?

(૩) જીવને સ્વયં જ દીક્ષાની ભાવના ન થાય અને પરિવારને પણ એવો કોઈ ઉછાળો ન હોય, તો તો ચર્ચા કરવાનો કોઈ અર્થ જ નથી ને ?

(૪) મહત્ત્વનો વિકલ્પ ચોથો છે, અને મોટા ભાગે બધાને આ જ પ્રશ્ન નડતો હોય છે.

મુમુક્ષુને દીક્ષાની ભાવના થાય, પણ પરિવારને ન થાય. મુમુક્ષુ આખા પરિવારને ઘણું સમજાવે, તો પણ તેમને તો ઈચ્છા ન જ થાય, ઉલટું તેઓ તો મુમુક્ષુને પણ રોકે.

રોકવાના કારણો કયા ?

મુમુક્ષુ પ્રત્યેનો અતિશય સ્નેહરાગ ! ગોરેગાંવના એક સુખી બહેનને ત્રણ દીકરીઓ અને બે દીકરા છે, એમાંથી એક દીકરીને દીક્ષાની ભાવના ! પણ આ બહેન વર્ષોના વર્ષોથી અટકાવીને બેઠા છે. આ કેવો વિચિત્ર પ્રકારનો સ્નેહરાગ !

દીકરો એકનો એક હોય, આખા ભવિષ્યનો આધાર એ જ હોય, એટલે સ્વાર્થવૃત્તિથી પણ એને ન જવા દે.

આર્થિક નબળાઈ હોય, દીકરો કમાઉ હોય, એનાથી સંસાર ચાલતો હોય, માટે પણ ના પાડે...

હવે દીકરો શું કરે ?

જો એ ઘરે જ રહે, તો એ પરિવારને આલોકમાં તો સાચવી જ લેવાનો છે. પણ આ ચર્ચા કંઈ આલોક માટેની નથી. આ ચર્ચા છે પરમલોક માટેની ! શું દીકરો ઘરે રહીને પરિવારને પરમલોક તરફ દોરી જશે ખરો ? ઉલટું સંસારમાં રહીને, એના નિમિત્તોમાં પોતે જ અટવાઈ જવાનો ! એ લગ્ન કરશે, ધંધો કરશે, ધીમે ધીમે આખો ને આખો સંસારમાં ખૂંપી જશે. થોડો ઘણો ધર્મ કરશે ખરો, પણ દીક્ષા ધર્મની સામે એની કિંમત કેટલી ?

એટલે જો મુમુક્ષુ પરિવારને બચાવવા જાય, તો ન તો એને બચાવી શકે કે ન તો પોતે બચી શકે. એમને બચાવવા જતા જ પોતાનું મોત નોંતરે.

આ વખતે એણે મક્કમ બનવું પડે. પરિવારનો વિચાર છોડી દેવો પડે, ચોક્કસ એમાં કોઈ મલિનભાવ નથી. પરિવાર પ્રત્યે ધિક્કારભાવ નથી. પણ એમને બચાવવા માટેનો બીજો કોઈ વિકલ્પ જ એની પાસે ન હોય, તો છેવટે જાતને તો બચાવી લે.

એટલે જ મા-બાપને, પરિવારને રડતા મુકીને દીક્ષા લેનારો મુમુક્ષુ એકદમ સાચા માર્ગે જ છે. એણે કશું જ ખોટું કર્યુ નથી.

પણ આ સદ્‌બુદ્ધિ બધાને સુઝવી જોઈએ ને ?

માટે જ આ ગાથામાં પ્રેરણા કરી છે કે તું તારા દીકરાઓની જેટલી ચિંતા કરે છે, એના કરતા લાખમાં ભાગની પણ ચિંતા જાતની કરતો નથી. આ તે કઈ જાતનું ગાંડપણ !

પરિવાર મરે છે, માટે હું પણ મરી જ જાઉં. મારે પરિવાર વિના તો જીવવું જ નથી... આવું કયો ડાહ્યો માણસ વિચારે ?

આવો માણસ મૂરખ ગણાય, અને એટલે જ એને ઉપદેશ આપવાનો કોઈ અર્થ નથી. **નીતિવાક્ય** છે ***''स्वार्थभ्रंशो हि मूर्खता''*** *સ્વાર્થ ગુમાવી દેવો એ મૂર્ખતા છે.*

**પ્રશ્ન :** દીક્ષા લેવામાં પરિવારની મમતા તો નથી નડતી, પણ શરીરની મમતા ખૂબ નડે છે. દીક્ષાજીવનમાં કઠીનાઈ ખૂબ છે. વર્ષમાં બે વાર લોચ, કાયમ માટે વિહાર, પુષ્કળ ઠંડી, પુષ્કળ ગરમી, ખાવા-પીવાની બાબતમાં બધી પ્રતિકૂળતાઓ... આ બધું જોતા ચિંતા થાય છે કે ગૃહસ્થપણામાં જે રીતની અનુકૂળતા છે, એ રીતની તો દીક્ષામાં નથી જ મળવાની, ઉલટું હેરાનગતિનો પાર ન રહે. શરીરને ટકાવી રાખવું દીક્ષાજીવનમાં ભારે પડી જાય.

**ઉત્તર :**

***खणभंगुरं शरीरं जीवो अन्नो य सासयसरूवो ।***

***कम्मवसा संबंधो निब्बंधो इत्थ को तुज्झ ॥३०॥***

**ભાવાર્થ :** ચોકખા ઘીનો ડબ્બો ચાર હજાર રૂપિયાનો મળે, એમાં ઘીની કિંમત વધારે ? કે ડબ્બાની ?

મોંઘા ઘરેણાનું બોક્સ લાખ રૂપિયાનું મળે, એમાં ઘરેણાની કિંમત વધારે ? કે બોક્સની ?

તમે કહેશો જ કે ડબ્બાની કિંમત ૨૫ રૂપિયા ! રૂા. ૩૯૭૫ કિંમત ઘીની ! ઘરેણાની કિંમત ૯૯૯૦૦ રૂા. ! ૧૦૦ રૂપિયા બોક્સની !

ખરેખર, તો ડબ્બો કે બોક્સ વધારામાં જ આપવામાં આવે છે. એની કિંમત ઉમેરીને ૪ હજાર કે લાખની કિંમત

ગણાતી જ નથી.

એમ તમે આ શરીરને સાચવવાની પંચાતમાં પડ્યા છો. પણ એની કિંમત કેટલી ? એ શરીર ગમે ત્યારે ખતમ થઈ જનારું છે, ગમે ત્યારે એમાં રોગો જન્મે, ગમે ત્યારે એ કોઈપણ પ્રકારના અકસ્માતનો ભોગ બને, ... એમાં ભરેલું છે વિષ્ટા-મૂત્રાદિ સિવાય બીજું શું ?

શરીર તો ભાઈ ! મ્યુનિસિપાલિટીની કચરાપેટી છે. એમાં આખા ગામનો કચરો ભેગો થાય. કચરાપેટી બહારથી દેખાય સારી, પણ અંદર શું ? એ જ હાલત શરીરની છે.

શરીરમાંથી બહાર નીકળતી એકપણ વસ્તુ સારી ખરી ? ગમે ખરી ? વિષ્ટા-મૂત્ર-ગુંગા-પિયા-સેડા-કફ-ઉલટી... શું સારું લાગે ?

હા ! આ જીવંત શરીરમાં રહ્યો છે જીવ ! એ શાશ્વત છે ! શરીરથી જુદો છે. ખરી કિંમત તો એની જ છે. આ તો કર્મવશ આ મિયાં-મહાદેવનો સંબંધ થયો છે. બાકી જીવને શરીર સાથે શું લાગે વળગે ? બંનેની દુનિયા જ જુદી છે.

છતાં આશ્ચર્ય છે કે તમને એ શરીર પર રાગ છે. એના માટે બિચારા જીવનું ધનોતપનોત કાઢી નાંખવા ય તમે તૈયાર !

ઘી ભલે ઢોળાઈ જાય, પણ ડબ્બો તો રહેવો જ જોઈએ... એમ ને ?

ઘરેણા ભલે ચોરાઈ જાય, પણ બોક્સ તો ટકવું જ જોઈએ... એમ ને ?

જો આ યોગ્ય નથી, તો પછી

આત્માનું ભલે જે થવાનું હોય તે થાય, પણ શરીરને દુઃખ ન પડવું જોઈએ... એવી માન્યતા પણ ધરાર ખોટી જ જાણવી.

***कह आयं कह चलियं तुमंपि कह आगओ कहं गमिही ।***

***अन्नुन्नंपि न याणह, जीव ! कुडुंबं कओ तुज्झ ॥३१॥***

**ભાવાર્થ :** ટ્રેન કે બસની મુસાફરી કરતી વખતે નવા નવા મુસાફરોનો પરિચય થાય. 'ક્યાંથી આવો છો ? ક્યાં જવાના છો ? ક્યાં રહો છો ?...' વગેરે વગેરે પ્રશ્નો પણ પુછાય, બંને જણ એકબીજાને જવાબ પણ આપે... પણ પરસ્પરનો આ સંબંધ માત્ર વાતચીત પૂરતો કે વધુમાં વધુ સાથે મળીને નાસ્તો કરવા પૂરતો ! બાકી બંનેની દુનિયા સાવ જ જુદી ! છૂટા પડ્યા પછી એકબીજાને યાદ કરવાની પણ ફુરસદ નહિ.

હવે આપણા સ્નેહીઓને-સ્વજનોને મિત્રોને પૂછીએ કે 'તમે કયા પરભવમાંથી અહીં આવ્યા છો, એ તો કહો ! તમે મરીને ક્યાં જવાના છો, એ તો કહો.' આ બેમાંથી એકપણ જવાબ એમની પાસે નથી. એમ તેઓ પણ આપણને આ બે પ્રશ્ન પૂછી શકે છે, પણ એનો જવાબ આપણી પાસે પણ નથી.

હવે નથી આપણે એમને જાણતા કે તેઓ કોણ છે ? કે નથી તેઓ આપણને જાણતા... તો પછી એ બધા આપણું કુટુંબ, પરિવાર, મિત્રવર્ગ શી રીતે બની ગયા ?

ટ્રેન-બસના મુસાફરોનો તો મુસાફરી વખતનો + આગમનસ્થાનનો + ગમનસ્થાનનો બધો જ પરિચય છે, છતાં એ પરિવારના સભ્ય નથી બનતા. તો આ માનવભવની મુસાફરીમાં તે તે માણસોનો માત્ર મુસાફરી પૂરતો જ પરિચય ને ? આગળ-પાછળ કશું જ નહિ, છતાં એ બધા પર આટલું બધું મમત્વ કેમ થઈ જાય છે... એ મોટા સંશોધનનો વિષય છે.

**પ્રશ્ન :** તમે તો આના ઉપર સંશોધન કર્યું જ હશે ને ?

**ઉત્તર :** અજ્ઞાન ! જીવની વિચિત્ર તથાભવિતવ્યતા !... વગેરે કારણોના હિસાબે જ આ ગરબડ ઉભી થાય છે. માત્ર આ ભવ જ જોવો, આવતા ભવનો વિચાર પણ ન કરવો... આ બધું જીવને નુકસાનકારી બને જ છે, પણ એવી પરલોકદષ્ટિ સિદ્ધ કરવી એ સરળ કામ તો નથી જ.

***खणभंगुरे शरीरे मणुअभवे अब्भपडलसारिच्छे ।***

***सारं इत्तियमेत्तं जं किरइ सोहणो धम्मो ॥३२॥***

**ભાવાર્થ :** શરીર ક્ષણિક ! ગમે ત્યારે દગો દેનારું ! રોગાદિથી પરેશાન કરનારું !

મનુષ્યભવ પણ આપણો બધાનો નાનો ! અત્યારે તો વધુમાં વધુ ૭૦-૮૦-૧૦૦ વર્ષ જીવવાનું થાય. હજી તો કંઈક સમજણ આવે, ૩૦-૩૫-૪૦ વર્ષની ઉંમરે પરિપક્વ બનીએ, શાસ્ત્રો ભણીને ગીતાર્થ બનીએ, ત્યાં તો મોતના ભણકારા વાગવા માંડે. કેમકે પચાસ ટકા જીંદગી તો પૂરી થઈ ચૂકી હોય. એમાં વળી નાના-મોટા રોગો જો ઘર કરી ગયા હોય, તો તો વાત જ જવા દો.

આમાં શું કરવું ? શું યોગ્ય ગણાય ?

નાસ્તિકો તો કહેશે કે 'જીંદગીને માણી લેવાની...' પણ આ તો લાંબુ ન વિચારનારાઓની બૌદ્ધિક જડતાનું પરિણામ છે. તેઓ પરલોક નથી માનતા, એટલે આવું એલફેલ બોલે. પણ એમના ન માનવા માત્રથી તો પરલોક રદ નથી થઈ જતો ને ? આપણે તો પાછા પરલોક માનીએ જ છીએ, અને હવે તો ઢગલાબંધ અનુભવોથી, પ્રમાણોથી પરલોકસિદ્ધિ પણ થઈ ચૂકી છે.

તો હવે જુઓ.

'ઘડપણ છે' એમ બધા જ જાણે છે, માટે યુવાનીમાં પણ ડાહ્યા માણસો ઘડપણની ચિંતા કરીને એ માટે સંપત્તિ એકઠી કરતા હોય છે. સરકાર પણ પોતાના માણસોને ઘડપણમાં તકલીફ ન પડે, એ માટે પેન્શન વગેરેની બધી વ્યવસ્થા ગોઠવે છે.

તો 'પરલોક છે' એ પણ જો હવે આપણે ખરેખર જાણતા-માનતા હોઈએ, તો માત્ર ઘડપણનો જ નહિ, પરલોકનો પણ વિચાર કરવો જ જોઈએ ને ?

એના માટે શું કરવું યોગ્ય છે ? ધર્મ !

ધર્મ પણ જેવો તેવો નહિ, પણ સુંદર ધર્મ !

અવિધિવાળો ધર્મ વિશિષ્ટફળ ન આપે. અવિધિ મોટી હોય તો ઉંધુ ફળ આપી દે... એટલે સદ્ગુરુ પાસે સદ્ધર્મને બરાબર જાણીને આપણી તમામ શક્તિ કામે લગાડી દઈએ. ધર્મની આરાધના કરવી એ જ ખરેખર સૌથી યોગ્ય કાર્ય કહેવાશે.

***जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।***
***अहो ! दुक्खो हु संसारो, जत्थ कीसंति पाणिणो ॥३३॥***

**ભાવાર્થ :** મનુષ્યજન્મમાં પાંચ દુઃખો સ્પષ્ટભાષામાં કહી શકાય.

(૧) ગર્ભાવાસ (૨) જન્મ (૩) ઘડપણ (૪) રોગ (૫) મરણ.

આનું શાસ્ત્રના આધારે જો વર્ણન કરીએ તો

**(૧) ગર્ભાવાસ :** એક માણસને આખા શરીર ઉપર લેશ પણ જગ્યા બાકી રાખ્યા વિના તપાવેલી સોંય એકસાથે ઘોંચવામાં આવે, એમાં જેટલી વેદના થાય, એના કરતા આઠગણી વેદના ગર્ભમાં રહેલા જીવને થાય.

**(૨) જન્મ :** જ્યારે જન્મ લે, ત્યારે માતાની યોનિમાંથી માંડ માંડ બહાર નીકળે, એ વખતે આ મોટા શરીરે નાના સ્થાનમાંથી બહાર નીકળવાની વિષમ પરિસ્થિતિના કારણે બાળક પોતે પણ તીવ્ર વેદના અનુભવે અને માતાને પણ તીવ્ર વેદના થાય... પ્રાયઃ દરેક માતાને સંતાનને જન્મ આપતી વખતે એવું તો એકવાર મનમાં થઈ જ જાય કે 'હવે બીજીવાર આ પ્રસૂતિની વેદના ભોગવવી નથી...'

બાળક પણ રડે અને માતા બહારથી ભલે ન રડે, પણ કદાચ ચીસો પાડી બેસે. મક્કમતાથી ચીસો ન પાડે, પણ માતાના મુખ પરથી જ ખ્યાલ આવી જાય કે જાણે કે એ મોત સાથે બાથ ભીડી રહી છે.

આજે કેટલાક સાધ્વીજીઓ એવા પણ છે કે જેમણે ગૃહસ્થપણામાં પોતાના મોટા બહેન વગેરેની આ કાતિલ વેદનાઓ જોઈને જ નિર્ણય કરી નાંખેલો કે 'દીક્ષા જ લેવી છે, આ દુઃખદાયક દુનિયામાં મારે જવું નથી.'

શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે કે 'આપણને જો ગઈકાલનું, દસ વર્ષ પહેલાનું પણ યાદ રહે છે... તો મર્યા પછી બીજા ભવમાં ગયેલાને કેમ આગલા ભવનું યાદ નથી આવતું ? આગલા ભવના છેલ્લા દિવસો તો એ તાજા જન્મેલા બાળકને યાદ આવવા જ જોઈએ ને ?'

ત્યારે ઉત્તર આપવામાં આવ્યો કે 'પૂર્વભવમાં મરતી વખતે ભયંકર વેદના ! અને આ ભવમાં જન્મ લેતી વખતે ભયંકર વેદના ! એ બેનો આઘાત જ એટલો જોરદાર હોય છે કે જીવ પૂર્વભવનું બધું જ ભૂલી જાય છે. જેમ અકસ્માતાદિમાં માણસ યાદશક્તિ ગુમાવી બેસે છે... એવું જ અહીં થાય છે.'

**(૩) ઘડપણ :** વૃત્તિમાં ઘડપણનું ખૂબ જ માર્મિક વર્ણન કરેલું છે.

ઘડપણમાં જંઘાબલ ક્ષીણ થાય, ચાલી ન શકે, પણ ધ્રુજે.

આંખે દેખાય ઓછું ! કદાચ આંખો કાયમ માટે જતી રહે.

કશું યાદ ન આવે, સવારની વાત સાંજે ભૂલી જવાય...

આખું શરીર વાયુરોગના કારણે દુઃખે, જડ બને, આખા શરીરમાં વાયુરોગ ફેલાઈ જાય.

કોઈ ઘરડા માણસની વાત માને નહિ, એની યુવાનીમાં એનાથી ગભરાનારા લોકો એના ઘડપણમાં એની બાજુમાં જ ઉભા રહીને એની મશ્કરી કરે, ઠેકડી ઉડાડે.

કેટલાકો વળી 'બિચારો ! શું હાલત થઈ ગઈ આની ! હાય ! ભગવાન કોઈને પણ ઘડપણ ન આપે' વગેરે વગેરે બોલીને એને માટે શોક વ્યક્ત કરે.

ઘરના/ઉપાશ્રયના એક ખૂણામાં પડ્યા રહેવું પડે.

દિવસ-રાત ખાંસી ખાઈ ખાઈને પોતે પણ હેરાન થાય, અને બીજાઓ પણ ઉંઘ બગડવાથી હેરાન થાય. કદાચ કોઈ ન બોલે, તો ય મનમાં તો બધાને ઘરડા માણસ માટે અરુચિ પ્રગટી જ જાય. 'આ હવે યમરાજના ઘરે જાય, તો એને પણ શાંતિ ! અને અમારે પણ શાંતિ !' આવા વિચારો પણ કરી બેસે.

પત્ની, પુત્ર, પુત્રવધુઓ, સ્વજનો બધા જ ઘરડાનું અપમાન, તિરસ્કાર, ઉપેક્ષા... એવા કરે કે એ બિચારાને આ બધું સહન કરવું ભારે પડી જાય. બિચારાને એમ જ થાય કે 'મારું મોત આવે તો સારું.'

ઘરડાને પોતાને જ પોતાના ખખડી ગયેલા શરીર ઉપર તિરસ્કાર છુટે, વૈરાગ્ય થઈ જાય, તો પછી બીજાઓને એના શરીર પર અરુચિ-અણગમો થાય... એમાં વળી શું આશ્ચર્ય !

**જિનદાસશ્રાવકે** તમામ કારભાર દીકરાઓને સોંપીને નિવૃત્તિ લીધી. પુત્રો અને પુત્રવધુઓ... બધાને એમના પ્રત્યે પૂરો અહોભાવ ! 'આ અમારા ઉપકારી છે, અમને અહીં સુધી પહોંચાડનાર આ પિતાજી જ છે.' એ વિચારને આધારે બધા ખૂબ જ સારી રીતે એમની કાળજી કરતા. દીકરાઓ ધંધાદિમાં ઓતપ્રોત હોવાથી એમણે બધી જ જવાબદારી પોતાની પત્નીઓના માથે નાંખી. એમણે પણ શરુઆતના વર્ષોમાં તો સસરાને સારામાં સારી રીતે સાચવ્યા. પણ છેવટે એ ઘરડા થયા, હવે તો સંડાસ-બાથરૂમ વગેરે બધા જ પ્રશ્નો ઉભા થયા,... થાકેલી પુત્રવધુઓ સેવા-ચાકરી કરવામાં ઢીલી પડી ગઈ, અને આ ઉપેક્ષા વૃદ્ધ શ્રાવકથી સહન ન થઈ.

એક દિવસ પિતાએ દીકરાઓ આગળ પુત્રવધુઓની ફરિયાદ કરી નાંખી, 'આ તમારી બૈરીઓ મને સાચવતી નથી.'

પિતૃવત્સલ દીકરાઓએ પત્નીઓને ખખડાવી નાંખી. એટલે આ તો બળતામાં ઘી હોમાયું... પત્નીઓએ કહી દીધું કે 'અમે પૂરી કાળજી કરીએ જ છીએ, પણ પિતાજી ઘરડા થઈ ગયા હોવાથી એમનો સ્વભાવ જ બગડી ગયો છે. તમને વિશ્વાસ ન હોય, તો તટસ્થ માણસને ઘરે રાખીને પરીક્ષા કરી લો.'

દીકરાઓએ પરીક્ષકને ઘરે રાખ્યો, હોંશિયાર પત્નીઓએ એ દિવસોમાં સારામાં સારી કાળજી કરી, પણ વૃદ્ધના મનમાં પેલો ભાવ ઘૂંટાઈ ગયેલો, એટલે જ્યારે દીકરાઓએ પિતાને પૃચ્છા કરી ત્યારે પાછી ફરિયાદ કરી કે 'મારી ઘોર ઉપેક્ષા કરે છે.'

તટસ્થમાણસે કહી દીધું કે 'સારામાં સારી કાળજી થાય છે.'

બિચારા વૃદ્ધ ! દીકરાઓને પણ એમના માટે અસદ્ભાવ થઈ ગયો. પછી તો દીકરાઓએ જ પિતાને કજીયાખોર - ઝઘડાખોર જાહેર કરી દીધા...

હવે ન કોઈ એની સાથે વાત કરે, ન કોઈ એની કાળજી કરે. વાતવાતમાં બિચારાને ઉતારી પાડે... 'તમે નવરા છો, અમે નવરા નથી. અમને પરેશાન ન કરો.' આવા આવા શબ્દો સાંભળીને ઘરડાની છાતીના પાટીયા બેસી ગયા.

આ છે ઘડપણની દુનિયા !

**(૪) રોગ :** આજે તો આનું વર્ણન કરવાની વિશેષ જરૂર જ નથી, એટલો બધો રાફડો ફાટ્યો છે રોગોનો ! ભલભલાને અસમાધિ કરાવી દે એવી આ રોગિષ્ઠદશાથી બચવાનો ઉપાય એક માત્ર ધર્મ દ્વારા મોક્ષપ્રાપ્તિ !

**(૫) મરણ :** મરણની વેદના તો ભયંકર છે જ, પણ એ વખતે ભવિષ્યનો વિચાર પણ એ જીવને વધુ પીડા ઉત્પન્ન કરે છે. પાપિષ્ઠ જીવોને જો કંઈપણ પરલોકાદિનું ભાન હોય, તો મરણ વખતે વિચારે 'આખી જીંદગી મેં પાપો જ કર્યા છે. સમ ખાવા પુરતું ય પુણ્ય ક્યાં કર્યું છે મેં ? હવે જ્યારે મરણ નજીક આવી ગયું છે, તો પરલોકમાં દુર્ગતિમાં જતા મને કોણ અટકાવશે ?'

એ પાપીજીવો રાત્રે શાંતિથી ઉંઘી જ ન શકે. એમને તો મરણ પછી આવનારી નરકની વેદનાઓનું સ્મરણ પણ થર-થર ધ્રુજાવી નાંખે.

ઘડિયાળમાં સેકંડ કાંટો સતત ફર્યા જ કરે, એમ પ્રત્યેક જીવને વારાફરતી આ પાંચ વસ્તુઓ સતત ફર્યા જ કરતી હોય

છે. એક જાય અને બીજું આવે... એટલે બિચારા જીવો દુઃખી દુઃખી દુઃખી જ રહે.

***जाव न इंदियहाणी, जाव न जरारक्खसी परिप्फुरइ ।***

***जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लियइ ॥३४॥***

**ભાવાર્થ :** ધર્મ કરવા માટે આમ તો માત્ર આત્માની જ જરૂર છે. પણ સહકારિકારણો વિના આત્મા બિચારો ધર્મ કરી શકતો નથી.

એ સહકારિકારણો આ છે. (૧) સારી ઈન્દ્રિયો. (૨) યૌવન (૩) નિરોગિતા (૪) જીવન...

આંખો સારી હશે, તો ગ્રન્થો વાંચીને ભાવોલ્લાસ પ્રગટશે. પ્રભુદર્શન કરીને સમ્યક્ત્વને નિર્મળ કરશે. ગુરુદર્શન કરીને સંયમની શુદ્ધિને પામશે. પણ આંખો કામ કરતી બંધ થશે તો ?

કાન સારા હશે, તો સદ્‌ગુરુના મુખે જિનવચનો સાંભળી, માણી શકાશે. અરે, છેલ્લી પળોમાં ય જો કાન બહેરા થઈ ગયા હશે, તો નવકારાદિનું શ્રવણ શી રીતે કરશે ? ક્ષમાપનાદિના શબ્દો શી રીતે આત્મસાત કરશે ?

એમ યૌવન હોય, તો મજબૂત હાથો વડે પુસ્તકલેખન, ગ્રન્થરચનાદિ અનેક કાર્યો થઈ શકે. પણ ઘરડા થઈ ગયા પછી તો નાનકડો પત્ર લખવો પણ ભારે પડી જશે.

તો રોગગ્રસ્ત દશામાં વળી કોણ મસ્તીથી ધર્મ કરી શક્યું છે ? કોઈ જ નહિ ને ?

મૃત્યુ પામ્યા બાદ તો ધર્મ કરવાનો પ્રશ્ન જ નથી રહેતો.

માટે ગ્રન્થકાર કહે છે કે આ ચારમાંથી એકેય જ્યાં સુધી ચડી ન બેસે, ત્યાં સુધી ધર્મારાધના કરી લેવી સારી.

***जह गेहंमि पलिते कूवं खणिउं न सक्कए कोइ ।***

***तह संपत्ते मरणे धम्मो कह कीरए ? जीव ॥३५॥***

**ભાવાર્થ :** આગ લાગે, ત્યારે કૂવો ખોદવા ક્યાં જવું ?' એ કહેવત પ્રસ્તુત ગાથામાં દર્શાવી છે. 'આગ લાગવાની જ છે', એવો કંઈ નિર્ણય નથી. છતાં 'આગ લાગી શકે એમ છે. અને લાગે તો જો એનો પ્રતિકાર કરવામાં ન આવે, તો મોટું નુકસાન થઈ શકે એમ છે.' આવો ખ્યાલ હોવાથી ડાહ્યા માણસો પહેલેથી કૂવો ખોદી રાખે.

અત્યારના જમાનામાં મોટા બિલ્ડીંગો બને, એમાં દરેકે દરેક માળ ઉપર અગ્નિશામક યંત્રો મૂકવામાં આવે છે. એમના પ્લાનમાં આ બધું પહેલેથી પાકું જ હોય છે.

હવે જો ધાર્મિકદૃષ્ટિએ વિચારીએ, તો આગ જેવું મોત અને પછી પરલોકમાં જવાનું જ છે, એ પાકું છે. તેમ છતાં એના માટે કોઈ જ પ્રયત્ન ન કરવો. 'મોત આવે, ત્યારે વાત ! ઘડપણમાં ધર્મ કરશું...' વગેરે વિચારવું એ કેટલું બેહુદું લાગે ?

ખરેખર તો એ રીતે ધર્મકરણી શક્ય જ નથી.

**પૂ.આ.જયઘોષસૂરિજી મ.**એ ૮૪ વર્ષના અન્ય સ્વસ્થ આચાર્ય ભ.ને જણાવેલું કે "તમારું આરોગ્ય અત્યારે સારું છે. છતાં હવે ઉંમર પાકી ગયેલી ગણાય. હવે તમારે અધ્યાપનાદિ કાર્યોમાંથી પણ નિવૃત્તિ લઈ લેવી. વધુ ને વધુ અંતર્મુખ બનીને જીવવું."

હવે જો પ્રશસ્ત કાર્યોમાંથી પણ નિવૃત્તિ લેવાનું એ મહાપુરુષ જણાવતા હોય, તો પછી અપ્રશસ્ત કાર્યોની તો વાત જ ક્યાં રહી ? છેલ્લી ઘડી સુધી જેઓ શુભ કે અશુભ પ્રવૃત્તિમાં જોડાયેલા જ રહે છે, તેઓને મોટી મુશ્કેલી એ જ પડે છે કે છેલ્લે શરીરની પ્રતિકૂળતાઓના કારણે એ પ્રવૃત્તિઓ તો છુટી જ જાય છે. પણ એ પ્રવૃત્તિઓ આચરવાનો તીવ્ર ભાવ છુટતો નથી, આ પરિસ્થિતિમાં સમાધિ વધવાને બદલે ઘટે છે.

માટે વહેલામાં વહેલી તકે સૌપ્રથમ તો અશુભપ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લઈ જ લેવી. એ પછી જો મૃત્યુ નજીક આવતું દેખાય, તો શુભપ્રવૃત્તિઓમાંથી પણ નિવૃત્તિ લઈ લેવી.

***रूवमसासयमेयं विज्जुलयाचंचलं जए जीयं ।***

***संझाणुरागसरिसं खणरमणीयं च तारुण्णं ॥३६॥***

**ભાવાર્થ :** આ દેખાતું મનોહર રૂપ અશાશ્વત છે.

જીવન વિજળીના જેવું એકદમ ચંચળ છે.

યૌવન થોડાક સમય પુરતું સારું... પછી નહિ. સાંજના સમયે આકાશમાં સારા રંગ દેખાય. પણ એ કેટલો સમય ? થોડીક જ વારમાં ઘોર અંધારુ છવાઈ જાય.

જેને પોતાના રૂપનો અહંકાર હતો, તેનું મોઢું આગમાં લપેટાઈને એટલું બધું બિભત્સ બની ગયું કે પત્ની-સંતાનો વગેરે બધા જ એમને જોવા માટે પણ તૈયાર ન થયા. જાણે કે રાક્ષસ, જાણે કે ભૂતડું જોતા હોય, એમ એ બળેલા મોઢાવાળા માણસને જોઈને ભડકે.

ક્યાંક વળી એવું જોવા મળે કે ઘડપણના કારણે રૂપ બિભત્સ બને, મોટા નંબરવાળા ચશ્મા-કરચલીઓવાળું મોઢું... વગેરે કોને ગમવાનું ?

**બાલાસિનોર**માં પૂ.ગુરુદેવશ્રીના પ્રવચનમાં પચાસેક વર્ષની આસપાસના ભાઈ આવેલા, એકદમ તંદુરસ્ત ! પણ હજી તો વ્યાખ્યાન પૂરું થયું અને સેંકડો લોકો ઉપાશ્રયમાં ઉભા ઉભા વાતો કરે છે. એ જ વખતે આ ભાઈ ત્યાં પટકાયા. On the Spot મૃત્યુ પામ્યા.

યૌવન આમ જોવા જઈએ તો સોળેક વર્ષથી શરુ થયેલું ગણાય, અને ૪૫ સુધી માણસ યુવાન છે... એમ સામાન્યથી વ્યવહાર થાય છે. એટલે આખી જીંદગીના ત્રીસેક વર્ષ તો યૌવનના ગણાય, પણ એ કુલ જીંદગીની અપેક્ષાએ તો ૪૦% જેટલું જ ગણી શકાય ને ? વળી યૌવનકાળમાં જીવ એટલો બધો મદમસ્ત હોય છે કે એ બધો સમય પસાર કરવામાં એને ખબર જ નથી પડતી. જાણે કે 'પળવારમાં જ યૌવન પસાર થઈ ગયું' એમ લાગે.

ઘડપણની પળ-પળ કલાકો, દિવસો જેટલી મોટી લાગે.

યૌવનનો વિરાટકાળ પણ પળ-પળ જેટલો નાનો લાગે.

આ જ કારણસર આ ત્રણના ઉપર ભરોસો રાખવો નહિ.

સિદ્ધ ભગવંતોનું આત્મિકરૂપ શાશ્વત !

સિદ્ધ ભગવંતોનું જીવન શાશ્વત !

સિદ્ધ ભગવંતોને ઘડપણ-બાળપણ જેવી કોઈ વસ્તુ જ નથી.

***गयकण्णचंचलाओ लच्छीओ तियसचावसारिच्छं ।***

***विसयसुहं जीवाणं बुज्झसु रे जीव ! मा मुज्झ ! ॥३७॥***

**ભાવાર્થ :** હાથીના મોટા મોટા કાન તો જોયા છે ને ? સતત હલ્યા જ કરે. આપણને મળેલી તમામ સંપત્તિઓ-સમૃદ્ધિઓ-સિદ્ધિઓ આવી ચંચળ છે. ક્યારે હાથતાળી દઈને આપણને રોતા મૂકીને ચાલી જાય એની ખબર નહિ પડે.

ચોમાસામાં આકાશમાં જોવા મળતું સપ્તરંગી ઈન્દ્રધનુષ્ય ! લાગે ઘણું જ સરસ, જાણે કે જોતા જ રહીએ. પણ એ જોતા રહેવાનું લાંબુ ન ચાલે, આપણી આંખો કરતા એની ચંચળતા આગળ ધપી જાય અને પળવારમાં તો ખતમ થાય. સંસારમાં મળેલા પાંચેય ઈન્દ્રિયોના વિષયસુખો આવા જ છે, એ લાગશે ઘણા સારા, પણ બહુ જ ઝડપથી વિધ્વંસ પામશે.

ઓ જીવ ! માટે જ આ તુચ્છ વસ્તુઓમાં મોહ ન પામ, અટવાઈ ન જા. ઉઠ, ઉભો થા, દોડતો થા. આ ભવમાં ધર્મ કરવા માટેની જે અદ્‌ભુત સામગ્રી તને પ્રાપ્ત થઈ છે, એ ફરીથી મળશે કે કેમ ? એ મોટો પ્રશ્ન છે. જે મળ્યું છે, એને બરાબર આત્મસાત કરી લે.

***जह संझाए सउणाण संगमो जह पहे अ पहिआणं ।***

***सयणाणं संजोगो तहेव खणभंगुरो जीव ! ॥३८॥***

**ભાવાર્થ :** આખો દિવસ આમથી તેમ ઉડતા રહેતા પક્ષીઓ સાંજના સમયે કોઈપણ ઝાડ ઉપર વિશ્રામ કરી લે, પોતાનો મુખ્ય માળો તો દૂર પણ હોઈ શકે,... એ ઝાડ પર સાંજે ઘણા પક્ષીઓ ભેગા થાય, સવાર પડે... એટલે બધા પોતપોતાના રસ્તે પડી જાય.

એક કવિએ સુંદર ગીત બનાવ્યું છે.

*"એક પંખી આવીને ઉડી ગયું, એક વાત સરસ સમજાવી ગયું....*

*આ દુનિયા એક પંખીનો મેળો, કાયમ ક્યાં રહેવાનો છે..."*

એમ ધર્મશાળામાં મુસાફરો ભેગા થાય, એક-બે દિવસ માટે પરસ્પરનો પરિચય થાય, પણ એની મર્યાદા એટલી જ ! છુટા પડ્યા પછી શું ?

અમે હમણાં ઘણા બધા તીર્થસ્થાનોમાં ફર્યા. **ભોંયણી, પાટણ...** વગેરે. ત્યાં અચાનક આખી ધર્મશાળા ભરાઈ જાય, બે-પાંચ-દસ બસો, પાંચ-પચીસ ગાડીઓ આવી જાય... આખું વાતાવરણ ભરચક બની જાય, દેરાસરમાં કીડીયારું ઉભરાય... પણ બે-પાંચ કલાક થાય અને બધું ખાલીખમ ! શૂન્યાવકાશ ! થોડાક સમય પહેલાનો રાજમહેલ જાણે હવે

ભૂતિયો બંગલો, ખંડિયેર જ બની જાય.

આપણા પ્યારા, મનગમતા, વહાલા, લાડીલા સ્વજનો-મિત્રોનો સંબંધ પણ આવા જ પ્રકારનો છે હોં ! થોડાક વર્ષો આખું વાતાવરણ ભર્યું ભર્યું રહે, એ પછી સ્વજનો ઘટતા જાય... દીકરીઓ લગ્ન કરીને સાસરે જાય, મા-બાપ પરલોકમાં જાય, દીકરો-પુત્રવધુ-પૌત્રો-પૌત્રીઓ પત્ની સાથે (સાસુ સાથે) અણબનાવ બનવાથી નવો બંગલો લઈને છુટા રહેવા જાય... બિચારા પિતાએ ૧૫-૨૦ જણના મોટા પરિવાર માટે જે વિશાળ બંગલો સજાવ્યો હોય, એમાં હવે માત્ર બે જ જણ બાકી રહી જાય 'પોતે અને પત્ની !' હવે આખા બંગલામાં ભય લાગે, નોકરો રાખે તો તેઓ ખૂન કરીને સંપત્તિ ચોરીને ભાગી જવાનો પણ ભય ઓછો નહિ. ચોવીસ કલાક કેવી રીતે પસાર કરવા ? એ પ્રશ્ન ! છેવટે આપઘાત કરવાનો વિચાર પણ આવી જાય અને ઘણા લોકો આજે આ રીતે માત્ર એકલવાયાપણાથી કંટાળી જઈને આપઘાત કરનારા ય નીકળે છે.

આ બધું કેમ બન્યું ? સ્વજનો પ્રત્યેનો કેળવેલો મમત્વભાવ મારક બની ગયો. સ્વજનો સાથે જ રહેવા કેળવાયેલો જીવ પછી એકલવાયાપણામાં રઘવાયો બની જાય.

બધાની વચ્ચે રહેવા છતાં પણ બધાથી અલગ રીતે જીવન જીવતા આવડવું જ જોઈએ. બહારથી બધાની સાથે ! અંદરથી સાવ એકલા ! સાવ સાવ એકલા !

કોઈનો પણ વિયોગ આપણને વેદના જન્માવી જ ન શકે, એવી માનસિક સિદ્ધિ આપણે મેળવવી જ જોઈએ.

જીવ ! 'સ્વજનસંયોગ ક્ષણિક છે' આ ભાવનાને ઘૂંટી ઘૂંટીને આત્મસાત કરજે.

***निसाविरामे परिभावयामि, गेहे पलित्ते किमहं सुयामि ।***

***डज्झंतमप्पाणमुविक्खयामि, जं धम्मरहिओ दिअहा गमामि ॥३१॥***

**ભાવાર્થ : વૈરાગ્યશતક**ની મને સૌથી મનગમતી પ્રસ્તુત ગાથા ! આત્માને ખૂબ જ શાંતિ આપતી, તમામ પાપવૃત્તિઓ - પ્રવૃત્તિઓ તરફ ઉપેક્ષા ઉત્પન્ન કરાવતી આ ગાથા ! ભલે જીવનમાં એનો અમલ જલ્દી ન પણ થાય, પણ એકવાર તો એમ થઈ જાય કે 'આ બધું જ છોડી દઈએ...' અરે, ધાર્મિક પ્રવૃત્તિઓ, શાસનલક્ષી પ્રવૃત્તિઓથી પણ નિવૃત્તિ લેવાનું મન થઈ જાય.' આ બધી પ્રવૃત્તિઓમાં પણ રાગ-દ્વેષ તો નાના-નાના અંશમાં થયા જ કરે છે ને ? તો એ બધું જ છોડી દઈને શા માટે નિવૃત્તિમય જીવન ન જીવવું ?

જો કે એવી નિવૃત્તિની પાત્રતા કેટલી ? એ પ્રશ્ન ! ખરેખર અત્યારે નિવૃત્તિ લેવી એ યોગ્ય કે અયોગ્ય ? એ પણ એક પ્રશ્ન ! પણ નિવૃત્તિ ગમવી, નિવૃત્તિ તરફ મન ખેંચાવું એ તો ખરેખર ખૂબ-ખૂબ સરસ !

રાત્રે આરામ કરી લીધા બાદ વહેલી સવારે ચાર-પાંચ વાગે હું ઉઠું છું, અને વિચારું છું. 'આ ઘર બળે છે, છતાં હું શા માટે ઉંઘ્યો છું. મારે તો ઉભા થઈને ભાગી જવાનું છે. હા ! આ કંઈ મારા ઈંટ-સીમેન્ટના ઘરની વાત નથી. આગ એને નથી લાગી, આગ લાગી છે મારા આત્મારૂપી ઘરને !

વિષયોની આસક્તિ-ઈર્ષ્યાની આગ-ક્રોધનાં બળતરા... આ બધામાં બળી રહ્યો છે આ આતમ ! છતાં હું મૂઢ બનીને એની ઉપેક્ષા કરું છું. 'ભલે બળતો મારો આતમ !' એવું જ જાણે મારા મનમાં સ્થિર બની ગયું છે.

હા ! હું ધર્મ કરતો હોત, તો તો આવું ન માનત. ધર્મ જ તો પાણી છે પેલી આગ ઠારવા માટેનું ! તો તો હું આનંદમાં જ હોત. 'આગ લાગી છે અને બંબાવાળો બનીને પાણી છાંટું છું.' એવો ઉલ્લાસ હોત... પણ એવું નથી. દિવસો, મહિનાઓ, વર્ષો વીતતા જાય છે, નજીક ને નજીક જ મૃત્યુ આવી જાય છે... છતાં ધર્મની લાગણી, પ્રમાદ-સુખશીલતા છોડવાની તૈયારી જલ્દી થતી નથી.

પ્રભો ! મારું આ ચિંતન માત્ર ડોશીમાના ખાલી રૂદન જેવું ન બની રહો, પણ નક્કર સફળતાને આપનારું બનો, તારી કૃપાથી જ એમાં મને સફળતા મળશે.

***जा जा वच्चइ रयणी, न य सा पडिनियत्तइ ।***

***अहम्मं कुणमाणस्स अहला जंति राइओ ॥***

**ભાવાર્થ :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ! આ ચારમાં વિશ્વનો સમાવેશ થઈ જાય છે. એમાં દ્રવ્ય ચોરાઈ જાય, ખોવાઈ જાય, જતું રહે તો ય એ પાછું મળી શકે છે. વીંટી ગુમ થઈ, પાછી મળી શકે. દીકરો ખોવાયો, પાછો મળી શકે. એમ ક્ષેત્ર અને ભાવ પણ ખોવાય અને પાછા મળે... એ બંને શક્ય છે. યુદ્ધમાં ગુમાવેલું સામ્રાજ્ય વર્ષો બાદ પાછું મળી શકે છે, સમ્યક્ત્વથી પતિત થયા બાદ એ જ સમ્યક્ત્વ રૂપ ભાવ ફરી પાછો પ્રાપ્ત કરી શકાય છે.

પણ કાળ એક એવું તત્ત્વ છે કે જે સતત આપણે ગુમાવીએ જ છીએ. અને જે પળ ગઈ, એ કદી પાછી આવી શકતી

જ નથી.

જે વર્તમાન કે ભવિષ્યકાળ એકવાર ભૂતકાળ બની ગયો, એ કાયમ માટે ભૂતકાળ જ રહે છે. એ પુનઃ વર્તમાન કે ભવિષ્ય કદી પણ બની શકતો નથી જ. એટલે અપેક્ષાએ કાળની કિંમત ઘણી વધી જાય છે.

એમાં પણ દેવાદિ બાકીની ત્રણ ગતિનો કાળ ઝાઝી કિંમત ધરાવતો નથી, કેમકે ત્યાં મોક્ષની એવી કોઈ વિશિષ્ટ સાધના જ નથી. જ્યારે માનવભવમાં તો પ્રત્યેક સમયે વિરતિ વગેરેની મજબુત આરાધના દ્વારા અનંત અનંત પાપકર્મોની નિર્જરા કરી શકાય છે, એટલે માનવભવનો પ્રત્યેક સમય, કલાક, દિવસ અત્યંત અત્યંત કિંમતી છે.

પ્રસ્તુત ગાથામાં 'આ સમય વેડફી ન નાંખો' એ ઉપદેશ આપવા માટે કહે છે કે જે જે રાત્રિ પસાર થઈ ગઈ, તે તે પાછી ફરતી નથી. જે જીવ અધર્મ કરશે, એની તે તે રાત્રિ નિષ્ફળ જશે.

**પ્રશ્ન :** ગાથામાં રાત્રિનો જ ઉલ્લેખ શા માટે કર્યો ? શું સમય, કલાક, દિવસ માટે પણ આવો ઉલ્લેખ ન કરી શકાય ?

**ઉત્તર :** કરી જ શકાય, અને એ પ્રમાણે જ સમજવાનું છે. છતાં રાત્રિનો ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે મોટા ભાગે બધા જ લોકો રાત્રિ તો ઉંઘવામાં જ કાઢતા હોય છે, સંસારીઓ વળી અબ્રહ્મ નામનું મોટું પાપ રાત્રે જ આચરતા હોય છે. દિવસના થાકથી કંટાળેલાઓ રાત્રે આળસ-પ્રમાદને પરવશ બનીને અપ્રમત્તતા ગુમાવીને હસી-મજાક-વાતોચીતોમાં જ રસ લેતા હોય છે. આ બધાના કારણે રાત્રિનો સમય સાવ નકામો જવાની શક્યતા ઘણી ! એટલે જ એનો ઉલ્લેખ કરીને ઉપદેશ આપ્યો છે.

બીજી વાત એ કે રાત્રિના સમયમાં મોટાભાગના સંસારીઓ ઉંઘી ગયા હોય, નીરવ શાંતિ હોય... એટલે એમાં ધ્યાનાદિ કરવાની ખૂબ મજા આવે. એ વખતે ભાવવૃદ્ધિ ખૂબ થાય. યોગી અને ભોગી બંને માટે રાત્રિ પોતપોતાના કામ માટે શ્રેષ્ઠ કાળ છે. હવે સંયમી આત્માઓ આવા શ્રેષ્ઠ કાળને માત્ર સાત કલાકની ઘસઘસાટ ઉંઘમાં બગાડી નાંખે, એ કેમ પોષાય ? જરૂર પડે તો પાંચેક કલાકની ઉંઘ લઈને બાકીનો રાત્રિસમય સ્વાધ્યાય-ધ્યાન વગેરેમાં જ પસાર કરવો જોઈએ. એકાંત સ્થાનમાં બેસીને એ કાળનો સદુપયોગ કરી લેવો જોઈએ.

આપણે રાત્રિના સમયનો શું ઉપયોગ કર્યો છે ? એ કદી વિચાર્યું છે ખરું ? હાલ તો ચોમાસું ચાલે છે ને ? સાડા છ સુધીમાં અંધારુ થઈ જાય છે, સાડા સાત સુધીમાં પ્રતિક્રમણ થઈ જાય. હવે સવારે પ્રકાશ પણ સાડા છ આસપાસ થાય. ધારો કે આપણે પાંચ વાગે સવારે ઉઠીએ, તો પણ પ્રતિક્રમણ + પડિલેહણ બંને માટે પૂરતો સમય મળે. એટલે હવે રાત્રે સાડાસાતથી સવારે પાંચ વાગ્યા સુધીના જે સાડા નવ કલાક છે, એનું ગણિત આપણે માંડવાનું છે. આપણા માટે અત્યારે છ કલાક કે વધુમાં વધુ સાડા છ કલાક એ પૂરતી ઉંઘ ગણાય. તો એ બાદ કરતા ચોક્ખા ત્રણ કલાક આપણી પાસે ખાલી બચે છે.

હવે જાતને પુછીએ, આ ત્રણ કલાક આપણે શું કરીએ છીએ ? ગોખેલી ગાથાઓનો પાઠ, દિવસ દરમ્યાન વાંચેલા ગ્રન્થોના પદાર્થોની ભેગા મળીને પુનઃ વિચારણા - ચિંતન, એકલા બેસીને સ્તવનાદિના માધ્યમે ચિંતન-ધ્યાન... આ બધામાં આપણો સમય પસાર થાય છે ? તો તો ખૂબ સરસ !

પણ

પ્રતિક્રમણ બાદ ગૃહસ્થો સાથે વાતોચીતોમાં, મીટીંગોમાં સમય જાય છે ખરો ?

સંયમીઓ સાથે પણ આત્માને અનુપયોગી વાતોચીતોમાં સમય બગડે છે ખરો ?

સાડા-છને બદલે સાત-આઠ કલાક ઉંઘવામાં સમય બગડે છે ખરો ?

એકલા બેસીને આર્તધ્યાન કરવામાં, ધડ-માથા વિનાના વિચારો કરવામાં સમય જાય છે ખરો ?

તો પછી આપણી રાત્રિ પણ નિષ્ફળ જ ગઈ.

જરાક વિચારો,

બંને પ્રતિક્રમણો જો અનુપયોગદશામાં, અનેક વિચારોમાં જ થતા હોય, સવારનું પડિલેહણ જો ક્રિયા પૂરી કરવા રૂપ જ, અવિધિસભર બની ગયું હોય, બાકીનો સમય ઉપર જણાવ્યા મુજબ નકામો જતો હોય...

તો આપણે રાત્રિમાં કમાયા શું ?

હવે જો આવી જ બધી રાત્રિ જતી હોય, જવાની હોય તો સંયમજીવનનો કુલ ૫૦% સમય નફા વિનાનો + નુકસાનવાળો ગયો, એમ જ માનવું પડે ને ?

***''समयं गोयम ! मा पमायए''*** શબ્દનો વાસ્તવિક અર્થ શાંતિથી વિચારવાની ખાસ જરૂર છે.

**પ્રશ્ન :** તમારી આ વાત સાચી તો લાગે જ છે. પણ અમને ઘણીવાર એવા વિચારો આવે છે કે 'આ કામ આવતીકાલે, સારા દિવસે, ઓળીમાં, પજુસણમાં કરશું...' અને એમ વિચારીને તે તે દિવસ-રાત્રિએ એ ધર્મારાધના કરવાની મોકુફ રાખીએ છીએ.

**ઉત્તર :** તમને શું તમારો આ વિચાર ઉચિત લાગે છે ખરો ?

***जस्स त्थि मच्चुणा सक्खं, जस्स वत्थि पलायणं ।***

***जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥***

**ભાવાર્થ :** એક સદ્‌ગુરુએ મળવા આવેલા ગૃહસ્થને પ્રેરણા કરી કે 'ભાગ્યવંત ! હવે સામાયિક કરવાનું ક્યારે શરુ કરવાના છો...'

પેલા ભાઈ બોલ્યા કે 'બસ, સાહેબ ! હમણા ધંધાનું સેટીંગ કરું છું. એ થઈ જાય, દીકરાના લગ્ન માથે છે એ પતી જાય એટલે પછી રોજ એક-એક સામાયિક શરુ કરી જ દેવી છે.'

સદ્‌ગુરુ હસી પડ્યા, ગૃહસ્થની પીઠ થાબડી... 'શાબાશ ! શાબાશ ! તમે તો બહુ મોટા મહાન પુરુષ બની ગયા. તમે ત્રિકાળજ્ઞાની બની ગયા. વાહ રે વાહ ! ખૂબ ખૂબ ધન્યવાદ !'

ગૃહસ્થ મુંઝાયા, ખ્યાલ તો આવી જ ગયો કે ગુરુ કટાક્ષમાં બોલી રહ્યા છે. એટલે નમ્ર બનીને પુછયું 'કેમ આવું કહો છો ?'

'તને એ ખબર પડી ગઈ લાગે છે કે જ્યાં સુધી ધંધાનું સેટીંગ અને પુત્રના લગ્ન ન થાય, ત્યાં સુધી તારું મોત આવવાનું જ નથી. અને એ પછી પણ અમુક વર્ષો સુધી તું મરવાનો નથી અને માટે એટલો સમય તું ઘણા સામાયિક કરી શકવાનો... માટે જ તું આવું બોલી શકે ને ? એટલે તું તો ભાઈ ! ત્રિકાળજ્ઞાની કહેવાય...'

પેલા ગૃહસ્થ શરમાઈ ગયા.

ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે,

*આત્મન ! શું મોત તારો દોસ્તાર છે ? તું કહે એ પ્રમાણે કરનારો છે ?*

*દોસ્તાર ન હોય, તો પણ જ્યારે મોત આવે, ત્યારે તું એનાથી ભાગી શકવાની તાકાત ધરાવે છે ? પકડાપકડી રમવાનું સામર્થ્ય ધરાવે છે ?*

*તને સ્વયં એવું જ્ઞાન થઈ ગયું છે ? કે 'હું મરવાનો નથી' કે કોઈક સર્વજ્ઞે તને કહી દીધું છે ? કે 'તારું મોત અમુક વર્ષો સુધી નથી' જો એવું હોય, તો ખુશીથી તું એમ બોલે કે 'હું આ ધર્મ ભવિષ્યમાં કરીશ.'*

*પણ જો એમ ન હોય, તો આ વાક્ય બોલવાનો તને અધિકાર જ નથી.*

ખરી હકીકત તો એ છે કે આ પડતા કાળમાં, ભયંકર નિમિત્તોની વચ્ચે જીવતા લોકોને આ બધો ઉપદેશ કેટલો અસર કરશે ? એ યક્ષપ્રશ્ન છે. આ તો માંદાને નહિ, પણ મડદાઓને = મૃતકોને ઈંજેક્શન આપીને બેઠા કરવા જેવું કામ થઈ પડ્યું છે. રાગના નિમિત્તો એટલા બધા ઘેરાયેલા છે, કે જીવોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવો અશક્ય બનવા લાગ્યો છે. પ્રમાદના, અધર્મના અવસરો જીવોને એટલા બધા મળવા લાગ્યા છે, કે એમને હવે ધર્મમાર્ગે વાળવા લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ થઈ પડ્યું છે.

હા ! હજી ક્રિયાત્મક ધર્મ ગમે તે રીતે એમને પમાડી શકાશે, પરંતુ ભાવાત્મક ધર્મ પમાડવો તો... બાપ રે બાપ !

મારા પૂજ્ય ગુરુદેવશ્રીના શબ્દો ! *'સાધુઓ ! મારા કરતા તમારી કામગીરી ઘણી જ કપરી છે. કેમકે મેં જે કાળમાં કામ કર્યું છે, એ કાળ આટલો બધો બગડેલો ન હતો. છેલ્લા પંદરેક વર્ષમાં વિજ્ઞાનની શોધખોળને કારણે ભોગવાદનો જે વ્યાપક ફેલાવો થયો છે, એના કારણે લોકોની રગેરગમાં જે 'ભોગ-ભોગ'ની ધૂન ઉભી થઈ ચૂકી છે, એને નાથવી હવે કપરું કામ છે, અને તમારે એ કામ કરવાનું આવ્યું છે.'*

છતાં આત્માર્થી જીવો, આવું કંઈક વાંચીને પ્રતિબોધ પામે, વૈરાગી-અપ્રમત્ત બને એ માટેનો આ પ્રયત્ન છે. ભલે, એક તો એક ! પણ કોઈક બચ્યો, તો એનો અપાર આનંદ મારા મનને થશે.

***दंडकलियं करिंता, वच्चंति हु राइओ य दिवसा य ।***

***आउसं संविल्लिंता, गया य न पुणो नियट्टंति ॥***

**ભાવાર્થ :** વણકરને ત્યાં કાપડ વણવા માટેનો દંડ સૂતરને ઉખેડતો જાય અને એ રીતે કપડું વણાતું જાય.

દિવસ અને રાત એ પેલા દંડ જેવું કામ કરે છે. આયુષ્ય સુતરના દોરા જેવું છે, દિવસ અને રાત રૂપી દંડ એ આયુષ્ય

રૂપી દોરાને રોજે રોજ ઉખેડતા જાય છે, એટલે કે આયુષ્યનો કુલ જેટલો જથ્થો છે, એમાંથી ધીમે ધીમે ઘટાડવાનું કામ કરે છે.

વળી આ દિવસ અને રાત એક વાર ગયા, પછી ક્યારેય પાછા આવવાના નથી. કોઈપણ વર્તમાનકાળ કે ભવિષ્યકાળ એકવાર ભૂતકાળ બની ગયો, પછી ખલાસ ! પછી એ વર્તમાન બની શકતો જ નથી, માટે જ એની કિંમત સમજવી જોઈએ.

ક્રિકેટ મેચમાં વ્હાઈટ બોલ પડે, તો એ પાછો મળે... એટલે કે ૫૦ ઓવરની મેચમાં એ બોલ ઓછો ન થાય, ફરીથી નાંખવો પડે. એમ નો બોલ... પડે, તો એમાં પણ એ બોલ ફરીથી નાંખવો પડે. એ બોલમાં ચોગ્ગો લગાવ્યો હોય, તો બે ફાયદા ! એક તો ચોગ્ગાના ચાર રન મળે, અને એક બોલ તો એકસ્ટ્રા જ મળે.

પણ જે બોલ વ્હાઈટ કે નો નથી, એ બોલ એકવાર નંખાઈ ગયો, એટલે એ બાદ જ થઈ જાય. એ બોલમાં રન કરો, તો રન મળે. આઉટ થયા, તો આઉટ ! અને શાંતિથી એ બોલને પાસ કરી દો, તો નહિ નફો, નહિ નુકસાન !

એમ આ એકે એક દિવસ સાચા બોલ જેવા છે. એ વ્હાઈટ કે નો બોલની જેમ પાછા મળી શકતા નથી, એ તો ગયા એ ગયા, એમાં જો ધર્મ કરી લીધો, તો નફો ! અધર્મ કરી લીધો તો નુકસાન ! કશું જ ન કર્યું, તો એ દિવસ કે રાત નકામા !

***जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।***
***न तस्स माया व पिया व भाया, कालंमि तंमंसहरा भवंति ॥४३॥***

**ભાવાર્થ :** જંગલમાં તળાવ કાંઠે પાણી પીવા આવી ચડે છે હરણોનું ટોળું ! છે ઓછામાં ઓછી પચાસેકની સંખ્યા ! બધા એક જ પરિવારના ભાઈ-ભાંડુઓ ! મા-બાપ-દીકરો-દીકરી-કાકા-મામા... વગેરે સંબંધે જોડાયેલા ! પરસ્પર લાગણીના તંતુઓથી બંધાયેલા !

મસ્તીથી પી રહ્યા છે પાણી !

ત્યાં એક ત્રાડ સંભળાઈ, બિચારા પચાસે ય હરણિયાઓ ગભરાઈ ગયા. સમજી ગયા કે આપણા સૌનો કાળ આવી પહોંચ્યો છે વનરાજ સિંહ ! અલબત્ત એ કોને ઉપાડી જશે ? એ કોઈને ખબર ન હતી.

પચાસને ખબર છે કે આપણે આટલા બધા છીએ, તો પણ વનરાજને પડકારી શકવાના નથી, જાતને બચાવી શકવાના નથી.

બધાની પહેલી ઈચ્છા એ જ કે ‘મને ન પકડી જાય, તો સારું’

હા ! પોતાનો બચાવ થઈ ગયા પછી બીજી ઈચ્છા એ જ કે ‘મારા સ્વજનોને ન લઈ જાય તો સારું.’

પણ વનરાજને કોણ સમજાવે ?

એણે તો તરાપ મારી, એક હરણને મોઢામાં પકડી લીધો. હરણ બિચારું બચવા માટે તરફડાટ કરવા માંડ્યું, ચીસો પાડવા માંડ્યું, પોતાના સ્વજનો તરફ દયામણી નજરે જોવા માંડ્યું,‘મને કોઈક બચાવો, આ મને મારી નાંખશે, કોઈક તો રક્ષા કરો મારી !’

બિચારા સ્વજનો !

સાચા પ્યારવાળા સ્વજનો ! પણ શું કરે ? એ બધા દુઃખી છે. પણ તદ્દન અસહાય ! તદ્દન Helpless !

હા ! કોઈકને કદાચ એવી ઈચ્છા થાય કે ‘હું બલિદાન આપી દઉં અને આને બચાવી લઉં...’ પણ એવું તો કોઈને ન સુઝ્યું. જીવતર તો બધાને સૌથી વહાલું ! પછી બીજા બધા સ્વજનો !

કદાચ કોઈ બલિનો બકરો બનવા તૈયાર થાય પણ ખરો, પણ વનરાજને કોણ સમજાવે કે, ‘તું આને છોડી દે, અને આ બલિ બનવા તૈયાર છે, એને ખાઈ જા.’

વનરાજની ભાષામાં બોલતા કોને આવડે ? તો હરણાની ભાષા વનરાજ ક્યાંથી સમજવાનો ?

અંતે ઢસડીને લઈ જાય છે વનરાજ પેલા હરણાને !

જોઈ રહ્યું છે ૪૯નું ટોળું એ કરૂણાસભર દૃશ્યને !

પડી રહ્યા છે ટપક ટપક આંસુ એ પ્રત્યેકના નેત્રોમાંથી !

રડે છે એ હરણાના મા-બાપ-પત્ની-દીકરો વગેરે !

છતાં સ્વીકારી લીધું છે એમણે પ્રાણપ્યારા સ્વજનનું મોત !

વિચારી રહ્યા છે અંતરમાં ‘એક દિન આપણો ય આવો જ ઉગવાનો !’

કેવું બિહામણું છતાં ૧૦૦% સાચું સત્ય !

સંસારમાં ય આવું જ બને છે ને ?

આપણા સ્વજનો તો ઘણા છે હોં ભાઈ !

આપણા માટે લાખો રૂપિયા ખર્ચી નાંખવા તૈયાર ભક્તો વગેરે પણ ઘણા છે હોં ભાઈ !

મેડીકલ સાઈન્સ એકેએક રોગોની દવાઓ શોધી શોધીને માણસને અમર બનાવવાના મરણિયા પ્રયત્નો પણ કરી રહ્યું છે હોં ભાઈ !

આપણને ડાયાબિટીસથી, કેન્સરથી, હાર્ટ-એટેકથી, બી.પી.થી... હજારો રોગોથી બચાવી લેવા અતિ-આધુનિક મશીનો, શસ્ત્રક્રિયાઓ શોધાઈ ચૂક્યા છે હોં ભાઈ !

છતાં વિશ્વમાં છે એકે ય બચ્ચો એવો ! જે આપી દે બાંહેધરી આપણને કે બની જાઓ બિન્દાસ્ત ! નહિ મરવા દઉં તમને ! મોતને મારીને જંપીશ હું ! કરો જલસા તમ-તમારે !

નથી ને ? તો એનો મતલબ સમજી લો હવે !

આપણે બધા છીએ હરણાઓનું એક ટોળું !

મોતને સમજી લો સિંહ !

જાત જાતના રોગોને સમજી લો... એ સિંહના દાંત, સિંહના નખ !

એને ભૂખ લાગશે, ત્યારે એ ત્રાડ નાંખીને ત્રાટકશે, ઉપાડશે આપણામાંથી એકને ! રોગોથી ઘેરાઈ જશું આપણે, મરણપથારીએ રીબાતા હશું આપણે, આપણા માનેલાઓ તરફ દયામણી દૃષ્ટિએ જોતા હશું આપણે, એ દૃષ્ટિમાં પડી હશે એક વિનંતિ કે *'મને બચાવી લો'* અને એ વિનંતિ કરી રહ્યા હશું આપણે !

આપણા માનેલા અનેક લોકો પણ ખરેખર આપણને બચાવવા ખૂબ મહેનત કરશે. અરે, આપણી કીડની ફેલ થઈ હશે, તો કોઈક વળી પોતાની એક કીડની આપવા પણ તૈયાર થઈ જશે, આપણને ય રાહત થશે-આશ્વાસન મળશે કે *'હું બચી જઈશ.'*

પણ એ આશ્વાસન ઠગારું નીવડશે.

આપણું સ્વાસ્થ્ય વધુ કથળશે, પછી તો આપણને ય અંદાજ આવી જશે કે *'હવે આપણે બચવાના નથી.'*

બધા સ્વજનો રડશે, બધા આપણા નિમિત્તે કોઈ ને કોઈ ધર્મ કરવાની પ્રતિજ્ઞા લેશે, એ રીતે આપણને શાંતિ-પ્રસન્નતા બક્ષવાનો સારો પુરુષાર્થ આદરશે... પણ અંતે જે થવાનું છે, એ થવાનું જ છે.

લઈ જશે મોતરાજ આપણને !

પડ્યું હશે મૃતક આપણું !

આપણા માટે અતિલાડ ધરાવનારાઓ પોક મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડશે.

આખું વાતાવરણ શોકગ્રસ્ત બની જશે.

હજારો લોકો આપણા અંતિમ પ્રસંગ પર ભેગા થઈ જશે.

આપણા જીવનના બાકીના સારા-નરસા પ્રસંગોમાં ય હાજર નહિ રહેનારાઓ આ પ્રસંગ પર તો હજાર થશે જ.

આપણા સાથે વૈર-વિરોધવાળાઓ ય આ પ્રસંગે બધું ભૂલી જઈને આપણને શ્રદ્ધાંજલિ આપવા માટે પધારશે.

પણ એ બધાનો આપણને શું લાભ !

શું એક સેકન્ડની પણ જીંદગી વધારી શક્યા આપણા એ સ્વજનો !

તો પછી શેનો આ સંસારમોહ ?

શેની આ સંસાર માટે ખોટે ખોટી દોડધામ ?

શા માટે ધર્મનિરપેક્ષતા ?

શા માટે પાપ-ચકચૂરતા ?

ચાલો, ફેર વિચાર કરીએ.

**ષોડશક**માં ***''मृत्युपरिभावनं चैव''*** એ શબ્દ દ્વારા *સતત મૃત્યુનો વિચાર કરવાનું જે જણાવેલું છે, એ આજ્ઞાને, એ સૂચનાને અમલમાં ઉતારીએ.*

*આવશ્યક ક્રિયાઓની માફક મૃત્યુના ચિંતનને પણ આવશ્યક બનાવી દઈએ, તો જ આપણો વૈરાગ્ય ટકશે, વધશે,*

*ગગનચૂંબી બનશે.*

***जीअं जलबिन्दुसमं, संपत्तीओ तरंगलोलाओ ।***

***सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करेज्जासु ॥४४॥***

**ભાવાર્થ :** ઘાસના અગ્રભાગ ઉપર વહેલી સવારે પાણીનું ટીપું બાઝેલું દેખાય, મંદમંદ પવનના કારણે સહેજ હલનચલન કરતું દેખાય, અને જરાક પવન વેગ પકડે એટલે ટીપું પોતાનું અસ્તિત્ત્વ ગુમાવે.

આવું જ છે આપણું આ જીવન ! નાના મોટા રોગો રૂપી પવનથી હાલમડોલમ થતું જીવન ! અકસ્માતો અને ચિંતાઓથી અંદરથી ચિરાઈ જતું જીવન ! જ્યારે એક જોરદાર ફટકો આવે, ત્યારે આપણે હતા ન હતા થઈ જઈએ. હજી સવારે તો તૈયાર થઈને બહાર નીકળેલો યુવાન રાત સુધીમાં રાખ બની ચૂક્યો હોય.. એવું આજે તો અનેક પ્રસંગોમાં જોવા મળે છે ને ?

નદીમાં ઉત્પન્ન થતા પાણીના તરંગો જોયા છે ? કેટલો સમય ટકે ? અરે, પોતાના સ્થાને એ તરંગ ટકે જ નહિ, એ તો આગળ ને આગળ વધતા જાય.

એમ સંપત્તિઓ પણ જ્યાં ઉત્પન્ન થઈ, ત્યાં ટકે નહિ, જ્યાં ગઈ, ત્યાં પણ ટકે નહિ... એ તો સ્વભાવથી જ ચંચળ ! આજે આપણી પાસે, તો આવતી કાલે બીજા પાસે, પરમ દિવસે ત્રીજા પાસે !

દીક્ષા બાદ અલગ અલગ સ્થાનોમાં વિચરીએ, ત્યારે નવા નવા શ્રાવકોનો પરિચય થાય, આપણને એમ લાગે કે 'આ અમુક શ્રાવકો આપણા ભક્ત બની ગયા છે.' પણ થોડાક વખત બાદ એ જ શ્રાવકો બીજે પણ જાય, બીજાની પણ પ્રશંસા કરે, બીજાની પાસે પણ સારો એવો પૈસો ખર્ચે... આ બધું જોઈને તરત યાદ આવી જાય ***संपत्तिओ...*** આપણા માટે તો આ ભક્તો જ સંપત્તિ છે ને ? પણ એની આ ચંચળતા નિહાળીને અલિપ્ત થવાનું છે આપણે !

ત્રીજી વાત છે સ્નેહની-પ્રેમની !

લગ્ન બાદ પતિ-પત્નીને પરસ્પર ઘણો સ્નેહ હોય. *'હું તારા વગર જીવી નહિ શકું, મરી જઈશ....'* વગેરે વગેરે શબ્દો બોલે. પણ દિવસો-મહીનાઓ-વર્ષો પસાર થતા જાય, તેમ એ સ્નેહ પણ ઓસરતો જાય. શરુઆતના દિવસોમાં શણગાર સજીને પતિના આવવાની રાહ જોતી અને હોંશે હોંશે જમાડતી પત્ની અમુક સમય પસાર થયા બાદ ન તો રાહ જોતી હોય, ન તો શણગાર સજતી હોય, ન તો હોંશથી જમાડતી હોય.

આવું દરેક ક્ષેત્રમાં સમજી લેવું.

કેવું સુંદર વાક્ય છે કે ***"सुमिणयसमं च पिम्मं"*** *પ્રેમ સ્વપ્ન જેવો છે.* સ્વપ્નું સાચું પડે નહિ, સ્વપ્નું લાંબુ ટકે નહિ... એ મિથ્યાસુખ ઉત્પન્ન કરાવીને પાછળથી દુઃખી કરે.

દેખાય સપનામાં કે મારે સરસ બંગલો છે, રૂપાળી પત્ની છે, ગાડી છે... અને બિચારો ભિખારી ખુશ ! પણ જ્યાં સપનું પૂરું થાય, ઉંઘ ઉડે ત્યાં પોતાની ભિખારીદશા નજર સામે દેખાય, અને આઘાતનો પાર ન રહે... મારું બધું ખોવાઈ ગયું... બિચારો ડીપ્રેશનમાં આવે.

આ પદાર્થ અતિ અગત્યનો છે.

માણસ માત્રની એક નબળી કડી એ છે કે એ બીજાના સ્નેહને ઝંખે છે. બીજા એને ચાહે, એને સારો માને, એના માટે સારું માને - બોલે... એ બધું પ્રત્યેક માણસને જોઈએ છે. એની આ નબળી કડી જ એના માનસિક ત્રાસમાં મોટું નિમિત્ત બની જાય છે.

સૌ પ્રથમ તો એ બીજાનો સ્નેહ મેળવવા માટેનો સખત પ્રયત્ન કરશે, એ માટે બીજાઓને રાજી રાખવા માટે તૂટી મરશે, એ પછી જ્યારે બીજાનો સ્નેહ મળે, એટલે પોતે રાજીનો રેડ ! પણ બીજાઓનો એ સ્નેહ કોઈપણ કારણસર ઘટી પડશે, તો બિચારો એના આઘાતમાં ને આઘાતમાં દુઃખી થવાનો.

**મહોપાધ્યાયજી**એ **વૈરાગ્યકલ્પલતાગ્રન્થ**માં ફરમાવ્યું છે કે,

***परस्य चाटुक्रियया किलाप्तात् वाल्लभ्यकान्माद्यति यः स्वचित्ते ।***

***समाधिहीनो विगमे स तस्य वाल्लभ्यकस्यातुलशोकमेति ॥९०॥***

*બીજા પ્રત્યે ચાટુક્રિયા કરીને મેળવાયેલા પ્રેમ દ્વારા જે આત્મા પોતાના ચિત્તમાં અહંકાર પામે છે, સમાધિહીન એવો તે આત્મા જ્યારે એ પ્રેમ દૂર થાય, ત્યારે ભયંકર શોકને પામનારો બને છે.*

કુતરો રોટલી મેળવવા માટે પુંછડી પટપટાવે એનું નામ ચાટુક્રિયા !

એમ આપણે બીજાને ખુશ કરવા, બીજાનો પ્રેમ જીતવા એની સામે મીઠું મીઠું બોલીએ, એની પ્રશંસા કરીએ, એના કાર્યોમાં મદદ કરીએ... આ બધી છે ચાટુક્રિયા ! બીજાના તુચ્છ સ્નેહને મેળવવા ખાતર માણસ કુતરાની જેમ પુંછડી પટપટાવવા માંડે છે.

કુતરાને મળે રોટલી !

આપણને મળે પ્રેમ !

પણ આ ક્યાં સુધી ટકવાનો ? અરે, ***"अतिपरिचयादवज्ञा"*** એ ન્યાયે એ સ્નેહ નજીકના સ્વજનોમાં પણ ઘટવાનો જ, છેવટે જયારે એ ખબર પડે, ત્યારે માનસિક સંતાપ ખૂબ ખૂબ વધી જવાનો.

જુઓ,

પતિને એક પત્ની હોય, ત્યારે એ પત્ની ખૂબ સુખી ! જયારે પતિ બીજી પત્ની લાવે, ત્યારે પતિનો સ્નેહ એ તરફ પણ ઢળે... પ્રથમપત્ની ઈર્ષ્યાથી સળગે, એ બિચારી બીજી પત્નીના કારણે દુઃખી નથી થતી, પરંતુ બીજી પત્નીના કારણે પતિનો પ્રેમ ઘટ્યો એટલે દુઃખી છે.

ગુરુને એક શિષ્ય હોય, ત્યાં સુધી બધો પ્રેમ એના ઉપર ઢોળાય. પણ બીજો વધુ સારો શિષ્ય મળે, એટલે પ્રેમ વહેંચાય, બીજા પર વધે... આ બધું પ્રથમ શિષ્ય જુએ, એટલે દુઃખી થાય.

ચોમાસું કરવા નવા ક્ષેત્રમાં જઈએ, શરુમાં તો આપણા પ્રવચનો લોકોને ગમવાના. કેમકે નવી શૈલિ, નવા પદાર્થો ! પણ અમુક મહિના બાદ એ બધું જૂનું થાય, એટલે લોકોનો પ્રેમ ઘટવા માંડે, વ્યાખ્યાનમાં સંખ્યા ઘટવા માંડે, પ્રશંસા-અનુમોદના ઘટવા માંડે... બસ, આ પછી મોકાણ મંડાય.

આ બધું જાણ્યા પછી હે જીવ ! હવે શું કરવું ? એ તારે જ નક્કી કરવાનું છે. કોઈ તારા પર બળજબરી કરનાર નથી. કદાચ તારા તન-વચન પર બીજાઓ બળજબરી કરી શકશે, પણ મનનું કામ તો તારે જ સંભાળવાનું છે.

મારું માનતો હોય તો આટલું જ કર...

જીવનની પળેપળને કિંમતી સમજીને સદુપયોગ કરી લે...

સંપત્તિ આવે કે જાય... એ બધા પાછળ રાગ-દ્વેષ કરવાના મૂકી દે...

કોઈના સ્નેહની અપેક્ષા જ છોડી દે. **યોગસાર**નો જે શ્લોક છે ને ? કે

***तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।***

***तोषणीयस्तथा स्वात्मा, किमन्यैर्बत तोषितैः ॥***

*ભગવાન, ગુરુ અને સ્વાત્મા આ ત્રણને પ્રસન્ન કર. એમનો પ્રેમ-સ્નેહ મેળવ. એ ટકશે, શાશ્વતકાળ ટકશે... બીજા બધાને ખુશ કરવાની ઝંઝટ છોડ. એ બધા આજે તૂઠે, આવતીકાલે રૂઠે... એમની ચિંતા જ છોડ.*

***संझरागजलबुब्बुओवमे, जीविएय जलबिंदुचंचले ।***

***जुव्वणे य नइवेगसंनिभे, पावजीव ! किमियं न बुज्झसि ॥४५॥***

**ભાવાર્થ : અંજના સતી** અને **પવનંજયકુમાર**ના સુપુત્ર રાજકુમાર **હનુમાને રામ**ને સહાય કરીને યુદ્ધમાં વિજય અપાવ્યો. વર્ષો બાદ એક દિવસ મહેલના ઝરુખામાં ઉભા ઉભા સૂર્યાસ્તનું દશ્ય નિહાળી રહ્યા હતા. આખું આકાશ લાલ થઈ ગયેલું, હનુમાન તો એ કુદરતી દશ્ય જોઈને ખૂબ રાજી થઈ ગયા. (આજે પણ બધા 'સનસેટ પોઈન્ટ' પર સૂર્યાસ્ત જોવા જાય જ છે ને ?)

એના જ વિચારોમાં હનુમાન ત્યાં જ ઉભા રહ્યા, ત્યાં તો ઝપાટાબંધ અંધારું ઘેરાવા લાગ્યું. આકાશમાં અંધારપટ છવાઈ ગયો.

હનુમાન વિચારમાં ચડ્યા, "મારું જીવન પણ એક દિન આ જ રીતે અંધારામાં ફેરવાઈ જવાનું ને ! તો અત્યારની આ લાલાશ પર વળી શેનો મોહ કરવો ?"

એમને વૈરાગ્ય થયો, દીક્ષા લીધી, મોક્ષ પામ્યા.

જીવન તો ભાઈ ! પાણીમાં ઉભા થતા પરપોટા સમાન ! ચંચળ !

જીવન તો જીવ ! ઘાસના અગ્રભાગ પર રહેલા પાણીના ટીપા સમાન ! નાશવંત !

(**પ્રશ્ન :** આ ઉપમા પહેલા આપી જ ગયા છે...

**ઉત્તર :** વૈરાગ્યભાવ જન્માવવા માટે એકની એક વાત વારંવાર કરવામાં આવે છે, એટલે એમાં ગ્રન્થકારનો દોષ ન

માનવો.)

યૌવન છે ખળખળ વહેતી નદી જેવું !

નદીનું પાણી સ્થિર રહે નહિ, એ તો વહેતું જ જાય. એમ યૌવન પણ સ્થિર ટકે નહિ, એ વહેતું જ જાય... ઘડપણ નજીક આવતું જ જાય.

ઓ પાપીજીવ ! તું કેમ બોધ પામતો નથી ? કેમ સમજતો નથી ?

**પ્રશ્ન :** શાસ્ત્રકારો ઉપદેશ આપે, એ તો બરાબર ! પણ 'પાપી' વગેરે ખરાબ સંબોધન કરે, એ શું યોગ્ય લાગે છે. આવી ભાષા શું શોભે ? **દસ વૈ.**માં કાણાને પણ કાણો કહેવાની ના પાડી છે, તો પાપીને પણ પાપી શી રીતે કહેવાય ? એને આઘાત ન લાગે ?

**ઉત્તર :** એક મા પોતાના લાડીલા દીકરાની ગંભીર ભૂલ જોઈને એના પ્રત્યેના લાડના કારણે જ ગુસ્સે થવાની, દીકરાને થનારા નુકસાનની કલ્પનાથી જ એ દીકરાને ગાળો આપી બેસવાની, એમાં એનો ભાવ તો એકદમ પવિત્ર જ છે. એ કંઈ પડોશીના દીકરાને ઠપકો આપવા નથી જવાની.

શાસ્ત્રકારો માતા જેવા છે. આપણા બધાની સંસારમાં રચ્યાપચ્યા રહેવાની ગંભીર ભૂલ એમનાથી સહન થતી નથી. તેઓ આપણું ભયંકર ભાવી કલ્પીને જ ધ્રુજી જાય છે, એટલે જ અપાર લાગણીથી પ્રેરાઈને 'પાપી' શબ્દો બોલી બેઠા છે.

બીજી વાત એ કે,

આ શબ્દોલ્લેખ દ્વારા તેઓ આપણને જણાવવા માંગે છે કે સંસારની અસારતા આટલી બધી સ્પષ્ટ હોવા છતાં પણ જો તમે એ જ સંસારમાં ગાંડા બનતા હો, તો આ જ ખરેખર મોટું પાપ છે.

ત્રીજી વાત એ કે,

*''लातो के भूत बातों से नहि मानते ।''* આપણો જીવ ભૂત જેવો છે. એ 'ભાગ્યશાળી ! પુણ્યશાળી ! વગેરે શબ્દો રૂપી વાતોથી માને એવો નથી. એ તો 'પાપી'... વગેરે ગાળો જેવા શબ્દો રૂપી લાતોથી જ ઠેકાણે આવે એવો છે. માટે શાસ્ત્રકારોએ આ લાત ફટકારી છે.

***अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परियणो वि अन्नत्थ ।***

***भूयबलिव्व कुडुंबं, पक्खित्तं हयकयंतेण ॥४६॥***

**ભાવાર્થ :** અગાસીમાં જઈને ચારેબાજુ બલિરૂપે બાફેલું અનાજ નાંખવામાં આવે છે એ ખબર છે ને ? અજૈનોમાં પણ જ્યારે ભૂતને બલિ આપવામાં આવે, ત્યારે ચારે દિશામાં છૂટું છૂટું વિખેરી નાંખવામાં આવે.

યમરાજ = મોતરાજ પણ આવું જ કરે છે ને ?

એક વાસણમાં બધુ અનાજ રહે, એમ એક પરિવારમાં ઘણા ભેગા મળીને રહે.

પણ અનાજ બલિરૂપે બધે વિખેરાઈ જાય, એમ મોત પણ પરિવારના એક સભ્યને ઉપાડી લઈને મોકલે દેવલોકમાં, બીજાને વળી નારકીમાં, ત્રીજાને વળી નિગોદમાં, ચોથાને વળી પશુઓમાં... આમ એ સભ્યોને જુદી જુદી ગતિઓમાં એવા તો ફેંકી દે કે પરિવાર ફરી પાછો ભેગો થાય એ લગભગ અશક્ય જ બની રહે.

આ વાંચતી વખતે જ જરાક વિચારી જો જો કે 'મારા દાદા-દાદી મરી ગયા છે, તો શું હું એમને ફરી મળી શકવાનો ખરો ? મારા કાકી, ફોઈ, પપ્પા... મરી ગયા છે, તો શું ફરી એ મને ક્યારેય ક્યાંક ભટકાઈ પડશે ખરા ?' આપણું મન જ ના પાડશે...

મારા પૂજ્ય ગુરુદેવશ્રી કાળધર્મ પામ્યા, હવે ફરી એ મને ક્યારેય મળવાના ખરા ? ભગવાન જાણે. દેવના રૂપે કોઈકને દર્શન આપ્યા હોય તો ખબર નથી, પણ મને તો નથી જ આપ્યા, અને મને દર્શન આપે એવી તો સંભાવના પણ લાગતી નથી.

ક્યારેક વિચારમાં ચડી જાઉં, તો પૂ. ગુરુદેવશ્રી સાથે વિતાવેલી તે તે પળો, તે તે પ્રસંગો યાદ આવે... પણ હું કરી શું શકું ? એ તો ભૂતકાળનું સ્મરણમાત્ર છે.

અરે, હું ય મરીને ક્યાં જઈશ ? કોને ખબર ? દેવલોકમાં જાઉં, તો પણ એ દુનિયા ક્યાં નાની છે ? તિર્યંચ પછીની વિરાટ સંખ્યા એ દેવોની છે ને ! તો એ પછી અત્યારના મારા તમામ પરિચિતોમાંથી એક પણ મને મળશે કે કેમ ? એ ય પ્રશ્ન જ છે ને ?

કોઈના સંબંધો ઝાઝા ટક્યા નથી, ટકી શકવાના નથી.

***जीवेणं भवे भवे मीलियाइं, देहाइ जाइ संसारे ।***
***ताणं न सागरेहिं कीरइ, संखा अणंतेहिं ॥४७॥***

**ભાવાર્થ :** હે આત્મન ! આ પાર્થિવ શરીરને સાચવવા માટે તું ચિક્કાર પાપો કરે છે, પણ તને ખબર છે કે આવા શરીરો અત્યાર સુધીમાં તેં કેટલા ઉત્પન્ન કર્યા, અને મરતી વખતે છોડ્યા ?

અનંતા સાગરોની જેટલી સંખ્યા, એના કરતા આ શરીરોની સંખ્યા વધારે છે.

**પ્રશ્ન :** સાગરો તો અસંખ્ય જ છે, એ ક્યાં અનંતા છે ?

**ઉત્તર :** તો એક કામ કરો, અસંખ્ય સાગરોના પાણીના જે અનંત ટીપા થાય, એના કરતા પણ શરીરસંખ્યા અનંતગણી છે... એમ અર્થ લો.

**પ્રશ્ન :** ક્ષમા કરજો, પણ અસંખ્ય સાગરોના પાણીના ટીપાની સંખ્યા પણ અસંખ્ય જ થાય... કુલ અપ્કાયજીવો અસંખ્ય જ છે, એ ન ભૂલશો.

**ઉત્તર :** સાચી વાત ! પણ આ એકમાત્ર ઉપમા છે. સાગરોની ટીપા અસંખ્ય જ છે, એ વાત સાચી, પણ જ્યારે અનંતની સંખ્યા સાથે સરખામણી કરવી હોય. ત્યારે સાગર જેવી કોઈ સરળ અને શ્રેષ્ઠ ઉપમા મળતી નથી. નિગોદજીવો અનંતા છે. પરંતુ આપણા માનસપટ પર એની વિરાટસંખ્યા ઉપસ્થિત ન થાય. જ્યારે સાગર તો નજરોનજર જોયો હોય, એટલે જ્યારે એની ઉપમા આપવામાં આવે, ત્યારે આંખ ફાટી જાય, 'બાપ રે બાપ ! આટલા બધા શરીરો આપણે ભૂતકાળમાં કરી ચૂક્યા છીએ ?...' એમ થાય.

એટલે એ ઉપમા આપવી યોગ્ય.

**પ્રશ્ન :** આખા વિશ્વમાં સિદ્ધો અને સંસારીઓ... વગેરે કુલ જેટલા જીવો છે, એ બધા જીવોની સંખ્યા કરતા પણ આપણે અત્યાર સુધીમાં બનાવીને છોડી મુકેલા શરીરો વધારે કે ઓછા ?

**ઉત્તર :** વધારે, અનંતગુણા !

**પ્રશ્ન :** શું વાત કરો છો ? અરે, જીવોમાં નિગોદના જીવો પણ આવી જાય, તો એની સંખ્યા તો કેટલી બધી વિરાટ છે... એ બધાની સામે આપણા ભૂતકાલીન શરીરોની સંખ્યા અનંતગુણી શી રીતે ? કંઈ સમજાતું નથી.

**ઉત્તર :** કુલ જીવો જેટલા છે, એના કરતા ભૂતકાળ અનંતગુણો છે. અને એ દરેક કાળમાં આપણે તો હતા જ, આપણે શરીરો બનાવીને મૂક્યા પણ હતા જ... એટલે એ દૃષ્ટિએ શરીરો અનંતા !

શાંતિથી વિચારશો, તો આ આખો પદાર્થ એકદમ સરળતાથી સમજાઈ જશે.

કુલ જીવોની સંખ્યા ભૂતકાળમાં, ભવિષ્યમાં કે વર્તમાનમાં કાયમ માટે સરખી જ હોય. જીવો કોઈ નવા ઉત્પન્ન નથી થતા. હા ! સિદ્ધોની સંખ્યા વધે, સંસારીની ઘટે... સંસારમાં વળી દેવોની સંખ્યા વધે-ઘટે... આ બધું થાય, પણ કુલ જીવસંખ્યા સરખી જ ! જ્યારે કાળ માટે આપણે કોઈપણ આંકડો ન આપી શકીએ, ભૂતકાળ અનંતો ખરો, પણ કેટલો અનંતો... એનું કોઈ ગણિત જ ન મંડાય. ભૂતકાળ પાંચમા અનંતે કે... એમ કોઈપણ અનંતસંખ્યા એના માટે નિશ્ચિત થઈ શકતી નથી.

આ વસ્તુ ઉંડાણથી અભ્યાસ કરેલો હશે, તો ચોક્કસ સમજાશે... છતાં ન સમજાય તો એવા જ્ઞાનીઓનો પ્રત્યક્ષ સંપર્ક કરીને જવાબ મેળવવો.

***नयणोदयं पि तासिं सागरसलिलाओ बहुयरं होइ ।***
***गलियं रुयमाणीणं माऊणं अन्नमन्नाणं ॥४८॥***

**ભાવાર્થ :** દરેક ગર્ભજ તિર્યંચ - કે ગર્ભજ મનુષ્યને માતા તો હોવાની જ, અને એ માતાને પ્રાયઃ પોતાના સંતાન માટે અતિશય લાડ-પ્યાર હોવાનો જ, એટલે જ સંતાનને દુઃખ પડે, ત્યારે એ માતા રડવાની, આંસુ સારવાની...

હવે એ આંસુઓના ટીપા કંઈ મોટા પ્રમાણમાં તો નથી જ હોવાના. ધારો કે આ ભવમાં આપણા માટે આપણી માતા રડી હોય, તો ય કેસરની એક વાટકી ભરાય, એટલા પણ આંસુ થાય ખરા શું ? ચલો, આપણે બધાએ દીક્ષા લીધી છે. એટલે 'આપણી માતા ઘણી બધી રડી છે', એમ માની લઈએ, તો ય એક ગ્લાસ ભરાય ખરો ? નહિ જ ને ?

ધારો કે આવા આપણા એક એક ગર્ભજ ભવની માતાના એક-એક વાટકી કે ગ્લાસ જેટલા આંસુઓ ભેગા કરીએ, તો અત્યાર સુધીની અનંતી માતાઓના એ કુલ આંસુઓ કેટલા થાય ?

પ્રસ્તુત ગાથામાં કહે છે કે અસંખ્ય સાગરોનું તમામ પાણી ભેગું કરોને, તો ય આ આંસુઓનું પ્રમાણ એના કરતા

વધી જાય.

એનો મતલબ એ કે આપણે અત્યાર સુધીમાં કેટલી માતાઓ કરી બેઠા... તો હવે આ ભવમાં એ એકાદ માતા પ્રત્યેનો અંધરાગ શીદ ને ? એમના ઉપકાર ભલે માનવાના, પણ એના સ્નેહરાગમાં તણાઈ જવાની ભૂલ શીદ ને ?

**ગજસુકુમાલ**ની જેમ દઢ પ્રતિજ્ઞા ભલે ન લઈ શકીએ, કે 'હવે આ જન્મની મારી માતા એ છેલ્લી માતા !' પણ એટલો સંકલ્પ તો કરીએ જ કે *'એવું સંયમજીવન જીવી જાણવું છે, કે હવે વધુ માતા મારે કરવી ન પડે. માતાને ગર્ભમાં રહીને મારે દુઃખ પહોંચાડવું નથી. મારા જન્મ વખતે માતાને થતી દારુણ પીડા પણ મારે હવે બંધ કરવી છે.'*

ઉછાળીએ એવો તીવ્ર ભાવ !

કરીએ એવો દઢ પુરુષાર્થ !

મંડી પડીએ સંયમ-સ્વાધ્યાય યોગોની સાધના-આરાધનામાં !

તો આ હળાહળ કલિયુગમાં પણ આપણે સફળ થશું જ.

***जं नरए नेरइया दुहाइं पावंति घोरऽणंताइं ।***

***तत्तो अणंतगुणियं निगोयमज्झे दुहं होइ ॥४१॥***

**ભાવાર્થ :** નારકમાં નારકજીવો જે ઘોર, અનંતા દુઃખો પામે છે, તેના કરતા અનંતગણું દુઃખ નિગોદમાં પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન :** આ અંગે મને બે જિજ્ઞાસા છે.

(૧) નારકમાં કેવા પ્રકારનું દુઃખ છે ? એ જાણવું છે.

(૨) એના કરતા નિગોદનું દુઃખ અનંતગણું શી રીતે થાય ? એ જાણવું છે.

હું તો એમ જ સમજતો હતો કે 'નારકના જીવોને જ સૌથી વધારે દુઃખ હોય છે.' એટલે આપ જે વાત કરો છો, એ તો મારા માટે તદ્દન નવી જ છે.

**ઉત્તર :** પ્રસ્તુત ગાથાની ટીકામાં કુલ ૩૭ ગાથાઓ નારકના દુઃખના વર્ણન માટે આપવામાં આવી છે. **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**માં **મૃગાપુત્રીય અધ્યયન**માં પણ નારકના દુઃખોનું વર્ણન જોવા મળે છે. વર્તમાનમાં ફોરકલરના ચિત્રો સાથે પણ નવા નવા પુસ્તકો છાપવામાં આવેલા છે કે જેમાં નરકમાં જીવને કેવા દુઃખો પડે, એ દર્શાવેલું છે.

આ આખી દુનિયા અતીન્દ્રિય છે, દેવોની દુનિયા તો હજી પણ પ્રત્યક્ષ બને, પણ આપણા માટે આ ગતિની દુનિયા કાયમ માટે પરોક્ષ રહેવાની. એને આપણે આગમપ્રમાણથી જોવાની છે અને આગમપ્રમાણથી જ માન્ય રાખવાની છે. એના માટેની યુક્તિઓ મળે, તો ય પ્રધાનતા તો આ વિષયમાં આગમપ્રમાણની જ રહેવાની.

આપણે વૃત્તિની ગાથાઓના આધારે આખો અર્થ જોશું.

*(૧) નારકના જીવોને કપડાની જેમ ફાડી નાંખવામાં આવે. બે ફાડચા કરી દેવામાં આવે, પત્થરમાં કોતરણી કરીએ એમ એમના દેહને શસ્ત્રોથી કોતરવામાં આવે, તેલમાં પુરીની જેમ તળી નાંખવામાં આવે, છેદી-ભેદી નાંખવામાં આવે, એટલે કે તલવારથી ટુકડેટુકડા કરવામાં આવે, કે શરીરમાં તલવાર-ચપ્પુ ઘોંચી દેવામાં આવે... બાળી નાંખવામાં આવે... ભાંગી નાંખવામાં આવે, ઘાસને વાળીએ એમ આખા ને આખા વાળી નાંખવામાં આવે, તોડી નાંખવામાં આવે. માખણને પીગાળીએ એમ પીગાળી નાંખવામાં આવે...*

*(૨) તો પણ જેમ પારો છૂટો છૂટો કરવા છતાં પણ પાછો ભેગો કરીએ તો એકમેક થઈ જાય, એમ નારકીનું આખું શરીર પાછું એની મેળે એકમેક થઈ જાય. મૃત્યુ ન થાય, એટલે લાંબો કાળ પીડા ભોગવવી પડે.*

*એમને તો ઈચ્છા થાય કે 'અમે મરી જઈએ તો સારું' પણ એમનું આયુષ્ય અનપવર્તનીય હોવાથી એક સમયનું પણ ઓછું ન થાય. આયુષ્ય સંપૂર્ણ ભોગવ્યા બાદ જ એમનું મોત થાય.*

*(૩-૪) દુઃખોથી ત્રાસેલા, હેરાન થયેલા તે નારકના જીવો પરમાધામીઓના પગમાં પડે, વારંવાર પડે, પોતાના દાંત વડે એમની આંગળીઓ પકડે, દીનતા ભરેલા વચનો બોલે કે "હે સ્વામી ! હે નાથ ! મને ન મારો. મારાથી આ સહન નથી થતું. કૃપા કરો, આટલા ભયંકર દુઃખો ન આપો મને !"*

*(૫) એ વખતે પરમાધામીઓ જવાબ આપે છે કે*

*'આજે તું બોલે છે કે, મારાથી સહન નથી થતું. પણ પૂર્વભવમાં જ્યારે તું મસ્ત બનીને પાપો કરતો હતો, ત્યારે શું બોલતો હતો એ યાદ છે તને ?'*

*(૬) તું જે બોલતો હતો, એ તને યાદ કરાવું છું, સાંભળ.*

*આ જગતમાં કોઈ સર્વજ્ઞ નથી. અરે, માની લો ને કે હું જ સર્વજ્ઞ છું.*

*ખાઓ, પીઓ... જલસા કરો. કોણે પરલોક જોયો છે ?*

*(૭) જેઓ અહીં ખાતા પીતા મરે છે. તેઓ ભવિષ્યમાં પણ ખાન-પાન પામે છે. પણ જેઓ ભૂખ-તરસ સહન કરીને મરે છે, તેઓ પરલોકમાં પણ ભૂખ-તરસથી ત્રાસ જ પામે છે.*

*(૮) એ વખતે તારી પાસે લાંબી જીભ હતી એટલે તું બોલતો હતો કે 'પુણ્ય કે પાપ નામના કોઈ પદાર્થ નથી. દેહ કરતા સ્વતંત્ર કોઈ જીવ છે જ નહિ.'*

*આ બધું બોલવામાં, પ્રચારવામાં તને આનંદ આવતો હતો.*

*(૯) તને માંસ ખૂબ ભાવતું હતું, એ માટે તું નિષ્ઠુર બનીને જીવોની હત્યા કરતો હતો. કોઈ તને સમજાવતું કે 'બિચારા નિર્દોષ જીવોને શા માટે મારે છે ?' તો નિર્લજ્જ બનીને તું જવાબ દેતો હતો કે 'ભગવાને આ જીવો આપણા ખાવા માટે જ તો બનાવ્યા છે. આ પશુઓનું બીજું આ ધરતી પર કામ જ શું છે ?'*

*(૧૦) 'યજ્ઞમાં હિંસા કરવાની વેદમાં છૂટ આપેલી હોવાથી એમાં કોઈ દોષ નથી.' એમ બોલીને તું યજ્ઞ કરતો, બલિરૂપે બકરાદિનો વધ કરતો, અને એનું માંસ મદમસ્ત બનીને ખાતો.*

*(૧૧) લાવક, તેતર વગેરે પક્ષીઓના ઈંડાનો રસ તું પીતો, ચરબી પીતો, આસક્ત બનતો... અને હવે તું રાડો પાડે છે કે 'મારાથી આ સહન નથી થતું.'*

*(જૈનો સીધી રીતે ભલે માંસ વગેરે ન ખાતા હોય, પણ તેઓ જાણવા છતાં પણ હિંસકતત્ત્વવાળી બીજી બધી વસ્તુઓ વાપરે, તો એ બધા પણ માંસાદિભક્ષણદોષના ભાગીદાર બને જ છે.)*

*(૧૨) ત્યારે લુચ્ચાઈ, કપટ વડે ખોટા વચનો આપીને તેં ભોળા લોકોને ઠગ્યા, ઘણાની ચાડી ખાધી, એમાં તને આનંદ આવ્યો... અને હવે તું બોલે છે કે...*

*(૧૩) ઘરોમાં ખાતર પાડી ચોરી કરી, કોઈક વચ્ચે આવ્યું તો ડોકા પણ કાપી નાંખ્યા, લોકોને લુંટી લીધા, સંપત્તિની કારમી લાલસાથી કેટલાય ગામ-નગરોને તેં ભાંગી નાંખ્યા.*

*(૧૪) એના વડે મહાન શ્રીમંત બનીને આખા વિશ્વને ત્યારે તો તું ઘાસ સમાન માનીને તુચ્છકારતો હતો. અને એ પારકાધનથી આખી જીંદગી જલસા કરતો હતો, અને હવે તું ચીસો પાડે છે કે...*

*(૧૫) કોઈકે ના પાડી કે 'પરધન ન લેવાય...' તો હસતા હસતા તેં જવાબ વાળેલો કે 'બધાને માટે બધું જ ધન પારકું જ છે. કોઈપણ વ્યક્તિ જન્મ પામતી વખતે પેટમાંથી જ ધન લઈને થોડી આવેલી છે ? બાળક માટે પણ બાપનું ધન પારકું જ છે. એટલે એમાં કશી ચિંતા ન કરવી...'*

*(૧૬) ત્યારે પરસ્ત્રીઓ સાથે ખાનગીમાં પાપો કર્યા, એમાં આસક્ત બનીને એમના પતિ વગેરેને મારી નાંખ્યા.*

*(૧૭) પરસ્ત્રીઓને ખૂબ ભેટ્યો, ચોંટ્યો હવે આજે એ જ સ્ત્રીઓની તપાવેલા તાંબાની પુતળીઓ તારી સામે જ રાખી છે, ચોંટ એને ! ભાગે છે શા માટે ? નથી ગમતી એ સ્ત્રી ?*

*(૧૮) તને બ્રહ્મચર્યનો ઉપદેશ કોઈકે આપ્યો, ત્યારે તેં હોંશિયારી બતાવેલી કે 'સ્ત્રી તો પારકી હોય, એ ભોગવવામાં મજા આવે. અરે, મા-બહેનનો પણ ભોગ કરી શકાય...'*

*(૧૯) ધનલંપટ તું મૂઢ બનીને એ વખતે તો પાપો કરી કરીને ચિક્કાર ધન ભેગું કરતો હતો, આરંભ-સમારંભ કરીને ખુશ થતો હતો... તો હવે અહીં દુઃખ પડે છે, એમાં ગુસ્સે કેમ થાય છે ? તાકાત હોય તો કર ને સહન !*

*(૨૦) તું બોલેલો કે 'આરંભ-પરિગ્રહ વગેરે જો હું ન કરું, તો મારા પરિવારનો નિર્વાહ ન થાય.'... તો આજે એ પરિવારને આ દુઃખો ભોગવવા માટે, તારા દુઃખોમાં ભાગ પડાવવા માટે બોલાવી લાવ ને !*

*(૨૧) ત્યારે તું રાત્રે ખાતો હતો મિષ્ટાન્ન-ફરસાણ ! આજે અમે તારા મોઢામાં કીડીઓ ભરી દઈને મોઢું સીવી નાંખીએ છીએ, ખા હવે એ કીડીઓને ! કેમ મોઢું બગાડે છે ? કેમ ચીસો પાડે છે ?*

*(૨૨) ત્યારે તો તું નવરાત્રિ વગેરેમાં દારુ પીતો, એના વખાણ કરતો, હાથ ઉછાળીને નાચતો, આજે હવે તને તપાવેલા તલ, તાંબા અને સીસાનો રસ પીવડાવીએ છીએ. લે, હરામી ! પી... કેમ ના પાડે છે ? ક્યાં ભાગે છે ?*

*(૨૩) તેં દેવ અને ગુરુની મશ્કરી કરી, આશાતના કરી, વ્રતો લઈ લઈને ભાંગી નાંખ્યા... લોકોને અનેક પ્રકારે તેં પરેશાન કર્યા.*

*(૨૪) આ તારા હાથે જ આરોપેલા પાપવૃક્ષના ફળને તું હવે ભોગવે છે. એમાં અમારો શું દોષ ?*

*(૨૫) પરમાધામીઓ આ રીતે અનેકપ્રકારે પૂર્વભવના પાપોને યાદ કરાવે. અને ફરી પાછા અનેક પ્રકારે ઘોર વેદનાઓ ઉભી કરે.*

*(૨૬) નારકીઓના શરીરને કાપે, એ બિચારા તરફડે પણ એની દયા કોણ ખાય ? એ માંસ જેવા ટુકડા એ જ જીવને જબરદસ્તી ખવડાવે. એ પહેલા એના એ સજીવ ટુકડાઓને અગ્નિમાં ભુંજવી નાંખે.*

*(૨૭) 'તને પૂર્વભવમાં માંસનો રસ પીવાથી ખૂબ મજા આવતી હતી ને ! તો લે ! પી પી !' એમ કહીને તેના જ માંસમાંથી રસ (પ્રવાહી) કાઢીને એને પીવડાવે.*

*(૨૮) નારકીજીવને તિર્યંચ બનાવી એના સ્કંધ પર પુષ્કળ ભાર ચડાવી પરમાધામીઓ એના ઉપર ચડી બેસે, એ બિચારાઓના અંગે અંગ ભાંગી જાય, એવો એ ભાર હોય.*

*(૨૯) દીન, બધા કરતા હીન, નપુંસક, કોઈના પણ શરણ વિનાના, ક્ષીણ થઈ ચૂકેલા એવા એ જીવો નારકમાં વસે છે.*

*વધારે તો શું કહેવું ?*

*(૩૦) આંખના એક પલકારા જેટલો સમય પણ એમને સુખ નથી. સતત દુ:ખ જ છે. કારણ કે નારકમાં નારકી જીવો રાતદિવસ ક્ષેત્રની ગરમીથી અને પરમાધામીઓએ પ્રગટાવેલી આગથી પકાવાતા હોય છે.*

*(૩૧) હા ! ત્યાં જે સમ્યગ્દષ્ટિ આત્માઓ હોય, તેઓ દુ:ખથી ત્રાસે ખરા, છતાં મોટાભાગે એક જ વિચાર કરે, હે જીવ ! તું માત્ર તારા કર્મો ઉપર જ ગુસ્સો કરજે. બીજા કોઈ ઉપર નહિ. કેમકે મહાપુરુષો કહી ગયા છે કે*

*(૩૨) તમામ જીવો પોતાના પૂર્વે કરેલા પાપકર્મોનો જ ભોગવટો કરે છે. જીવને મળતા દુ:ખમાં કે સુખમાં બીજા બધા તો માત્ર નિમિત્તરૂપ જ હોય છે.*

*(૩૩) મોજાઓ દ્વારા પર્વતોને ભેદી નાંખનાર સમુદ્રને અટકાવવો હજી સહેલું કામ છે. પણ બીજા જન્મમાં ભેગા કરેલા પુણ્ય કે પાપકર્મનો તીવ્ર વિપાક અટકાવી શકાય નહિ.*

*(૩૪) એ વખતે ગુરુજનો મને ના પાડતા હતા, છતાં હે જીવ ! ત્યારે તેં પાપો ચાલુ જ રાખ્યા. હવે આ જાતે જ તેં દુ:ખો ખરીદ્યા છે, તો એને ભોગવવામાં શા માટે બીજા ઉપર ગુસ્સો કરે છે ? કોને તું ગાળ દઈશ ? તારી જ તો ભૂલ છે.*

*(૩૫) જીવ ! એ વખતે મશ્કરીમાં તું બોલતો હતો કે 'માત્ર સાત જ નારક છે ? મારા માટે તો એ ઓછી પડે. આઠમી હોત તો મજા આવત.'*

*આવા વિચિત્ર વચન તું જ બોલેલો, તો હવે શા માટે અહીં આવીને ત્રાસ પામે છે... સહન કરી દેખાડ ને !*

*(૩૬) સમ્યક્ત્વી આત્માઓ આ રીતે પોતાની જાતને જ ઠપકો આપીને દુ:ખો ભોગવી ભોગવી અશુભ કર્મો ખપાવી દે છે. એ પછીના ભવમાં રાજભવનાદિમાં જન્મ પામે છે અને ક્રમશઃ સિદ્ધપદ પામે છે.*

*(૩૭) મિથ્યાત્વી નારકીઓ તો પરસ્પર ખૂબ ઝઘડે, ભયંકર ક્રોધ કરે... એના કારણે ફરી કર્મો બાંધીને, ત્યાંથી નીકળીને તિર્યંચમાં જાય, અને ત્યાંથી પછી અનંત સંસારમાં ભમે.*

*આ કથા પૂરી થઈ નારકગતિની !*

આના કરતાં પણ નિગોદમાં = સૂક્ષ્મ કે બાદર નિગોદમાં અનંતગણી વેદના છે, દુ:ખ છે.

**પ્રશ્ન :** નિગોદમાં દુ:ખ છે, એ વાત સાચી. પણ નારક કરતા પણ અનંતગણું છે... એ હજી સમજાતું નથી. આપે જે નારકના દુ:ખનું વર્ણન કર્યું, એવું ત્યાં નિગોદમાં તો છે જ નહિ.

**ઉત્તર :** દુ:ખનો પ્રકાર ભલે નારક જેવો નથી, પણ દુ:ખની તીવ્રતા તો નારક કરતા અનંતગુણી સંભવી શકે છે.

**પ્રશ્ન :** પણ એ કયું દુ:ખ !

**ઉત્તર :** એક શ્વાસોચ્છ્વાસમાં સત્તર વાર મરણ અને અઢાર વાર જન્મ ! એ જ એમનું મોટું દુ:ખ ! તેઓનું ચૈતન્ય વ્યક્ત ન હોવાથી એમની પીડા પણ વ્યક્તરૂપે દેખાય ભલે નહિ, પણ એમની પીડા હોય તો અતિભયંકર !

જેમ માણસના બે હાથ - બે પગ કાપવામાં આવે, તો કેવી ઘોરાતિઘોર પીડા થાય ? એ કેવી ચીસો પાડે ? પણ ધારો કે એ મુંગો જ હોય તો ? તો એ ચીસ પાડશે ? નહિ ને ? છતાં એની પીડા ચીસ પાડનારા કરતા ઓછી છે, એમ કહેવાશે ? નહિ જ ને ?

પીડાને વ્યક્ત કરવાનું સાધન હોય, તો જીવ પીડા વ્યક્ત કરે... ન હોય તો ન કરી શકે, પણ પીડા અંદરખાને તો ભયંકર કક્ષાની હોઈ જ શકે છે.

કતલખાનામાં પશુને કાપવામાં આવે, ત્યારે જો એના ચાર પગ નહિ બાંધ્યા હોય, તો એ ચારે પગ ઉછાળવાનો જ, ધમપછાડા કરવાનો જ... આ એની પીડા વ્યક્ત થાય છે. પણ જો દોરડાથી સખત રીતે ચારેય પગ બાંધ્યા હોય, તો એ એકપણ પગ નહિ હલાવી શકે, મોઢામાં ડુચો ભરી દીધો હશે, તો એ બૂમ પાડી નહિ શકે... છતાં વેદના તો પૂરતી જ ને !

એમ નિગોદના જીવોમાં નારક કરતા અનંતગણી વેદના હોવા છતાં પણ એમની પાસે વેદના વ્યક્ત કરવાનું સાધન જ ન હોવાથી એ સ્પષ્ટ રીતે આપણે ન સમજી શકીએ, પણ સાવ સાવ અલ્પ સમયમાં સત્તર વાર મરણ અને અઢાર વાર જન્મ થાય છે, એના ઉપરથી એમની વેદનાની કલ્પના જ કરવાની.

**પ્રશ્ન :** સત્તર મરણના આધારે વેદના વધારે હોવાનો નિર્ણય હજી બંધ બેસતો નથી. કેમકે

નારકીઓને નિગોદ કરતા વધુ વેદના હોવા છતાં મરણ ન થાય, કેમકે એમને આયુષ્ય જ અનપવર્તનીય છે. એટલે નિગોદને સત્તર મરણ, માટે વધુ વેદના અને નારકીને મરણ નથી... માટે ઓછી વેદના... એવું ગણિત ન મંડાય.

માણસના બે હાથ - બે પગ - બે કાન-નાક... કાપી નાંખવામાં આવે, તો પણ એ ન મરે એ શક્ય છે. કેમકે મર્મસ્થાનો કપાયા નથી.

હવે એ જ માણસને માથામાં એક જ ગોળી વાગે, તો એ મરી જાય. એક સેકંડમાં જ ડોકું કાપી નાંખવામાં આવે, તો એ મરી જાય...

આમાં મરણ પામનારાને વેદના ઓછી અને જીવનારાને વેદના વધારે... એવું જ લાગે છે. એટલે મરણની સંખ્યા વધુ હોવાથી નિગોદ વધુ દુઃખી... એ દલીલ ઉચિત નથી.

**ઉત્તર :** પ્રસ્તુત શાસ્ત્રપાઠની પુષ્ટિ માટે એ દલીલ છે. એ યુક્તિ એકાંતે સાચી, એવું નથી કહેવું. પણ આપણે જે શાસ્ત્રપાઠ વિચારવાનો છે, એના માટે એ યુક્તિ જરૂરી છે.

વળી, વ્યક્ત - અવ્યક્ત વેદનાની પણ વિચારણા કરી શકાય.

ત્રીજું એક સમાધાન વિચારાય કાળનું !

નારકમાં વધુમાં વધુ ૩૩ સાગરોપમ !

નિગોદમાં ઉત્કૃષ્ટથી અનંતાનંતકાળ !

૩૩ સાગરોપમ કરતા અનંતાનંતકાળ એ અનંતગુણ છે. માટે એટલો સમય રહેનારી જન્મ-મરણાદિની વેદના પણ નારકીય વેદના કરતા અનંતગુણ માની શકાય છે ને !

***तंमि वि निगोअमज्झे, वसिओ रे जीव ! विविहकम्मवसा ।***

***विसहंतो तिक्खदुहं, अणंतपुग्गलपरावट्टे ॥५०॥***

**ગાથાર્થ :** હે જીવ ! આવા પ્રકારની નિગોદમાં અનેક પ્રકારના કર્મોના કારણે અનંતપુદ્ગલપરાવર્ત સુધી તીવ્ર દુઃખોને સહન કરતો તું રહ્યો.

**ભાવાર્થ :** આવા ભયંકર નિગોદસ્થાનમાં પણ હે જીવ ! તું રહી આવ્યો છે.

**પ્રશ્ન :** ત્યાં શા માટે રહેવું પડ્યું ?

**ઉત્તર :** જ્ઞાનાવરણીયાદિ અનેક કર્મોની પરવશતાના કારણે ત્યાં રહેવું પડ્યું.

**પ્રશ્ન :** પણ એ કર્મો ત્યાં જ લઈ જાય, એવું શા માટે ?

**ઉત્તર :** જુઓ, જ્ઞાનાવરણીયનો અતિતીવ્ર વિપાક નિગોદમાં જ શક્ય છે, એ સિવાય બીજે બધે કંઈક વધુ જ્ઞાન જ હોય. એમ નિગોદમાં કાયમ માટે થીણદ્ધિ નિદ્રાનો જ ઉદય હોય, એ બીજે બધે શક્ય ન બને.

ટુંકમાં જે કર્મો એવા છે કે જેમનો વિપાક નિગોદ વિના શક્ય ન હોય, એ કર્મોનો જ્યારે ઉદય થાય, ત્યારે નિગોદમાં જ જવું પડે, બીજે ક્યાંય જવું શક્ય ન બને... એ સ્વાભાવિક છે.

**પ્રશ્ન :** ત્યાં જીવ કેટલો સમય રહ્યો ?

**ઉત્તર :** અનંત પુદ્ગલપરાવર્તકાળ !

**પ્રશ્ન :** એટલે શું ?

**ઉત્તર :** એનું વર્ણન અન્યગ્રન્થોમાંથી જાણી લેવું. (**પંચસંગ્રહ, પ્રવચનસારોદ્ધાર...** વગેરે)

**પ્રશ્ન :** ત્યાં જીવ કેવી રીતે રહ્યો ?

**ઉત્તર :** એક શ્વાસોચ્છ્‌વાસમાં સત્તર મરણ અને અઢાર જન્મ લેવા રૂપ તીવ્ર દુઃખને અનુભવતો ત્યાં રહ્યો.

કુલ ૪૮ મિનિટમાં ૬૫૫૩૬ ભવ થાય.

એટલે ૧ મિનિટમાં ૬૫૫૩૬ ÷ ૪૮ = આશરે ૧૩૬૫ ભવ થાય.

૧ મિનિટમાં = ૬૦ સેકંડમાં ૧૩૬૫ ભવ થાય,

એટલે ૧ સેકંડમાં ૧૩૬૫ ÷ ૬૦ = ૨૨/૨૩ ભવ થાય.

એક જ સેકંડમાં ૨૨ વખત મરવામાં અને ૨૨ વખત જન્મ લેવામાં કેટલી ઘોર પીડા થાય, એ સમજી શકાય છે.

એક વાત -

અહીં વૃત્તિમાં ***"तीक्ष्णं = उग्रं = एकस्मिन्श्वासोच्छ्वासे साधिकसप्तदशभवात्मकं"*** આ પ્રમાણે લખેલું છે. એના આધારે એ સાબિત થાય છે કે નિગોદમાં સૌથી વધુ દુઃખ એટલે આ જ, ઝડપથી અનેકવાર મરવાનું દુઃખ ! એટલે સંભવિત છે કે નારક કરતા અનંતગણુ દુઃખ જે પૂર્વે બતાવી ગયા, તે આવા પ્રકારના દુઃખના આધાર ઉપર જ હોય.

***नीहरिय कह वि तत्तो, पत्तो मणुयत्तणं पि रे जीव ।***

***तत्थ वि जिणवरधम्मो, पत्तो चिंतामणिसरिच्छो ॥५१॥***

**ગાથાર્થ :** કોઈપણ રીતે એમાંથી નીકળીને હે જીવ ! તું મનુષ્યપણું પામ્યો, એમાં ય ચિંતામણીરત્ન જેવો જિનવરનો ધર્મ પામ્યો.

**ભાવાર્થ :** આવા નિગોદમાંથી હે જીવ ! તું માંડ માંડ બહાર નીકળ્યો, એમાં વળી માનવભવ પામ્યો. એમાં ય ચિંતામણીરત્નસમાન એવો જૈનધર્મ પામ્યો...

**પ્રશ્ન :** નિગોદમાંથી નીકળવું અઘરું છે ?

**ઉત્તર :** અનંત પુ.પ.કાળ ત્યાં જ રહેવું પડ્યું, એ જ દેખાડે છે કે એમાંથી નીકળવું અઘરું છે.

બીજી રીતે વિચારીએ તો એક જીવ મોક્ષમાં જાય, ત્યારે એક જીવ અનાદિ નિગોદમાંથી બહાર નીકળે. હવે મોક્ષમાં કંઈ ધડાધડ તો જીવો જતા નથી. ક્યારેક તો છ મહિનાનું પણ અંતર પડી જાય. અને જે કરોડો મુનિઓ એક સાથે મોક્ષે જાય, એ પણ સંખ્યાની દૃષ્ટિએ નિગોદના અનંતા-અનંતા-અનંતા... જીવોની સામે તો કિંમતમાં જ ન આવે.

માટે જ તો આજ સુધીમાં અનંતાનંત જીવો મોક્ષમાં ગયા, છતાં પણ આપણે અત્યાર સુધી બહાર નીકળ્યા ન હતા. આપણે અનંત પુ.પ.કાળ બાદ બહાર નીકળ્યા. એટલે એ વાત એકદમ સાચી છે કે ખૂબ મુશ્કેલીથી આપણે નિગોદમાંથી નીકળ્યા.

એ જ વાત મનુષ્યભવની પ્રાપ્તિ માટે પણ છે.

મનુષ્યભવ એવું જંકશન છે, કે જ્યાં તમામ ગતિમાંથી જીવો આવી શકે. (માત્ર સાતમી નારક અને અગ્નિ-વાયુ... આટલું બાદ કરવું.) એટલે એક મનુષ્ય ઉત્પન્ન થવાનો હોય, તો એના ઉમેદવાર અનંતા કહી શકાય, છતાં એમાંથી એક જ જીવ મનુષ્ય બને.

બીજી રીતે વિચારીએ તો આપણે જયારે માતાના ગર્ભમાં આવ્યા, ત્યારે બીજા કુલ ૯ લાખ જીવો એમાં આપણા ભેગા હતા (એક શક્યતા પ્રમાણે કહી શકાય...) એમાંથી ૮ લાખ ૯૯ હજાર ૯૯૯ આપણા સગા ભાઈઓને આપણે અટકાવી રાખીને, પાછા વાળીને એકલા જીવતા રહ્યા અને જન્મ લીધો.

એ બધા જીવો ગર્ભજ મનુષ્ય બનવા માટે જ આવેલા, જન્મી પણ ચૂકેલા, એટલે પુણ્યવાન તો હતા જ, છતાં એ બધા ગર્ભમાં જ મરી ગયા અને આપણે જીવતા રહીને જન્મી ગયા... આ કેટલો આપણો ભાગ્યોદય !

આ વાત જો વિચારીએ તો પણ સ્પષ્ટ લાગે કે માનવભવ પણ દુર્લભ છે.

હવે વાત આવી જૈનધર્મની !

વર્તમાન વિશ્વની કુલ વસ્તી ૭ અબજની !

એમાં 'જૈન' નામધારીઓ આશરે ૧ કરોડ !

એટલે કે દર ૭૦૦ મનુષ્યો વચ્ચે માત્ર એક જૈન !

નિગોદમાંથી બહાર નીકળવું સરળ કામ નથી. કારણ કે અનંતાનંતકાળે પણ એકાદ નિગોદશરીરના અનંતમાં

ભાગમાં રહેલા જીવો જ બહાર નીકળેલા હોય છે અને એ પણ જ્યારે પૂછો ત્યારે આ જ હાલત!

૧ લાખ લોટરીની ટીકીટોમાં આપણી ટીકીટનો નંબર લાગવો, એ કેવું કપરું કામ ? એમ અનંત-અનંત-અનંત જીવરાશિમાંથી માત્ર આપણો નંબર જ નિગોદમાંથી બહાર નીકળવા માટે લાગે એ કેટલું બધું કપરું કામ ?

એમાં ય વળી ઝટ ઝટ તો બહાર નીકળતા જ નથી. એક જીવ મોક્ષે જાય, ત્યારે એક જીવ બહાર નીકળે. હવે મોક્ષમાં તો ક્યારેક છ મહિને એકાદ જાય, એવું પણ બને... તો એ વખતે કોઈપણ જીવ એ છ મહિના સુધી અનાદિનિગોદમાંથી બહાર ન નીકળે.

અરે, **શંખેશ્વર** કે **પાલિતાણામાં** ૫૦૦-૧૦૦૦ માણસની લાઈન જોઈને ય ઘણા ભાગી જાય છે ''આમાં આપણો નંબર ક્યારે લાગવાનો ?''

આ જ કારણસર **ઉત્તરાધ્યયનસૂત્ર**માં મનુષ્યભવને અત્યંત દુર્લભ બતાવ્યો છે.

પણ જીવ !

પુણ્ય તારું, કે એ માનભવ પામી ગયો...

અરે ઘણું પુણ્ય તારું કે એ માનવભવમાં જૈનધર્મ પણ પામી ગયો.

હા ! ચિંતામણી રત્ન જેવો જૈનધર્મ ! જે માંગો એ બધું આપે, જલ્દી આપે, સંપૂર્ણ આપે એવો સરસ મજાનો ધર્મ પામી ગયો.

**ઉત્તરાધ્યયનસૂત્ર**માં માનવભવ પછી જૈનધર્મનું શ્રવણ = શ્રુતધર્મ અને એ પછી એમાં શ્રદ્ધા એટલે કે સમ્યક્ત્વ આ બે દુર્લભ બતાવ્યા છે.

એમાંથી શ્રવણ પણ તને મળી ગયું.

આ વિરતિદૂત વાંચનારા તો મોટા ભાગના સંયમીઓ જ છે. મુમુક્ષુઓ છે, આરાધકો છે. એ બધા અત્યાર સુધીમાં સેંકડો-હજારો પ્રવચનો સાંભળી ચૂક્યા હશે...

સેંકડો-હજારો પાનાઓ ધાર્મિક પુસ્તકોના વાંચી ચૂક્યા હશે...

સ્વયં સેંકડો-હજારો હિતોપદેશો આપી ચૂક્યા હશે...

આવા વિરતિદૂત જેવા મેગેઝીન વાંચીને,

ઢગલાબંધ શાસ્ત્રોનું દોહન કરીને

ખૂબ ખૂબ જ્ઞાની બની ચૂક્યા હશે.

કદાચ

પાંચ-દસ હજાર ગાથાઓ પણ કંઠસ્થ હશે.

જીવવિચારથી માંડીને છ કર્મગ્રન્થ સુધીના પદાર્થો એમના મોઢે-હૈયે રમતા હશે. અઘરામાં અઘરા ગ્રન્થો સાવ સરળતાથી વાંચવા-વંચવવામાં એ માહિર બની ગયા હશે...વર્તમાનકાળના તમામ પ્રશ્નોના જવાબો એમના માટે ડાબા હાથનો ખેલ હશે...

વાહ ! વાહ ! વાહ !

પણ....

***पत्ते वि तम्मि रे जीव ! कुणसि पमायं तुमं तयं चेव ।***

***जेणं भवंधकुवे, पुणो वि पडिओ दुहं लहसि ॥५२॥***

**ભાવાર્થ :** હે જીવ ! આવો જૈનધર્મ મળી ગયા બાદ પણ તું એ જ ઉંઘ, વિકથા વગેરે પ્રમાદ કરે છે. શું મળવાનું? તને એ પ્રમાદ દ્વારા ! ફરી પાછો પડીશ તું સંસાર રૂપી અંધકાર ભરેલા કુવામાં ! ફરી પામીશ તું એ જ ચારગતિના દુઃખો !

અને સમજી રાખ,

એક વાર પ્રમાદના દોષથી તું જૈનધર્મ ગુમાવી બેસીશ, તો ફરી એની પ્રાપ્તિ તારા માટે અશક્ય જેવી બની રહેશે.

**પ્રશ્ન :** દુર્લભ બનવાનું કારણ ખરું ?

**ઉત્તર :** કોઈક ઉદાર માણસ તમારા પર ભરોસો મૂકીને લાખ રૂપિયા ધંધો કરવા તમને આપે, તમે એનો ધંધો કરીને પૈસા કમાવાને બદલે મોજશોખમાં જ લાખ રૂપિયા ખર્ચી નાંખો, અને ફરી ભિખારી થઈને એ ઉદાર માણસ પાસે માંગવા જાઓ, તો એ આપે ખરો ?

**પ્રશ્ન :** ન આપે.

**ઉત્તર :** એમ કર્મસત્તાએ તમને તક આપી, જૈનધર્મ આપીને, એની આરાધના કરીને મોક્ષ મેળવવાની! પણ તમે જો પ્રમાદમાં જ આખો મનુષ્યભવ ગુમાવી દો, તો કર્મસત્તા ફરી એ ભવ, એ ધર્મ તમને શા માટે આપે ?

**પ્રશ્ન :** એ ઉદાર માણસ ભલે ન આપે, પણ બીજો ઉદાર માણસ તો આપે ને ? દર વખતે નવા નવા ભોળા શ્રીમંતોને પકડવાના...

**ઉત્તર :** ભાગ્યશાળી ! એ શક્ય નથી. કેમકે અહીં જૈનધર્મની પ્રાપ્તિ કરાવવાની તાકાત માત્ર ને માત્ર કર્મસત્તા પાસે જ છે, એટલે એને ઉલ્લું બનાવવાની જો તમે ઈચ્છા કરતા હો, તો તમે ખોટો વિચાર કરી રહ્યા છો.

***उवलद्धो जिणधम्मो ण य अणुचिण्णो पमायदोसेणं ।***

***हा जीव! अप्पवेरिअ! सुबहुं पुरओ विसूरिहिसि ॥ ५३ ॥***

**ગાથાર્થ :** તે જિનધર્મ મેળવ્યો, પણ પ્રમાદદોષથી આચર્યો નહિ, ઓ જીવ! આત્મવૈરી! ભવિષ્યમાં તું ખૂબ ખેદ કરીશ.

**ભાવાર્થ :** ધારો કે જિનધર્મ મળી ગયો, એમાં શ્રદ્ધા પણ થઈ ગઈ... પણ હવે ચોથી સૌથી વધુ દુર્લભ વસ્તુ મળવી જોઈએ ને ? એ છે વીર્યોલ્લાસ! ધર્મ આચરવા માટે સખત પ્રયત્ન!

કોણ અટકાવે છે આ સખત પ્રયત્નને ?

**ઉપદેશરહસ્યકાર** કહે છે કે મોટા ભાગના જીવો અજ્ઞાનના કારણે માનવભવાદિ સામગ્રી હારી જાય છે. જેઓ પાસે જ્ઞાન-શ્રદ્ધા છે, તેવા કેટલાક જીવો પ્રમાદના કારણે માનવભવાદિ હારી જાય છે. સરવાળે બે ય નુકસાન પામે છે.

**ઉપદેશમાલાકાર** કહે છે કે ***''सुच्चा ते जीवलोए...''*** *જેઓ જિનવચનને જાણતા નથી, તેઓ બિચારા છે, દયાપાત્ર છે. પણ જેઓ બધું જાણ્યા પછી પણ એનું આચરણ નથી કરતા... તેઓ તો અતિ-અતિ-અતિ દયાપાત્ર છે.*

મુખ્યત્વે નડે છે પ્રમાદ!

એ પ્રમાદ પણ પાંચપ્રકારના છે, પણ જે વધુ પરિપકવ બનેલા હોય, તેઓને વિષય-કષાય ન પણ નડે, વિકથા પણ કદાચ ન નડે... એને નડે માત્ર આળસ! કંટાળો! અનુલ્લાસ!

એને પુછવામાં આવે કે 'તું શા માટે નથી કરતો ?' તો એનો કોઈ સ્પષ્ટ જવાબ ન તો એ આપી શકે, ન તો આપણે શોધી શકીએ.

હા! એ આળસ પાછળ પણ સુખશીલતા, દેહરાગાદિ કામ કરતા હોય... પણ સીધો જો કોઈ શબ્દ વાપરવો હોય તો આળસ!

પ્રતિક્રમણ બેઠા-બેઠા કેમ ? આળસ!

દરેક ખમાસમણા પંચાંગપ્રણિપાત નહિ કેમ ? આળસ!

ટેકો લઈને કેમ બેસવાનું ? આળસ!

ગુર્વાદિના પ્રતિલેખનમાં સમયસર કેમ નહિ પહોંચવાનું ? આળસ!

વાચના-પ્રવચનાદિમાં સમયસર કેમ નહિ પહોંચવાનું ? આળસ!

માંડલીના કામમાં હા-ના, હા-ના કેમ ? આળસ!

બપોરે ગપ્પા હોય, તો જાગવાનું... નહિ તો બે કલાક લંબાવી દેવાનું કેમ ? આળસ!

જરાક તડકામાં, જરાક કાંટાળા સ્થાનમાં, જરાક ઠંડીમાં પગમાં જોડાદિ કેમ ? આળસ!

માત્ર સંથારા-ઉતરપટ્ટાને બદલે જાડું આસન શા માટે ?... આળસ!

ગોખતા ગોખતા ય વિચારે ચડી જવાનું.... આળસ!

શાસ્ત્રો વાંચતા વાંચતા ય બે-ચાર ઝોકા ખાઈ લેવાના... આળસ!

(આળસ-કંટાળો-રસાભાવ... આ બધું એક સમજીને જ ઉપરની વાતો કરી છે.)

બિચારો જીવ!

આત્મહત્યા જ કરી રહ્યો છે.

પોતે જ પોતાનો કટ્ટર શત્રુ બની રહ્યો છે.

જે વખતે એ મરવા પડશે, તે વખતે પેલું બધું જ્ઞાન એને વધુ દુઃખી બનાવશે.

કારણ કે 'હું ઘણું મેળવી શકત, પણ મેં કંઈ ન મેળવ્યું' એ વિચાર આને જ આવવાનો. નાગાને નાહવાનું શું અને નીચોવવાનું શું ?

કપડા પહેરતો હોય એને કપડા ધોવા, ચોક્ખા રાખવા વગેરે પંચાત ને ?

પેલો **શશિરાજ !**

નાનાભાઈએ ઘણો સમજાવ્યો, પણ ભોગસુખોની લંપટતામાં ભાન ભૂલ્યો, અંતે આવ્યું મોત ! થઈ નારક! વિભંગજ્ઞાનથી જુએ છે... બધું! પૂર્વભવ દેખાયો, પોતાની ભયાનક ભૂલ દેખાઈ... પોતાના દેવ બનેલા અને ત્યાં આવેલા ભાઈને વિનંતી કરી 'હજી મારું મૃતક મર્ત્યલોકમાં પડ્યું છે. તું એને ખૂબ કષ્ટ આપ, તો મારા પાપ ખપે... હું છૂટું આ નરકમાંથી ?

ખેદ સાથે દેવ બોલ્યો

'ગાંડા! હવે એ મડદાને કષ્ટ આપવાનો કોઈ જ અર્થ નથી. જ્યારે જીવતો હતો તું, ત્યારે તે મારી વાત માની હોત, તો તું નરકમાં જ ન પડત... પણ હવે શું ?

માટે જ પેલા અનુત્તરવાસી દેવો અપેક્ષાએ સૌથી વધારે દુઃખી કહેવાય છે ને ?

"માત્ર એક છટ્ઠ જેટલી આરાધના ઓછી પડી, એમાં મોક્ષ અટકી પડ્યો. અસંખ્ય વર્ષોનો સંસાર માથે ઠોકાયો..."એ વેદના એમના દૈવી સુખોને ય દુઃખ રૂપ બનાવી દે છે.

પણ કહેવત છે ને ?

કાર્ય કરવાના અવસરે બુદ્ધિ ન થાય, પછીથી સૂઝ પડે કે 'આમ કર્યુ હોત, તો સારું થાત.' પણ એ પાછળથી થયેલી બુદ્ધિ સાચી હોવા છતાં ય ભ્રમણા જ છે. કેમકે હવે એ શા કામની ?

ખોટી-ખરાબ છોકરી સાથે લગ્ન થઈ ગયા, હવે એ છોકરો હેરાન થાય, તલાક લેવા પ્રયત્ન કરે 'હું ખોટો રૂપમાં મોહાઈ ગયો.' 'એમ પણ વિચારે પણ એનો અર્થ શું ?'

ખોટા ગુરુ પકડાઈ ગયા, પછી ખબર પડી, પણ હવે શું ?

એમ સંયમજીવનના અમૂલ્ય વર્ષો નકામાં જવા દીધા, સમજો કે બગાડી જ નાંખ્યા... હવે છેલ્લે સાચી સમજણ આવે કે 'મેં આટલું કરી લીધું હોત, તો સારું હતું.' પણ હવે શું ? છેલ્લી દશામાં શું ફેરફાર થઈ શકવાનો ?

તો મર્યા પછી સ્વર્ગલોકમાં તો જીવ બિલકુલ પરાધીન છે. ત્યાં વિરતિ છે જ નહિ, પતનકારક નિમિત્તોની હારમાળા છે. દેવભવ પોતે જ સૌથી મોટો શત્રુ છે. હવે અવધિ – વિભંગથી બધું જુએ, રડે, પણ એનો ફાયદો શું ?

'રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ?' એ કહેવત આવા જ કારણસર પાડવામાં આવી છે.

પ્યારા સંયમીઓ! મુમુક્ષુઓ!

આપણને આ પૂજ્ય પુરુષ કહે છે કે

ખંખેરી નાંખો આળસને!

સિંહ કેસરા ખંખેરીને, શરીરને ઝાટકો આપીને ગર્જના કરતો ઉભો થાય, અને પૂરી તાકાત સાથે તૂટી પડે દુશ્મનો ઉપર... એવી ખુમારી, એવું સત્ત્વ, એવું સાહસ દેખાડવાનો અવસર તમારી પાસે આવી ગયો છે, હા! આવીને જતો રહેવાની તૈયારીમાં છે, એ જાય, એ પહેલા પળ સાધી લો...

***सोयंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।।***

***पावपमायवसेणं, न संचिओ जेहिं जिणा धम्मो ॥ ५४ ॥***

**ગાથાર્થ :** જેઓએ પાપી પ્રમાદને વશ બનીને જિનધર્મનો સંચય નથી કર્યો, તે બિચારાઓ છેલ્લે મરણ આવે ત્યારે શોક કરતા હોય છે.

**ભાવાર્થ : ભારતમાં સમ્રાટ સિકંદર**ને એક યોગીનો ભેટો થઈ ગયો, સિકંદરના **ગુરુ એરિસ્ટોટલે** એને કહેલું કે 'યાદ રાખજે, ભારત સંતોની ભૂમિ છે. ત્યાંના સંતો દુનિયાભરમાં શોધ્યા ન જડે એવી ઉચ્ચતમ આરાધના-સાધનાના માલિક હોય છે.'

અને એવો એક અનુભવ સિકંદરને થઈ ગયો. છેલ્લે સંતે એને સાવધ કરી દીધો... 'સિકંદર! ભલે, તું વિશ્વવિજેતા બન્યો, પણ એનો મિથ્યાનંદ પણ ઝાઝો સમય તારા ભાગ્યમાં નથી. તારું મોત બહુ દૂર નથી. તું તારા દેશ સુધી નહિ પહોંચી શકે. રસ્તામાં જ તારી દશા બગડશે, અને આ દુનિયા તારે છોડવી પડશે.'

ખૂબ આઘાત લાગ્યો સિકંદરને! અને ખરેખર એ જ પ્રમાણે નાની ઉંમરમાં, નજીકના જ સમયમાં મોત નજર સામે આવી ઉભું, ત્યારે એને આઘાત પણ ઘણો લાગ્યો, પણ શું કરે ? એની પાસે કોઈ ઉપાય ન હતો. પશ્ચાત્તાપ તો ઘણો થયો. પણ હવે શા કામનો ?

આજે પણ ઘણી જગ્યાએ એવું જોવા મળે...

શ્રીમંતો આખી જીંદગી સુધી કંજુસાઈ કરીને જીવ્યા હોય, મરવા પડે ત્યારે દાનવીર બનવાની ભાવના થાય... પછી એમની ભાવનાઓ એમના દીકરાઓને જણાવતા જાય...

આખી જીંદગી ખા-ખા કરનારાઓ છેલ્લે પોતાના પરલોક માટે તપશ્ચર્યાદિમાં સારો એવો ખર્ચો કરીને લાભ લે.

જ્યારે ધર્મ કરવાની શક્તિ, સૂઝ હોય, ત્યારે અધર્મમાંથી જ ઉંચા ન આવે.

જ્યારે એ શક્તિ, સૂઝ ખતમ થાય, ત્યારે ધર્મ કરવાની ભાવના જાગે.

**પ્રશ્ન :** છેલ્લે છેલ્લે ય પશ્ચાત્તાપ થાય, તો સારું જ ને ?

**ઉત્તર :** છેલ્લે સુધી અધર્મના જ રસવાળા, નિષ્ઠુર આત્મા કરતા કદાચ સારું ભલે હોય, બાકી એવા પશ્ચાત્તાપથી ખુશ થઈ જવા જેવું નથી.

એના ઘણા કારણો છે.

**ગોશાળા**ને છેલ્લે જોરદાર પશ્ચાત્તાપ થયો, સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ થઈ ગઈ, દેવલોક પણ મળી ગયો... પણ આખી જીંદગી કરેલા પાપોનું ફળ એમને એમ તો શી રીતે જતું રહે ? એ બિચારો અનંતાભવો હજી ભમશે, પ્રાયઃ દરેક ભવોમાં શસ્ત્ર અને અગ્નિથી મરશે... એના પશ્ચાત્તાપનો કેટલો ફાયદો ગણવો ?

**શ્રેણિક**ને પણ છેલ્લે ઘોર પશ્ચાત્તાપ થયો, પણ એની નારક કોણ અટકાવી શકે ?

પાપોનો પશ્ચાત્તાપ અલગ વસ્તુ છે, અને હવે પરલોકના ભયાનક દુઃખો નજર સામે દેખાવાથી એના કારણે ઉભો થયેલો મરણ વખતનો ગભરાટ અલગ વસ્તુ છે. એ વખતે એ મરનારો માણસ ચોક્કસ એમ બોલશે કે 'મેં જીવનમાં ઘણા બધા પાપો કર્યા છે, શું થશે મારું ? કઈ ગતિમાં જઈશ...' આને આપણે પશ્ચાત્તાપ માની લઈએ છીએ.

પણ આમાં ખરેખર તો દુઃખોનો ભય પ્રબળ છે. પાપોનો ભય નહિ. પાપો એને પાપ તરીકે ખરાબ નથી લાગ્યા, પણ 'દુઃખ આ પાપોથી આવવાનું...' એ રીતે ખરાબ લાગ્યા છે.

ડાયાબિટીસવાળો માણસ મીઠાઈનો એકપણ ટુકડો મોઢામાં ન મૂકે. એટલા માત્રથી આપણે એને મીઠાઈનો વૈરાગી માની શકશું ખરા ? નહિ ને ? એને મીઠાઈનો સખત રાગ છે, પણ મોત પ્રત્યે દ્વેષ છે, એટલે મોત લાવનાર મીઠાઈ પ્રત્યે ના-છુટકે એણે મોઢું બગાડવું પડે છે.

એમ મરનારા માણસને જો પાપ પ્રત્યે ધિક્કાર-પશ્ચાત્તાપ ન હોય, પણ 'એ પાપ દુઃખ લાવનાર છે.' એ વિચારના કારણે જો એ પાપથી ગભરાતો હોય... તો એને અત્યારનો ભય એ ખરેખરો પશ્ચાત્તાપ નથી.

જો ડાયાબિટીસવાળાને કોઈક દવાથી રોગ મટી જાય, તો એ બમણા જોરથી મીઠાઈ ઉપર તૂટી પડવાનો.

એમ મોતના મુખમાંથી ભૂલેચૂકે આ માણસ બચી જાય, અથવા તો એક-બે ભવ પછી વળી દેવલોકાદિ રૂપ ભવમાં પહોંચી જાય... તો બમણા જોરથી પાપ ઉપર તૂટી પડવાનો.

એટલે જેનો આત્મા આવા પ્રકારનો હોય, એને માત્ર દુઃખનો શોક છે, એમ કહેવાય... પણ પાપોનો પશ્ચાત્તાપ છે... એમ ન કહેવાય.

ટુંકમાં

દુઃખાત્મક ફલના કારણે પાપો ખરાબ લાગે એ નબળી ભૂમિકા છે.

**પ્રશ્ન :** તો પછી તિર્યંચ, નારકના દુઃખો દેખાડીને પાપોનો ગભરાટ ઉભો કરાવવાનું શું કારણ ? 'જો પાપ કરશો, તો નરકમાં જશો...' એ રીતે શા માટે પાપનો ત્યાગ કરાવાય છે ?

**ઉત્તર :** કારણકે જીવ દુઃખદ્વેષી છે. એ સીધો પાપદ્વેષી બનવાનો નથી.

કેવી વિચિત્રતા છે.

***''धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।''*** એ સૂત્ર એમ કહે છે કે, *'જીવ ધર્મના ફલને=સુખને ઈચ્છે છે, પણ ધર્મને ઈચ્છતો નથી.'*

એ જ રીતે

જીવ દુઃખને ધિક્કારે છે, પણ દુઃખના કારણભૂત પાપને સત્કારે છે.

એટલે જીવને સીધો જ પાપધિક્કાર ઉભો કરાવવો અઘરો છે.

એ માટે એને પહેલા તો આ જ સમજાવવું પડે કે "તું જે દુઃખને ધિક્કારે છે. એનું કારણ આ પાપ છે... માટે પાપ ને છોડ."

એ પછી ધીમે ધીમે એક એવી પળ આવશે કે 'જીવ પાપને સહજ રીતે જ ધિક્કારશે જ. એનો સ્વભાવ જ એવો પડી જશે કે એને પાપ ગમશે જ નહિ.'

આપણને કોઈ પૂછે... 'કરિયાતું ભાવે ? જવાબ... 'ના'.

શા માટે ? કડવું છે માટે!

કડવાશ ગમે ? ભાવે ? જવાબ... 'ના'.

શા માટે ? એનો જવાબ નથી.

એમ જીવને કોઈ પૂછે 'પાપ ગમે ?' જવાબ 'ના'.

શા માટે ? 'દુઃખનું કારણ છે માટે!'

આ નીચલી ભૂમિકા છે.

પણ એવી ભૂમિકા આવે કે જેમાં કડવાશની માફક પાપ પણ સહજ રીતે જ ન ગમે... એ સાચો, શ્રેષ્ઠ પાપધિક્કાર!

***धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ।***

***मरिऊण रायराया, परिपच्चइ निरयजालाहिं ॥ ५५ ॥***

**ગાથાર્થ :** સંસારને ધિક્કાર હો! ધિક્કાર હો! ધિક્કાર હો! કેમકે એમાં દેવ મરીને તિર્યંચ બને. ચક્રવર્તી રાજા મરીને નરકની જ્વાળાઓ વડે પકાવાય.

**ભાવાર્થ :** એક સંસ્થામાં મેનેજરની સીટ ખાલી પડી હતી. ઘણી બધી જાહેરાતો આપવામાં આવતી, ઘણા બધા લોકો નોકરી માટે અરજી કરતા, ઈન્ટરવ્યુ આપવા પણ આવતા. પરંતુ કોઈ એ નોકરીમાં રહેવા તૈયાર ન થતું.

કારણ ?

પગાર ઓછો હતો ? ના રે ના! તગડામાં તગડો પગાર!

તો ?

એક જ શરત!

સંસ્થા એને ગમે તે ઘડીએ મેનેજર પદ પરથી નીચે ઉતારી શકે અને એ જ સંસ્થામાં ચપરાસી તરીકેની નોકરીએ રાખી શકે... અને એ નોકરી સ્વીકારવી જ પડે... એ સંસ્થામાં હવે તમે ગુલામ! હવે તમારે એક અક્ષર પણ ઉચ્ચારવાનો નહિ... તમે કોર્ટમાં જઈ શકો નહિ... આ શરત મંજુર હોય તો નોકરીમાં રહેવાનું.

બોલો, મોટામાં મોટો પગાર મળતો હોય, તો પણ ક્યો ડાહ્યો માણસ આ શરત મંજૂર કરે ?

પેલા સરકારી નોકરોની હાલત જોઈ છે કે ? રાજકારણીઓ વીફરે, તો બિચારાઓને ઉંચકીને એવા ખૂણામાં નોકરી માટે મૂકી દે કે 'જ્યાં જીંદગી જીવવી એના માટે ભારી પડી જાય.' એ અમદાવાદનો કમિશ્નર એક દિવસમાં તો કોઈક ગામડાના ઈન્સ્પેક્ટર તરીકે ગોઠવાઈ ગયો હોય અને વધુ ડાહ્યો થવા જાય, તો એને કશાંક ગુન્હામાં ફસાવી દઈને જેલમાં નાંખી દેતા પણ વાર ન લગાડે, કદાચ મરાવી ય નાંખે.

માટે જ સજ્જનો આ દુનિયામાં પ્રવેશ કરવા ઈચ્છતા નથી.

બોલો, આપણે હોઈએ તો આવી સંસ્થામાં રહીએ ખરા ? નહિ જ ને ?

તો સંસાર નામની સંસ્થામાં રહેવું કેમ ફાવે છે ?

આજે જે દેવ છે, એ મરીને બીજી-ત્રીજી પળે તો બિચારો તિર્યંચ બની ગયો હોય, આજે જે ચક્રવર્તી છે, એ મરીને બીજી-ત્રીજી પળે તો બિચારો નારકી બની ચૂક્યો હોય...

આજે આપણે માનવ છીએ, સાધુ છીએ, સુખી છીએ, સેટ છીએ... પણ

ગમે તે ઘડીએ આપણું મોત! અર્થાત્ પદ ઉપરથી ભ્રષ્ટ થવું !

ગમે તે ગતિમાં આપણી ઉત્પત્તિ! અર્થાત્ ગમે તે પદ ઉપર ફરી નોકરી!

આવી ગુલામી ભોગવવી ગમે છે ?

નહિ જ...

તો નક્કી કરીએ, નથી કરવી આ સંસારસંસ્થામાં નોકરી!

અરે આવી સંસ્થાને તો બંધ જ કરાવવી જોઈએ.

પણ આપણું કોણ માને ?

કમ સે કમ આપણે તો આ ગુલામીમાંથી મુક્ત થઈએ.

***जाइ अणाहो जीवो दुमस्स पुप्कं व कम्मवायहओ ।***

***धणधन्नाहरणाइं घरसयणकुडुंबमिल्हे वि ॥ ५६ ॥***

**ગાથાર્થ :** કર્મરૂપી પવનથી હણાયેલો અનાથ જીવ ધન, ધાન્ય, આભૂષણ, ઘર, સ્વજન, કુટુંબને મૂકીને (અન્યગતિમાં) જતો રહે છે.

**ભાવાર્થ :** વૃક્ષ પર લટકતા નાના નાના પુષ્પો! પાંદડાઓ!

લીલા અને સુકા બંને પ્રકારના!

આવ્યો પવનનો એક જોરદાર ઝપાટો!

સુકાઓએ તો પડવાનું જ હતું અને આ નિમિત્ત પામીને પડ્યા...

લીલાઓ સૂકા થઈને પડવાના હતા, પણ એક ઝાપટમાં કેટલાક લીલા પણ પડી ગયા...

કેટલાક લીલા વળી બચી ગયા, પણ સમજી ગયા "એક દિવસ આપણો પણ વારો!"

એમને જન્મ આપનાર વૃક્ષ,

એમના પ્રત્યે સ્નેહાળ પશુ-પંખીઓ...

કોઈ ન બચાવી શક્યું એ પડતા પાંદડાઓને!

બધા જોતા રહ્યા, માત્ર જોતા જ રહ્યા.

આખરે એક દિવસ એ બધાએ પણ આ કે બીજા નિમિત્તે પડવાનું તો હતું જ....

નીચે પડેલા એ પાંદડાઓ...

કોઈકના પગમાં રગદોળાયા...

કોઈક વળી શિયાળાની ઠંડી ઉડાડવામાં તાપણા તરીકે ઉપયોગી બન્યા...

બધા છેલ્લે તો એક યા બીજી રીતે વિનાશ જ પામ્યા.

આ કેવું સચોટ સત્ય!

વિચારો, ખરેખર વિચારો... આપણી આ દુનિયા!

સંસારીઓ ઘર, પરિવાર, સંપત્તિના આધારે જીવી રહ્યા છે.... ઘરડાઓ અને યુવાનો!

સંયમીઓ ઉપાશ્રય, ગચ્છ, શિષ્ય-વિદ્વત્તા-ભક્તો....ના આધારે જીવી રહ્યા છે.... વૃદ્ધો અને યુવાનો!

આવશે ક્યારેક અશાતાવેદનીયાદિ કર્મો રૂપી પવનનું વાવાઝોડું!

લાવશે એ શારીરિક માંદગી, માનસિક સંતાપ, ચિંતાઓની ચિતા, પીડાઓનો ઢગલો!

બિચારા ઘરડાઓ તો જાણે એવા કોઈક નિમિત્તની રાહ જોઈને જ બેઠા હોય, એમ ટપોટપ ઉપડી જશે. સંસારીઓ કે સંયમીઓ!

યુવાનોમાં ય જે આ વંટોળીયા સામે ટક્કર નહિ ઝીલી શકે, એ ય ઉપડી જશે.

જે બચશે, તે પણ અવારનવાર નજર સામે થનારા આ મોત જોઈને સમજી તો જશે જ, 'એક દિવસ આપણો પણ વારો આવવાનો ! કાં તો લીલાને લીલા જ ઉપડી જશું, નહિ તો છેવટે સુકા થઈને તો ઉપડી જ જવાના!'

નહિ બચાવી શકે ત્યારે આપણને

આપણો ઉપાશ્રય !

આપણા શિષ્યો !

આપણા શ્રીમંત ભક્તો !

કરોડો રૂપિયાની સાધન સામગ્રીઓ !

વૈયાવચ્ચ ખાતાની લાખો રૂપિયાની રકમો !

અનેકોએ રાખેલી આપણા જીવતરની વૃદ્ધિ માટેની બાધાઓ !

અનેકોએ નિશ્ચિત કરેલી આપણા જીવતરની સુરક્ષા માટેની આરાધનાઓ !

આપણા સેંકડો-હજારો-લાખો અનુયાયીઓ મૂઢ બનીને જોયા કરશે,

આપણા શિષ્યો-પ્રશિષ્યો-ભક્તો હતાશ બનીને રડ્યા કરશે,

આપણા વર્ષોના સેવાભાવી ડૉક્ટરો સમ ખાવા પૂરતા છેલ્લા મરણિયા પ્રયત્નો કર્યા કરશે... આપણા ભવિષ્યવેત્તાઓ લોકોને આશ્વાસન આપવા માટે મોટી મોટી ડંફાસો માર્યા કરશે...

બીજી બાજુ

'આપણે મરી જઈએ તો ?' એમ વિચારીને આપણા જીવતા જ

આપણી પાલખી તૈયાર કરવામાં આવશે,

આપણા અગ્નિદાહ માટેની જગ્યા નક્કી કરવામાં આવશે,

કદાચ આપણા અગ્નિદાહના ચડાવાની રકમનો અંદાજ પણ મુકાવા મંડાશે,

'ચડાવો કોણ લેશે ?' એની ચર્ચાઓ પણ ખાનગીમાં થવા માંડશે,

અને એક ગોઝારી પળે

આ ફૂલ, આ પાંદડું લીલું કે સૂકું... હવાની એક થપાટ ખાઈને છૂટું પડી જશે.

ભલે, વ્યવહાર કરનારાઓ ખોટા ન હોય, સાચી ભાવનાવાળા હોય... તેઓ ખરેખર પોતાની કક્ષા પ્રમાણે બધું ઉચિત જ કરી રહ્યા છે...

પણ

વૈરાગ્ય જન્માવવા માટે આ વ્યવહાર એકવાર નજર સામે લાવવો જરૂરી છે.

**આચાર્ય હરિભદ્રસૂરિજીએ ષોડશકપ્રકરણ**માં કેવી અદ્ભુત વાત કરી છે ***''मृत्युपरिभावनं चैव''*** *મોતનો સતત વિચાર કરવો...* આ કર્તવ્ય બતાવ્યું છે. પછી કહ્યું છે કે, ***''एतस्मिन् खलु यत्नो विदुषा सम्यक् सदैव कर्तव्यः ।''*** *આમાં સતત સારી રીતે પ્રયત્ન કરવો.*

પ્રતિક્રમણાદિની જેમ મૃત્યુના ચિંતનને પણ જાણે કે એક આવશ્યક કર્તવ્ય રૂપ દર્શાવી દીધું.

કારણ ?

જીવ ક્યાંય રાગાદિના નિમિત્તોમાં લપેટાઈ ન જાય, માટે !

આમ પણ આપણા મૃત્યુ વખતે બધા આપણા ઉપર હેત વરસાવવાના, જૂના વેરઝેર ભૂલી જવાના, ...દૂરવાળા નજીક આવવાના, નજીકવાળા વધુ નજીક આવવાના, વધુ નજીકનાઓ અભિન્ન બનવાના... કારણ ? આપણી છેલ્લી ઘડીઓ હશે.

કોઈક દયાથી, કોઈક સ્નેહથી, કોઈક કૃતજ્ઞતાથી, કોઈક ઔચિત્યથી, કોઈક ફરજ=કર્તવ્યથી... આવા અવનવા ભાવોથી પ્રેરાઈને બધા આપણને ત્યારે તો વહાલા બનવાના જ... એ વખતે એ બધા પ્રત્યે સ્નેહરાગ ન બંધાઈ જાય... એ માટે આ મૃત્યુના ચિંતનની ધારા વેગવંતી બનાવવી જોઈએ.

***''તારું ધન રે જોબન ધુળ થાશે...''***

***''ઉંચા તે મંદીર માળીયા...''***

***''ઓ જીવડા ! તારે જાવું જરૂર મરી...''***

***''મરણ ન છૂટે રે પ્રાણીયા...''***

***''હંસા ! રાજા... રહી જાઓ આજની રાત...''***

***''વણઝારો ! ધુતારો! કામણગારો !... સુંદરવર કાયા છોડી... ચાલ્યો વણઝારો...''***

સાંભળજો કોઈક વેદનાસભર હૈયાના માલિક સંગીતકારના મુખે !

ચોધાર આંસુએ રડી પડશો તમે !

મન ઉઠી જશે આ સંસાર ઉપરથી ! સંયમજીવનની બાહ્ય પ્રવૃત્તિઓ ઉપરથી !

તમે હોવા છતાં તમે ન હોવા બરાબર બની જશો...

એમ ને એમ આ જીંદગી જવા ન દેશો...

આવી કોઈ સંવેદનાઓને સ્પર્શ્યા વિના મરવું એ તો અપમૃત્યુ છે.

કાઢજો કાઢજો કાઢજો ક્યારેક સમય !

અંધારી રાતનો !

મધ્ય રાતનો !

નીરવ શાંતિનો !

આત્માનંદના અનુભવ માટે ખૂબ ઉપયોગી થશે આ પ્રયત્ન !

***वसियं गिरिसु वसियं दरीसु वसियं समुद्दमज्झंमि ।***

***रुक्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ॥ ५७ ॥***

**ગાથાર્થ :** સંસારમાં ભટકતો જીવ પર્વતોમાં રહ્યો, ગુફાઓમાં વસ્યો, સમુદ્રની વચ્ચે રહ્યો, વૃક્ષના અગ્રભાગ ઉપર રહ્યો...

**ભાવાર્થ :** આપણે તીર્થયાત્રાઓ કરી, એનું વર્ણન કરી શકીએ ? હા !

આપણે સંયમયાત્રા પણ કરી, એનું વર્ણન કરી શકીએ ? હા !

અમે રણયાત્રા કરી, ૨૬ ફૂલસ્કેપ ભરીને એનું વર્ણન પણ કર્યુ...

આ ગાથામાં વાત છે સંસારયાત્રાની !

અનંતકાળ સુધી કરી છે આ યાત્રા ! ભવયાત્રા !

એક પણ તીર્થ બાકી નથી, અનંતીવાર બધા સ્થાનોમાં ફરી આવ્યા.

ક્યારેક પર્વત ઉપર ઝાડ બનીને વર્ષો સુધી ઉભો જ રહ્યો, જાણે કે કાયોત્સર્ગ! **પ્રભુવીરે** તો બાર વર્ષની જ સાધના કરી, મેં વૃક્ષ બનીને હજારો વર્ષોની સાધના કરી. ટાઢ-તડકા ય સહ્યા અને ક્યારેક કોઈકની કુહાડીથી કપાઈને મર્યો...

ક્યારેક કોઈક ગુફામાં સિંહ-વાઘ-ચિત્તા રૂપે જન્મ્યો, મોટો થયો... નાનપણમાં મારી માએ સિંહણે કે વાઘણે મને માંસ લાવી લાવીને ખવડાવ્યું, મોટા થઈને મેં જ સ્વાવલંબન અપનાવી લીધું. સંસારના વ્યવહારનું ભાન ન હોવાથી અને મારો તિર્યંચગતિનો વ્યવહાર જ અલગ હોવાથી મારી મા સાથે પણ સંસાર સુખો ભોગવ્યા.

આખું જંગલ ગભરાતું હતું મારી ત્રાડથી!

મારા પગલા પડે ને લોકો નાસભાગ કરે! લોકો મને વનરાજ કહેતા, ગુફા એ મારો રાજમહેલ! કોઈની તાકાત ન હતી કે કેસરાનો એક વાળ પણ તોડી શકે.

મને ગુમાન હતું મારી આ સત્તાનું! આ સર્વોપરિતાનું !

પણ એક દા'ડો મારો ય આથમ્યો...

જંગલમાં આવેલા શિકારીઓએ છળ-કપટથી મને જીવતો પકડ્યો, પાંજરામાં પૂર્યો... મારી કલ્પનામાં પણ ન આવી શકે કે હું વનરાજ કોઈકનો કેદી બનું...

મેં ચીસો પાડી, ત્રાડો પાડી... તેઓ ગભરાતા, મારી નજીક ન આવતા... પણ છતાં તેઓ હસતા... મને ખ્યાલ આવી ગયો કે ત્રાડો પાડ્યા સિવાય હું કશું જ કરી શકવાનો નથી.

મારો ક્રોધ આસમાનને આંબ્યો,મેં ખૂબ ધમ-પછાડા કર્યા... પણ બધું વ્યર્થ!

તેઓએ મને શાંત પાડવા માટે ભૂખ્યો રાખ્યો...

દિવસો વીતી ગયા. છેવટે ભૂખ-તરસના કારણે મારી હિંમત ખૂટી, ત્રાડ પાડવાની તાકાત ન રહી... છતાં મનનો આવેશ ઓછો ન થયો...

એ શિકારીઓએ-હિંસકોએ ક્રૂરતાપૂર્વક મારા પગના નખ ખેંચી કાઢ્યા... મેં કારમી ચીસો પાડી... પણ હું કશું કરી શકું એમ ન હતો. આમ છતાં મને એ વિચાર ન આવ્યો કે 'મને જો એ હત્યારા લાગે છે તો જંગલના નિર્દોષ પ્રાણીઓને હું કોણ લાગતો હોઈશ ? હું પણ હત્યારો જ હતો ને ?...'

મારા દાંત પણ કાઢી લેવામાં આવ્યા.

હવે હું માત્ર નામનો સિંહ! કામનો નહિ.

એક દિવસ

પાંચ-છ માણસો તરસી આંખે હાથમાં છરા લઈને મારી પાસે આવ્યા.

હું બંધાયેલો હતો. દોરડાઓથી! પીંજરાઓથી!

તેઓ મારું લોહી પીવા માંગતા હતા.

તેઓ મારો શિકાર કરી ઘાતકી આનંદ મેળવવા માંગતા હતા.

એક સાથે એ બધાએ મારા પેટમાં છરાનો જોરથી ઘા કર્યો.

મેં અતિ ભયાનક ચીસ નાંખી... પણ વાંઝણી!

લોહીની ધાર ઉડી,

મોઢા ઉઘાડા રાખીને તેઓએ લોહીના ટીપા ચાખ્યા.

એમના મોઢા પર પણ લોહીના છાંટા ઉડ્યા, તે તેઓએ ચાટી લીધા.

ખંજર બહાર ખેંચી, ફરી એકવાર જોરદાર ઘા!

ફરી એક ચીસ!

વાસણમાં લોહી ભરતા પણ ગયા અને પીતા પણ ગયા.

અતિ ભયંકર રીબામણ સાથે મેં એ દેહ છોડ્યો... કદાચ સારું થયું કે હું મરી ગયો.

પણ એમ છુટકારો ક્યાં થવાનો હતો...

દરિયાના પેટાળમાં એક સુંવાળી ચામડીવાળી, મોટી માછલી તરીકે મારો જન્મ થયો. મારી સુંવાળપ મને ખૂબ ગમતી. લીસી લીસી, અડવી-પંપાળવી ગમે એવી ચામડી!

નવો ભવ! નવી દુનિયા! નવા સ્વજનો!

ભૂતકાળનું વિસ્મરણ!

નાની માછલીઓને ચાવી ખાવી એ જ મારો ખોરાક!

મારા કરતા મોટી માછલીઓ અને મગરમચ્છો પણ હતા... પણ એ બધાથી તો હું સતત બચતી જ રહેતી. મારી એ આવડતનું મને અભિમાન હતું.

પણ દરિયાના મગરોથી બચી શકનારી હું ધરતીના મોટા મગરમચ્છોની જાળમાંથી બચી ન શકી.

એકવાર માછીમારોની જાળમાં લપેટાઈ.

એમના મોઢા ઉપર ખૂબ આનંદ છવાયેલો દેખાતો હતો.

કુદકા મારી મારીને, તાળીઓ દઈ દઈને, ચીસો પાડી પાડીને તેઓ નાચતા હતા... કદાચ મારા જેવી મોટી-સુંવાળી માછલી એમને જીંદગીમાં નહિ મળી હોય. એટલે 'મોટી કમાણી થશે.' એ વિચાર એમને આનંદ અપાવતો હશે...

પણ મારા માટે તો એમનો આનંદ મહાભયનું કારણ બની ગયો.

પાણી વિના પણ થોડુંક તો જીવી જ શકું... એવી મારી શરીરરચના હતી, જે મારા માટે શ્રાપરૂપ થઈ પડી. સુંવાળી ચામડીએ મારો સત્યાનાશ કાઢી નાંખ્યો.

હું હજી મરી ન હતી, અને કુશળ કારીગર સમા તેઓએ મારી ચામડી ઉતારવા માંડી, ચીસ તો હું શું પાડું ? પણ વેદનાનું વર્ણન કરવાની મારી પાસે તાકાત નથી. મને લાગે છે કે અડધી ચામડી ઉતરી હશે, અને હું ત્યાંથી પણ છૂટી... મારા શરીરનું એમણે શું કર્યું હશે ? એ હવે કલ્પી શકું છું. તેઓ માછલીના બજારમાં મને લઈ ગયા હશે, જેમ જેમ ઘરાકો માંગતા જાય, તેમ તેમ મારા શરીરના ભાગ કાપી-કાપીને વજન કરી કરીને વેંચતા હશે. આખરે એ એમનો ધંધો હતો, એ બિચારા શું કરે? મારું શરીર એમના કુટુંબના પોષણમાં અને માંસાહારીઓના પેટ ભરવામાં કામમાં આવ્યું... એ જ મારું સૌભાગ્ય! પણ મને એનું કોઈ પુણ્ય નથી બંધાયું. ક્યાંથી બંધાય ? એવો પરોપકાર કરવાનો પરિણામ મારો ક્યાં હતો ?

છટક્યો તો ખરો, પણ આખરે સંસારની પ્રત્યેક ગતિ ચોરના ભાઈ ઘંટીચોર જેવી જ છે ! કોને સારી કહેવી ?

એક ઝાડ ઉપર કબુતરના માળામાં મારો જન્મ થયો, મારી મા કબુતરીએ ખૂબ મહેનત કરીને માળો બાંધેલો. બાપે પણ સખત પુરુષાર્થ કરેલો, બિલાડી અમારા સુધી પહોંચી ન શકે તે માટે છેક ઝાડના ઉપર, ઘણે ઉપર માળો બાંધેલો.

મારો જન્મ થયો, હજી નાનું બચ્ચું હતું...

મારા મા-બાપની ધારણા ખોટી પડી...

એક દિવસ બિલાડી ઝાડની ડાળીઓના ટેકે ટેકે ચડતી ચડતી છેક ઉપર આવવા લાગી. મારા મા-બાપને ખબર પડી, તેઓ તો માળામાંથી ઉડી ગયા, પણ મને સાથે લઈ જવાની તાકાત ન હતી. અને મને પાંખ આવી ન હોવાથી હું ઉડી

શકું એમ ન હતો. મા-બાપે આકાશમાં ઉડતા ઉડતા ઘણી કિકિયારીઓ કરી, તેઓને મારા તરફ પુષ્કળ લાગણી હતી, મારા માટે કેટલી મહેનત કરીને માળો તૈયાર કરેલો... પણ આખરે કોણ એમની વાત સાંભળે, સમજે ? કદાચ મારું જ ભાગ્ય ઓછું હશે...

બિલાડીએ માળામાં મોઢું નાંખ્યું, મને મોઢામાં પકડયું, મેં જીવ બચાવવા માટે મારી શક્તિ પ્રમાણે પુરુષાર્થ કર્યો, મારા મા-બાપ આકાશમાંથી જોતા રહ્યા... ખૂબ દુઃખી હતા એ... પણ વધારે દુઃખી તો હું હતો... બિલાડીએ મને ચીરી નાંખ્યો, મારા પોચા પોચા દેહના પોચા પોચા માંસને મસ્તીથી આરોગી ગઈ.

આવી કેટલી યાત્રાઓ હું વર્ણવું ? અનંતસ્થાનોની અનંતયાત્રાનું વર્ણન કરવા માટે અનંતકાળ જોઈએ, જે મારી પાસે નથી...

***देवो नेरइओ त्ति य, कीडपयंगुत्ति माणुसो एसो ।***

***रूवस्सी य विरुवो सुहभागी दुक्खभागी य ॥ ५८ ॥***

**ગાથાર્થ :** દેવ, નારક, કીડો, પતંગીયો, માણસ, રૂપવાન, કદરૂપો, સુખી, દુઃખી (આ પ્રમાણે જીવ પરાવર્તન પામે છે.)

**ભાવાર્થ :** એક જ એક્ટર! કેટલી બધી એક્ટીંગ કરે...

એક **અમિતાભ બચ્ચન**

**શોલે**માં ચોર બને...

**પરવરીશ**માં પોલીસ બને...

**કુલી**માં માલ-સામાન ઉંચકે...

**દિવાર**માં સ્મગ્લર બને...

ડાયરેક્ટર એને જે રોલ ભજવવાનું કહે, એ ભજવ્યા કરે... આમ જોવા જઈએ , તો એક જાતની ગુલામી! પૈસા ખાતર નાટકો ભજવ્યા કરવાના, હા! એને તો હજી સારું છે કે પુષ્કળ પૈસા મળે, યશ-કીર્તિ મળે, અને એ રોલ ભજવવામાં ય દુઃખ ન અનુભવાય...

પણ એવું અહીં નથી.

જીવ આવા એક્ટર જેવો છે,

કર્મસત્તા છે ડાયરેક્ટર!

ક્યારેક બિચારો જીવ દેવ બનીને દૈવીસુખો અને ઈર્ષ્યાદિ દુઃખો ભોગવે.

ક્યારેક બિચારો જીવ નારકી બનીને એકપણ મરણ વિના અસંખ્ય મરણો જેવી વેદના પામે.

ક્યારેક બિચારો જીવ વિષ્ટાનો કીડો બને, વિષ્ટામાં જ જન્મે, ખદબદ થાય, છેલ્લે મરે, ભૂંડના પેટમાં!

ક્યારેક વળી બને રૂપવાન! જાહેરાતના પાટીયા પર ચડનારો! એ માટે લાખો રૂપિયા મેળવનારો!

ક્યારેક બને કદરૂપો! લોકોને તો શું, સગી માને પણ અળખામણો! ચીતરી ચડે એવો!

ક્યારેક સુખોનો ભોક્તા! નકરું સુખ, સુખ અને સુખ !

ક્યારેક દુઃખના મહાસાગરમાં ડુબેલો! શારીરિક, માનસિક હજારો સંતાપોથી ઘેરાયેલો!

***राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ ।***

***सामी दासो पुज्जो, खलो त्ति अधणो धणवइत्ति ॥ ५९ ॥***

**ગાથાર્થ :** રાજા, ભિખારી, ચંડાળ, વેદવેત્તા, સ્વામી, દાસ, પૂજ્ય, દૂર્જન, નિર્ધન, ધનવાન... (આ પ્રમાણે જીવ પરાવર્તન પામે છે.)

**ભાવાર્થ :** વિશ્વ જેના નામથી કંપે, એવો મહા ભડવીર, પરાક્રમી, ઘાતકી **નેપોલિયન** જેવો રાજા બને છે, ક્યારેક !

મંદીરની બહાર પગથિયા પર ફાટેલા કપડે બેસીને, કપાયેલા હાથ-પગવાળો ભીખ માંગતો ભિખારી બને છે, ક્યારેક !

પશુઓને કાપનારો, રાજાના આદેશ પ્રમાણે ગુન્હેગારોને ફાંસી કે મસ્તકકાપની સજા કરનારો ચંડાલ બને છે, ક્યારેક !

યજ્ઞો કરાવતો, પૂજા-પાઠ કરાવતો, ગામડે-ગામડે જ્ઞાનપ્રચાર કરતો તત્ત્વવેતા બ્રાહ્મણ બને છે, ક્યારેક!

સેંકડો નોકરોની સલામ, સેવા, ભક્તિને ભોગવતો શેઠીયો બને છે, ક્યારેક !

એવા કોઈક શેઠની પગચંપીથી માંડીને હલકામાં હલકા કામ કરનારો દાસ બને છે ક્યારેક!

જેના પગમાં જોડા પહેરાવવામાં ય લોકો જાતને ધન્ય માને, એવો પુષ્પાદિની પૂજા પામતો પૂજ્ય બને છે, ક્યારેક!

ગાળો, પથરાઓ, જોડાઓનો માર ખાનારો, બધેથી કુતરાની માફક હડધૂત કરતો પાજી બને છે, ક્યારેક!

એક ટંકમાં જ એક-બે ચીજ ખાઈ લઈને શરીર ટકાવવાની મહેનત કરતો ગરીબ બને છે, ક્યારેક !

***न वि इत्थ कोइ नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।***

***अन्नुन्नरूववेसो, नडु व्व परिअत्तए जीवो ॥ ६० ॥***

**ગાથાર્થ :** અહીં કોઈ નિયમ નથી. અહીં તો જીવ પોતાના કર્મોની પ્રકૃતિ વગેરેની રચનાને સમાન ચેષ્ટા વાળો બનીને નટની જેમ અલગ અલગ આકારના રૂપવાળો બનીને પરાવર્તન પામ્યા કરે છે.

**ભાવાર્થ :** આનો અર્થ એ જ છે કે જીવ ગમે તે આકાર ધારણ કરી શકે છે. એટલે એવું જે માનવામાં આવે છે કે પુરુષ મરીને પુરુષ જ થાય. તિર્યંચ મરીને તિર્યંચ જ થાય... એ બધું ખોટું સમજવું. આવો કોઈપણ નિયમ છે જ નહિ.

**પ્રશ્ન :** નિયમ જો ન હોય, તો અમુક જીવ મરીને દેવ જ થાય, અમુક તિર્યંચ જ થાય... આ બધો નિર્ણય કોણ કરે ? કંઈપણ કાર્ય પાછળ કંઈક કારણ તો હોવું જ જોઈએ ને ? કાં તો બધા દેવ જ કેમ ન બને ? અથવા બધા નારક જ કેમ ન બને ?

એના કરતા અમે માનેલો નિયમ બરાબર છે કે જે જે હોય, તે તે બને...

**ઉત્તર :** ના. જીવ શું બને ? એનો નિર્ણય જાણે-અજાણે એ પોતે જ કરે છે.

**પ્રશ્ન :** શું વાત કરો છો ? એ જીવ ક્યાં ભગવાન છે કે...

**ઉત્તર :** પોતાની જાત માટેનો તો પોતે ભગવાન જ છે, એમ સમજી લો.

જીવ આ ભવમાં જેવી મન-વચન-કાયાદિની પ્રવૃત્તિ કરે, તેવા પ્રકારનું કર્મ બાંધે. સારી પ્રવૃત્તિ હોય, તો સારી ગતિના કર્મો! ખરાબ પ્રવૃત્તિ હોય, તો ખરાબ ગતિના કર્મો!

હવે એ કર્મો જેવા પ્રકારના બંધાયેલા હોય, તેના ઉદય વખતે એવા પ્રકારના જ ફળો જીવને પ્રાપ્ત થાય.

જો નારકના કર્મો બાંધ્યા હોય, તો નારક થાય...

જો પતંગીયાના બાંધ્યા હોય, તો પતંગીયો...

આમ આવતા ભવમાં એણે ક્યો રોલ ભજવવાનો છે, એ જીવ સ્વયં જ આ ભવમાં નક્કી કરી લે છે.

આજે જેમ એક્ટર પૂછે કે 'મારે ક્યો રોલ ભજવવાનો...' અને પછી એને ગમે, તો હા પાડે અને રોલ ભજવે.

આવું કંઈક અહીં થાય. ભલે જીવને સીધી ખબર નથી કે મારી આ પ્રવૃત્તિના કારણે મારા માથે આ રોલ આવવાનો છે. પણ એ પ્રવૃત્તિ જીવ પોતે જ કરે છે. એનાથી પરભવનો નિર્ણય થાય છે..

બસ, પછી તો નવા નવા આકારો ધારણ કરતો જાય, આ જીવ!

અને નટડાની જેમ અવનવા ખેલ કરતો જાય આ જીવ!

***'હું તો નટડો થઈને કેવા નાટક નાચ્યો હો જિનવરિયા!'*** એ સરસ મઝાની સજ્ઝાય કંઠસ્થ કરીને ઘુંટશો, તો વૈરાગ્યભાવ મજબુત બનશે.

***नरएसु वेअणाओ अणोवमाओ असायबहुलाओ ।***

***रे जीव! तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ॥ ६१ ॥***

**ગાથાર્થ :** ઓ જીવ! નરકમાં તે અનેક પ્રકારની વેદનાઓ અનંતવાર પ્રાપ્ત કરી છે. જે અશાતાથી ભરેલી હતી, જે ઉપમા ન આપી શકાય તેવી હતી.

**ભાવાર્થ :** શાસ્ત્રમાં આ પ્રમાણે પાઠ આવે છે.

***પ્રશ્ન :*** *હે ભગવાન! નારકીઓ કેટલા પ્રકારની વેદનાઓને અનુભવતા હોય છે ?*

***ઉત્તર : ગૌતમ!*** *દસ પ્રકારની!*

***(૧) શીત :*** *પોષ-મહામાસમાં અડધી રાત્રે બરફના વરસાદની વચ્ચે હિમાલય ઉપર એને ખુલ્લા શરીરે સુવાડવામાં આવે, તો એને એમ લાગે કે 'મને સારો ગરમાટો મળ્યો. હાશ!' એટલી ભયંકર ઠંડી નારકમાં બિચારાઓ અનુભવે.*

***(૨) ઉષ્ણ :*** *જેઠ માસમાં ભર બપોરે બે વાગે કચ્છના મોટા રણમાં વચ્ચોવચ સૂરજની નીચે ખુલ્લા શરીરે એને સુવાડવામાં આવે, તો એને એમ લાગે કે 'હાશ! અહીં ઘણી ઠંડક છે...' એટલી ભયંકર ગરમી નારકી જીવો અનુભવે.*

*(૩) **ભૂખ :** આખા જગતના ઘી વગેરે તમામ પુદ્ગલો ખાઈ જાય, તો પણ એમની ભૂખ શાંત ન થાય.*

*(૪) **તરસ :** આખા જગતનું બધું પાણી પી લે, તો પણ એમની તરસ શાંત ન થાય.*

*(૫) **ખણજ :** છરીથી ખણે, ઉઝરડા પડે, ચામડી ઉખેડી નાંખે... તો પણ ખજવાળ ચાલુ ને ચાલુ!*

*(૬) **પરાધીનતા :** પરમાધામીઓને, ત્યાંના ક્ષેત્રને, પોતાના પાપકર્મોને સંપૂર્ણ પરાધીન! ધારેલું કશું કરી જ ન શકે. જે ધારે, તે ઉંધુ પડે.*

*(૭) **તાવ :** અહીંના ઉત્કૃષ્ટ તાવ કરતા અનંતગુણો તાવ!*

*(૮) **ભય :** આવનારા પરમાધામી વગેરેના દુઃખોને વિભંગજ્ઞાનથી જાણી લઈને સતત ભયમાં જીવે... મુસ્લિમો કોઈક હિન્દુને દોરડાથી બાંધી દઈને છરાઓ, આગ લઈને એની સામે દોડ્યા આવતા હોય, તે વખતે એ હિન્દુનો ભય કેવો હોય ? એના કરતા અનંતગણો ભય!*

*(૯) **શોક :** અકસ્માતાદિમાં લાડીલા બે દીકરાઓ, પતિ, દીકરી, પુત્રવધુ, પૌત્રો, પૌત્રીઓ... બધા એક સાથે મોત પામે, એ વખતે એ ચાલીસ આસપાસની ઉંમરવાળા કુટુંબપ્રેમી બહેનનો શોક કેવો હોય ? એના કરતા અનંતગણો શોક!*

*(૧૦) **દાહ :** હર્પિસ્ના રોગવાળાને આખા શરીરમાં કેવો દાહ હોય... ઠંડક માટેના કેવા કેવા ઉપચારો સતત એણે કરવા પડે... એના કરતા અનંતગણો દાહ!*

*આ દસ વેદનાઓ નારકના જીવોને હોય છે.*

આપણે અહીંની વેદનાઓના દૃષ્ટાન્ત આપીને એ વેદનાઓને સરખાવવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ ખરેખર તો બિંદુના દૃષ્ટાન્તથી સિન્ધુને સરખાવવા જેવું છે. આને માટે કોઈક ઉપમા આપી શકાય એમ જ નથી. પણ બાલજીવોને સમજાવવા માટે કંઈક તો બતાવવું પડે ને ? એટલે અહીંના લોકોને જે દુઃખ સૌથી મોટામાં મોટું લાગેલું હોય, એની સાથે એ નરક દુઃખોની સરખામણી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એટલે જ 'એના કરતાય અનંતગણી...' એમ શબ્દો વાપરીને સંતોષ માનવામાં આવ્યો છે.

**પ્રશ્ન :** બીજુ બધું તો બરાબર! પણ શીત-ઉષ્ણ બે પીડા એક સાથે શી રીતે હોઈ શકે ? બંને વિરોધી છે.

**ઉત્તર :** શાબાશ. તારી વાત સાચી છે.

પહેલી બીજી નારકમાં સંપૂર્ણ ઉષ્ણવેદના છે,

ત્રીજીમાં અમુક સુધી ઉષ્ણ છે... એ પછી બધે જ શીતવેદના છે.

એટલે એક જીવને બંને ભેગી ન હોય, પણ અહીં તો બધા જ જીવોની ભેગી વાત કરવાની છે ને ? એટલે બંને વેદના દર્શાવવામાં આવી છે.

હા! બાકીની વેદનાઓ તો દરેકે દરેક જીવને હોય જ, સતત હોય જ.

**પ્રશ્ન :** પણ આખા વિશ્વના તમામ પુદ્ગુલો ખાઈ લે, તો પણ ભૂખ શાંત ન થાય... એવું સંભવી શકે ખરું ? આ તો સાવ તુચ્છ વાત લાગે છે.

**ઉત્તર :** કોઈપણ નારકી બધા પુદ્ગલો ખાઈ શકવાનો જ નથી, પણ ધારો કે ખાય તો પણ ભૂખ ન શમે એ વાત પાક્કી!

એનું કારણ શું ? એ વિચારીએ.

એમનું ક્ષુધાવેદનીય કર્મ જ એવું તીવ્રતમ છે, કે ગમે એટલું ખાવા છતાં પણ ભૂખ ન શમે, ન શમે, ન જ શમે.

તમે ગરમપ્રદેશમાં અગ્નિ પેટાવો, કે હિમાલયમાં અગ્નિ પેટાવો, અગ્નિ તો ગરમ જ રહેવાનો. અગ્નિમાં બરફ નાંખશો, તો પણ અગ્નિનો પોતાનો સ્પર્શ ઠંડો નથી થવાનો. અરે, એનો ગરમસ્પર્શ ઓછો પણ નથી થવાનો. કારણકે ગરમસ્પર્શ એનો સ્વભાવ જ છે.

એમ નારકીના જીવોને ખોરાક મળે કે ન મળે, પાણી મળે કે ન મળે... એમને સતત ભૂખ, સતત તરસ ચાલુ જ રહેવાની. એ ઘટવાની નહિ, અટકવાની નહિ.

**પ્રશ્ન :** પણ અહીં જો ૮ ડીગ્રી તાવમાં માણસ મરી જતો હોય, તો ત્યાં એના કરતા અનંતગણી વેદનામાં તો એ જીવો મરી જ જવા જોઈએ ને ?

**ઉત્તર :** નથી મરતા, એમનું નિકાચિત-અનપવર્તનીય આયુષ્ય એમના માટે શ્રાપરૂપ બની રહે છે. મરવું-મારવું એમના કે પરમાધામીના હાથમાં છે જ નહિ. એ હવે માત્ર કાળના હાથમાં છે. આયુષ્યનો કાળ પૂરો થાય ત્યાં સુધી એમણે સહન કર્યા જ કરવાનું... વેદના વધે-ઘટે-સ્થિર રહે... ગમે તે થાય મરવાનું નહિ.

**પ્રશ્ન :** વેદનાઓ સહન કરે, તો બધા પાપકર્મો ખપી જાય ને ?

**ઉત્તર :** જુના બાંધેલા ખપે, પણ સહન કરતી વખતે જો આર્તધ્યાન કરે, રૌદ્રધ્યાનમાં પડે... તો વળી નવા પાપકર્મો બંધાય. એટલે દુર્ગતિની પરંપરા ચાલુ જ રહે.

હા! જો સાચી સમજણ પામીને સમ્યક્ભાવે સહન કરે. તો નવા પાપ ન બાંધે, જૂના પણ મોટા પ્રમાણમાં ખપાવે... જૂનું દેવું ચૂક્તે થાય, નવું દેવું ઉભું ન થાય. તો છેવટે સદ્ગતિની પરંપરાને પ્રાપ્ત કરનારા બને.

આ પદાર્થોને ગપ્પા ન માનશો.

સર્વજ્ઞ મહારાજાઓએ ભાખેલા પદાર્થો ગપ્પા ન હોઈ શકે.

શ્રદ્ધા કરશું, તો વૈરાગ્યવાસિત બની, પાપોથી અટકી વહેલી મુક્તિ પામશું !

***देवत्ते मणुअत्ते पराभिओगत्तणं उवगएणं ।***

***भीसणदुहं बहुविहं अणंतखुत्तो समणुभूअं ॥६२॥***

**ગાથાર્થ :** દેવપણામાં અને મનુષ્યપણામાં બીજાના નોકરપણાને પામેલા તેં અનેક પ્રકારનું ભયંકર દુઃખ અનંતીવાર અનુભવ્યું છે.

**ભાવાર્થ :** આત્મન ! તને કદાચ એમ લાગતું હોય કે 'નારક અને તિર્યંચ ગતિમાં ભલે દુઃખ હોય, પણ મનુષ્ય અને દેવગતિમાં તો શાંતિ છે ને ? તો હું થોડો થોડો ધર્મ કર્યા કરીશ, જેથી મારો જન્મ મનુષ્ય અને દેવગતિમાં જ થયા કરે, એટલે મારે દુઃખી થવાનો વારો ન આવે. સુખનું સુખ અને ધર્મનો ધર્મ ! એકલા પાપ કરું તો મારે પ્રશ્ન ઉભો થાય ને ? દુર્ગતિમાં જવાનો ! એકલા પાપ તો કરવા નથી, પછી ક્યાં વાંધો ?'

તો આત્મન ! સમજી લેજે...

પહેલી તો વાત જ એ કે આવી માન્યતાવાળાને લાંબા કાળ સુધી સદ્ગતિ મળતી જ રહે, એ શક્ય જ નથી. એ જે થોડો ઘણો પણ ધર્મ કરે, તે એને પુણ્ય ભલે બંધાવે, પણ અંદરની આ ભોગલાલસાઓની તીવ્રતા એને પાપાનુબંધી પુણ્ય બંધાવે. એટલે જ એક-બે ભવો સદ્ગતિ (!) મળ્યા બાદ તો લાંબા સમય સુધી પાછી દુર્ગતિઓ જ પ્રાપ્ત થાય.

છતાં

એકવાર તને એ પણ બતાવી દઉં કે 'મનુષ્ય અને દેવગતિમાં સુખ છે' એમ તું જે માને છે, એ પણ તારી મોટી ભ્રમણા છે.

મનુષ્યપણામાં રોગાદિ દુઃખો તો પ્રત્યક્ષ દેખાય જ છે, એટલે એની ચર્ચા નથી કરતો, પણ આ બંને કહેવાતી સારી ગતિઓમાં મોટામાં મોટું દુઃખ છે પરાભિયોગત્વ !

**પ્રશ્ન :** પરાભિયોગત્વ એટલે શું ?

**ઉત્તર :** પરાધીનતા - પરતંત્રતા - ગુલામી...

જો પેલા લાખો ભંગીઓને ! જેઓ બિચારા ગંદામાં ગંદી ચીજ વિષ્ટાને ઉપાડવાનું - નાંખવાનું - ચુંથવાનું કામ કરે છે... પૈસાને માટે સરકારને - શેઠને પરાધીન છે, માટે જ ને ?

જો પેલા મુંબઈના લાખો લોકોને ! રોજ સવારે પાંચથી માંડીને રાત્રે દસ વાગ્યા સુધી પશુ કરતા પણ બદતર જીંદગી જીવી રહેલા, રોજ ચાર-ચાર કલાક ટ્રેનની ઉભા-ઉભા મુસાફરી કરનારા, ભીડમાં-ગરમીમાં રીબાતા-પીસાતા...

પૈસાને માટે તે તે કંપનીઓમાં, ઓફિસોમાં નોકર બનીને રહ્યા છે, માટે જ ને ? એમને પરિવારનું સુખ શું ? એમને ખાવા-પીવા-હરવા-ફરવાના સુખ શું ? માત્ર ને માત્ર બિન્દુ જેટલા સુખને માટે સિન્ધુ જેટલા દુઃખોમાં ડુબતા બિચારા એ જીવોને એ ય ભાન નથી આવતું કે 'અમે ખરેખર દુઃખી છીએ, સુખી નહિ, સુખનો રસ્તો હોવા છતાં પણ અમે દુઃખમાં જ ગરકાવ છીએ.'

મનુષ્યોની અંદરની દુનિયામાં તું નજર તો કર... અરે, જે કરોડો-અબજોપતિઓ છે, તેઓ પણ પોતાની સંપત્તિ ટકાવવા અને વધારવા માટે સરકારના ગુલામ છે, વ્યસનોના ગુલામ છે, કોઈક સ્ત્રીના ગુલામ છે... સ્વતંત્રતાનો શ્રેષ્ઠ દેખાવ કરનારા તેઓ પાસે પરતન્ત્રતા વિના, ગુલામી વિના કશું બાકી બચ્યું નથી.

આજે વિશ્વમાં રોજ હજારોની સંખ્યામાં આત્મહત્યા થાય છે, (ખૂન નહિ, મૃત્યુ નહિ... પણ આત્મહત્યા !) પૈસાની તંગીમાં, લેણદારોની દાદાગીરીમાં, પરિવારને પોષી શકવાની શક્તિના અભાવમાં, ચારેબાજુ અસહાયતાના દર્શનમાં છેવટે એ હજારો લોકોને એક જ રસ્તો સૂઝે છે, મરી જવાનો ! જે માનવભવને તું શ્રેષ્ઠ માને છે, તું સારો માને છે, એ

જ માનવભવને હજારો લોકો રોજેરોજ સામે ચાલીને છોડી દેવાનો સફળ પ્રયત્ન કરે છે... તો શું તને એમ લાગે છે કે આ મનુષ્યભવમાં કંઈક સ્વાદ હોઈ શકે ?

તને એક વાત કરું. આખા વિશ્વમાં દુઃખને કારણે રોનારા માણસો એટલા બધા છે કે એમના આંસુઓ જો ભેગા કરવામાં આવે ને, તો કદાચ રોજેરોજની ડોલો ભરાય... આવા માનવભવને તું શું કરીશ ?

આ જ હાલત દેવોની છે...

ભલે દેવોમાં આમ તને સુખ સુખ લાગે, પરંતુ એ લોકોમાં ય પરાધીનતાના કારણે માનસિક દુઃખની સીમા નથી.

અરે, માણસોમાં તો ગરીબ ધનવાન બની શકે, અશક્ત સમર્થ બની શકે, સત્તાહીન સત્તાધીશ બની શકે... દેવોમાં તો એ ય શક્ય નથી. એને જે સંપત્તિ, જે શક્તિ, જે સત્તા મળી એ વધી શકતી નથી. એટલે જ પોતાના કરતા વધુ સંપત્તિમાન દેવોની સામે એણે કાયમ નીચું મોઢું રાખવું જ પડે, દીનતાનો અનુભવ કરવો જ પડે...

એટલે જ પોતાના કરતા વધુ શક્તિમાન દેવોના કડવા-મશ્કરી ભરેલા - ઉતારી પાડનારા શબ્દો એણે સાંભળવા પડે, સહેવા પડે, મન બળવો કરે... છતાં સહન કરવા પડે.

ગુંડાઓ પતિને બાંધી દઈને એની પત્ની ઉપર બળજબરી ગુજારે, એ વખતે પતિની હાલત કેવી ? શું કરી શકે બિચારો ?

બિચારા આ દેવોની પત્નીઓનો ઉપભોગ વધુ શક્તિમાન દેવો કરે, ત્યારે આ ઓછી શક્તિવાળાઓ માનસિક ત્રાસ અસહ્ય થવા છતાં માત્ર જોયા કરે, ખુન્નસ ઘુંટ્યા કરે, 'મારી નાંખુ...' એવા રૌદ્રધ્યાનમાં રીબાયા કરે...

ઘણા બધા લોકોની વચ્ચે કોઈક આપણને ઉતારી પાડે, ત્યારે સ્વમાન ઘવાઈ જવાથી કેવી પીડા થાય ?... એવું તો એ બિચારા દેવોને વારંવાર થાય... પોતાની દેવીઓની સામે જ શક્તિમાન દેવો એની મશ્કરી કરે, ખખડાવે, દબડાવે... બિચારો દેવ સમસમીને સહન કર્યા કરે.

એ જ હાલત દેવીઓની...

ગમે ત્યારે ગમે તેનો ભોગ બની જવા તૈયાર રહેવાનું... ન ગમે કે ગમે... બસ, કોઈકના વિકારોની આગમાં પતંગીયાની જેમ સળગી જઈને રાખ બનવા માટે તૈયાર રહેવાનું... આવું આખી જીંદગીમાં કરોડો વાર રાખ થવા છતાં ય પાછા જીવતા તો રહેવાનું જ...

આત્મન !

અપેક્ષા ન રાખતો આ બે દુનિયાની !

જ્યાં આત્માના દોષો પડ્યા છે, ત્યાં દુઃખ જ દુઃખ છે...

જ્યાં આત્મા ગુણવાન બની ગયો, ત્યાં સર્વત્ર સુખ જ સુખ છે...

**સાર :**

દોષવાન માટે તમામ ગતિઓમાં દુઃખ, દુઃખ, દુઃખ !

ગુણવાન માટે તમામ ગતિઓમાં સુખ, સુખ, સુખ !

દોષો એ જ દુઃખ ! ગુણો એ જ સુખ !

આ સૂત્રનો અનુભવ કરી લે.

***तिरियगइं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा !***
***जम्मणमरणऽरहट्टे अणंतखुत्तो परिब्भमिओ ॥६३॥***

**ગાથાર્થ :** તું તિર્યંચગતિને પામ્યો, ત્યાં અનેક પ્રકારની ભયાનક મોટી વેદનાઓ તેં ભોગવી. જન્મ અને મરણ રૂપ અરહટ્ટયન્ત્રમાં તું અનંતવાર ભમ્યો.

**ભાવાર્થ :** નારકની દુનિયાના દુઃખો પ્રત્યક્ષ નથી, માત્ર શ્રવણથી અનુમાન કરી શકાય છે. દેવો અને મનુષ્યોના દુઃખો આમ પ્રત્યક્ષ થાય, તો પણ એમાં એટલી બધી તીવ્રતા ન દેખાય. મોટાભાગે એ દુઃખો તો જાતે જ અનુભવવાથી એની ભયાનકતા સમજાય.

જ્યારે તિર્યંચના દુઃખો પ્રત્યક્ષથી પણ અતિભયંકરકોટિના દેખાય છે, જે દુઃખો જાતે અનુભવવાની જરૂર જ નથી. માત્ર એ જોવાથી પણ આપણા મુખમાંથી ચીસ નીકળી જાય... એવા એ ભયાનક છે.

ચીનમાં તેલમાં ભજીયાની જેમ જીવતાને જીવતા સાપ તળી નાંખવામાં આવે,

હાથીઓના ચારેય પગો મોટી તલવારોથી કાપીને એના દાંત લેવામાં આવે,

આખા ને આખા વાંદાઓ મોઢામાં નાંખીને દાંતથી ચાવી-ચાવીને ખાવામાં આવે...

બીજી વાત...

દેવો અને નારકો શું ખાય ? કશું જ નહિ. એમને ઔદારિક આહાર જ નથી.

માણસો જે કંઈપણ ખાય-પીએ છે, એ બધું જ ૯૯% તિર્યંચના જીવો કે તેના મડદાઓ છે, માણસો કંઈ દેવ કે નારકને તો ખાઈ શકવાના નથી. માણસો માણસનું માંસ ખાય, એ પણ બહુ ઓછું શક્ય છે. છેવટે એમને માટે એક જ દુનિયા બાકી રહે છે, તિર્યંચની !

**પ્રશ્ન :** પણ અન્નાહારી જૈનો વગેરે તો માંસ ખાતા નથી, તો તેઓ ક્યાં તિર્યંચોનો ભોગ કરે છે ?

**ઉત્તર :** અરે, ભાગ્યશાળી ! તમે જીવવિચાર નથી ભણ્યા ? એકેન્દ્રિયો કઈ ગતિમાં ગણાય ? તિર્યંચગતિમાં જ ને ? અને આ અન્નાહારીઓ પોતાના માટે પાંચેય એકેન્દ્રિયોનું કચ્ચરઘાણ કાઢે જ છે ને ? અન્નાહારીઓના વપરાશમાં આવતી એવી એકાદ વસ્તુ તો બતાવો કે જે તિર્યંચગતિનું જીવંત કે મૃતક શરીર ન હોય ? સચિત્તત્યાગીઓ વસ્તુને અચિત્ત કહીને વાપરશે, બીજાઓ સચિત્ત વાપરશે, પણ બંનેય રીતે તિર્યંચજીવો તો મરવાના જ...

આમ તિર્યંચોને માણસો દ્વારા ભયંકર વેદનાઓ સહન કરવી જ પડવાની.

ખાણમાં સુરંગો ફોડીને પત્થરો મેળવવામાં આવે છે. ત્યાં એ પૃથ્વીજીવોને કેવી પીડા થતી હશે ? આપણા શરીર પર ટાઈમબોમ્બ બાંધીને કોઈ ફોડે, તો એની પીડા આપણને કેટલી થાય ? તો એ પત્થરના જીવોની હાલત શું ?

આપણા શરીર ઉપર એસીડ પડે તો ? તો એ જ રીતે પાણી ઉપર સાબુ-શેમ્પુ ઘસવામાં આવે, ત્યારે એ જીવોને કેવી પીડા થતી હશે ?

આપણા ગળાને કોઈક તલવારના એક ઝાટકે કાપી નાંખે તો ? તો પંખા રૂપી તલવાર દ્વારા કપાતા અસંખ્ય વાયુજીવોને કેવી અને કેટલી પીડા ?

આપણા શરીરના કોઈ નાના નાના ટુકડા કરે તો ? તો શાકભાજી કે ફળોને સમારવામાં એ જીવોની શી હાલત થાય ?

બીજી વાત...

તિર્યંચો પણ ખોરાક તરીકે કોનો ઉપયોગ કરે ? તિર્યંચોનો જ ને ? શાકાહારી ગણાતા ગાય વગેરે પશુઓ વનસ્પતિ રૂપી તિર્યંચને ચાવી ખાશે ને ? તો માંસાહારી પશુઓ તો નબળા પશુઓને મારી મારીને જ જીવનનિર્વાહ કરવાના... એ સ્પષ્ટ વાત છે. જોઈ લો નદીની, સરોવરોની, દરિયાની દુનિયાને ! જોઈ લો જંગલોની દુનિયાને...

આ બધું વિચારતા લાગે કે બિચારા તિર્યંચો ખરેખર ભયાનક મોટી વેદનાઓ ભોગવે છે.

અને એ ય પાછું એક ભવ નહિ, અનંતા ભવો ! એકાદવાર મરીને છૂટકારો થતો હોત, તો તો સમજ્યા... પણ એ ત્યાં શક્ય નથી, દુઃશક્ય છે.

તિર્યંચની દુનિયા એટલે ચક્રવ્યૂહ જ સમજી લો. અભિમન્યુ જેવા અનંત આત્માઓ આમાં પ્રવેશ તો સહેલાઈથી કરી શકે, પણ અંદર ગયા બાદ એમાંથી પાછા નીકળવું એમના માટે લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ બની રહે.

***जावंति के वि दुक्खा, सारीरा माणसा व संसारे ।***
***पत्तो अणंतखुत्तो जीवो संसारकंतारे ॥६४॥***

**ગાથાર્થ :** સંસારમાં જેટલા પણ, જે કોઈપણ શારીરિક અને માનસિક દુઃખો છે, તે તમામ દુઃખોને સંસારરૂપી જંગલમાં જીવ અનંતીવાર પામ્યો છે.

**ભાવાર્થ :** જીવ જ્યાં સુધી ચરમાવર્તમાં ન આવે, ત્યાં સુધી આધ્યાત્મિક સુખ તો એના માટે સ્વપ્નસમાન જ છે. એટલે ત્યાં સુધી એને સતત આધ્યાત્મિક દુઃખ તો હોય જ છે. પરંતુ શરીર અને મનના સુખ પુણ્યાધીન છે, દુઃખ પાપાધીન છે... એટલે અચરમાવર્તકાળમાં એ સુખ અને દુઃખની સાઈકલ ચાલ્યા જ કરે.

પણ એમાં એક વાત નક્કી કે કોઈપણ અચરમાવર્તી એવો ન મળે કે જેને શારીરિક-માનસિક સુખો જ વધારે મળ્યા હોય. અને દુઃખો મળ્યા જ ન હોય, કે ઓછા મળ્યા હોય.

ગાથામાં સ્પષ્ટ કહે છે કે 'એવું એકપણ દુઃખ નથી, કે જે દુઃખ જીવે અનંતીવાર પ્રાપ્ત ન કર્યુ હોય.'

અચરમાવર્તમાં જીવને પાપનો બંધ, અનુબંધ ઘણો જ રહેવાનો, પરિણામે એને સતત દુઃખ, દુઃખ, દુઃખ જ મળ્યા કરવાનું. માટે દરેક દુઃખની પ્રાપ્તિ અનંતીવાર થાય, એમાં આશ્ચર્ય નથી.

**પ્રશ્ન :** બધા જ જીવ માટે આ સમજવું ?

**ઉત્તર :** ના. **મરુદેવામાતા**એ નિગોદ સિવાયના દુઃખો ક્યાં અનુભવ્યા છે ? એ તો એકપણ વાર નરકાદિમાં ગયા જ નથી.

એ જ રીતે જેઓ અનાદિ નિગોદમાંથી સંખ્યાત-અસંખ્યાત કાળ પૂર્વે જ નીકળ્યા હોય, એમને પણ અનંતવાર બધી વેદનાઓનો સંભવ નથી.

આ તો જે જીવો અનંતાનંતકાળથી વ્યવહારરાશિમાં આવી ચૂકેલા છે, તે જીવો માટે જ આ હકીકત જાણવી.

***तण्हा अणंतखुत्तो संसारे तारिसी तुमं आसी ।***

***जं पसमेउं सव्वोदहीणमुदयं न तीरिज्जा ॥६५॥***

**ગાથાર્થ :** સંસારમાં અનંતવાર તને એવા પ્રકારની તરસ હતી કે જેને શમાવવાને માટે તમામ સમુદ્રોનું પાણી પણ સમર્થ ન બને.

**ભાવાર્થ :** એક ગામથી બીજા ગામ જતો એક માણસ રસ્તામાં તરસ્યો થયો, પાણી ન પીવાથી ખૂબ પીડા પામ્યો. પણ એને પાણી ક્યાંય ન મળ્યું. થાકીને એક ઝાડની નીચે આરામ કરવા માટે લાંબો પડ્યો, અને એમાં જ એને ઉંઘ આવી ગઈ.

તૃષા સાથે ઉંઘેલો હોવાથી એને પાણીના સ્વપ્ન ચાલુ થયા. વિરાટ દરિયા પાસે એ પહોંચ્યો. આખો દરિયો પી લીધો, પણ તરસ ન મટી... પછી નદીઓ, તળાવો, કુવાઓ... બધાના પાણી પીવા છતાં પણ તરસ મટી નહિ.

અંતે એક ખાબોચિયા પાસે આવ્યો, કાદવ-કીચડવાળું એ સ્થાન ! મરેલા પશુઓની ચરબીઓની દુર્ગંધથી ભરેલું એ સ્થાન !

એણે નાક બંધ કરી, હાથમાં એ કાદવ-કીચડ-ચરબીનો લોંદો લઈને, એને નિચોવીને એમાંથી પાણીના ટીપા કાઢી કાઢીને પીવાનો પ્રયત્ન કર્યો.

**ભગવાન આદિનાથે** ૯૮ દીકરાઓને આ નાનકડી ઘટના કહીને પ્રશ્ન કર્યો કે ‘એ માણસની તરસ આ પાણી પીવાથી શાંત થાય ખરી ?’

બોલ્યા દીકરાઓ ‘ના પ્રભુ ! દરિયા, નદી... ના પાણી પીને પણ જો તરસ શાંત ન થઈ, તો આવા પાણીથી તો શી રીતે શાંત થાય ?’

‘તો સાંભળો ! અનંતકાળમાં તમે અનંતાનંતવાર રાજ્યાદિ સુખો મેળવી લીધા છે, હવે આ ભવમાં ફરી એકવાર એ તમને મળે, એનાથી શું તમારી તૃષ્ણા શાંત થશે ? તમને શાંતિ મળશે ?’

‘ના પ્રભુ !’

‘તો શા માટે એની અપેક્ષા રાખો છો ?’

અને પ્રભુના ઉપદેશને પામીને ૯૮ એ દીક્ષા લીધી...

આ ગાથામાં આવી જ કોઈક વાત છે ને ?

અનંતવાર તને એવી તરસ લાગી છે, તે આખા વિશ્વનું પાણી પણ પી લીધું છે પણ, એ તરસ મીટાવી ન શક્યું...

નરકાદિમાં ક્ષેત્રાદિપ્રભાવે આ બધી વેદનાઓ કાયમ હોય છે અને દૃઢ હોય છે, એમાં ગમે એટલું પાણી વાપરે, તો પણ શાંતિ ન જ મળે...

***आसी अणंतखुत्तो संसारे ते छुहा वि तारिसिया ।***

***जं पसमेउं सव्वो, पुग्गलकाओ वि न तीरिज्जा ॥६६॥***

**ગાથાર્થ :** સંસારમાં તને તેવા પ્રકારની ભૂખ પણ અનંતવાર લાગી છે, કે જેને શાંત કરવાને માટે બધો પુદ્ગલકાય પણ સમર્થ ન બને.

**ભાવાર્થ :** બીજા બધા ભવોની વાત તો પછી કરીએ, પણ માત્ર આ ભવની વિચારણા કરીએ... દરેક જણ પોતપોતાના માટે વિચાર કરે, હું મારા માટે વિચાર કરું.

મારી ઉંમર કેટલી ? ૪૬ વર્ષ !

સંસારમાં રોજનો ખોરાક કેટલો ?

સવારે ૩-૪ ખાખરા, બપોરે ૩-૪ રોટલી, સાંજે ૩-૪ ભાખરી-પરોઠા... વધારાનો નાસ્તો વગેરે તો અલગ...

શાક-ભાત-નાસ્તો વગેરે બધો અલગ અલગ ગણવો નહિ ફાવે, એટલે એ બધો જ ખોરાક રોટલી રૂપે ફેરવી નાંખીએ, એટલે કે અમુક પ્રમાણમાં શાક એ અમુક સંખ્યાની રોટલી... આ રીતે કરતા સામાન્યથી એમ કહી શકાય કે દિવસની ઓછામાં ઓછી ૨૦ રોટલી જેટલો ખોરાક તો થયો જ હશે. (દૂધ-ચા-મીઠાઈ વગેરે બધું રોટલીમાં ફેરવવાનું...)

હવે ૧ દિવસની ૨૦ રોટલી, તો ૩૬૦ દિવસની (?) ૩૬૦ x ૨૦ = ૭૨૦૦ રોટલી

આ થયો એક વર્ષનો હિસાબ...

જો ૧ વર્ષની ૭૨૦૦ રોટલી, તો ૪૬ વર્ષની (?) ૭૨૦૦ x ૪૬ = ૩૩૧૨૦૦ રોટલી

આ જીવનમાં કુલ ૩ લાખ ૩૧ હજાર ૨૦૦ રોટલી વાપરી.

નાની ઉંમરમાં ખોરાક ઓછો હોય, એમ સમજીને કુલ ૧૦ વર્ષ x ૭૨૦૦ રોટલી = ૭૨૦૦૦ રોટલી ઓછી કરો, તો ય આશરે બે લાખ ઉપર રોટલી તો વાપરી જ ને ?

છતાં હજી ભૂખ લાગે છે ને ?

છતાં હજી ખાધા વિના બેચેની લાગે છે ને ?

તો ભૂખ શાંત ક્યાં થઈ ?

**પ્રશ્ન :** જુઓ, તે તે વખતે તો ભૂખ શાંત થઈ જ હતી, અરે ! એવી શાંત થયેલી કે ત્યારે તો કોઈ જરાક વધારે ખાવા આપે, તો પણ ન ખાઈ શકાય. પણ સમય જતા પાછી ભૂખ લાગે, એટલે ભૂખ શાંત જ ન થાય, એવું તો બન્યું નથી.

**ઉત્તર :** જુઓ, ઉપર જે દૃષ્ટાન્ત આપ્યું, એ તો એ દર્શાવવા માટે કે મનુષ્યાદિભવોમાં જે ભૂખની શાંતિ થાય છે. તે ક્ષણિક છે, એ કાયમી નથી. આવી ભૂખશાંતિને શાંતિ જ ન કહેવાય.

હા ! નરકમાં જે ભૂખ લાગે, તે આવી જ હોય કે એમાં તો તત્કાળ પણ ભૂખની શાંતિ નહિ જ. તમે ગમે એટલું ખાઓ, પણ એ ભૂખ ક્યારેય ન જ મટે.

નદી હજી પાણીથી તૃપ્ત થાય.

દરિયો કદી પાણીથી તૃપ્ત થતો જોયો છે ખરો ?

બસ, નારકોની ભૂખ એટલે આ દરિયો જ સમજી લો ને...

***काउणमणेगाइं जम्मणमरणपरिअट्टणसयाइं ।***

***दुक्खेण माणुसत्तं जइ लहइ जहिच्छियं जीवो ॥६७॥***

**ગાથાર્થ :** અનેક સેંકડોવાર જન્મ-મરણના પરિવર્તનને કરીને જીવ જો મનુષ્યપણાને પામે, તો પણ દુઃખેથી પોતાની ઈચ્છા પ્રમાણેના મનુષ્યપણાને પામે.

**ભાવાર્થ : ઉપદેશરહસ્ય**ની બીજી ગાથામાં કહ્યું છે કે ***"लद्धुण माणुसत्तं सुदुलहं..."*** વૃત્તિમાં **મહોપાધ્યાયજી**એ અર્થ કર્યો છે કે,

***मनुजत्वं = धर्मश्रवणादिसामग्र्युपहितं नरभवम्***

*માત્ર મનુષ્યભવ નહિ, પણ ધર્મશ્રવણ, શ્રદ્ધા, સંયમમાં ઉલ્લાસ આ બધી મોક્ષસામગ્રીથી યુક્ત એવો મનુષ્યભવ...*

પ્રસ્તુત ગાથામાં પણ ***"जहिच्छियं"*** શબ્દ એ ***"माणुसत्तं"*** શબ્દનું વિશેષણ મુકેલ છે, તે આ જ સુચવવા માટે કે માત્ર મનુષ્યભવ તો હજી કદાચ મળી જાય, પણ જેમાં ધર્મનું શ્રવણ મળે, જેમાં પ્રભુવચનાદિ પર શ્રદ્ધા જાગે, જેમાં વિરતિપાલનનો ઉલ્લાસ જાગે... આ બધું મળે, એવો મનુષ્યભવ જ ઈચ્છનીય છે.

અને આવો માનવભવ દુર્લભ છે.

**ઉપદેશ રહસ્ય**ની ટીકામાં ***"सुदुल्लहं"*** શબ્દનો અર્થ કરવામાં એ જ વસ્તુ બતાવી છે કે,

*"જીવો અજ્ઞાનથી જો મનુષ્યભવ હારે.*

*જીવો પ્રમાદથી જો મનુષ્યભવ હારે.*

*તો તેઓ અતિ લાંબાકાળ સુધી એકેન્દ્રિયાદિમાં ભટક્યા જ કરે, એ કાળ અસંખ્ય કે અનંત પણ હોઈ શકે છે, અને એ પછી શ્રેષ્ઠ માનવભવ પાછો મળે."*

આમ, દુઃખેથી કેમ મળે ? એના બે કારણો આપણને સ્પષ્ટ રીતે મળી રહે છે.

(૧) અજ્ઞાન.

(૨) પ્રમાદ.

મોટા ભાગના જીવો તો અજ્ઞાનમાં જ એવા ખુંપેલા હોય છે કે તેઓ માત્ર પાપો જ ભેગા કરીને અતિ દીર્ઘકાળ માટે વિશિષ્ટ માનવભવ ગુમાવે.

કેટલાકો એવા હોય કે અજ્ઞાન તો ન હોય, પણ પ્રમાદ પુષ્કળ હોય, તેઓ પોતાના પ્રમાદના કારણે માનવભવ હારી જાય.

**પ્રશ્ન :** બેમાંથી કયો દોષ ખરાબ ?

**ઉત્તર :** જો પશ્ચાત્તાપાદિ ન હોય, તો જ્ઞાનીનો પ્રમાદ વધુ ખરાબ દોષ ! જો પશ્ચાત્તાપાદિ હોય, તો હજી નુકસાન ન કરે, અજ્ઞાની કરતા ઓછું નુકસાન કરે.

**ઉપદેશમાલા**માં શ્લોક છે...

***सुच्चा ते जीवलोए, जिणवयणं जे नरा न जाणंति ।***
***सुच्चाण वि ते सुच्चा, जे नाउण न वि करंति ॥***

*જેઓ જિનવચનને જાણતા જ નથી, તે માણસો શોકપાત્ર છે...*

*પણ જેઓ જિનવચનને જાણીને પણ એ પ્રમાણે પ્રવૃત્તિ નથી કરતા, એ વધારે શોકપાત્ર છે.*

આ શ્લોક ઉપરથી ખ્યાલ આવે છે કે,

અજ્ઞાનીઓ દયાપાત્ર છે,

પ્રમાદીઓ વધુ દયાપાત્ર છે.

પણ એ મિથ્યાત્વી પ્રમાદીઓ લેવા, સમ્યક્ત્વી પ્રમાદીઓ નહિ.

***तं तह दुल्लहलंभं विज्जुलयाचंचलं च मणुयत्तं ।***
***धम्मंमि जो विसीयइ, सो काउरिसो, न सप्पुरिसो ॥६८॥***

**ગાથાર્થ :** આ પ્રમાણે વિજળી જેવા ચંચળ, દુર્લભ મનુષ્યપણાને પામીને જે આત્મા ધર્મમાં શિથિલ બને, તે કુપુરુષ છે, એ સત્પુરુષ નથી.

**ભાવાર્થ :** એક તો વિશિષ્ટ માનવભવ આમ પણ દુર્લભ !

એમાં વળી એ વિજળી જેવો ચંચળ !

મળ્યા પછી લાંબો સમય ટકતો હોત, તો તો હજી પણ બરાબર ! પણ એવું તો છે નહિ. આમ પણ આ કાળમાં આયુષ્ય નાનું, અને અનિશ્ચિત ! શાંતિથી જીવવા મળે, તો ય ૮૦-૯૦થી વધારે નહિ, બાકી રોગાદિનો ભોગ બન્યા, તો ગમે તે પળે ઉપડી જવાનું થાય.

**મુંબઈ એસેલવર્લ્ડ**માં ઈલેક્ટ્રીક ગાડીઓ ચલાવવાની એક રમત છે. એમાં પડાપડી ખૂબ થાય. નાની ગાડીમાં બેસવાનું, બધી ગાડી પરસ્પર અથડાય, તો પણ કોઈ નુકસાન નહિ. બધું યાંત્રિક ! ચિક્કાર ગીર્દી હોય, કલાક-કલાક સુધી લાઈનમાં ઉભા રહેવું પડે. પછી નંબર લાગે, અને એ પણ માત્ર ત્રણેક મિનિટ માટે જ ! પછી બીજાનો વારો !

એ એક કલાકની રાહ જોયા બાદ ત્રણ મિનિટ જે મળે, એ પણ એટલી બધી મોંઘી લાગે કે જ્યારે ત્રણ મિનિટ બાદ ગાડી અટકે, ત્યારે ત્રણ મિનિટની મજાના આનંદ સાથે એ મજા બંધ થઈ જવાનો ખેદ ખૂબ હોય.

ગાડીમાં બેસનારાઓ ત્રણ મિનિટનો એવો લ્હાવો લઈ લેવા માંગતા હોય છે કે એ ચાલુ થાય, કે એ જ પળથી ધડાધડ ગાડી ચલાવવામાં, સ્ટીયરીંગ ફેરવવામાં લાગી જાય.

એની સામે આ માનવભવની તુલના કરીએ તો ?

અબજો અબજો અબજો વર્ષ પછી માંડ ૬૦/૭૦ વર્ષ હાથમાં આવે,

દર કલાકે પ્રાપ્ત થતી ૩ મિનિટની કિંમત કેટલી ?

તો અસંખ્યાદિ વર્ષો પછી પ્રાપ્ત થતા ૬૦/૭૦ વર્ષની કિંમત કેટલી ?

એ વખતે એ સમજુ માણસને કેવો ઉલ્લાસ હોય ?

બસ, માનવભવ ચાલુ થાય, એટલે આરાધના કરવા લાગી જાઉં, એક મિનિટ પણ બગાડું નહિ, બધું સાધી લઉં...

આવું જ થવું જોઈએ ને ? અને છતાં જો એમ ન થતું હોય, તો સમજી જ લેવું કે એ સમજુ માણસ નથી, મુરખ છે, પાગલ છે, કુપુરુષ છે.

***माणुस्सजम्मे तडिलद्धियंमि, जिणिंदधम्मो न कओ य जेणं ।***
***तुट्टे गुणे जह धाणुक्कएणं, हत्था मलेव्वा य अवस्स तेणं ॥***

**ગાથાર્થ :** સંસાર સમુદ્રના કિનારા સમાન માનવભવ પામી ગયા બાદ જે જૈનધર્મનું આચરણ ન કરે, એણે 'ધનુર્ધારીએ જેમ ધનુષ્યની દોરી તૂટી ગયા બાદ હાથ જ ઘસવાના બાકી રહે', એમ માત્ર હાથ ઘસવાના રહે.

**ભાવાર્થ :** ગાંડીવ ધનુષ્ય છે **અર્જુન**ની પાસે !

ચડાવ્યું છે બ્રહ્માસ્ત્ર જેવું કોઈક મહાન બાણ !

કાન સુધી ખેંચી છે ધનુષ્યની દોરી !

દોરી છૂટે અને બાણ છૂટે, એટલી જ વાર, શત્રુઓ મર્યા જ સમજો...

પણ

એક વિચિત્ર ઘટના બની ગઈ...

દોરી અચાનક જ તૂટી ગઈ. હવે બાણ છોડવું શી રીતે ? શત્રુઓને મારવા શી રીતે ?

હાથમાં આવેલી બાજી ગુમાવવી પડે, શત્રુઓને મારીને જીતવાને બદલે શત્રુઓના હાથે મરીને હારવાનો પ્રસંગ ઉભો થાય.

એ વખતે કેવો અફસોસ થાય ?

એ અફસોસ વ્યક્ત કરતી એવી બે હાથ કચકચાવીને ઘસવાની ક્રિયા કેવી થાય ?

આત્મન !

તને જે માનવભવ મળ્યો છે,

એ નથી જેવો તેવો...

પાંચ ઈન્દ્રિયો-બુદ્ધિમતા-સારા નિમિત્તો વગેરે બધું જ છે.

વાચનાઓનું શ્રવણ-શાસ્ત્રોનું વાંચન... આ વગેરે પણ બધું જ છે.

તને પછી આ બધા જ પદાર્થો પર શ્રદ્ધા છે, પ્રીતિ છે, રુચિ છે...

તો અટક્યો ક્યાં ?

માત્ર એક પ્રમાદમાં, એક આળસમાં, એક કંટાળામાં...

અટવાઈ ગયો તું શરીરના સુખોમાં, શરીરના જ દુઃખોના નિવારણમાં...

ફસાઈ ગયો તું સંસારની માયાજાળમાં...

એટલે જ તું જિનાજ્ઞાઓનું પાલન કરતો નથી.

'પછી વાત, પછી ભણીશ-પછી તપ કરીશ...' આમ કાળ પસાર કરતો જ જાય છે.

પણ આવશે એક એવો દિવસ...

જેમાં આયુષ્યની દોરી તારી તૂટશે...

છેલ્લા વર્ષો, છેલ્લા મહીનાઓ, છેલ્લા દિવસો ગણાશે...

કાં તો કેન્સર.... કાં તો ડાયાબિટીસ... કાં તો B.P..... હજારોમાંથી કોઈક એકાદ જીવલેણ રોગ તને ધીમે ધીમે અજગરની માફક ગળી જતો હશે... બિચારા લોકો તારા માટે કરુણાથી બોલતા હશે કે 'હવે આ મરે, તો સારું. એનું જીવતર મૃત્યુથી ય ભૂંડુ !'

ત્યારે તને ખૂબ પશ્ચાત્તાપ હશે... 'અરે ! મેં આ ન કર્યુ, તે ન કર્યુ... મારી શક્તિ હોવા છતાં પણ એનો સદુપયોગ ન કર્યો. ઓ ભગવાન ! મેં ગંભીર ભૂલ કરી.'

પણ એ આંસુ

પણ એ પશ્ચાત્તાપ

પણ એ હાથ મસળવા દ્વારા પ્રગટ કરાતો ખેદ

શા કામનો ?

***''अब पछतावे क्या होवत है, जब चीडिया चूँग गई खेत ।''*** એ નાનકડું વચન જ ત્યાં સાચું ઠરશે.

આત્મન ! કૃપા કર. આવું ન થવા દેજે.

તારે

ખેદાશ્રુ સાથે નહિ, હર્ષાશ્રુ સાથે મરવાનું છે...

પશ્ચાત્તાપ સાથે નહિ, પરમભાવ સાથે મરવાનું છે....

હાથ મસળતા નહિ, હાથ લલાટે પંચપરમેષ્ઠિને સ્મરણમાં લાવીને, જોડીને મરવાનું છે. તો ઉભો થઈ જા....

ભૂતકાળ ભૂલી જા...

ભવ્ય ભવિષ્યને નજર સામે લાવ...

વર્તમાનને સુધારી દે...

***रे जीव ! निसुणि चंचलसहाव, मिल्ले वि णु सयल वि बज्झभाव ।***

***नवभेयपरिग्गहविविहजाल, संसारि अत्थि सहु इंदयाल ।।७०।।***

**ગાથાર્થ :** હે જીવ ! સાંભળ.... તને નવ પ્રકારનો પરિગ્રહ વગેરે જે અલગ અલગ પ્રકારનો સમૂહ મળેલ છે, તે તમામ બાહ્ય વસ્તુઓ ચંચળસ્વભાવની છે.

આખો સંસાર ઈંદ્રજાળ છે.

**ભાવાર્થ : કે.લાલ** જાદુગરને જોયો છે ? સાંભળ્યો તો હશે જ... ભલભલા ખેલ કરે.

સ્ટેજ ઉપર મોટો હાથી ઉભો હોય, અને પળવારમાં ગુમ...

પોતે સ્ટેજ પર ઉભો હોય, એક જ સેકંડ બાદ હજારોની પબ્લિક વચ્ચેથી બહાર નીકળે... સ્ટેજ પર માણસને બોક્સમાં પૂરીને બોક્સના ટુકડાઓ કરે, છેલ્લે માણસ તોય જીવતો.

આવી તો ઢગલાબંધ બાબતો !

એ હતો જૈન, એકવાર પૂ.ગુરુદેવશ્રી પાસે આવેલો, એણે કહેલું કે 'મ.સા. ! આમાં મેલી વિદ્યાનો ઉપયોગ હોય છે, લોકોની અમે નજરબંધી કરી દઈએ, પછી અમે જે બોલીએ, એ જ એને દેખાય... વગેરે.'

શાસ્ત્રો આને ઈન્દ્રજાળ નામ પણ આપે છે.

દેખાય બધું, હોય કંઈ જ નહિ...

અચાનક જાણે બધું જ અલોપ...

રાત્રે દેખાતું સપનું... સારું કે ખરાબ... ચાલે ત્યાં સુધી સુખ કે દુઃખનો અનુભવ થાય, પછી શું ? જાગ્રત થતાની સાથે બધું હવામાં...

આત્મન !

પરિવાર, શરીર, સંપત્તિ, સત્તા... આ બધું શું આવી ઈન્દ્રજાળ જેવું જ નથી ? ભલે એ સાચું લાગે, પણ આખરે એ ટકે છે કેટલું ? ''***दृष्टमात्रमेव विनष्टं***'' એમ કહીએ તો ચાલે. હજી તું એને જુએ, જાણે, અનુભવે... એમાં તો એ ખતમ થાય.

''***सर्वं क्षणिकं***'' સૂત્ર... **ગૌતમબુદ્ધે** પોતાના શિષ્યોને આપેલું, તેનું કારણ આ જ કે એના શિષ્યોમાં ભોગો પ્રત્યેની રુચિ વધતી જતી હતી, વૈરાગી હોવા છતાં પણ રાગભાવના સાપોલિયા ક્યારેક ક્યારેક સળવળી જતા હતા, એ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને એમણે સૌને ઉપદેશ આપ્યો ''***सर्वं क्षणिकं...***''.

શિષ્યો ! જે બધું ખતમ જ થવાનું છે, એમાં વળી શેના માટે રાગ ?

***पियपुत्तमितघरघरणिजाय इहलोइय सव्व नियसुहसहाय ।***

***न वि अत्थि कोइ तुह सरणि मुक्ख ! इक्कल्लु सहसि तिरिनिरयदुक्ख ।।७१।।***

**ગાથાર્થ :** પિતા, પુત્ર, મિત્ર, ઘર, પત્ની... આ બધા જ તને માત્ર પોતાના સુખને માટે આ લોકમાં સહકારી થાય છે. હે મૂર્ખ ! તારે માટે કોઈ શરણ નથી, તું એકલો જ તિર્યંચ અને નરકના દુઃખોને સહન કરીશ.

**ભાવાર્થ :** ભારતના કેટલાક જૈનો - અજૈનો ચાઈનામાં ધંધો કરતા હતા, કોઈક અપરાધમાં પકડાયા, ચાર-પાંચ વર્ષ જેલની સજા ભોગવી આવ્યા, મહામુશ્કેલીથી એમનો છુટકારો થયો.

પ્રશ્ન એ થાય કે ચીનસરકાર જાણે જ છે કે 'આ બધાએ ધંધામાં જે કંઈપણ દાણચોરી વગેરે કરી. એનાથી કમાયેલા રૂપિયાનો ઉપયોગ એમણે એકલાએ તો કર્યો જ નથી. પરંતુ એમના પરિવારે પણ કરેલો છે. અને 'પરિવારવાળા કશું જાણતા જ નથી.' એવું પણ આ કાળમાં નથી. તો પછી આ અપરાધની શિક્ષાનો હકદાર તો આખો પરિવાર જ બને ને ? તો બધાને જેલમાં નાંખવા જોઈએ ને ?

જેમ ચોર પકડાય, તો એ તો શિક્ષાપાત્ર બને જ છે, પણ ચોર પાસેથી માલ લેનારાઓ પણ ગુન્હેગાર ગણાય છે. એમ આ સરકારની આંખમાં ધૂળ નાંખનારાઓ જેમ સરકારના ગુન્હેગાર ગણાય છે, તેમ એનો આખો પરિવાર પણ શિક્ષાને પાત્ર બનવો જોઈએ ને ?

પણ લૌકિક જગતમાં પણ આ સ્પષ્ટ અનુભવ થાય છે કે સરકાર ચોરને - લુંટારાને, ધંધામાં ગોલમાલાદિ કરનારાને શિક્ષા કરશે, પણ આ બધું એણે જેમના માટે કરેલું છે, એ પરિવારને તો સરકાર પણ કશું કરતી નથી, બરાબર ને ?

જો આ લોકમાં ય આ પરિસ્થિતિ છે,

તો પરલોકની તો વાત જ શું કરવી ?

અહીં તેં જે જે પાપો કર્યા, એ બધાનું ફળ દુર્ગતિઓમાં તારે એકલાએ જ ભોગવવું પડશે. ત્યાં તારા કહેવાતા એક પણ સ્વજનો તારી સુરક્ષા કરવા આવવાના નથી.

અરે, તેઓ આજે તને સહાયક થાય, તેનું કારણ પણ એ જ છે ને કે તું એમને સુખ આપે છે.

શું કોઈ છોકરીએ લંગડા-લુલાને પતિ તરીકે સ્વીકાર્યો ખરો ? સેવા કરવા...

શું કોઈ છોકરીએ કાળા-કુબડાને સ્વામી બનાવ્યો ખરો ? વૈરાગ્ય વધારવા...

શું કોઈ છોકરીએ ગરીબ-ભિખારીને અપનાવ્યો ખરો ? ગરીબાઈ અનુભવવા...

નહિ ને ?

એનો મતલબ એ જ કે લગ્ન કરતા પૂર્વે એ બધા જોઈ જ લે છે કે 'મને કોણ સુખ આપશે ?' પછી જ એ લગ્ન કરે છે.

માત્ર સામેના સુખ માટે લગ્ન કરવા કોણ તૈયાર છે ?

અરે, લગ્ન પછી પણ પત્ની પતિની વધુમાં વધુ કાળજી ક્યારે કરે છે ?

પતિ તરફથી પોતાના તમામ સ્વાર્થ પોષાય, સારામાં સારા પોષાય ત્યારે જ ને ? એમાં ખામી આવી, એટલે ઉપેક્ષાનો પ્રારંભ !

મા-બાપને પણ કયો દીકરો વધુ લાડલો, કમાઉ દીકરો જ ને ?

ભાઈઓને - બહેનોને કયો ભઈલો વધુ પ્યારો, સ્વાર્થપોષક જ ને ?

કાકા-કાકી, મામા-મામી, ફઈ-ફુઆ, માસા-માસી... આ બધા લોહીના સગાઓને નિહાળજો બરાબર ! એમને કઈ લોહીની સગાઈ વધુ સ્પર્શે છે ?

ગરીબ-નકામો-બિચારો-બેકાર-અણપઢ ભત્રીજો-ભાણિયો... કોને લાડલો બન્યો છે...

ખબર છે તમને ? આ ગૌશાળાઓમાં ગાયોની ખૂબ-ખૂબ-ખૂબ સારી કાળજી શા માટે કરવામાં આવે છે ? કારણ કે એ દૂધ આપે છે...

પણ જ્યારે એ દૂધ આપતી બંધ થાય, ત્યારે એ બાપડી બની જાય હરાયા ઢોર ! નધણિયાતા ઢોર ! ભટકું ઢોર! કાં પછી પાંજરાપોળના ખોડા ઢોર !

મારી ન શકાય એમને, માટે એમને મારવામાં ન આવે. બાકી એમના મોત પર આંસુ સારનાર કોણ ? 'જગ્યા ખાલી થઈ' એવું માનનારા ઘણા...

આવા જ કોઈ ઢોર જેવા નથી ને આ સંસારમાં આપણે ?

જ્યાં સુધી બીજાને ઉપયોગી, ત્યાં સુધી ગૌશાળાની તાજી-માજી ગાય જેવા !

જ્યારે બીજાને માટે નકામા, ત્યારે રખડતા ઢોર જેવા....

યાદ કરો **નમિરાજર્ષિ**નો ઉત્તર !

*કહે છે ઈન્દ્ર 'આ મોટો વડલો તૂટી ગયો, માટે પક્ષીઓ ચીચીયારીઓ પાડે છે.'*

*કહે છે નમિરાજ 'ઈન્દ્ર ! વડલો તૂટ્યાનો એ પક્ષીઓને કોઈ વાંધો નથી. પણ વડલો તુટવાથી વડલા પરના પોતાના માળા તૂટી ગયા, ઘર ફૂટી ગયા... માટે આ બિચારાઓ ચીચીયારી પાડે છે. માટે જ જોઈ આવો ઈન્દ્રરાજ ! જે પક્ષીઓના માળા બીજા વડલાઓ પર છે, તે પક્ષીઓ ચીચીયારીઓ નહિ પાડતા હોય.'*

કેવું નગ્ન સત્ય !

આપણા મોત પર, નિષ્ફળતા પર રડનારાઓ ખરેખર આપણાથી પૂરા થતા એમના સ્વાર્થનો વિનાશ થવાથી રડે

છે... એ જ વાસ્તવિક્તા તો નથી.

કેવો સરસ શબ્દ મૂક્યો છે ગ્રન્થકારે !

*"**नियसुहसहाय...**" પોત-પોતાના સુખને માટે તેઓ તમારા સહાયક છે.*

*"**सर्वः स्वार्थं समीहते**"* આ સૂત્રને ભૂલશો નહિ ને ?

***कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लम्बमाणए ।***

***एवं मणुआण जीविअं, समयं गोयम ! मा पमायए ॥७२॥***

**ગાથાર્થ :** જેમ ઘાસના અગ્રભાગ ઉપર લટકતું ઝાકળનું બિંદુ થોડોક સમય ટકે, એમ માણસોનું જીવન પણ થોડોક સમય ટકે,... ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરીશ.

**ભાવાર્થ :** ઉત્તરાધ્યયનસૂત્રના ૩૬ અધ્યયનમાંનું આ એક અધ્યયન ! જેમાં લગભગ તમામે તમામ ગાથાઓનું અંતિમ સૂત્ર આ છે *"**समयं गोयम ! मा पमायए ।**"*

**પ્રભુવીર ગૌતમ**ને ઉદ્દેશીને જગતને ઉપદેશ આપે છે.

પ્રભુવીર વર્ષ-માસ-દિન-પ્રહર-કલાક-મિનિટ-સેકંડને બદલે એના કરતા પણ વધુ સૂક્ષ્મ એવા સમયનો ઉલ્લેખ કરીને કહે છે કે *'ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કરીશ.'*

વહેલી સવારે ખાસ કરીને શિયાળામાં ઘાસ ઉપર નજર કરશો તો ઉપરના ભાગ પર ટીપા બાઝેલા દેખાશે.

કવિઓ, ચિત્રકારો, સાહિત્યકારો, ફોટોગ્રાફરો એને અલગ અલગ દૃષ્ટિથી જોતા હોય છે... પણ પ્રભુ તો પ્રત્યેક પદાર્થને મોક્ષસાધક બનાવવાનો જ પ્રયત્ન કરે ને ?

પ્રભુએ એમાં અનિત્યત્વ ધર્મનો આવિષ્કાર કર્યો.

જોયા કરો એ સોહામણા લાગતા બિંદુને, જોયા જ કરો, આનંદ પામ્યા કરો... પણ પળ-બે પળ-પાંચ પળ... પવનની એક લહેરખી આવી, ને બિંદુ પડ્યુ નીચે... એ જગ્યા પાછી ખાલી...

આ જગત એટલે ઘાસનો અગ્રભાગ !

આપણા જેવા જંતુઓ એટલે પાણીના બિંદુ !

આપણો જન્મ થયો, બધા ખુશ થયા... પણ એક દિવસ એક લહેરખી આવશે પવનની ! અને આ બિંદુ જેવા જંતુઓ બિચારા ખરી પડશે... ફરી પાછી આપણી એ જગ્યા ખાલી !

આ અલ્પકાળ માટે જે માનવભવ મળ્યો છે, ગૌતમ ! તેમાં એક સમય પણ પ્રમાદમાં ન પડીશ હોં ! એને એળે ન જવા દઈશ. પળેપળનો હિસાબ સાધી લેજે.

વર્તમાનમાં ક્રિકેટ દુનિયામાં ૨૦-૨૦ ઓવરની મેચ શરૂ થયેલી છે. ઘણી ઓછી ઓવર હોવાથી બેટીંગ કરનારાઓ ધનાધની જ કરતા હોય છે. ૨૦ ઓવરમાં ૧૫૦, ૨૦૦ રન પણ કરી લે. એ પછી બીજી ટીમનો વારો આવે, એણે જીતવા માટે દરેક ઓવરમાં ૮-૧૦ થી પણ વધારે રન કરવાના હોય, માથે સખત બોજો હોય, પહેલી ઓવરના પહેલા જ બોલથી તેઓ રન લેવા માટે થનગનતા હોય. એકાદ બોલ પણ જો ખાલી જાય, રન ન થાય... તો હો-હા મચી જાય. બેટ્સમેન જો બે-ત્રણ બોલ ખાલી જવા દે, તો તો ખેલ ખલાસ !

જેમ ત્યાં ૧-૧ બોલમાં કોઈપણ હિસાબે વધુમાં વધુ રન લેવાના હોય છે, ભલે દરેક બોલમાં છગ્ગો-ચોગ્ગો ન લાગે, પણ એકપણ બોલ ખાલી તો ન જ જવી જોઈએ. એમ અહીં મનુષ્યજીવનમાં, એમાં પણ સંયમજીવનમાં એકે એક સમયમાં વધુ ને વધુ નિર્જરા, વધુ ને વધુ પુણ્યબંધ કરવાનો હોય છે.

ધારો કે દરેકે દરેક સમયે એવો વિશિષ્ટતમ ભાવ ન જાગે, તો ય એકપણ સમય અશુભભાવવાળો તો પસાર ન જ થવો જોઈએ, દરેક સમયમાં અલ્પ પણ શુભભાવની ધારા ચાલવી જ જોઈએ.

**મહોપાધ્યાયજી ઉપદેશરહસ્ય**માં ફરમાવે છે કે, *"**आर्तध्याननिषेध-सद्ध्याना-दराप्रमादप्रधानत्वात् चारित्रपरिणामस्य**" ચારિત્રનો પરિણામ સાચો હોય, તો એમાં (૧) કોઈપણ.... હિસાબે આર્તધ્યાન નિવારણ, (૨) કોઈપણ હિસાબે શુભધ્યાનનો આદર, (૩) અપ્રમાદ... આ ત્રણ તો સાધી લેવાનો જબરદસ્ત ભાર હોય જ છે.*

આપણે સંયમી છીએ, તો આપણે આટલો તો દઢ સંકલ્પ કરવો જ જોઈએ કે મારી પ્રત્યેક પળ શુભધ્યાનની ધારામાં પસાર થાય.

બસ, આ જ બની જશે આપણા માટે અપ્રમાદ !

તો પ્રભુવીરની આજ્ઞાનું - ઈચ્છાનું પાલન કરવાનો લાભ આપણને પ્રાપ્ત થશે.

***संबुज्झह किं न बुज्झह, संबोही खलु पेच्च दुल्लहा ।***

***नो हु उवणमंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥७३॥***

**ગાથાર્થ :** સંબોધ પામ ! કેમ બોધ નથી પામતો ? પરલોકમાં સંબોધિ દુર્લભ છે. રાત્રિઓ પાછી આવતી નથી, એમ આ જીવન ફરી સુલભ નથી.

**ભાવાર્થ :** S.S.C.ની ફાઈનલ પરીક્ષા નજીક આવી ચૂકી હોય અને દીકરો ગંભીર બન્યા વિના રમવામાં-ફરવામાં - ટી.વી. જોવામાં પાગલ બન્યો હોય, તો મા-બાપ શું કરે ? એને વારંવાર ટોકે ને ? ઠપકો પણ આપે ને ?

રાત્રે ઘસઘસાટ ઉંઘેલો માણસ ધરતીકંપ કે આગના પ્રસંગ બનવા છતાં પણ જો જાગ્રત ન થાય, તો સ્વજનો એને જોર જોરથી ઢંઢોળે ને ? થોડાક આવેશમાં આવીને પણ એને ઉઠાડે ને ?

રેલ્વેની મુસાફરીમાં સ્ટેશન આવવાની તૈયારી હોય, ત્યાં ઉતરવાનું હોય, ગાડી અલ્પસમય જ ત્યાં રોકાઈને આગળ વધવાની હોય, ત્યારે પણ આરામ કરનારાને આજુ બાજુના માણસો જોર જોરથી ઢંઢોળીને ઉઠાડે ને ?

શાસ્ત્રકારો જાણે કે એ રીતે આપણને ઢંઢોળી રહ્યા છે, ૭૨ ગાથા સુધી વૈરાગ્યોત્પાદક પુષ્કળ ઉપદેશ આપ્યા પછી હજી આપણા જેવા રાગનિદ્રામાં ઉંઘતા જ હોય, તો એમને જગાડવા માટે કંઈક પ્રયત્ન તો કરવો જ પડશે ને ?

એટલે કહે છે શાસ્ત્રકાર મહર્ષિ... કે

બોધ પામ, કેમ બોધ પામ્યા વિના અબુઝ બનીને બેઠો છે ?

**પ્રશ્ન :** બોધ પામવો એટલે શું ? ધર્મારાધના કરવી એ જ ને ? એ હું આવતા ભવમાં કરીશ, આ ભવમાં વિષયસુખોની અનુકૂળતા મળી છે, તો એનો ભોગવટો પહેલા કરી લઉં, પછી આવતા ભવમાં ધર્મ...

**ઉત્તર :** એમ કંઈ પરલોકમાં ધર્મપ્રાપ્તિ સહેલાઈથી ન થઈ જાય...

એ તો જેણે આ ભવમાં ધર્મારાધના કરેલી હોય, તેને એ ધર્મારાધનાના પ્રભાવે આવતા ભવમાં ધર્મપ્રાપ્તિ સુલભ થાય.

**ઉપદેશમાલા**માં કહ્યું છે કે, ***'लद्धिल्लियं च बोहिं...'*** *'જે આ ભવમાં મળેલા જૈનધર્મની આરાધના ન કરે, એને આવતાભવમાં જૈનધર્મની પ્રાપ્તિ ન થાય.'*

**પ્રશ્ન :** આલોકમાં તો જિનધર્મની પ્રાપ્તિ થઈ શકશે ને ? તો અમે પરલોકની ઈચ્છાને છોડીને આલોકમાં જ ધર્મપ્રાપ્તિની અપેક્ષા રાખશું, બોલો, પછી શું વાંધો છે ?

**ઉત્તર :** આ ભવમાં ક્યારે ? તમે તો 'આવતીકાલથી ધર્મ કરશું' એમ રોજેરોજ બોલે જ રાખો છો. તમારી આવતીકાલ ક્યારેય પણ આજ તો થતી જ નથી... જાતને જ છેતરો છો.

તમે એટલું તો સમજી જ શકશો કે,

આ ભવની જે જે રાત્રિઓ પસાર થઈ ગઈ, એ કંઈ પાછી આવવાની નથી.

અને એમ એક-એક રાત્રિ કરતા, એક આખો ભવ પસાર થઈ જશે, અને એકવાર ભવ હાથમાંથી ગયા બાદ એ પાછો હાથમાં આવવાનો નથી.

યાદ રાખજો.

જે પૈસા-પૈસાની બચત કરે, એ રૂપિયાઓ બચાવી શકે, રૂપિયાથી સેંકડો, સેંકડોથી હજારો, હજારોથી લાખો, લાખોથી કરોડો...

પણ જે 'એક પૈસાની શું કિંમત ?' એમ પૈસાની ઉપેક્ષા કરે છે, એ રૂપિયાની પણ ઉપેક્ષા કરતો થઈ જ જાય છે, અને એક દિવસ એવો આવે છે કે એને ગરીબ થવાનો વારો આવે.

કંજુસાઈ દોષ છે, પણ કરકસર તો ગુણ છે. પૈસે-પૈસાની કિંમત સમજવી જોઈએ. એમ સમય-સમયની કિંમત જે કરી શકશે, એ જ મિનિટોની, દિવસોની, મહિનાઓની, વર્ષોની અને છેવટે જીંદગીની કિંમત કરી શકવાનો.

પણ

***''करिष्यामि करिष्यामि करिष्यामीति चिन्तयन् ।***

***मरिष्यामि मरिष्यामि मरिष्यामीति विस्मृतम् ॥''***

*'હું કરીશ, હું કરીશ, હું કરીશ' એ વિચારમાં ને વિચારમાં 'હું મરી જઈશ...' એ ભૂલાઈ ગયું.*

એમ લગભગ જીવોનો સ્વભાવ આ જ છે કે ધર્મ કરવાની વાત આવે, ત્યારે ના ન પાડે, તો ય વિલંબમાં ને વિલંબમાં જ કાળ બરબાદ કરી નાંખે, પછી ? પછી શું ? જો મૂર્ખતાનું ભાન થાય, તો પોક મૂકીને રડે, ભાન ન થાય, તો ય કરેલી ભૂલોના કડવા વિપાકો તો ભોગવ્યે જ છુટકો ને ?!

***डहरा वुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।***

***सेणे जह वट्टयं हरे, एवमाउक्खयंमि तुट्टइ ॥७४॥***

**ગાથાર્થ :** જુઓ તો ખરા ! નાનાઓ, ઘરડાઓ, અરે ! ગર્ભસ્થ માણસો પણ મરી જાય છે. જેમ બાજ પક્ષી તેતરને પકડીને લઈ જાય, એમ આયુષ્યનો ક્ષય થાય ત્યારે યમરાજ જીવને પકડીને લઈ જાય છે.

**ભાવાર્થ : શ્રી આચારાંગસૂત્રકાર** કહે છે કે ***''णत्थि कालस्स अणागमो''*** *મોતના અનાગમનનો કોઈ કાળ નથી. અર્થાત્ મોત ગમે તે ક્ષણે આવી શકે છે.*

જૂનાકાળમાં તો

રોગો ઓછા...

વાહનવ્યવહારાદિની અલ્પતાના કારણે અકસ્માતો ઓછા...

ખોરાક-પાણીની શુદ્ધતાના કારણે તેનાથી થનારા મોત ઓછા...

હાડમારી ઓછી હોવાથી પણ શરીરને ઘસારો ઓછો...

એટલે હજી ય માણસો જીવી શકતા.

આ કાળમાં બધું વિપરીત થયું...

રોગોની સંખ્યા, સ્વરૂપ, ભયંકરતા સાંભળીએ તો આંખ ફાટી જાય...

મુસાફરીમાં ગયેલો માણસ હેમખેમ ઘરે આવશે કે કેમ ? એ કાયમનો પ્રશ્ન...

કેમીકલથી સડેલા, બગડેલા ખોરાક ખાનારાઓનું મોત રોજ ઝડપથી નજીક આવતું જાય... મોંઘવારી વગેરેને પહોંચી વળવાને માટે પશુની જેમ જીવનારાનું શરીરમશીન જલ્દી ઠપ થવાનું જ.

આમાં માણસ ક્યારે મરશે ? એ ભગવાન જ જાણે.

આજે દેખાયેલો માણસ તમને બીજા દિવસે દેખાય, એટલે આશ્ચર્ય જ માનવું કે 'આ હજી જીવતો છે ખરો...'

ઘરડાઓની તો યાત્રા નીકળે જ.

પણ યુવાનો અને નાના બાળકોની પણ ઠેર યાત્રાઓ નીકળે...

અરે, જન્મ્યા જ નથી, એવા ગર્ભસ્થો લાખોની સંખ્યામાં મરે...

ના ! એ જાતે ન મરે. પણ એને નિર્દય બનીને મારી-કાપી નાંખવામાં આવે...

આ જીંદગીમાં ગર્ભમાં મરવાનું તો દુર્ભાગ્ય આપણે લલાટે નથી આવ્યું. પણ એ જોઈને એટલું તો વિચારી શકીએ ને ? કે 'અચાનક દુનિયાત્યાગી' રૂપ દુર્ભાગ્ય લલાટે આવવાની શક્યતા તો પાકામાં પાકી છે.

વળી, વળી, વળી એ જ વાત...

આત્મન્ !

સતત મોતને નજર સામે રાખ.

પ્રત્યેક પળ માત્ર ને માત્ર ધર્મની કમાણી કરવામાં પસાર કરી લે.

***तिहुयणजणं मरंतं दट्ठुण नयंति जे न अप्पाणं ।***

***विरमंति न पावाओ, धी ! धी ! धिट्ठत्तणं ताणं ॥७५॥***

**ગાથાર્થ :** ત્રણ ભુવનના લોકોને મરતા જોઈને જેઓ આત્માને ધર્મમાં જોડતા નથી, પાપથી અટકતા નથી, તેઓની ધૃષ્ઠતાને ધિક્કાર હો, ધિક્કાર હો.

**ભાવાર્થ :** કરુણાનિધાન શાસ્ત્રકારો શું ધિક્કારની ભાષા વાપરે ખરા ?

છતાં જુઓ તો ખરા, આ ગાથાને ! કેવી ભાષા વાપરી છે !

હા ! જીવોને નથી ધિક્કાર્યા, એમના દોષોને - નિર્લજ્જતાને - ધૃષ્ઠતાને ધિક્કારી છે.

આ છે ૭૫મી ગાથા !

૭૪ ગાથા સુધીમાં કેટલો બધો ઉપદેશ આપી દીધો...

વર્તમાનકાળમાં શત્રુઓને ગભરાવવા માટે અંતિમશસ્ત્ર જેમ અણુબોમ્બ...

ભૂતકાળમાં શત્રુઓને ગભરાવવા માટે અંતિમશસ્ત્ર જેમ બ્રહ્માસ્ત્ર...

એમ કોઈપણ કાળમાં વૈરાગ્ય જન્માવવા માટે અંતિમશસ્ત્ર છે મોત !

એ શસ્ત્રનો વપરાશ પણ શાસ્ત્રકારે તો કરી લીધો, છતાં જ્યારે એમને દેખાયું કે હજી રાગ નામનો શત્રુ મરતો નથી, ખિલખિલાટ કરતો ઉભો છે, એને આ અંતિમશસ્ત્ર પણ કશું કરી શકતું નથી.

એટલે છેવટે જાણે કે થાકીને, જાણે કે હારીને મહાપુરુષ આ ગાથા ઉચ્ચારી રહ્યા છે.

અરે, માણસો અને તિર્યંચો તો મરે છે, પણ અસંખ્યવર્ષાયુષ્યવાળા દેવો-દાનવો ય મરે છે... અને એ બધું જોવા-જાણવા-માનવા છતાં પણ આ જ્ઞાની માણસો નથી તો પાપત્યાગ કરતા, નથી તો પુણ્યકાર્ય કરતા...

હવે શું કરવું ?

એ જીવોને ગાળ દેવી ? ના, ના ! એ બિચારા તો નિર્દોષ છે, એમના એ દોષને જ ધિક્કાર આપીને સંતોષ માનવો, જેના પાપે તેઓ આવા બન્યા છે.

એ છે ધૃષ્ટતા ! નિર્લજ્જતા ! તો એને જ ધિક્કાર હો.

**પ્રશ્ન :** પણ એને ધિક્કારવાથી શું ફાયદો ?

**ઉત્તર :** બે ફાયદા !

આપણા મનનો બળાપો ઠલવાઈ જવાથી શાંતિ મળે. કોઈ આપણી ૧૦૦% સાચી સલાહ પણ ન માને, ત્યારે આપણે શું કરીએ ? કોઈક પાસે ઉભરો ઠાલવી દઈને, પેલા માટેની બે-ચાર ફરિયાદો કરી લઈને શાંત થઈ જઈએ કે નહિ ?

ઘણીવાર આવા શબ્દો જ જીવોને ઉત્સાહિત કરવાનું કામ કરી દે. આપણે આવા શબ્દોથી હવે ઉપેક્ષા કરીએ છીએ, હતાશ બનીએ છીએ... આપણી આ નીતિ પેલાને આંચકો આપે, એવી શક્યતા ઘણી છે.

ગુરુ આપણને કહે કે 'હું હવે તારાથી થાક્યો, હવે ક્યારેય પણ તને કશું નહિ કહું.' ત્યારે આપણને મુંઝવણ થાય કે નહિ ? એ મુંઝવણ 'હવે મને કોઈ નહિ કહે, તો મારું અહિત થશે.' એવા સારા-સાચા ભાવની પણ હોય, પણ એના કરતા વધારે તો એવું બને કે 'મારી ઉપેક્ષા કરવામાં તો મારી અપાત્રતા જ સિદ્ધ થાય છે...' આ વિચારથી અહંકાર ઘવાય. 'શું હું અપાત્ર છું ?' એ વિચાર સહન ન થાય. કોઈપણ માણસ થોડોક પણ સ્વાભિમાની હોય, તો કોઈ પોતાને અપાત્ર કહે-માને, એ એનાથી સહન ન થાય, એટલે છેવટે પાત્ર બનવાનો, પાત્ર દેખાવાનો પ્રયત્ન કરે જ.

એટલે જ જ્યારે આ રીતે એની ઉપેક્ષા થાય, ત્યારે એ પ્રમાદ ખંખેરીને, થનગનતા ઘોડાની જેમ શુભયોગોમાં લાગી પડે, એવી શક્યતા ઘણી !

**પ્રશ્ન :** તમારી આ ચાલાકી સીધી ઉતરે, તો તો ઠીક ! પણ માનો કે તમે જેને ઉપદેશ આપો છો, એ નિષ્ઠુરતાનો બેતાજ બાદશાહ હોય તો ? એને કશી અસર ન થતી હોય તો ? અને એટલે જ તમારી આવી ચાલાકી બાદ પણ એનામાં કોઈ જ સુધારો ન થાય તો ? તો તમે શું કરશો ?

**ઉત્તર :** તો એનો મતલબ એ થયો કે એ જીવ ભારેકર્મી છે. ચીકણા કર્મોવાળો છે, કદાચ નિકાચિત કર્મોવાળો છે. એને હવે ઉપદેશ આપવાનો કોઈ જ અર્થ નથી.

**પ્રશ્ન :** બરાબર. પણ તમે તો કરુણાના સાક્ષાત્ અવતાર છો, તમે એ જીવને પાપોમાં રગદોળાતો જોઈ શકશો ? ઉપદેશ આપ્યા વિના રહી શકશો ? તમારો તો સ્વભાવ જ છે કે કરુણાથી પ્રેરાઈને બધાને હિતોપદેશ આપવો...

**ઉત્તર :** કરુણાથી પ્રેરાઈને જ હું હિતોપદેશ ન આપવાનું કામ કરીશ, ઉલટું કોઈ એને હિતોપદેશ આપતા હશે, તો હું એને અટકાવીશ, અને એ પણ કરુણાથી પ્રેરાઈને જ...

હું મારી જાતને અને અસ્થાને ઉપદેશ આપનારાને આ પ્રમાણે સમજાવીશ કે

***मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।***

***सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥७६॥***

**ગાથાર્થ :** જેઓ ચીકણા કર્મોથી બંધાયેલા છે, તેઓને બહુ ઉપદેશ ન આપીશ, ન આપીશ. કેમકે તે બધાને હિતોપદેશ મોટા દોષવાળો બની રહે છે.

**ભાવાર્થ :** જેઓ ચીકણા કર્મોના ઉદયવાળા છે, એમને વધુ ઉપદેશ ન આપવો.

**પ્રશ્ન :** વધુ ઉપદેશ ન આપવો, એટલે ? એટલે એમને ઓછો ઉપદેશ આપી શકાય શું ?

**ઉત્તર :** ના, ઓછો ઉપદેશ પણ નથી આપવાનો...

**પ્રશ્ન :** તો પછી ***બહુયં*** શબ્દ શું કામ લખ્યો ? સીધું એમ જ કહી દો ને, કે એને ઉપદેશ ન આપવો.

**ઉત્તર :** એના બે કારણ છે.

આપણને ખબર જ ન હોય કે 'આ જીવ ચીકણાકર્મવાળો છે.' ત્યાં સુધી તો એને ઉપદેશ આપવો જ પડે ને ! ઉપદેશ ચાલુ કર્યા બાદ થોડા જ સમયમાં ખ્યાલ આવી જાય, કે આ ભારેકર્મી છે, તો પછી વધારે ઉપદેશ ન આપવો.

જે જીવ માટે આપણને ખ્યાલ આવી ગયો કે આ ભારેકર્મી છે. એ જીવ પણ કંઈ કાયમ તો ચીકણા કર્મવાળો રહેવાનો નથી. કર્મો ભોગવાઈ જાય, પછી એ પાછો અચીકણા કર્મવાળો બની જાય.

**નંદિષેણે** ૧૨ વર્ષ સુધી ચીકણા કર્મો ભોગવ્યા, પણ પછી ?

**બાહુબલિજી**એ ૧ વર્ષ સુધી માનકષાયના ચીકણા કર્મ ભોગવ્યા, પણ પછી ?

**ગોશાળા**એ આગ છોડવાનું પાપ કરવા સુધી ચીકણા કર્મ ભોગવ્યા, પણ પછી ?

આમાં **બાહુબલિ-ગોશાળા**ના પ્રસંગમાં તો સામે કેવલજ્ઞાની પ્રભુ હતા, એટલે એમને ખ્યાલ હતો જ કે આમના કર્મો, ક્યારે એમને ઉપદેશની અસર થશે, એટલે **આદિપ્રભુએ બ્રાહ્મી-સુંદરી**ને એક વર્ષ બાદ અને **વીરપ્રભુએ ગૌતમસ્વામીજી**ને આગના પ્રસંગ બાદ ઉપદેશ આપવા મોકલ્યા. એ પૂર્વે ન મોકલ્યા. કારણ કે એ પૂર્વે એ ઉપદેશ નિષ્ફળ જ જવાનો પ્રભુને તો નિશ્ચય જ હતો.

પણ આપણે બધા તો છદ્મસ્થ છીએ ને ? એટલે સામેવાળા જીવના ચીકણા કર્મો ક્યારે ભોગવાઈ ગયા, એ ખબર શી રીતે પડે ? એટલે એક-બે-ત્રણ વારનો અનુભવ થયા પછી પણ આપણે કાયમી ઉપેક્ષા ન કરી શકીએ, હા ! આપણે એવું જાણી લઈએ કે 'એ અભવ્ય છે, અથવા તો અચરમાવર્તી જ છે, અથવા તો એના ચીકણા કર્મો ઘણા બધા લાંબાકાળ સુધી રહેવાના છે. તો એ વાત બરાબર કે આપણે સંપૂર્ણ ઉપેક્ષા કરીએ, પણ શું એવું શક્ય છે ?

એટલે

જેમ સવારે ઉકાળેલું પાણી વહોરવા જઈએ, સગડી પર પાણી ઉકાળવા મુકેલું હોય, આપણે ચકાસણી કરીએ કે 'ત્રણ ઉભરા આવ્યા કે નહિ ?' ન આવ્યા હોય, તો થોડી રાહ જોઈએ. ફરી ચકાસણી કરીએ કે 'ત્રણ ઉભરા આવ્યા કે નહિ ?'... એમ વારંવાર ચકાસણી કરતા જ રહીએ... અને જેવી ખબર પડે કે 'ઉભરા આવી ગયા છે.' કે તરત જ પાણી વહોરી લઈએ.

એમ પાપીજીવોને પમાડવાની આપણી ભાવના છે, ફરજ છે, કર્ત્તવ્ય છે. એટલે ઉપદેશ આપ્યો, પણ પેલાનો કાળ પાક્યો ન હોવાથી કોઈ ફાયદો ન થયો, તો આપણે ધીરજ રાખવી જ પડે...

થોડાક સમય પછી વળી પાછો એક પ્રયત્ન... થોડોક ઉપદેશ આપો, અવસર જોઈને આપો, બરાબર મુખ્યસ્થાન પર આપો... છતાં જો સીધુ ન પડે, તો સમજી લેવું કે હજી પણ ચીકણા કર્મો છે... એટલે થોડોક જ ઉપદેશ આપીને અટકી જવું.

આમ વારંવાર પ્રયત્ન કરવો, પણ અવસરે-અવસરે કરવો. સાવ ઉપેક્ષા ન જ કરાય.

(૧) આપણે પાણી વહોરવું જ છે, તો વારંવાર ચકાસણી કરવાની જ.

આપણે પેલાને તારવો જ છે. તો વારંવાર અલ્પ-અલ્પ ઉપદેશ આપવાનો જ.

(૨) આપણે ત્રણ ઉકાળ્યા ન આવ્યા હોય, તો ચકાસણી કરીને અટકી જવાનું...

આપણે અલ્પ ઉપદેશ આપ્યા પછી જો લેશપણ અસર ન દેખાય, તો વધુ ઉપદેશ ન આપવો...

(૩) આપણે ચકાસણી કરવાનું બંધ નહિ કરવાનું.

આપણે ઉપદેશ આપવાનું બંધ નહિ કરવાનું.

(૪) દર બે-ચાર સેકંડે ચકાસણી કરવી એ યોગ્ય નથી... એક-બે-ચાર મિનિટે કરાય...

અલ્પ-અલ્પકાળે ઉપદેશ આપવો એ યોગ્ય નથી, યોગ્ય અવસરે વારંવાર ઉપદેશ આપવો જ.

(૫) નીચે ગેસ બંધ થઈ ગયા પછી ચકાસણી કરવાનો કે રાહ જોવાનો અર્થ જ નથી.

જીવ અભવ્યાદિ હોવાનો નિશ્ચય થયા પછી લેશ પણ ઉપદેશ નકામો જ સમજવો.

(૬) ત્રણ ઉભરા ન આવ્યા હોય, છતાં પાણી વહોરીએ, તો સચિતનો દોષ લાગે ને ? એમ વારંવાર અકાળે = બે-

બે સેકંડે પાણીની ચકાસણી કરીએ, તો ઉકાળનારો માણસ ગુસ્સે થાય કે નહિ ?

એમ જે જીવને ઉપદેશની લેશ પણ અસર ન જ પહોંચે, એને વારંવાર ઉપદેશ આપો, તો એ ભડકવાનો. એ કાયમ માટે ગાંઠ મારી દેવાનો કે ‘આને ઉપદેશ આપવાની કુટેવ છે, મારે કશું સાંભળવું નથી.’

અને ઘણીવાર તો નિષ્ઠુર બનીને પેલા ઉપદેશકની બોલતી બંધ કરવા માટે પૂર્વના પાપને વધારી દઈને બમણું પાપ કરી નાંખે. ઉપદેશક હેરાન થાય, ગાળો દે... પેલો હસે.

પાણીના ત્રણ ઉભરાની ચકાસણી સાથે જીવોની ઉપદેશની પાત્રતાની ચકાસણીને સરખાવીને પ્રયત્ન કરવામાં આવશે, તો ઘણો મોટો લાભ થશે... આ પદાર્થ સ્પષ્ટ સમજાશે.

બીજું,

પાણીમાં ત્રણ ઉભરા ન આવે, એમાં દોષ કોનો ? અગ્નિ ધીમો હોય, ઓછો હોય, ઓલવાઈ ગયો હોય... એટલે ઉભરો ન આવે... પણ એમાં બિચારું પાણી શું કરે ? આપણે પાણી વહોરવા જનારાએ પાણીને ગાળો દીધી ? કે ‘આ હરામી છે, લબાડ છે, હજી ઉકળતું જ નથી...’

આપણે એટલું જ વિચારીએ કે

આજે પાણી મોડું ઉકાળવા મૂક્યું લાગે છે... માટે સમયસર ઉકળ્યું નથી.

આજે પાણી વધારે પ્રમાણમાં ઉકાળવા મુકેલું છે... માટે સમયસર ઉકળ્યું નથી.

નીચેથી એને અગ્નિ બરાબર નથી મળતો, માટે ઉકળતું નથી.

ઉપર તપેલું ઢાંકેલું નથી, માટે ઉકળતું નથી...

બરાબર ને ?

એમ

આપણે સરસ ઉપદેશ આપીએ, છતાં પેલો વ્યક્તિ પ્રતિબોધ ન પામે, તો શું કરવું ?

એનો કાળ હજી પાક્યો નહિ હોય, નિયતિ એનો કાળ મોડો પકાવશે, માટે એ સુધરતો નથી.

કાળ પાક્યો હોય, તો ય ચીકણા કર્મો હોય, તો પ્રતિબોધ ન પામે. (અચરમાવર્તમાં તો કર્મ ગમે તેવા હોય, પેલો પ્રતિબોધ નથી જ પામવાનો. જ્યારે ચરમાવર્તમાં સમ્યક્ત્વાદિ પામ્યા બાદ પણ નિકાચિત કર્મોદયવાળો પતિત બને, ઉત્થાન ન પામે... વગેરે શક્ય છે જ.)

કાળ પાક્યો હોય, કર્મો ચીકણા ન પણ હોય, પણ મારો ઉપદેશ રૂપી અગ્નિ તીવ્ર હોવો જોઈએ ને ? મારા ઉપદેશમાં કોઈ દમ ન હોય, અસ્થાને હોય, અકાળે હોય... તો પેલાને એની અસર ન થાય.

કાળ પાક્યો છે, કર્મો ચીકણા નથી, ઉપદેશાગ્નિ પણ જોરદાર છે... પણ બહારના અશુભનિમિત્તોનું જોર ભયંકર છે. એ જીવ રૂપી પાણીને શુભનિમિત્તો રૂપી ઢાંકણથી ઢાંકી દેવાની જરૂર છે. હવે જો ઢાંકણ ન હોય, તો બહારના વાતાવરણની અસર એના ઉપર થાય જ. એટલે એમાં ધાર્યા પ્રમાણે યોગ્ય કાળે પરિવર્તન આવવું શક્ય નથી. વાર લાગે જ. (આજે ભોગવાદના વ્યાપક પ્રચારને કારણે સાચા ધર્મમાં લોકોને જોડી દેવા એ કપરું જ પડે છે ને ?)

પણ ક્યારેય આપણે પાણીને ગાળો દેતા નથી.

તો જ્યારે પણ કોઈપણ જીવ ન પામે ત્યારે ઉપર મુજબ

કાળની ખામી...

ચીકણાકર્મોની પ્રબળતા...

સ્વ-ઉપદેશની અવિશિષ્ટતા...

વિપરીતનિમિત્તોનું... વાવાઝોડું...

આ બધા કારણોને નજર સામે લાવીને મન શાંત રાખવું. પણ એ જીવને દોષિત ન ઠેરવવો. ત્યાં એના હિત માટે જ મૌન ધારણ કરવું.

**પ્રશ્ન :** સંસ્કૃતમાં શ્લોક છે કે, ***“उपदेशो हि मूर्खाणां प्रकोपाय, न शान्तये ।”***

*મૂર્ખોને ઉપદેશ એ પ્રકોપને માટે થાય, શાંતિને માટે નહિ.*

આમાં તો લેશ પણ ઉપદેશ આપવાની ના પાડી છે.

**ઉત્તર :** ના. એવું નથી. થોડોક ઉપદેશ આપ્યા બાદ એવું લાગવા માંડે કે ‘આને ગુસ્સો આવશે, અરુચિ થશે...’

તો તરત જ ઉપદેશ અટકાવી દેવો.

પૂર્વે જે સાર બતાવ્યો છે, એ જ સાર આનો પણ સમજી લેવો.

અને માટે જ જુઓ...

૭૬મી ગાથામાં આ વાત કર્યા બાદ

આગળ ૭૭મી ગાથામાં પાછો ઉપદેશ તો ચાલુ જ રાખે છે, બંધ નથી કરતા.

***कुणसि ममत्तं धणसयणविहवपमुहेसु अणंतदुक्खेसु ।***

***सिढिलेसि आयरं पुण अणंतसुक्खंमि मुक्खंमि ॥७७॥***

**ગાથાર્થ :** અનંત દુઃખોના કારણભૂત એવા ધન-સ્વજન-વૈભવ વગેરેમાં તું મમતાને કરે છે, અને અનંતસુખવાળા મોક્ષમાં તું આદરને નબળો કરે છે. (અનાદર કરે છે.)

**ભાવાર્થ :** વિલાસી શ્રીમંત યુવાનના ખાનદાન સંસ્કારી રૂપવાન સાત્ત્વિક કન્યા સાથે લગ્ન થયા, બધું જ છે, સાથે મર્યાદા પણ છે... અને એટલે જ એનામાં માદકતા નથી. એનું સુખ સાત્ત્વિક સુખ છે. પેલો યુવાન છે વિલાસી ! એને વિલાસ જોઈએ છે, રાજસસુખ જોઈએ છે...

એટલે બિચારો ચેનચાળા કરનાર, શણગાર વધારે પડતો કરનાર વેશ્યા તરફ આકર્ષાય એ સ્વાભાવિક છે.

પણ અંતે ?

વેશ્યા પાસે શું સુખ મળવાનું ? ભ્રમાત્મકને ? મિથ્યા ને ? ક્ષણિક જ ને ?

વિલાસી યુવાન આ સમજે કે ન સમજે, પણ આ નક્કર હકીકત છે.

હા ! જ્યારે એ થાકશે, ત્યારે એ વળશે પોતાની સાત્ત્વિક પત્ની પર ! સાત્ત્વિક સુખ આપનાર તરફ !

આ જ ઉપમા અહીં પણ સમજી લેવી.

મોક્ષમાં અનંતસુખ છે, આત્મિકસુખ છે...

સંસારમાં અનંતદુઃખ છે, આત્મિકદુઃખ છે...

પણ એ જ સંસારના સુખો વેશ્યાની જેમ આકર્ષણ ઉભું કરી દે છે, પરિણામે બિચારો મોહવશ જીવ એની પાછળ દોડ દોડ કરે છે.

ઘરે જ બેઠું છે રૂપવતી - સંસ્કારી-ખાનદાન-શ્રેષ્ઠતમ પત્ની સમાન આત્મિક સુખ ! પણ જીવને એમાં રસ નથી પડતો, કારણ કે મોહાધીન છે, અને બિચારો પેલા વેશ્યા જેવા સાંસારિક સુખો પાછળ દોડે છે.

એને સંપત્તિ 'મારી' લાગે છે.

એને સ્વજનો 'મારા' લાગે છે.

એને ઘર 'મારું.' લાગે છે.

પણ આ બધા વેશ્યાતુલ્ય પદાર્થો એને એક દિવસ તરછોડશે, એનું એને ભાન નથી, એની એને સાચી સમજ નથી, શું થાય ?

એની સામે આત્મિક સુખ તો જીવને આવકારવા, ભેટવા તૈયાર જ છે... પણ જીવને એ ગમવું જોઈએ ને ?

સતી પત્નીની કિંમત તો ભાગ્યવંત પતિ જ કરી શકે, વિલાસી-વ્યભિચારી પુરુષ નહિ. આત્મિકસુખની કિંમત ઉત્તમ આત્માઓ જ કરી શકે, દુર્ભવીઓ નહિ.

**પ્રશ્ન :** તમારી વાત ઉપમા પ્રમાણે તો સાચી લાગે છે, પણ વાસ્તવિક્તામાં અનુભવ નથી થતો. સંસારસુખો જ સુખ લાગે છે. આત્મિકસુખ સુખાભાસ લાગે છે. પ્રવચનમાં સાંભળીએ, શાસ્ત્રોમાં વાંચીએ... પણ અનુભવમાં કશું નથી.

**ઉત્તર :** સાચી વાત છે, તમારી ! નિયત્તિના પાક વિના, કાળના પાક વિના, તથા-ભવ્યત્વના પાક વિના લાખ મહેનત કરવા છતાં પણ આ વસ્તુની પ્રાપ્તિ સંભવિત નથી.

જેને આ બધા કારણો અનુકૂળ બને, તેને મોક્ષમાં આદર ઉત્પન્ન થાય.

**પ્રશ્ન :** જો આ બધા કારણો ન હોય, તો તો ઉપદેશ આપવા છતાં પણ મોક્ષનો આદર પ્રગટ થવાનો નથી જ.

અને જો આ બધા કારણો હોય, તો પછી ઉપદેશ વિના પણ મોક્ષનો આદર પ્રગટ થઈ જ જશે. તો પછી આ ઉપદેશની જરૂર શી છે ? કે 'તમે મોક્ષમાં આદર કરો...'

**ઉત્તર :** તમારી વાત સાચી છે.

પણ આટલું ધ્યાનમાં લો કે નિયત્તિપાકાદિ બધા જ કારણો આવી ગયા બાદ ઉપદેશ નામનું નિમિત્ત કારણ જો ન મળે, તો ગુણોની પ્રાપ્તિ ન થાય. એટલે નિમિત્તકારણ તરીકે ઉપદેશ જોઈશે તો ખરો જ.

બીજી રીતે એમ પણ કહી શકાય કે,

નિયત્તિ વગેરે કારણો જ ગુણપ્રાપ્તિ વગેરે કાર્ય કરે છે, પણ એ માટે એમને ઉપદેશની જરૂર પડે છે. ભલે તે કારણો જ ઉપદેશને લાવનારા હોય, પણ એમને ઉપદેશને લાવવો પડે છે, એ વસ્તુ ધ્યાનમાં લેવી જરૂરી છે.

એટલે ઉપદેશ આવશ્યક તો ખરો જ.

— x — x —

***संसारो दुहहेऊ, दुक्खफलो दुस्सहदुक्खरूवो य ।***
***न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥७८॥***

**ગાથાર્થ :** સંસાર દુઃખહેતુક છે, દુઃખફલક છે, દુઃસ્સહદુઃખસ્વરૂપ છે. તો પણ સ્નેહની સાંકળો વડે અત્યંત બંધાયેલા જીવો આવા સંસારને પણ છોડતા નથી. = છોડી શકતા નથી.

**ભાવાર્થ :** દરેક વસ્તુ ત્રણ પ્રકારની છે. હેતુ-સ્વરૂપ-અનુબંધ. (ફલ).

**દા.ત.:** ઘટનો હેતુ માટી ! ઘટનું સ્વરૂપ ઘટ પોતે ! ઘટનું ફળ પાણી લાવવું - ઠારવું વગેરે...

એમ સંસાર પણ ત્રણ પ્રકારે છે. હેતુ-સ્વરૂપ-ફલ.

સંસારનું કારણ કોણ ? દુઃખ !

સંસારનું સ્વરૂપ શું ? દુઃસહ દુઃખ !

સંસારનું ફળ શું ? દુઃખ !

**પ્રશ્ન :** આ શી રીતે ? એ સ્પષ્ટ કરો.

**ઉત્તર :** મમ્મીનો નાનો દીકરો અચાનક મરી ગયો. એ હૈયાફાટ રૂદન કરે છે... આ છે દુઃખ ! એના કારણે એ મમ્મીનો આત્મા નવા પાપકર્મો બાંધે, એનાથી પાછું દુઃખ આવે, આ દુઃખ ! એ દુઃખ વખતે વળી પાછું આર્તધ્યાન, નવા પાપકર્મો, નવું દુઃખ આવવું... આ દુઃખ !

આમ જોઈએ તો પ્રત્યેક દુઃખ એ હેતુદુઃખ છે, સ્વરૂપદુઃખ છે, ફળદુઃખ છે.

એટલે કે પ્રત્યેક દુઃખ એ હેતુસંસાર છે, સ્વરૂપસંસાર છે, ફળસંસાર છે.

કારણ કે સંસારમાં એક સરખી દુઃખની પરંપરા જ ચાલે છે ને ?

**દા.ત.:** નં. ૧ દુઃખ, નં. ૨ દુઃખ, નં. ૩ દુઃખ, નં. ૪ દુઃખ, નં. ૫ દુઃખ...

આમાં નં.૨ દુઃખ, નં. ૩ દુઃખનું હેતુ છે.

નં. ૨ દુઃખ, સ્વયં દુઃખસ્વરૂપ છે.

નં. ૨ દુઃખ, નં. ૧ દુઃખનું ફળ છે.

આવી રીતે તમામ દુઃખો સમજી લેવા.

**પ્રશ્ન :** પણ નં. ૧ દુઃખ એ તો કોઈ દુઃખનું ફળ નહિ બને ને ?

**ઉત્તર :** નં. ૧ દુઃખ છે ખરું ? દુઃખ અનાદિકાળથી ચાલુ જ છે, એટલે કોઈપણ દુઃખ એ કોઈક દુઃખનું ફળ છે જ.

**પ્રશ્ન :** પણ દુઃખો દુઃખમાંથી જ ક્યાં જન્મે છે ? એ તો સાંસારિકસુખમાંથી પણ જન્મે છે ને ? તો ત્યાં એ દુઃખ સુખનું ફળ છે, દુઃખનું નહિ.

**ઉત્તર :** ભાગ્યવંત ! સંસારનું સુખ સુખ છે જ ક્યાં ? એ માત્ર ને માત્ર દુઃખ જ છે,... એ તો આપણે એને સુખ માનીએ છીએ. પીળીયાવાળો ધોળાને પણ પીળું દેખે, એમ આપણે દુઃખને પણ સુખ માનીએ... એવી આ પરિસ્થિતિ છે.

**પ્રશ્ન :** પણ જો બધી જ રીતે સંસાર દુઃખ જ હોય, તો પછી જીવો કેમ એને છોડતા નથી ? દુઃખ તો એને અત્યંત અપ્રિય છે.

**ઉત્તર :** જેલમાંથી ભાગવું હોય, પણ સાંકળથી બંધાયેલો હોય, તો શી રીતે ભાગે ? એમ જીવ સંસારમાંથી ભાગવા ઈચ્છે ને ? તો પણ સ્વજનાદિના સ્નેહ રૂપી સાંકળ વડે એવો ગાઢ બંધાયેલો છે કે એ બિચારો બહાર નીકળી જ શકતો નથી.

બિચારો કમભાગી કેદી !

***नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।***

***का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ ॥७९॥***

**ગાથાર્થ :** આ સંસાર રૂપી ઘોર જંગલમાં પોતાના પાપકર્મ રૂપ પવનથી પ્રેરાયેલા આત્માએ દુઃસહ્ય એવી કઈ કઈ વિડંબણાઓ પ્રાપ્ત નથી કરી ?

**ભાવાર્થ :** એક વખતની વાત. મારી જ પોતાની યાદ આવી, હું નવો સાધુ હતો... વિહારના દિવસો હતા, ઉનાળાનો કાળ હતો. એમાં એક દિવસે સાંજનો વિહાર જલ્દી કરવો પડે તેમ હતો, અમે બધા તૈયાર થઈ approx ૩-૦૦ વાગે મુકામમાંથી નીકળ્યા. ગામની બહાર Highway પર ચડ્યા.

નીચે તપેલી ધરતી... ઉપર સૂર્યની ગરમીથી તપેલું ખુલ્લું આકાશ...

થોડું ચાલ્યા બાદ... Highway છોડી અંદરનો માર્ગ લેવાનો હતો...

મારા હાથમાં ઘડો, સ્કંધ ઉપર ઉપધિ ઉંચકેલી, ઉઘાડા પગ અને એકાસણું કરીને નીકળેલા... પરસેવાથી શરીર રેલમછેલ થઈ ગયેલું...

આમ મનમાં વિચાર આવતો હતો કે કષ્ટ લાગી રહ્યું છે, થોડું અસહ્ય થઈ રહ્યું છે, જો કે વડીલોના સુસંસ્કારોથી ભાવિત થયેલું મારૂ મન હતું, તેથી સાવ અધમ વિચારો તો ન જ આવ્યા, ન આવવા દીધા, પણ ચિત્ત જરાક મ્લાનિ પામ્યું... હવે જ્યારે દ્વન્દ્વ-મય ચિત્ત થયું ત્યારે જ...

સામેથી એક ૮૦ વર્ષ, આસ-પાસની ડોસી આવતી દેખાઈ.

સાવ ગળી ગયેલાં વસ્ત્રો,

શરીરે કરચલીઓ પડેલ,

સાવ ઉઘાડા પગે,

બહુ કષ્ટથી થાકી ગયેલ હોય તેવી દેખાતી,

પરસેવાથી લેપાયેલ ગાત્રવાળી,

વિખરેલા વાળ વાળી અને

માથા પર લાકડાનો અતિ દુઃસહ્ય ભારવાળી - માંડ - માંડ ચાલતી...

આ આખું દશ્ય જોઈને મનમાં જાણે વિજળી પડી, લાગણી-દયા-ભાવનાશીલ મારૂ મન ખરેખર દ્રવિત થઈ ગયું...

ક્યાં મારી હૃષ્ટ-પુષ્ટ કાયા, ક્યાં આની જર્જરીત કાયા... કેવી કરૂણ દશાને પામેલી છે... તેમ છતાં વિચારતા એવું લાગ્યું કે આનાથી પણ કરૂણ દશા મારી છે... જિનશાસનનું કેટલું ઉચ્ચ પદ પામ્યો છું, છતાં નિઃસત્ત્વતાગ્રસ્ત બની ગયો, એક નાનકડા વિહારના પ્રસંગે ચિત્ત ચલિત કર્યું... અને તરત જ ભાવનાશીલ મારૂ હૃદય સ્વસ્થતા તરફ ઢળી ગયું. પછી તો, ના કોઈ થાક, ના કોઈ વિચાર ! સડસડાટ ઉલ્લાસપૂર્વક વિહાર કર્યો. પણ વિચારો ચાલુ હતા. હવે વિચારોએ નવી દિશા પકડી. આ જ **વૈરાગ્યશતક**ની ગાથા યાદ આવી કે આ જીવે કેવી-કેવી વિડંબનાઓ સહી છે...

આજે કેટલાય ભવ્ય આત્માઓને ચારિત્રની ઝંખના થાય છે, ચારિત્ર ગમે છે, પણ આવા જ કોક નબળા વિચારોથી મન અટકી જતું હશે, સત્ત્વ ફોરવવામાં પાછળ પડી જતું હશે, પણ વિચારણીય ! કે દેવલોકનું સુખ વિજળીના ઝબકારાની જેમ પુરૂ થતું હોય છે, મનુષ્યપણું તો શાસ્ત્રમાં અતિ દુર્લભ કીધું છે... તો હવે બચ્યું શું ? માત્ર નરક અને તિર્યંચભવ... એમાં જીવે કેટલી ભયંકર યાતનાઓ સહન કરી હશે. અત્યારે આપણી સામાન્ય જીંદગીના સામાન્ય પ્રસંગો પણ, (જે દુઃખેથી સહ્યા હોય તે) યાદ કરીએ તો પણ કંપારી છુટી જાય. તો તો, તેની આગળ આ ભવોની અતિ-અતિ અસહ્ય વેદનાઓ કેવી રીતે સહી હશે...??

માટે જ,

ચારિત્ર સ્વીકારવામાં મન જો પાછુ પડતું હોય, ઢીલું પડતું હોય તો સજ્જ કરી દેવું. આ દુઃખની આગળ તો આ કષ્ટ તૃણ સમાન પણ નથી અને જો ચારિત્ર લઈ લીધા બાદ પણ મન ઢીલું પડતું હોય તો શાસ્ત્રોની પંક્તિઓને ઘુંટવી...

***नेरइयाण वि दुक्खं जिज्झइ कालेण किं पुण नराणं ।***

***ता न चिरं तुह होइ, दुक्खमिणं मा समुज्जियसु ॥***

*નારકીઓનું દુઃખ પણ કાલે કરી ક્ષય પામે છે, તો પછી મનુષ્યનું દુઃખ ક્ષીણ ન થાય ? તેથી તને આ દુઃખ ઘણો કાળ રહેશે નહીં, એમ વિચારીને તું લીધેલા ચારિત્રનો ત્યાગ ન કર... (અરે ! એવો વિચાર પણ ના કર)*

બસ ! માત્ર વિવેકચક્ષુ ઉઘાડો. કેવલી ભગવંતો કેવળજ્ઞાન રૂપી ચક્ષુ વડે આખા વિશ્વને વિડંબણામય જોઈ રહ્યા છે. તેમ આપણે પણ શાસ્ત્રચક્ષુથી જોવા કયાં અસમર્થ છીએ ?... માત્ર ભાવિત કરવાની વાર...

વિશ્વમાં જોવાતું એક પણ દુ:ખ એવું નથી જે,

આપણા આત્માએ અનંત વખત સહ્યું ના હોય !!!

***सिसिरंमि सीयलानिल, लहरिसहस्सेहिं भिन्नघणदेहो ।***

***तिरिय-त्तणंमि रण्णे, अणंतसो निहणमणुपत्तो ॥८०॥***

**ગાથાર્થ :** તિર્યંચભવમાં જંગલમાં શિયાળાના કાળમાં ઠંડા પવનની હજારો લહરીઓથી શરીર ભેદાયુ છે અને એથી તું અનંતવાર મૃત્યુને પામ્યો છે. ॥૮૦॥

**ભાવાર્થ :** આંખો બંધ કરીને માત્ર વિચાર કરો કે, આપણે ખુદ કોક પશુના ભવમાં હોઈ નિરાવરણ દેહે, કોક ઠંડાગાર પ્રદેશમાં રહેલા સમુદ્રના કાંઠે,

મહા મહિનાની શીત રાતડી,

ટુંટીયું વાળીને માટીમાં ખાડો કરી પડેલા હોઈએ,

ઉપરથી અતિ ભયંકર શીત પવન વહી રહ્યો હોય ત્યારે,

કેવી હાલત થાય ? જરાક વિચાર્યુ છે કદી ?? અને એ પવનના દુ:સહ્ય વહેણથી કેટલીયે વાર મૃત્યુનું શરણું આપણે સ્વીકારેલું છે...

આ ભયંકર વેદનાને ઘણી વાર સહન કરી છે, પણ હજી સુધી ઠેકાણું પડ્યું નથી.

કર્મો હળવા થયા નથી... એનું શું કારણ હોઈ શકે વિચાર્યું છે ??

શાસ્ત્રકારો તો ફરમાવે છે કે આત્મા દુ:ખ તો ઘણું સહન કરે છે પણ એ સમજણ + સમાધિપૂર્વકનું નહીં પણ અજ્ઞાન અને હાય-વોય પૂર્વકનું ! નહીંતર, તો એક નિર્ગ્રંથ મુનિના સહન કરવામાં અને એક સંસારમાં પરિભ્રમણ કરવામાં તત્પર જીવના સહન કરવામાં ફરક શો ? અર્થાત્ મુનિ પણ આવી ઠંડીમાં નિરાવરણ દેહે સામે ચાલીને સહન કરે અને સંસારી જીવો પણ આવું જ ઉલ્ટાનું ક્યારેક આનાથી પણ વધુ સહન કરે છે, બરોબર ને ?

ફરક અહિંયા પડે છે. મુનિ જે સહન કરે છે એ સમજણપૂર્વક કે આનાથી કર્મોના ભૂક્કા બોલાશે. આત્મા વીર્યોલ્લાસ ફોરવશે તો મોક્ષ સુખ પામશે અને તેથી જ સામે ચાલીને આ સહન કરવામાં સમાધિ સહજતાથી જ પ્રાપ્ત થઈ જાય છે... અને પરંપરાએ સુગતિ + પંચમગતિનો ભોક્તા બને છે અને સંસારીજીવોને તો ઉંડા બોધનો અભાવ જ હોય, સમજણ પછી ક્યાંથી આવે અને માટે જ એમને રજ જેવું દુ:ખ પણ ગજ જેવું લાગે, અને એના કારણે ભયંકર આર્તધ્યાનમાં પડી પોતાનું સર્વનાશ નોંતરે...

માટે આ સમજણના સંસ્કારને પામવા મુનિપણું આશ્રય કરવા જેવું છે, અને આનાથી જ અનંતાભવોથી ચાલી આવતી અત્યંત દુ:સહ્ય વિડંબનાઓનો અંત આવશે... અને આ સંસ્કાર મનુષ્યભવમાં જ પ્રાપ્ત થવાના છે... વિશાલ + અનંત સુખને પામવાને બદલે તુચ્છ ને નગણ્ય સુખની લાલસામાં શા સારૂ ખેદ પામવું...

***गिम्हायवसंतत्तो, रण्णे छुहिओ पिवासिओ बहुसो ।***

***संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरंतो ॥८१॥***

**ગાથાર્થ :** તિર્યંચભવમાં ગરમીના તાપથી સંતપ્ત બનીને ઘણી ભૂખ અને તરસ સહીને ઘણી રીતે ખેદ પામતો તું મરણ દુ:ખને પામ્યો છે.

**ભાવાર્થ :** આ શ્લોકના પૂર્વે જે શ્લોક હતો, તેના જેવી જ આમાં પણ વાત છે. ત્યાં શીતની વાત હતી, અહીં તાપની વાર્તા છે... દુ:ખો તો બન્નેમાં અધધધ થઈ જાય એવા ભયંકર કોટીના સહ્યા છે. જેમ ભવિષ્ય અનંતકાળ પ્રમાણ છે તેમ ભૂત પણ અનંતકાળ પ્રમાણ વિતી ચૂક્યું છે. જેમાં આપણા જ આ બિચારા જીવે ***त्राहि माम्*** પુકારી-પુકારીને દુ:ખો-દર્દો સહ્યા છે...

ઉનાળાનો કાળ... તાપથી બાળી નાંખે એવી કાળી બપોર...

રણ પ્રદેશ... (મને મારી રણયાત્રા વખતે આ જ ગાથા યાદ આવેલી, મારી રણયાત્રા તમોને પૂર્વે વિસ્તારથી કહી જ ચૂક્યો છું.)

ક્યાંય છાંયડો આપી શીતલતા પ્રસારી શકે એવું એક પણ વૃક્ષ નહીંવત્...

એમાંય તિર્યંચનો અસહાય-દયનીય ભાવ...

ભૂખ-તરસનો પાર નહીં...

તરસ મટાડવા મૃગલાનું નીર... તેની પાછળ દોટ,

તેના કારણે વધુ ને વધુ પીડા - આર્તતા... અને એવી જ અસહ્ય વેદનાને સહન કરતા - કરતા કરૂણ મોતના આશ્રયમાં આપણે સાંપડ્યા... ઘણી ઘણી વાર એ કલ્પના કરતા પણ હાડકાં ધ્રુજી જાય, પણ એની કલ્પના કરવા માટે... વિચારશીલ મન અને સંવેદનશીલ હૃદયની આવશ્યક્તા છે...

કારણ કે આજે પુણ્યોદય (!)ના કારણે સુખ સાહ્યબી ઘણી મળી ચૂકી છે.

મારા ખ્યાલથી એવી સાહ્યબી કદાચ **શ્રેણિક મહારાજા** ને પણ નહીં મળી હોય, અર્થાત્... **શ્રેણિક મહારાજા**ને જો સાતમાં માળે કે આઠમી મંઝીલે જવું હોય તો પોતાના પગે ચઢીને જવું પડે.

અને આ કાળમાં તો લીફ્ટ તમારૂ એ કામ એક ઝાટકે કરી નાંખે પરિશ્રમ કે થાક વિના...

**શ્રેણિક મહારાજા**ને જો અગત્યના સમાચાર મોકલવા હોય તો વધારેમાં વધારે સાંઢણી મોકલી... દૂતને રવાના કરે, તો યે લગભગ મહીનો લાગી જાય જવા-આવવામાં...

અને આ કાળમાં તમારા હાથમાં રહેલાં મોબાઈલના નીત નવા મોડલ જ માણસને મેસેજ તો શું વીડીયો કોલ દ્વારા હૂબહૂ પેશ કરી દે...

**શ્રેણિક મહારાજા**ને કેટલો પણ થાક લાગ્યો હોય, ગર્મી લાગતી હોય, તોયે પંખાના વિંઝણા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો...

આજ ના તમારા કાળમાં બાપ ! રે બાપ ! પહેલા પંખો આવ્યો પછી કૂલર આવ્યું પછી એ.સી. આવ્યું અને હવે તો સેન્ટ્રલ એ.સી.

શ્રેણિક મહારાજાને માટલાનું શીત પાણી, કેવા પણ ઉનાળે... તમારે... તો જાણે ભારતની ગર્મીમાં બેઠા-બેઠા પણ એન્ટાર્ટીકાનું અત્યંત ઠંડુ પાણી પીવાની સુલભતા.

શ્રેણિક મહારાજાને હરવા-ફરવા માટે રથ-હાથી-ઘોડા.

તમારે ૧૮૦ ની ઝડપે માં ચાલનારા હિંસક વાહનો - સ્કૂટર, બાઈક, ગાડી યાવત્ વિમાન.

હવે To the Point.

તમે સાંભળ્યું જ છે કે આપણો જન્મ હુંડા અવસર્પિણીના ભૂંડા કાળમાં થયો છે અને આવી હુંડા અવ. અનંત કાળે આવે... બરોબર ? તો આને હુંડા. કેમ કહી હશે ? વિચાર્યું છે કદી ?

એટલા જ માટે કે આ કાળમાં પાપ કરવાના - કરાવવાના ચિક્કાર સાધનો વધશે, ઘણી શક્તિઓનો દુરૂપયોગ થશે... થઈ જ રહ્યો છે. મેં જે ઉપર મોટું list આપ્યું છે, તે આ પાપસાધનોનું જ... જે વૈજ્ઞાનિકોની છાપ દ્વારા પૂજાતા પાપીઓ દ્વારા એક પછી એક બહાર પડી રહ્યું છે... અને

માટે જ આ બધી સગવડતાઓ પામીને હરખાવા જેવું નથી...

મૂળ વાત પર આવીએ,

એ જ મારે કહેવું છે... કે કેમ આપણું હૃદય સંવેદનશીલ થતું નથી... વિચારતા, ઉપરોક્ત જરૂરથી વધારે પડતી સાહ્યબીનું પ્રમાણ કારણ લાગે છે...

હવે બેસે છે મગજમાં ? બોલો, તો શું કરવું છે ? બનવું છે સંવેદનશીલ ? તો... આશ્રય કરો ગુરૂભગવંતોનો ! જે આવા કાળમાં બધું છોડીછાંડી... પરમ-સુખનો અનુભવ કરી રહ્યા છે... મેળવો અગાધ જ્ઞાન અને બનો સંવેદનશીલ હૃદયી... પછી વિચારજો આવી ગાથાઓના મર્મને...

જે ખરેખર ભૂતકાળ યાદ અપાવી હૈયું હચમચાવી નાંખે અને ભાવી એવું ન થાય એની સંભાળ કરી આપે...

મનુષ્યભવ અતિ દુર્લભ છે, એવું શાસ્ત્રકારોએ સૂચવ્યું જ છે, તેથી નક્કી થાય છે કે ભૂતનો વિરાટ કાળ તિર્યંચના ભવની અધિકતા સૂચવે છે... બસ ! આટલું ખ્યાલ આવતા અને ભયંકરતા ભાસતા પણ હવે પાપથી અટકશું... બરોબરને ???

***वासासु रण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्झंतो ।***
***सीयानिलडज्झविओ, मओसि तिरियत्तणे बहुसो ॥८२॥***

**ગાથાર્થ :** તિર્યંચપણામાં વર્ષાઋતુના સમયે જંગલમાં ગિરિઝરણાનાં પાણીથી તણાતો અને ઠંડા હિમથી દાઝતો

ઘણીવાર મર્યો છે.

**ભાવાર્થ :** તિર્યંચભવને વિશે બે ઋતુ આપણે જોઈ ગયા... હવે આ ત્રીજી વર્ષા ઋતુની વાત આવી... આમ તો આ ઋતુ લોકમાં ગમે તેવી છે, પણ... તિર્યંચભવમાં તો આ પણ અસહ્ય જ હોય છે...

આપણા આત્માએ કેવી રીતે સહી હશે તે અત્યારે આપણી યાદીમાંથી ભલે નીકળી ગયું છે, પણ જ્ઞાની ભગવંતોના જ્ઞાનમાં બધુ તાજેતર છે જ, જો કે આપણે આપણું અતીત ભૂલી ગયા છીએ, તોયે આજના જગત્‌ની વાતોથી ક્યાં અજાણ છીએ...

**સૂરત**માં આવેલું પાણીનું પુર...

**ચેન્નઈ**માં સુનામી રૂપે બહાર આવેલ ભયંકર વડવાનલ...

**કેદારનાથ-બદ્રીનાથ**માં થયેલ ભયંકર પુરનું આક્રમણ...

આ બધું આપણી આંખ સામે કદાચ કાને જોયું - સાંભળ્યુ છે જ... એ વિચારતા પણ દિમાગ કામ નથી કરતું, કેટલી ભયંકર વેદનામાં પસાર થયા હશે એ લોકો... આવું વિચારતા, અંદર ઉતરતા ખ્યાલ આવશે કે

આપણે પણ આવા જ કોક પ્રદેશોમાં પશુયોનિમાં બંધાયેલા,

વરસાદ કે પુરના આક્રમણ,

અડધી રાતનો સમય... ધમધોકાર પાણીનો Force,

વધતું જતું પ્રમાણ...

પગના તળિયેથી લઈ ઘુંટણ સુધી, ધીમે ધીમે સ્કંધ, એનાથી આગળ મોઢા અને નાસિકા સુધી... પણ...

આપણે પશુયોનિની પરવશતામાં, મૂંગાપણાને આધીન, અત્યંત દયનીય, અસહાય અસ્વસ્થતામાં સાંપડેલા, ઘણી કોશિશ કરી, કિનારે આવી બચવાની, પણ... ભયંકર ચીસો અને આક્રંદો સાથે... વ્હાલા એવા પ્રાણે વિદાય લીધી...!!!

કેવી કરૂણતા સર્જાઈ હશે.. જરાક આંખો બંધ કરી કલ્પનાના ચિત્રપટે ભયંકર ભૂતકાળ તાજો થઈ જશે,

અને માટે જ આવો અનંતકાળ જે પસાર કર્યો, એમાં વધારો ન થાય, તેની કાળજી આ આત્મા દ્વારા આપણે કરવી જ પડશે...

આખરે એ પણ અનાદિથી દુભાતા સ્વાત્મા માટે જ કરવું છે ને ???

નથી ભટકાવવો વધારે... બધાના ઉપકારો કદાચ આજ સુધી આપણે લેતા આવ્યા. પણ આ ઉપકાર તો (આપણા આત્મા પર) આપણે જ કરવો પડશે... પુરૂષાર્થ આદરવો જ પડશે. બોલો તૈયાર થશું ને ?

***एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।***

***वसिओ अणंतखुत्तो, जीवो भीसणभवारन्ने ॥८३॥***

**ગાથાર્થ :** આ પ્રમાણે તિર્યંચના ભવમાં સેંકડો અને હજારો દુઃખોથી રીબાતો જીવ આ ભીષણ-ભવ-અટવીમાં અનંતકાળ વસ્યો છે...

**ભાવાર્થ :** આ રીતે આપણે તિર્યંચગતિમાં અનુભવેલ ***''त्राहिमाम्''*** પોકારી ઉઠીએ એવા દુઃખો-પીડાઓ નજર કરી...

અત્યારે આનો સાર આટલો નીકળે કે જો તિર્યંચગતિમાં મૂંગા-મૂંગા ઘણું સહ્યું - સમજણના અભાવમાં ઘણું સહ્યું - વિવેકની ગેરહાજરીમાં સહન કરતે છતે ઘણા કર્મોના ઢગલાં બાંધતા જ ગયા. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પીલાતા ગયા.

પણ,

હવે તો સમજણ - સામગ્રી બધું જ મળ્યું. તો શીદ ને આત્માને દુર્ધ્યાનગ્રસ્ત બનાવવો ? શા માટે દુર્ધ્યાનાદિથી દુષિત કરવો ? જે કરેલું છે તે જ ભોગવવા રૂપે પીરસાય છે અને કર્મસત્તા પણ ઘણી નીતિવાન છે એ ભૂલવું નહીં... વધારાનું તમારા ખાતે ક્યારેય જમા નહિ રાખવા દેશે... બસ ! સમાધિપૂર્વક સહન કરીશું તો જ ઠેકાણું પડવાનું...

સમાધિની અણમોલ ચાવી ***''મનુષ્યથી સહન થઈ શકે એટલું જ દુઃખ કર્મ સત્તા આપી શકે છે. વધારે આપવાની તાકાત નથી, તો 'સહન થતું નથી.' આવું કેમ બોલો છો ? સહનશક્તિથી વધારે એક જ વાર દુઃખ આપે છે. તે છે મરણનું...''***

આ સરસ પંક્તિઓ મને ક્યાંક વાંચવા મળી... ખૂબ ગમી, આની પર અનુપ્રેક્ષા પણ કરી... ખરેખર ચિંતન એક એવો દરિયો છે. જેમાં ઘણા રત્નો-મોતીઓ છુપાયેલા છે... આપણે એ દરિયામાં ઉંડા ઉતરવું પડે...

વાત તો સાચી જ છે... Practically પણ આપણે ઘણી વાર અનુભવી છે... કેટલાય પ્રસંગો જીવનમાં બન્યા જ છે જે અત્યંત અસહ્ય - કપરા લાગ્યા છે, શારીરીક કે માનસિક કોઈ પણ બાબતે આપણે જાણે એકદમ નિચોવાઈ ગયા હોઈએ, એવું પણ લાગ્યું છે... અને ત્યારે નિઃસત્ત્વ આપણા આત્માએ કરૂણ આક્રંદ-પોકારો સાથે દયનીય શબ્દો પણ ઉચ્ચાર્યા હશે *"બસ ! હવે સહન નથી થતું", "હદ થઈ ગઈ", "પાણી માથેથી ઉંચુ જતું રહ્યું છે", "બસ ! હવે મોત આવી જાય તો સારું."* વગેરે ઘણા બધા વાક્યો હતાશ થયેલા આત્મા વડે નિસર્યા જ હશે...

પણ,

હવે આ સમજણ મેળવ્યા બાદ કે આ જે સહન કરી રહ્યા છીએ, એ સમુદ્ર જેવું સહન કરી ચૂક્યા છીએ એનું બિંદુ પણ નથી... માટે હે આત્મન્ ! હવે ખેદ કરીશ મા, સત્ત્વ ફોરવજે જેથી નવા આશ્રવ ન થાય...

***"ગયા સો ગયા અબ સોચ રહ્યો રહ્યો, સો સંભાળ રે પ્રાણી !"...*** કોક કવિના કાવ્યની માર્મિક પંક્તિ છે...

આનો મર્મ સાવ સરળ છે, પણ ના સમજો તો અતિગહન છે, કારણ કે કહેવા કે લખવામાં સરળ લાગતી વાતો આચરવામાં કઠીન થઈ પડે... પણ આચરવાની શરૂઆત કરો તો ઘણી સરળ થઈ પડે... એ પણ ન ભૂલવું...

જેથી હવે જીવનને એવું વાળીએ કે આત્મા પાછો તિર્યંચગતિ તરફ ઢળવા કાયર ન થાય... જીવને હવે એવો ઢાળીએ કે ઉત્તરોત્તર સાધના-આરાધનાના માર્ગે વધે, ક્રમશઃ વધતા વધતા... પંચમ ગતિનો ભોક્તા બને...

***दुठ्ठकम्मपलयानिलपेरिउ भीसणंमि भवरन्ने ।***
***हिंडंतो नरएसु वि अणंतसो जीव पत्तोसि ॥८४॥***

**ગાથાર્થ :** હે જીવ ! દુષ્ટ આઠ-કર્મના પ્રલયકારી પવન થકી પ્રેરાઈને ભીષણ ભવરણમાં રખડતાં અનંતવાર નરકગતિને પણ તું પામ્યો છે.

**ભાવાર્થ :** અત્યાર સુધી આપણે તિર્યંચગતિની ભાવયાત્રામાં ઉંડા ઉતર્યા...

તો નરકગતિના દુઃખો ક્યાં નબળા છે, શાસ્ત્રકારોએ આપણને જાગ્રત રાખવા શાસ્ત્રોની રચના ખાતર કેવા ઉજાગરાઓ કર્યા હશે, ત્યારે જઈને આ અદ્ભુત સાહિત્યો આપણા હસ્તે-દષ્ટિએ આવી શક્યા છે... તેઓએ સ્વાત્માને સાધી ઉપરાંત પરાર્થપ્રવૃત્તિથી આપણા જેવાઓ ઉપર અનંત કરૂણા દાખવી છે... અને આના બદલામાં જો આપણે સ્વાત્માનું હિત પણ સાધી લઈએ તો યત્કિંચિત્ ઋણ અવશ્ય ચૂકવી શકીએ,

પ્રાસંગિક નરકગતિની વિચારણા...

આપણા આ જગતના ન્યાયાલયમાં અપરાધોની સજા વધારેમાં વધારે ફાંસી, એનાથી વધારે ફટકારવાની ન્યાયાધીશની પણ તાકાત નથી. પછી ભલે એક ખૂન કર્યુ હોય કે બોમ્બના ધડાકાથી લાખોનો ખાત્મો બોલાવ્યો હોય, extreme level ના કેટલાય પાપો કર્યા હોય તો પણ સજા... સરખી... આનું કારણ ?

એ જ કે ન્યાયાધીશ પણ પરાધીન છે, કેટલી પણ ઈચ્છા હશે કે આને સખતથી સખત સજા ફટકારીએ, તોયે... માત્ર એક જ વિકલ્પ, ફાંસો !!! પણ...

દુષ્ટ કર્મોથી લેપાયેલા આત્માને સ્વાધીન એવી કર્મસત્તા છોડવાની નથી જ... એક-એક પાઈના હિસાબની જેમ, ઝીણામાં ઝીણા એવા અનાલોચિત પાપોની ચુની ચુનીને સજા ભોગવવા ત્યાં તૈયાર થવું પડશે અને આ છે કર્મસત્તાનું ભયંકર સામ્રાજ્ય કે જ્યાં જીવો માત્રને માત્ર પીલાતા ને રીબાતા જ જોવા મળે... સુખનું ટીપુ પણ ભાગ્યમાં ના હોય... એવા ભયંકર નરકાવાસો... આપણે જ્યાં અત્યારે ઉભા છીએ જે ધરતી પર એની નીચે જ એક પછી એક ઘોર અંધકારમય, અને નારકના જીવોની ચિચિયારીઓથી ધ્રુજી ઉઠે એવી ભયંકર સાત નરકો આવેલી છે. અને એ નરકાવાસોમાં આપણો જીવ અનંતીવાર જઈ આવ્યો છે, કારણ શું ? એજ દુષ્ટ કર્મોના પ્રલયકારી પવનથી પ્રેરાઈ પટકાયો છે. ભયંકર દુઃખોને સહન કરવા... કેવી પરાધીનતા આ જીવની !!!

માટે જ શાસ્ત્રકારો વારંવાર કહી રહ્યા છે હે આત્મન્ ! તારા જીવ ઉપર તું ઉપકાર કર, એની ભવયાત્રામાં હવે વિરામ આપ !!!

***सत्तसु नरयमहीसु, वज्जानलदाहसीयवियणासु ।***
***वसिओ अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ॥८५॥***

**ગાથાર્થ :** (હે જીવ !) વજસમાન અગ્નિદાહ અને શીત વેદનાથી વ્યાપ્ત સાતેય નરકમાં તું કરૂણ શબ્દો વડે વિલાપ કરતો - ઝુરતો અનંતવાર વસ્યો છે.

**ભાવાર્થ :** ***''त्राहिमाम्''*** પોકારી ઉઠીએ એવા નારકીના જીવોની ભયંકર વેદના તરફ નાનકડી ઝાંકી તો કરીએ.

મારા ખ્યાલથી દિવસમાં બે વસ્તુ તો જરૂર સ્મૃતિ પર લાવવા જેવી છે.

(૧) મોત,

(૨) નરકની વેદના. પણ એ —

એટલા માટે નહીં કે આપણે ઘબરૂ છીએ - ડરપોક છીએ તેથી જાતને ડરાવી દેવા... પણ, આપણો આત્મા પાપો કરતા ખચકાય, કારણકે લગભગ પાપો પરને પીડા આપ્યા સિવાય થતા નથી. અને એવા પાપોથી આપણો શુદ્ધ આતમ કાળા-મેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોથી ભારોભાર લેપાઈ જાય, અને એક વાત તો Practical પણ છે જ કે — વસ્તુ ભારે હોય તો એ અધોગતિ તરફ જ ઢળે, હલ્કી હોય તો જ ઉપર ઉડી શકે... બસ ! આ જ ન્યાય અહીં આત્મા માટે પણ લાગુ પડે છે... અને આપણો આત્મા જે અધોગતિ તરફ ઢળશે તેનું નામ જ નરક.

ત્યાં કોઈ સ્વજન આપણને છોડાવવા કે બચાવવા સમર્થ નથી, નિકાચિત બાંધેલા કર્મો ભોગવ્યે જ છુટકો.

આ વાત સાંભળી જ હશે કે, **રામચંદ્રજી**ની ધર્મપત્ની તરીકે પ્રસિદ્ધિ પામેલ **સીતાજી**એ પ્રવ્રજ્યા લીધી... અને કાળધર્મ પામ્યા પછી તેઓ બારમા દેવલોકના અધિપતિ તરીકે ઉદ્ભવ્યા. આ બાજુ રામચંદ્રજી કાળ કરી મોક્ષે પધાર્યા, અને એમના દિયર **લક્ષ્મણજી**નો જીવ મરીને નારક તરીકે ઉત્પન્ન થયો, મારે જે કહેવું છે તે આ જ કે,

સીતાના જીવને અત્યંત વ્હાલો એવો પોતાનો દિયર લક્ષ્મણ...

ઉપયોગ મૂકતા ખ્યાલ આવ્યો કે તેઓ નરકમાં છે, તેથી તેમના પ્રત્યેની લાગણી + કરૂણાથી પ્રેરાઈ તેઓ (સીતાજીનો જીવ જે અત્યારે મહાન સત્તાધીશ અચ્યુતેન્દ્ર તરીકે છે) લક્ષ્મણના જીવને બચાવવા ત્યાં પહોંચી ગયા, જો કે આ પ્રસંગ અત્યંત મોહના કારણે જ બન્યો લાગે છે, ભવિતવ્યતા કામ કરી ગઈ છે, બાકી અચ્યુતેન્દ્ર નિયમા સમ્યક્ત્વી હોય, અવધિજ્ઞાનના ધણી હોય, તેઓને ખ્યાલ જ હોય કે આવી રીતે નિકાચિત કર્મોથી છોડાવી ના શકાય. નિરૂપક્રમ આયુષ્ય પુરૂ કરવું જ પડે. પણ તો પણ તેઓ પ્રેરાઈ ગયા. પણ બચાવી ન જ શક્યા.

હવે જો ખુદ ઈન્દ્રની પણ તાકાત નથી. તો આપણી બાજુમાં રહેલા સત્તાહીન સ્વજનો... જે પોતાનું મામુલી દુઃખ પણ દુર ના કરી શકતા હોય તેઓ આપણા માટે શું કરી શકવાના હતા ? વળી નરકની વેદના ભલે અત્યારે યાદ નથી. પણ એની હયાતી છે જ, એના વર્ણનો શાસ્ત્રમાં ઠેર-ઠેર જોવા મળે છે, આપણી વાત જો માનવામાં ન આવે તો પણ નરકની વાતો + હયાતીનો સ્વીકાર તો અજૈનોના ગ્રંથોમાં - મતોમાં પણ વિસ્તારથી વ્યાપ્ત છે.

અને આપણા ગ્રંથોમાં સર્વજ્ઞ ભગવંત, ત્રિકાળદર્શીએ નરકના દુઃખોનું જે વર્ણન કર્યુ છે તે વાંચતા કે સાંભળતા તો હાડકા થરથરી જાય...

ત્યાં માત્ર પરમાધામી વડે અપાતી વેદનાઓ જ નથી, પણ ક્ષેત્રકૃત વેદના = આપણી જાડી ભાષામાં કુદરતી વેદના પણ ભયંકર છે.

ત્યાંના તાપ - ગરમીનું પ્રમાણ શું છે ?

શાસ્ત્રમાં એનું વર્ણન છે કે ત્યાંના જીવને અહીં લાવીને અત્યંત ગરમીની ડીગ્રીના તાપમાં ધગ-ધગતા અંગારામાં ઉપર ખુલ્લા દેહે જો સુવડાવવામાં આવે તો ઘસઘસાટ-શાંતિથી ઉંઘી જાય, એકદમ નિરાંત અનુભવે...

અને ત્યાંની શીત વેદના જાણવી છે ?

ત્યાંના જ કોક જીવને જો અહીંના અત્યંત ઠંડા પ્રદેશમાં Antartica જેવા અતિ-અતિ શીત પ્રદેશમાં જ્યાં minus-minus ની ડીગ્રીની normal હદ હોય જ્યાં આપણે જો જઈએ તો 2 સેકન્ડ પણ નહીં લાગે, આખું લોહી થીજી જાય - બળી જઈ મોત લાવી આપે અને એવા સખત પ્રદેશમાં તે જીવને નિરાવરણ દેહે જો સુવડાવવામાં આવે, તોયે ઘસઘસાટ ઉંઘી જાય, એકદમ અનુકુળતા અનુભવે...

બીજુ પણ ઘણું - ત્યાંના જીવોની ભૂખ - તરસ - થાક - રોગ વગેરેનું વર્ણન તો સાંભળતા કરૂણાથી આંખો છલકાઈ જાય, કેવી રીતે તેઓ સહન કરતા હશે, અને કેવી રીતે આપણા આત્માએ સહન કર્યુ હશે... કારણ કે અત્યારની આપણી આત્માની પરિસ્થિતિ વિચારતા તો એવું લાગે કે... સાવ નિર્બળ અત્યારનો આત્મા છે. નાની નાની વાતે નિઃસત્ત્વતા જાહેર કરી દે, જરાક કોક સંભળાવી દે, તો જાણે Petrol ભરેલું Tanker ફાટે તેમ આપણું Boiler પણ ફાટી જાય. મૈત્રી-ક્ષમા વગેરે ગુણોના સંસ્કાર નાંખવાના માટે મળેલો આ ભવ છે, આપણે તો કુગતિઓના પાડેલા સંસ્કારને અહીં દોહરાવી રહ્યા છીએ, કેવી કરૂણ દશા આપણે આપણા આત્માની કરી નાંખી છે... જરાક વિચારશો. ચિંતન કરજો... જેથી આવા

સંસ્કારોને થોભાવી આવી નરકની યાતનાઓ ઉપર વિરામ લાવી શકીએ...

***पियमायसयणरहिओ, दुरंतवाहीहि पीडिओ बहुसो ।***

***मणुअभवे निस्सारे, विराविओ किं न तं सरसि ॥८६॥***

**ગાથાર્થ :** નિસ્સાર એવા આ મનુષ્યભવમાં પિતા-માતા સ્વજનોથી રહિત તથા દુઃખેથી અંત આણી શકાય એવી વ્યાધિથી પીડાતો તું કરૂણ વિલાપ કરતો હતો... તે શું તને યાદ નથી ?

**ભાવાર્થ :** નારક અને તિર્યંચોની કાતિલ વેદનાઓ ઉપર આપણે દૃષ્ટિપાત સાથે અશ્રુપાત કરતા આગળ વધ્યા, વેદનાઓ ઉપર નજર તો કરી પણ એ ખરેખર અનુભૂતિનો વિષય તો ન જ બની શકીને ? અર્થાત્ આખરે તે વેદનાઓ પરોક્ષ હતી... પ્રત્યક્ષથી અનુભવનો વિષય બની શકે તેમ ન હતી. પણ, હવે ?

અનુભવાતાં મનુષ્યભવમાં ય કયાં વિડંબનાઓ ઓછી છે ?

આવી વિડંબનાઓ પણ આપણા જીવે અનંતી વાર સહી છે, સુદુર્લભ એવો મનુષ્યભવ મળવાં છતાં પણ... તે તે સામગ્રીના અભાવે બધું કષ્ટમય જ લાગ્યું છે.

જન્મ થતા, નાની કુમળી વયે,

જ્યારે હૂંફ-લાગણી-વાત્સલ્યની અત્યંત જરૂર હતી.

જ્યારે પ્રેમાળ હાથ માથે પ્રસરે એવા આશ્રયની જરૂર હતી.

જ્યારે આપણી નાની નાની ભૂલો મોટું સ્વરૂપ ના લઈ લે એવા કાળજીસભર હૈયાની જરૂર હતી.

જ્યારે જો ભૂલ થઈ જાય તો પોતાના આંચલમાં છુપાવી દે એવા હેતની જરૂર હતી.

જ્યારે આપણા એક-એક પળની, ક્ષણની, કાળજી રાખનારની જરૂર હતી, ત્યારે નાનપણમાં જ આવા ઉપરોક્ત લક્ષણોથી યુક્ત વાત્સલ્યભરી કુખના માલિક એવા માતા-પિતાનો વિરહ થાય છે...

ધન-સંપત્તિના અભાવે દરિદ્ર અવસ્થામાં સ્વાર્થી જગતમાં ત્યારે કોણ સ્વજન મળે ? જે સ્વજન હોય તેઓ પણ વિદાય થાય... અને આપણો આત્મા આટલી મોટી દુનિયામાં એકલો અટુલો પડી જાય, ત્યારે લોકો એના પર 'અનાથ'નું લેબલ મારી દે... અને આવી અવસ્થામાં કોણ આપણું બની આવે ?

કોણ કાળજી કરે ?

કોણ ભોજન માટે પૂછે ?

કોણ કપડા માટે પૂછે ?

અરે ! પૂછે તો શું... આપણી સામે માત્ર એક દૃષ્ટિપાત કરવાનો ય કોને સમય હોય ? અને ઉચિત સાર સંભાળ-પોષણ ના મળતા, રીબાઈને બાળપણ પસાર કરતા યૌવનના ઉંબરે પહોંચ્યા ત્યાં કુસંસ્કારોના રવાડે ચડ્યા.

અનેક રોગોથી દેહ ભરાઈ ગયો.

અનેક કર્મોથી આત્મા લેપાઈ ગયો.

લોકોની નિંદા-કુથલી-તિરસ્કાર-ધિક્કારના પાત્ર બન્યા, અને વિવેક ચક્ષુ ન હોવાથી પોતાના કર્મોને દોષી ઠરાવવાને બદલે... તે તે પ્રતિકુળ જીવો પર ક્રોધની અગ્નિ વરસાવવા માંડ્યા... અત્યંત આર્ત અને રૌદ્ર ધ્યાનથી આત્માને ગ્રસિત કર્યો. અને આવી રીતે કરૂણ-આક્રંદ કરતાં કરતાં કોક ફુટપાથ કે ઝુંપડપટ્ટીના આંગણે એક ગોઝારી પળે દેહને મૂકી ચાલ્યા...

આવા તો ચિક્કાર પ્રસંગો - દૃષ્ટાંતો આંખ સામે આજે પણ અગણિત સંખ્યામાં છે... ઠેર-ઠેર દુઃખની - આર્તની - પીડાની વાર્તાઓનો પાર નથી... કરૂણાશીલ હૃદય આવું સાંભળતા વૈરાગ્યરસમાં ઝીલવા તલસી ઉઠે... એકપળ પણ આ સ્વાર્થી જગતનો આશ્રય કરવા તૈયાર ન જ થાય.

એવું જ વિચારે...

જો મનુષ્યભવમાં પણ એવી કરૂણતા સર્જી શકે... તો હવે ભવનો અંત લાવ્યે જ છુટકો, બસ ! હવે આવી યાતનાઓ નથી ભોગવવી,

આત્માની એવી દયનીય હાલત નથી જ કરવી.

તો બોલો હવે, શું કરવું છે...? અનંતીવાર ભોગવેલી આ કેસેટ ને ફરી પાછી ફેરવી છે કે બસ ! અટકાવી દેવી છે ?

જ્ઞાની ભગવંત ઢંઢોળી ઢંઢોળીને આ જ વાત કરી રહ્યા છે.

હે જીવ ! તે આટલું આટલું સહન કર્યું.

તે શું તું ભૂલી ગયો ?

***पवणुव्व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो ।***

***ठाणट्ठाणंमि समुज्झिऊण, धण-सयण-संघाए ॥८७॥***

**ગાથાર્થ :** હે જીવ ! તું આ ભવ-વનમાં દરેક સ્થાને ધન અને સ્વજન સંઘાતને મૂકીને ગગનમાર્ગમાં/આકાશમાં પવનની જેમ અલક્ષિત બનીને ભ્રમણ કરે છે.

**ભાવાર્થ :** પંદર વર્ષની વયે, નાનકડી-રૂપાળી-હોંશિયાર, હોનહાર વ્હાલી દીકરીને દીક્ષાના ભાવ જાગ્યા... ઘરમાં વ્હાલી હોવાથી, પિતાને એના પર ઘણી આશાઓ ને ગૌરવ હોવાથી મોહથી ખીચોખીચ ભરેલું હૈયું ના પાડતું હતું... અર્થાત્ આજ્ઞા મળતી નહોતી...

દીકરીએ પૂરી પરિસ્થિતિની જાણ પૂજ્ય ગુરૂભગવંતને કરી,

એના પિતા મોહગ્રસિત હતા પણ સાથોસાથ વિવેકનો પણ અમુક અંશ ઉઘાડો હતો જ, એમની ભાવના એવી હતી કે દીકરી હોંશિયાર છે, તો આજના જમાના પ્રમાણે ભણી લે તો સારૂ, Law ભણાવવાની ભાવના હતી - Advocate બનાવવી હતી, પણ...

દીકરીના પુણ્યોદયે ગુરૂભગવંતોનો ભેટો થતા ભાગ્યોદય જાગ્યા અને પ્રવ્રજ્યા સ્વીકારવાની તમન્ના થઈ ગઈ, એના ય Law ભણવાના ખોટા અરમાનો, જે લૌકિક પિતાએ જગાડ્યા હતા એ ધરાશાઈ થઈ ગયા અને લોકોત્તર પરમપિતાની ભાવનાઓને આવકારવા મન તલસી ઉઠ્યું... પણ હવે મોહાધીન સ્વજનો !!!

ગુરૂભગવંતો ઘણા દૂર હતા... પપ્પાને સમજાવી શકે એવી પરિસ્થિતિ ન હતી, પણ દીકરીના પુણ્યોદયે કોક હિતેચ્છુ પુણ્યાત્માએ એના પપ્પાને સમજાવવા પ્રયત્ન કર્યો, એ હિતેચ્છુના શબ્દો.

''જુઓ ભાઈ ! તમો તમારી દીકરીને દીક્ષા અપાવવા માંગો છો કે નહીં એ મારે નથી જાણવું, પણ આટલું કહો કે જે સંસારમાં તમે પડ્યા છો એ સંસાર તમને સુખ આપી શક્યો છે ? તમો તમારા પરિવાર - સ્વજનાદિ માટે તનતોડ મહેનત કરો છો, તો તમારી કપરી પરિસ્થિતિઓમાં આ ધન-પરિવારે તમને હળવા-ફુલ, ચિંતામુક્ત કર્યા છે ?

તમારું એક પણ દર્દ એ લઈ શક્યા છે ખરા ?

**પિતાજી :** ના ! બધું મારે એકલાએ જ ભોગવવું પડ્યું છે, એક દુઃખમાં પણ હિસ્સો પડાવવા ઘરના એક સ્વજનની મંજુરી નથી. મારા કર્મ મારે જ ભોગવવા પડશે ને ?

**હિતેચ્છુ :** જો તમો આટલું સમજો છો તો... જે દીકરીને તમો રોકી રહ્યા છો, એ તમારું શું દુઃખ દૂર કરશે... અને એને વિરતિના માર્ગમાં જતી અટકાવશો તો જેટલો કાળ એ અવિરતિમાં રહેશે, એ બધા જ પાપોનો પૂરેપૂરો હિસ્સો તમારા કર્મના ખાતે જમા થતો જ રહેશે.

જો તમો પોતાનું દુઃખ પણ માંડ ભોગવો છો, તો બીજાના અંતરાય... પોતાનામાં જાણી જોઈને કેમ નાંખો છો ? આ બધો ખોટો મોહ ખંખેરી નાંખો...

દુનિયામાં દેખાતા - સ્વજનના નામે ખુદની ઓળખ આપતા - એક પણ આપણા હતા ય નહીં, છે ય નહીં અને હશે ય નહીં... આ તો ઋણાનુબંધોના ખેલ છે !!!''

''મારા દુઃખમાં કોઈ ભાગીદાર નથી, એવાઓના પાપો મારા માથે બાંધી કર્મોના ભારથી કેમ ભારે થાઉં'' આવો વિવેક દીકરીના પિતાજીને આવ્યો પછી તો તરત જ હરખે અનુમતિ; હરખે દીક્ષા... આવા તો કદાચ ઢગલા બંધ પ્રસંગો હશે... પણ મારે એ જણાવવું છે કે

દીકરીના પુણ્યોદયે પિતાને જાગૃતિ આવી... પણ આપણને કોના પ્રતાપે આવશે ? રાત-દિવસ બસ એક જ ધૂન... પૈસા-કમાવવા, આટલા બંગલા, આટલી મોટરો, આટલું બેંકનું બેલેન્સ, આટલું સ્ટેટસ તો જોઈએ... પછી જ શાંતિ પછી જ ચિંતામુક્તિ... પછી જ હાશકારો લેવાશે...'

આ વાતના અનુસંધાનમાં પૂજ્યપાદ સંવેદનશીલ કવિવર્ય **ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજા**ની પંક્તિઓ કમાલની સ્મૃતિપટ પર આવી ગઈ. તે આ

*''गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका,*

*मनोवाक्कायेहाविकृतिरतिरोषात्तरजसः ।*

*विपद्गर्तावर्त्ते झटिति पतयालोः प्रतिपदं,*

*न जन्तोः संसारे भवति कथमप्यर्त्तिविरतिः ॥''*

*મન-વચન-કાયાની અભિલાષા, વિકાર, વિષયના પ્રેમ અને દ્વેષથી પ્રાપ્ત કરી છે કર્મરજ જેણે એવા તથા આપત્તિરૂપી આગના આવર્તને વિષે શીઘ્રપણે પગલે-પગલે-દરેક ક્ષણે પડવાના સ્વભાવવાળા આ જીવને આ સંસારમાં એક ચિંતા ઓછી થાય છે ત્યારે વળી બીજી નવી તેનાથી અધિક ચિંતા ઉત્પન્ન થાય છે.*

*તેથી કરીને કોઈ પણ પ્રકારે પીડાની વિરતિ એટલે ઉદ્વેગ-ચિંતાની શાંતિ થતી નથી...*

ઉપાધ્યાયજીની કડીઓના હાર્દ સુધી જવાનો પ્રયત્ન કરવો જોઈએ, તેઓની પંક્તિઓ પણ એ જ જણાવી રહી છે કે સંસારની એક પણ ચિંતા જેમ સ્થિર નથી તેમ એક પણ સુખ શાંતિ પણ સ્થિર નથી જ અને આ સુખ-શાંતિની આશામાં ને આશામાં એક દિવસ જીવનો જનાજો ઉપડી જાય.

પરિવાર-સ્વજન-સંપત્તિ બધી અહીં ને અહીં પડી રહે, તમો ગયા એટલે ચાર દિવસ પછી પાછી દુનિયા તો જેમ જીવતી હતી તેમ જ, કાંઈ પણ ઉણપ વિના જીવ્યા કરશે.

એક ચિંતકની પંક્તિ

***''મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,***

***આંગળી જળમાંથી નીકળી ને જગ્યા પૂરાઈ ગઈ.''***

અને મુસાફિર જીવડો પવનની જેમ આકાશમાં ભ્રમણ કર્યા કરે, આમથી તેમ અથડાયા કરે...

જ્યાં સુધી આંખો મિંચાઈ નથી, ત્યાં સુધી આ રંગ રોશની નચાવશે, ભ્રમમાં મૂકશે અને પાપના પુડલાઓ બંધાવી પરલોકમાં રવાના કરશે...

બોલો ! કરવું છે આવું ભ્રમણ... કે પામવું છે મોક્ષ સુખનું રમણ ?

***विद्धिज्जंता असयं, जम्मजरामरणतिक्खकुंतेहिं ।***

***दुहमणुहवंति घोरं, संसारे संसरंत जिआ ॥८८॥***

**ગાથાર્થ :** આ સંસારમાં રખડતા જીવો જન્મ-જરા અને મરણના તીક્ષ્ણ ભાલાથી અનેકવાર વિંધાય છે અને ઘોર દુઃખો અનુભવે છે...

**ભાવાર્થ :** ઘણી વાર સાંભળ્યા જ હશે આ ત્રિપદીની સ્મૃતિ કરાવતા શબ્દો-જન્મ-જરા-મૃત્યુ... કર્મસત્તાને જેમ પહેલા મેં નીતિવાન કીધેલી, તેમ અહીં એની ક્રૂરતા પણ પેશ કર્યા સિવાય છુટકો નથી, એના પંજાથી આજ સુધી કોઈ છુટ્યો નથી, સિવાય પરમ પદમાં બિરાજેલા પવિત્ર-પાવન આત્માઓ...

કર્મરાજાના હાથમાં તીક્ષ્ણ-અણિદાર ભાલો છે, જે જીવન દરમ્યાન જીવને ત્રણ વાર અતિ ઘાતકી ઘાઁ કરે છે. જેમ, હૃદયના રોગીને ત્રણ એટેક આવે એમાં ત્રીજો એટેક જીવલેણ હોય, કેન્સરના દર્દીના ત્રણ સ્ટેજ હોય એમાં ત્રીજું સ્ટેજ જીવલેણ હોય. પણ એનો અર્થ એ નથી કે ૧લી અને બીજીમાં કાંઈ કષ્ટ નથી પડ્યું... ૧લું સ્ટેજ ૧લો એટેક જ ત્રીજી વારના એંધાણરૂપે હોય છે.

તેમ કર્મરાજાનો ભાલો ૧લી વાર જીવની ઉપર જન્મની ઈજા રૂપે ભોંકાય છે... જન્મતા જન્મતા જ જાણે મૃત્યુનો અનુભવ થઈ રહ્યો હોય એવી ભયંકર વેદના થાય છે. એક સાથે જાણે સાડા ત્રણ કરોડ રૂવાડામાં સાડા ત્રણ કરોડ સોંયના ભોંકણા ભોંકાય ત્યારે જે વેદના થાય એનાથી પણ આઠ ગણી વેદના આ જન્મ વખતે જીવ ભોગવે છે...

કર્મસત્તાને કોઈ દયાના પરિણામ વગેરે નથી જ એટલે જ તો સાવ કોમળ કાયા, કુમળી દેહના નાનકડા બાળકને ય છોડવાનો વિચાર એને નથી જ આવતો...

અને રડતા-રિબાતા જીવનો અતિ દારૂણ જન્મ થાય છે...

હવે આ જીવ કાંઈ સુખ ભોગવવા તૈયાર થાય... સમજણ મેળવે... લાયકાત ધરાવે એટલામાં તો વિજળીની જેમ ચંચળ યૌવન ક્યાંય અલોપ થઈ જાય... સ્કૂલમાં ભણતા છોકરાઓને જેમ વચ્ચે ૧/૨ કલાક જેટલો રીસેસનો સમય મળે તે જોત જોતામાં એક ઝાટકે પસાર થઈ જાય કે ખબર જ ન પડે. તેમ રીસેસ સમાન આ યૌવન પણ ફટાકથી પસાર થઈ જાય, એમાંય ઘણી જવાબદારીથી વીંટળાયેલો જીવ શું મોજ માણી શકે... અને જેવો મોજ માણવા સજ્જ થાય તેવો જ

કર્મરાજાના ભાલા વડે બીજો ક્રૂર પ્રહાર થાય તે છે. જરાનો - ઘડપણનો...

બાપડો જીવ ! સુખના સ્વપ્નમાં ને સ્વપ્નમાં વૃદ્ધાવસ્થાને પરાધીન થઈ જાય છે.

કેવી દયનીય પરિસ્થિતિ છે !!!

માંડ-માંડ એ દિવસો પસાર કરતો હોય, તેમાં જો ક્યારેક સ્વસ્થતાની અનુભૂતિ થવા માંડે... તો પણ નિર્દય કર્મરાજા ઓછું એને જીવવા દેશે ? એ તો ભયંકર ભાલો લઈને તૈયાર જ બેઠો છે. અને પરાધીન એ જીવની એક ગોઝારી પળ એવી આવે કે એ ભયંકર ભાલો સીધો એવા પ્રહાર કરે કે એના પ્રાણ પંખેરૂ રવાના થાય... અને આ વેદનાની ત્રિપુટી, આ જીવે ઘણી-ઘણી વાર સહન કરી છે. કલ્પાંત કરી કરીને મર્યો છે... જન્મ્યો છે... વળી પાછો મર્યો છે...

પણ,

હવે કેટલું આ ચક્રને ભમાડશો...

હવે તો અંત આણવા પ્રયત્નશીલ થઈએ

તમારા મધુ-બિંદુ સુખની લાલચમાં...

આ આત્માની રેવડી થાય છે... એ ભૂલશો માં !!!

***तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा ।***

***संसारचारगाओ, न य उव्विज्जंति मूढमणा ॥८९॥***

**ગાથાર્થ :** છતાં પણ, અજ્ઞાનરૂપી સર્પથી ડંખાયેલો મૂઢ માનવ જીવ ક્યારેય એક ક્ષણ પણ આ સંસારરૂપી જેલથી કંટાળો નથી પામતો.

**ભાવાર્થ :** જેમ કોક દારૂડીઓ... દારૂના અતિપાનથી નશામાં ને નશામાં; રસ્તા ઉપર લથડાતો-અથડાતો કોક ગટરની પાસે પડી જાય અને બાજુમાંથી કો'ક કુતરૂ પસાર થાય ત્યારે એના મોઢામાં મૂત્રની પિચકારી નાંખતો જાય, નશામાં હોવાથી તે દારૂડીઓ પણ ચપ-ચપ કરતો ચાટી જાય, ત્યારે જો આપણે એ દૃશ્ય નિહાળીએ તો સૂગથી મોઢું ફેરવવાની ઈચ્છા થાય, એની મૂઢતા ઉપર આશ્ચર્ય થઈ જાય, પણ,

એમાં એની પણ ભૂલ નથી. ભયંકર નશામાં હોવાથી એને ભાન જ નથી કે હું શું કરી રહ્યો છું ? અને જયારે નશો ઉતરે અને એને આ પ્રસંગ કહેવામાં આવે તો એને ખુદની ઉપર ચીતરી ચઢે કે છી-છી મેં આ શું કર્યું... પણ એના માટે નશો ઉતારવો પડે.

બસ ! જ્ઞાની પુરૂષો પણ આ શ્લોક વડે એજ વાત ફરમાવી રહ્યા છે કે જેમ સર્પથી ડંસાયેલો જીવ લીંબડાના આસ્વાદને મજેદાર માની ગટગટાવી જાય, પણ જેમ જેમ ઝેર ઉતરવા માંડે તેમ તેમ એને કડવાશનો અનુભવ થતો જાય, અને અંતે એ લીંબડાને ત્યજી દે...

તેમ જ અજ્ઞાનરૂપી સર્પ વડે ડંસાયેલો આત્મા સંસાર રૂપી લીંબડાના આસ્વાદને સ્વાદિષ્ટ માની પીવે છે, કારણ કે એ અજ્ઞાનરૂપી સર્પનું ઝેર તો એવું તીવ્ર છે કે અચ્છા-અચ્છાઓનો દમ નીકળી જાય એને ઉતારતા, તેમાંય આજના ભૌતિકવાદમાં તો જીવોની જે વિચિત્ર પરિસ્થિતિઓ છે, તે જોતા એમાંથી એમને કેવી રીતે કાઢવા એ જ કળાતું નથી. અને જેમ દારૂડીયાને જોઈ આપણને એની હાલત ઉપર આશ્ચર્ય થાય તેમ... અજ્ઞાનરૂપી સર્પના ઝેરથી વ્યાપ્ત-સંસારના રસને બિલકુલ પણ ખેદ વિના આનંદથી માણતા જોઈ જ્ઞાનીપુરૂષોને જીવોની કરૂણ દશા પર આશ્ચર્ય થાય.

અહો ! કેવી ભયંકર મૂઢતા, જાલિમ દુઃખોના ડુંગરો આપણી માથે ખડકાવી નાંખે એવી રીતે કર્મોના ભારને બાંધતા ખચકાતા ય નથી.

આનો કેવો દારૂણ અંજામ આવી શકે એવું વિચારતા ય નથી, માત્ર ને માત્ર દુર્લભ મળેલા મનુજ ભવને શોખ-મોજમાં સાફ કરી દેશે. પણ સમજતા નથી કે 'આખરે આ કેદ છે, જેલ છે.'

જેમ આજકલના મોટા મોટા અપરાધીઓને જેલમાં પૂરવામાં આવે પણ તેમની જેલ V.I.P. + Luxorious Treatment વાળી હોય... પણ ભાઈ ! જેલ તો જેલ જ ! તેમ સંસાર પણ ઘણો રંગીલી-મોજીલો લાગતો હશે, તો યે અંતે તો ગોઝારૂ ફળ જ લાવશે. કારણ કે સંસાર પણ એક જેલ જ છે.

અને જેલમાં રહેવાથી કંટાળો નથી આવતો ??

***कीलसि कियंतवेलं सरीरवावीइ जत्थ पइसमयं ।***

***कालरहट्टघडीहिं, सोसिज्जइ जीविअंभोहं ॥९०॥***

**ગાથાર્થ :** કેટલા સમય સુધી આ શરીર રૂપી વાવડીમાં ક્રીડા કરીશ ? જ્યાં પ્રતિસમય કાલરૂપી રેંટની ઘડીઓ આયુષ્ય રૂપી પાણીને શોષી રહી છે.

**ભાવાર્થ :** તળાવમાં ઘણું પાણી... સ્વચ્છ શીતલ જળ, તેમાં રહેલા જીવ જંતુઓને - માછલીઓને મજા પડી હતી, બસ, પોતાને કૃતકૃત્ય માની મજેથી જીવી રહી હતી. પણ એ મજાનો કાળ હતો ચોમાસાનો - પછી આવ્યો શિયાળો, તોયે એમની મસ્તીમાં તસુ ભાર પણ ઓટ આવી નહીં.

એકદમ અનુકુળ - નાનકડું તળાવ એમને જોરદાર ફાવી ગયું હતું. પણ હવે... મોસમ બદલાવા માંડી. ઉનાળાની શરૂઆત થવા માંડી, સૂર્યનો તાપ વધવા માંડ્યો.

પાણી સ્વચ્છતા મૂકી લોકોની અવર-જવર, ગંદકીથી ગંધાવા માંડ્યું. અને ધીમે ધીમે તાપ વધતા પાણી સોસાવા માંડ્યું.

હવે એમાં રહેલા માછલી વગેરે જીવ જંતુઓની મજા ઓસરતી ગઈ, એમને ખ્યાલ આવી ગયો કે હવે આ તળાવ સાથ આપશે તેમ લાગતું નથી,

પણ,

તોયે મૂઢ બની પ્રમાદમાં જ સપડાયેલા અમુક પ્રાણીઓએ કંઈ મનમાં આણ્યું નહીં, જેમ ચાલતુ-તું તેમ ચાલવા દીધું - ચલાવે રાખ્યું પણ જેમને પોતાનો જીવ વ્હાલો હતો, પોતાનું હિત પ્રિય હતું. તેઓ બચવાનો પ્રયત્ન કરવા માંડ્યા. તેને માટે અપ્રમત્તતાથી મહેનત કરવા માંડ્યા. બધા જ મોજ-શોખ-મસ્તી છોડી દીધા. અને માત્ર એક બચવાના લક્ષ્યને સાધવામાં તત્પર બન્યા. પરિણામે તેમના પ્રયત્ને-પુરૂષાર્થે ઈષ્ટ-ફળની સિદ્ધિ મેળવી આપી.

તેમ,

જ્ઞાની ભગવંત શરીર રૂપી તળાવમાં પડેલા આત્માને ટકોર કરી રહ્યા છે...

હે આત્મન્ ! આ શરીરની વાવડીમાં ક્યાં સુધી પડ્યો - પાથર્યો રહીશ... ક્યાં સુધી ક્રીડા કરતો રહીશ... કારણ કે આ વાવડીમાં રહેલું આયુષ્યરૂપી પાણી તો રેંટની ઘડી રૂપી કાળથી સોસાઈ રહ્યું છે.

અને 'સોસાઈ રહ્યું છે' એવું જો ખ્યાલમાં આવી ગયું છે, તો સંપૂર્ણ સોસાઈ જાય એ પૂર્વે મોક્ષ સાધી લેવા પ્રયત્ન કરવો જોઈએ.

અને એ લક્ષ્ય સાધી આપનારા એવા સુદેવ-ગુરુ અને ધર્મને ઓળખી એમના શરણે જઈ માર્ગદર્શન લેવું જ જોઈએ.

કારણ કે મનુજાયુઃ એ અતિ દુર્લભ ચીજ છે.

અંગ્રેજી ચિંતકની પંક્તિ યાદ આવી.

***"Easily achieved thing's do not stay longer and thing's which stay for longer not easily achieved."***

*જે વસ્તુ આસાનીથી મેળવી શકાય તે લાંબી ના ટકે અને જે લાંબી ટકે તે આસાનીથી મળતી નથી.*

બસ, આના જેવી જ વાત છે, હાર્દ થોડું આપણા Angle થી વિચારીએ કે થોડી ઘણી આરાધનાદિ કરી, તે થકી મળેલ મનુષ્યભવ અલ્પાયુવાળો મળે, અર્થાત્ લાંબો ન ટકે અને જે લાંબુ ટકનાર quality વાળુ આયુઃ હોય, તેના માટે તો ઘણો પુરૂષાર્થ કરવો પડે... જેનાથી આરાધના સાધના યાવત્ પ્રવ્રજ્યાદિ મેળવી પરમ પદ સુધી પહોંચી શકીએ... માટે,

હવે પાણી-રૂપી આયુ ન સોસાય તે પહેલા જાગૃતિ લાવી...

આત્માની આરાધનાને સાધવી રહી.

***रे जीव बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव ।***

***किं परलोए गुरुदुक्खभायणं होहिसि अयाण ।।९१।।***

**ગાથાર્થ :** હે જીવ ! બોધ પામ ! મુગ્ધ મા બન, હે પાપાત્મન્ ! પ્રમાદ મા કર... હે મૂર્ખ ! શા માટે પરલોકમાં મોટા દુઃખનું ભાજન બની રહ્યો છે ?

**ભાવાર્થ :** આર્યકુળમાં જન્મ વગેરે બધી જ સામગ્રી સુયોગ્ય મળી છે.

પાંચે-પાંચ ઈન્દ્રિયો સુવ્યવસ્થિત...

નિરોગી શરીર,

સુખ-સામગ્રી-પરિવારાદિ સુસંસ્કારી,

દેવ-ગુરૂ-ધર્મની પ્રાપ્તિ.

બધું જ મળ્યું... છતાં જીવને પ્રમાદને પરવશ બનાવી પરલોક બગાડવા શાં સારૂ તુલ્યો છે ?

સવારથી ઉઠીને આ જીવ ચિક્કાર આરંભ-સમારંભ કાર્યોમાં ઓત-પ્રોત રહે છે, યોગ્ય સામગ્રી મળી છે, તોયે ઉપયોગ કરવાનું કોઈ લક્ષ્ય નથી.

તો શું મતલબ તમને એ સારી વસ્તુઓ મળ્યાનો,

જો તમને એનો લાભ લેતા જ ના આવડે,

એનાથી તો એવું લાગે કે અનાર્ય દેશોમાં ઉદ્ભવેલા જીવો કરતા આપણા આત્મામાં ઝાઝો ફરક નથી.

આનાથી નીચે ઉતરીએ તો એમ પણ કહેવાય કે તિર્યંચોમાં અને પ્રમાદગ્રસ્ત આ આત્મામાં શું ફેર...

એક મદારીની પાસે નાનું ગલુડીયું... નામ પાડ્યું Tommy

Tommy ઘણો સારો દેખાવડો, હૃષ્ટ-પુષ્ટ કાયા,

Training આપીને જબરદસ્ત તૈયાર કરવામાં આવ્યો.

Tommy હવે કમાતો થઈ ગયો, એના માલિકનો જમણો હાથ બની ગયો.

હવે એના નાટકો પ્રખ્યાત થઈ ગયા.

ઉંમર થતા એક કુતરી જોડે પરણાવવામાં આવ્યો.

એના ય ગલુડીયા થયા, હવે

Tommy ની જવાબદારી વધી, બધાનું ધ્યાન રાખતો થઈ ગયો...

ઘણા બધાને સંતોષ તો આપ્યો, છતાં મોહમાં પ્રમાદગ્રસ્ત હોવાથી

પોતાનો પરલોક સુધારી ના શક્યો...

એક પપ્પાને પપ્પુ થયો, નામ પાડ્યું બંટી

બંટી ઘણો સારો દેખાવડો, પાંચે ઈન્દ્રિયો સુવ્યવસ્થિત...

ભણાવવા - કરવાથી એકદમ train કર્યો.

આગળ જતા બંટી કમાતો થઈ ગયો. પપ્પાનો જમણો હાથ બની ગયો.

હવે ધંધો ધમધોકાર ચાલે... Famous Business Man થઈ ગયો.

એના યોગ્ય કન્યા જોડે પરણાવવામાં આવ્યો.

હવે એ બંટીને ય પપ્પુઓ થયા.

બંટીની જવાબદારી વધી. આખા પરિવારનું ધ્યાન રાખતો થઈ ગયો...

બધાને જ એનાથી સંતોષ... આખરે તો સ્વાર્થી જગતને પોતાનો સ્વાર્થ સધાય, એટલે સંતોષ થાય જ.

હવે મારે એમ કહેવું છે... કે

Tommy અને Bunty માં શો ફેર ? આ વાતનો નિર્ણય તમારા હાથમાં જ છે. જો પ્રમાદનો પરિત્યાગ કરીને આત્માને ધર્મમાં... જોડવાનો પ્રયાસ થતો હોય,

પરલોકને સુધારવાનો, એના માટે વિચારનો પણ યત્ન થતો હોય,

મળેલી સામગ્રીની કદર હોય, ફરી નહીં મળે એવો ઉપયોગ રહેતો હોય, તો તો Tommy અને Bunty માં આભ-ગાભનું અંતર પડી જાય, માટે જ જ્ઞાનીભગવંતો કહી રહ્યા છે... મોહને છાંડી, અજ્ઞાનને ખંખેરી, પ્રમાદને ત્યાગી, પરલોકને સુધારવા પ્રયત્નશીલ થા !

***बुज्झसु रे जीव तुमं, मा मुज्झसु जिणमयंपि नाऊणं ।***

***जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ॥९२॥***

**ગાથાર્થ :** હે જીવડા ! તું બોધ પામ, જિનશાસનને જાણીને પણ મુગ્ધતા (પ્રમાદ) ન કર ! નહિ તો, હે જીવ ! ફરીથી આ સામગ્રી મળવી દુર્લભ છે.

**ભાવાર્થ :** દુનિયામાં આજકાલ ઘણી બધી સ્કીમો નીકળે છે.

ક્યાંક ધમાકેદાર Sale's લાગે છે.

વળી ક્યાંક મનોરંજનો માટે અલક મલકના શો રખાય છે. ધારો કે એવા જ કોક મનોરંજનની રમતમાં તમને લઈ

જવા માટે ઓફર આવી, હવે એ જેકપોટ જેવી રમત, **K.B.C.** ***( कौन बनेगा करोडपति )*** જેવી જ લાખો રૂપિયાની પ્રાપ્તિ... પણ એ થોડી અલગ પ્રકારની, એના કરતા ય ચડિયાતી કહો તો ચાલે.

ફાયદો - પ્રચાર

લાખો-કરોડોની Public આમાં જવા માટે ઉત્સુક, અમારો નં. કેમ કરી લાગે ?

એક મોટો જબરદસ્ત શો-રૂમ જેમાં,

આજની દુનિયાની બધી જ સુખ સાહ્યબી,

બધી જ luxrious item's ની અઢળક quantity.

મિનિટોમાં તમને રંકથી રાજા બનાવી દે એવી ધમાકેદાર સગવડતાઓ. હવે,

માનીલો, તમારો નં. ત્યાંની પ્રવેશ માટે મહામહેનતે લાગી ગયો,

પણ અમુક નિયમોનો સ્વીકાર કરવો પડશે...

(૧) તમને માત્ર એક જ જણને પ્રવેશ મળશે.

(૨) બધી જ સામગ્રી લેવાની છુટ. પણ સામગ્રીની સમ્યક્ ઓળખ + કદર કરવી પડશે.

(૩) સામગ્રી ના ઉંધા use માં જો નુકસાન, તો એ અમારી જવાબદારી નથી.

(૪) જો લેવામાં કે choice માં ભૂલ કરી, પ્રમાદ કર્યો, તો ફરીવાર નં. લાગી શકે તેમ નથી.

(૫) છેલ્લો નિયમ તમારી પાછળ ઘણા ઉમ્મેદવારો ઉભા છે માટે સમય સાવ સીમીત.

અને તમે હરખે-હરખે બધાં જ નિયમો સ્વીકારી લીધાં. પોતાને જાણે કૃતકૃત્ય માની તે મોટા-વિશાલ-અતિ વિશાલ હૉલમાં પ્રવેશ કર્યો.

જોતા જ તમારી આંખો તો છક થઈ ગઈ.

એકવાર તો વિચારમાં જ પડી ગયા, શું લઉ ને શું નહીં...

પહેલા એકવાર વિચાર આવ્યો કે સારી-સારી ગણાતી વસ્તુઓ લઈ લઉં પછી બીજી વાત.

પણ, તે લેવા જતા વચ્ચે ઘણી બધી અસાર નગણ્ય વસ્તુઓ આવતી ગઈ, તમને કુતુહલ ! હવે બધી વસ્તુઓને તમે જાણતા જ હો, એવો તો કોઈ નિયમ નથી જ. તેથી એક પછી એક વસ્તુઓને જોતા ગયા. વસ્તુઓ ઘણી બધી સારી હતી પણ સાવ તુચ્છ - અસાર હતી. ક્ષણિક સુખ અપાવે એવી હતી, તમો એ બધી વસ્તુઓના લોભમાં ફસાઈ ગયા અને એના ચક્કરમાં પેલી ઉત્કૃષ્ટ-સાર વસ્તુઓને મગજમાંથી સાવ વિસારી લીધી.

અને એ તો બધી જ સામગ્રીનું multi collection હતું ખાન-પાન-એશ કરવાની પણ સગવડતાઓ હતી... તમેય બન્યા એમાં ચકચૂર... અને જોત-જોતામાં તમારો સમય... થવા આવ્યો, તમને જણાવવા એકવાર ટકોર કરાવવામાં આવી. પણ હવે તમે કશું જ કરી શકો તેમ નહોતા, થાકી ગયા'તા અને સાર વસ્તુઓ સાવ દૂર થઈ ગઈ હતી...

તમે પ્રમાદગ્રસ્ત બનીને હાથમાં આવેલા જેકપોટને ઠોકર લગાવી દીધી.

નસીબથી મળેલો Golden Chance સાવ મૂરખ પણું આદરી ગુમાવી બેઠા,

હવે તમારી પાસે બચી માત્ર હતાશા... માત્ર નિરાશા...

ભયંકર અફસોસ !!!

હવે, આપણી મૂળ વાત પર આવીએ.

આપણને જે મનુષ્ય ભવ મળ્યો છે, તે આ Giant - Multi-Collection Hall કરતાં ય ઘણો... ઘણો દુર્લભ છે...

એના ઉમેદવારો ચારે-ચાર ગતિના અનંતા જીવો છે.

અવ્યાબાધ સુખો અપાવી શકે એવી જબરદસ્ત સામગ્રીઓથી આ હોલ ભરેલો છે.

પરિમિતિ જગ્યા જ ત્યાં ખાલી છે, પરિમિતિ સમય માટે જ તે મળી શકે તેમ છે, અને આપણને મળી ચૂકી છે !

જરાક વિચાર તો કરો... કેવો Golden Chance લાગ્યો છે.

ભલેને, સમય ઓછો છે, પણ સાર વસ્તુઓને સાધી લેવા માટે તો પૂરતો સમય છે જ. બસ ! જરૂરત છે, સાચી સમજણની.

સાચી ઓળખની.

સાચી સમજણ + ઓળખ પછી એના માટેના સાચા પુરૂષાર્થની.

પ્રમાદને ત્યજવાની.

ધ્યેયને સાધવાની...

માટે જ જ્ઞાની ભગવંતો વારંવાર એ જ ટકોર કરી રહ્યા છે... કે હે જીવ ! તું સમજ, તને મળ્યું છે પ્રભુનું અમૂલું શાસન ! એને પામીને ય તું પ્રમાદગ્રસ્ત તો કમસેકમ ના થા, કારણકે જેની કદર આપણે કરી શકતા નથી. એ વસ્તુ ફરીવાર મળતી નથી. એ સનાતન સત્યને તું સ્વીકાર !

***दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ।***

***दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥९३॥***

**ગાથાર્થ :** જિનધર્મ ફરીથી મળવો દુર્લભ છે, અને તું પ્રમાદમાં ચકચૂર અને સુખૈષી છે, તો પછી અમે નથી જાણતા કે તું નરકનાં દુઃસહ દુઃખ કેવી રીતે સહીશ ?

**ભાવાર્થ :** કરીયર બનાવવા માટે સ્કૂલના ફાઈનલ્સમાં ઘણી-ઘણી મહેનત કરી જેથી સારા ટકા મેળવી શકાય અને તેનાથી સારી - નામાંકિત કોલેજમાં જગ્યા મળી થઈ જાય, અને આગળ જતા સારી ડીગ્રી - સારી Job વગેરે બધું થઈ શકે...

સ્કૂલની મહેનત ફળી ગઈ... (જો કે મહેનત ક્યારે પણ Waste નથી જતી... બસ ! સમ્યગ્ ક્ષેત્રમાં હોવી જોઈએ... કારણ કે મહેનત તો બન્ને પ્રકારના ફળ આપીને જ રહે છે...)

સારી કોલેજમાં પ્રવેશ મળી ગયો.

Science લીધું IIT એંજીનીયર બનવું હતું..

પણ મહામહેનતનું કામ હતું... સખત પુરૂષાર્થ માંગે તેવી લાઈન હતી.

હવે, અનુકુળ સામગ્રી તો બધી જ મળી ગઈ પણ,

ચડ્યા કુમિત્રોના રવાડે, કુટેવોના સથવારે...

તોયે પ્રોફેસરો તો પોતાનું કામ - ભણાવવાનું ધમધોકાર રીતે ચલાવી જ રહ્યા હતા... અમુક કોર્સ પતતા અમુક નાના-મોટા Test's લેવામાં આવતા, એમાં આ મહાશય, ઘણી-વાર નાપાસ થયા, તેથી શિક્ષકોના ઠપકા + અરૂચી + ઉપેક્ષાનો વિષય બનતા ગયા.

શિક્ષકો પણ વિચારમાં પડી જતા, આટલી મહેનતે અહીં સુધી આવી ગયા. પણ હવે પ્રમાદગ્રસ્ત બની, કેમ કિંમતી સમય વેડફી રહ્યો છે,

વળી આ નાની-નાની test's માં પણ નાપાસ થાય છે તો... જ્યારે ફાઈનલ્સ આવશે સ્ટેટ લેવલ બોર્ડ આવશે ત્યારે આમની શું હાલત થશે ??

હારી જશે - ફેલ થઈ જશે...

હાય ! કેટલું મોટું નુકસાન થશે, અસહ્ય આઘાત લાગશે...

બસ !

આના જેવી જ હાલત આપણી થવાની.

અત્યારે આત્માને સુકાર્યોમાં - સદનુષ્ઠાનોમાં જોડવાને બદલે, નિંદા-કુથલી વગેરે પ્રમાદોમાં પાડી... મહામહેનતે મળેલા મનુષ્યભવને વ્યર્થ વેડફી રહ્યા છીએ...

સદનુષ્ઠાનોથી સુગતિનું જોડાણ તો દૂર રહો, પણ, નાની નાની વાતોમાં પેટ્રોલ ભરેલા ટેન્કરની જેમ ભડકો કરી દઈએ છીએ... કાંઈ પણ સહન કરવાની તૈયારી જ નથી, આત્માને સાવ-સાવ નિઃસત્વ જ બનાવી નાંખ્યો છે, તેથી જ્ઞાની ભગવંત ફરમાવી રહ્યા છે કે, અત્યારે સુકાર્ય કરવા નથી, પ્રમાદમાં જ પડ્યા પાથર્યા રહેવું છે. જરાક પણ સહન કરવાની શક્તિ ફોરવવી નથી. સુખની લાલચમાં જ જીવન જતું કરવું છે, તો પછી અમે નથી જાણતા, કે નરકાવાસમાં પટકાયા પછી, ખુંખાર-ભયંકર દુઃખોને... વ્યથાને અનરાધાર વરસાવી દે એવી વેદનાઓને તારો નિઃસત્ત્વ-અસમર્થ-અસહિષ્ણુ આત્મા કેવી રીતે સહન કરશે !!!

આ જ્ઞાની પુરૂષોની અંતર વેદના છે.

જે આ શ્લોક દ્વારા રજુ કરી દીધી છે.

***अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।***

***देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ॥९४॥***

**ગાથાર્થ :** જો અસ્થિર, મેલા અને પરાધીન એવા આ શરીરથી સ્થિર નિર્મળ અને સ્વાધીન એવો ધર્મ કરાય છે તો શું એ પર્યાપ્ત નથી ?

**ભાવાર્થ :** "કપડા દો વાસણ લો" - "કપડા દો વાસણ લો" ત્રણ-ચાર વાર આ બૂમ પડી એટલે બપોરે આરામથી ઉંઘેલા બહેન/શેઠાણી ઉભા થયા, બારી પાસે આવી પેલા બૂમ પાડનાર સામે હાથનો ઈશારો કર્યો... પછી તરત જ પોતાના માળીયા વગેરેમાં જઈ જ્યાં ઘરનો વધારાનો નકામો સામાન પડ્યો હોય ત્યાં પહોંચ્યા, વિચારતા હતા, કે "સારૂ થયું આ આવી ગયો, સાવ નક્કામા પડેલા કપડાઓ, ફાટી ગયેલા છે. ઘરમાં કોઈ સૂંઘતું ય નથી. ચાલો, સાવ નક્કામી વસ્તુથી ય નવી-નકોર, કામમાં આવે તેવી સારી વસ્તુ મળતી હોય તો સોદો શું ખોટો ?" અને આમ વિચારતા-વિચારતા બધો જ નક્કામો માલ કાઢી નાંખ્યો અને લઈ જઈ પેલા ફેરીયાની સામે ઢગલો કરી દીધો અને બદલામાં પોતાને ગમતા અને કામમાં આવતા એવા ચાર-ચાર વાસણો એની પાસેથી લેવા માંડી - અને લઈ લીધા... પછી... પછી શું ?

એ એના ઘરે અને પેલો એના સ્થાને...

આ તો મેં તમને અમસ્તુ એક લૌકિક દૃષ્ટાંતનો ઢાંચો બેસાડ્યો, પણ વાસ્તવિકતા રજુ કરવાની હજુ બાકી છે.

તે આ પ્રમાણે :- જ્ઞાની પુરૂષો આપણી બુદ્ધિને એકદમ પારખી ગયા છે. ઘણી-રીતે ઘણા ઉપદેશો આપ્યા, છતાં એમને ય લાગે છે - આજનો જમાનો નફા-નુકસાનના આધારે જીવે છે...

વાણિયાગિરીની જ બોલબાલા ચાલે છે... તેથી એને લગતો શ્લોક મૂક્યો, એમાં ખરેખરતા દર્શાવી છે.

જો અસાર કપડાથી સાર એવા વાસણ મળે તો ફાયદામાં પડ્યા એવું માનો છો ?

તો પછી,

સાવ અસ્થિર = ક્ષણે-ક્ષણે ક્ષીણ થતું, મેલું = એક પણ પ્રદેશની શુદ્ધતા નહિવત્, હરેક અંશે દુર્ગંધતાથી વ્યાપેલું, જેમ મદિરાના ઘડાને બહારથી કેટલું પણ ઘસી ઘસીને ચળકાટવાળુ કરો, સાફ કરો, પવિત્ર માટી વડે ઘસીને ગંગાના જળથી ધોઈ નાંખો, તો પણ તે પવિત્રતાને ધારણ કરતો નથી, તેમ મહાદુગંછનીય હાડકા, વિષ્ઠા, મૂત્ર અને લોહીના ઢગલારૂપ સાવ મલિનતાને પામેલું, અને પરાધીન = પોતાનો જેની ઉપર સહેજ પણ અધિકાર નથી એવા આ શરીરથી જો, સ્થિર - નિર્મળ - સ્વાધીન એવો ધર્મ કરી શકાય તો શું તે પર્યાપ્ત નથી ?

અર્થાત્ વધુ લાભદાયી નથી ?

હવે તમો નિર્ણય કરો, લૌકિક સમજણને પામેલી તે બહેન બુદ્ધિશાલી ? કે

લોકોત્તર ધર્મના દેશક એવા પરમપિતાના શાસનને પામેલા આપણે સુજ્ઞ ?...

સુજ્ઞતા તો જો કે અપેક્ષાએ બન્નેમાં કહી શકાય પણ,

એક આત્મલક્ષી, બીજી દેહલક્ષી...

***जह चिंतामणिरयणं सुलहं न हु होइ तुच्छविहवाणं ।***

***गुणविहववज्जियाणं, जीयाण तह धम्मरयणंपि ॥९५॥***

**ગાથાર્થ :** પુણ્ય વડે હીનને = તુચ્છવૈભવશાલીને જેમ ચિંતામણિ રત્ન મળવું પણ સુલભ નથી હોતું, તેમ ગુણોના વૈભવથી હીન જીવોને ધર્મરત્ન મળવું પણ સુલભ નથી હોતું !

**ભાવાર્થ :** રસ્તા ઉપર હાલતા-ફરતા ભિખારી જેવા ગણાતા માણસોને બે ટંક જમવાનું ય સુખ નથી, શાંતિથી રહી શકાય, એવો ઓટલો ય સુલભ નથી, ગાડી-મોટરની વાત તો દૂર જ કરી રહી, અને માટે એવા જીવોને, ચિંતામણી રત્નની પ્રાપ્તિ તો સ્વપ્ના માંય સુલભ નથી,

કારણકે ચિંતામણી રત્ન કાંઈ રસ્તામાં નથી પડ્યું, અતિ કીમતી વસ્તુ ગણાય. અને એના માટે પુણ્યની સત્તા જોઈએ.

આમેય નાના નજીવા જેવા ગણાતા સુખો માટે પણ ઓછુવત્તુ પુણ્ય તો જોઈએ, તો પછી ચિંતામણી રત્ન માટે તો પુણ્યનો જથ્થો, ભરાવો ભારે ભરખમ હોવો જ જોઈએ, અન્યથા આ રત્નની પ્રાપ્તિ દુર્લભ.

કારણ કે આ રત્ન કાંઈ અમેરિકન ડાયમંડ જેવા કાચ તુલ્ય નથી, પણ ઘણી બધી વિશેષતાઓથી મઢેલું છે, અત્યંત જવલ્લે જ એની પ્રાપ્તિ બતાવી છે. હવે જો ચિંતામણી રત્ન કે જે લૌકિક સુખ મેળવી આપે, તેના માટે પુણ્યનો ખપ બતાવ્યો છે. તો પછી,

ચિંતામણી રત્ન કરતાંય અતિ-અતિ મોંઘુ એવું ધર્મરત્ન ક્યાંથી સુલભ હોય ? પેલા રત્નના માટે જેમ પુણ્યનો ખપ હતો, તેમ

આ ધર્મરત્ન માટે ગુણોનો ખપ છે અને ગુણવડે હીન જીવો આની પ્રાપ્તિ કરી શકતા નથી, ક્ષમા-મૃદુતા-કોમળતા-સમતા વગેરે ગુણોનું ભરપૂર બેલેંસ જોઈએ, પછી જ આ ધર્મરત્ન મેળવી શકાય અને આખરે તો,

ધર્મરત્નથી જ ચિંતામણી રત્ન પણ મેળવી શકાય, કારણ કે પુણ્યનો જથ્થો ધર્મ વિના ક્યાંથી થવાનો ? અને ગુણો વિના પુણ્ય ક્યાંથી થવાનું ? આમ આડી-અવળી રીતે પણ બધી જ સુખ-સાહ્યબીની પાછળ ધર્મ એ જ પાયો છે.

એના સિવાય એક પણ સુખ મળ્યું નથી અને મળશે ય નહીં. અને વિચાર તો કરો આ ધર્મરત્નની પાછળ દેવલોકના ઈંદ્રો પણ તલસી રહ્યા છે. તે ધર્મ... આજે દેવ-ગુરૂની કૃપાએ આપણને હાથ લાગી ગયો છે.

કદાચ આપણા આવા સૌભાગ્ય પર અમરેન્દ્રને પણ ઈર્ષ્યા આવતી હશે... પણ હું તમોને પૂછું... આ રત્ન મળ્યાની આપણને કીંમત ખરી ??

કરજો આત્મ સંપ્રેક્ષણ !!!

***जह दिट्ठिसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।***

***तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥९६॥***

**ગાથાર્થ :** જેમ જન્મથી અંધ જીવોને દૃષ્ટિ સંયોગ (કોઈ પણ પદાર્થનું દર્શન) નથી થઈ શકતું, તેમ મિથ્યાત્વી અંધ જીવોને જિનશાસનનો સંયોગ થઈ શકતો નથી.

**ભાવાર્થ :** સાંભળ્યું છે,

સ્વીટ-જર-લેન્ડ, યુરોપ, મલેસીયા, દાર્જીલીંગ, કાશ્મીર વગેરે ઘણા પ્રદેશો સુંદર છે... લૌકિક દૃષ્ટિએ જોવા લાયક છે, ત્યાં જવાનો ખર્ચોય ઘણો... એક પરિવારનો વીઝા પાસ થઈ ગયો, અને ફરવા નીકળી ગયો.

માતા-પિતા, ત્રણ છોકરા... બધાં જ એ અવસરની મજા તો લૂંટી રહ્યા હતા. પણ એમાંથી એક છોકરાને બધું જ સારૂ મળેલું... ઘર-પરિવાર-પુણ્યાઈ-ફરવાની સગવડ વગેરે... પણ એક પુણ્ય ઓછું પડ્યું કે જે ખામી બધા જ પુણ્યને બાજુએ પટકી નાંખે એવી ભયાનક ! એ હતું એનું અંધપણું !!! એના લીધે એ બધું મળવા છતાંય, જાણે કાંઈ મળ્યું જ નથી એવી અનુભૂતિમાં સતત પીડાતો... એના માટે તો

યુરોપના હરિયાળા પ્રદેશો ને ગામડાનાં ખેતરોના ધૂળિયા પ્રદેશો.

સમુદ્રનો કિનારો કે માટીવાળો રણપ્રદેશ.

સુંદર લાગતા આભૂષણો, કપડા કે સાવ હલકા પહેરવેશો.

રંગબેરંગી ફુલોવાળું ઉદ્યાન કે વિખરાઈ ગયેલા એક એક પાંદડાવાળું વેરાન. બધું જ સરખું ! તસુભાર પણ તારતમ્યનો આભાસ પણ એને ન થાય. કારણ કે કુદરતની બક્ષિસરૂપ દૃષ્ટિ એની પાસે નથી...

બોલો આવાઓના માટે હૃદય કરૂણાર્ત થાય છે ? થાય જ.

તેમ જ્ઞાની પુરૂષો ફરમાવી રહ્યા છે કે,

*જેમ આંખ સલામત હોય તો જ સૃષ્ટિના દર્શન થાય તેમ સમ્યગ્દર્શન નિર્મળ હોય તો જ જિનશાસનમાં પડેલા પદાર્થો - રહેલા તત્ત્વોનું દર્શન થાય... કારણ કે મિથ્યાત્વીપણું એ પણ એક પ્રકારની અંધદશા જ છે !*

એના અંધકારમાં માત્ર એ પાંચે ઈન્દ્રિયોના વિષયોની અનુભૂતિ કરી શકશે. અરે ! અભવ્યો જેવા મિથ્યાત્વી જીવો તો પેલા વીઝા પામેલા છોકરાની જેમ ચારિત્ર સુધીનો પુરૂષાર્થ કરી લેશે, તોય... મિથ્યાત્વની દશાને લીધે એ જિનશાસનના સુરમ્ય પદાર્થોને, આભ્યંતર સ્વરૂપના પ્રકાશને જોઈ જ શકશે નહિ. માત્ર બાહ્યરૂપમાં જ રાચશે-નાચશે... અને હારી જશે...

તેથી જ શાસ્ત્રકારો કહે છે,

*મિથ્યાત્વના પડલને ઉઘાડવા પ્રયત્ન કરો અને પછી જે આભ્યંતર દુનિયા નિહાળશો એને પ્રાપ્ત કર્યાનો આનંદ કાંઈ અનેરો જ હશે.*

બોલો આપણી દશા શું ?

બની રહેવું છે અંધ ? કે કરવો છે આભ્યંતર દૃષ્ટિ કરવાનો પુરૂષાર્થ ?

***पच्चक्खमणंतगुणो, जिणिंदधम्मे न दोसलेसोवि ।***

***तह वि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जीया ॥९७॥***

**ગાથાર્થ :** જિનધર્મમાં પ્રત્યક્ષ અનંત ગુણ છે, લેશ પણ દોષ નથી, તો પણ અજ્ઞાનથી અંધ આત્મા કેમેય કરીને તેમાં રમતા નથી...

**ભાવાર્થ :** "ધર્મ કરતો હતો, માટે આ નુકસાન થયું અર્થાત્ ધર્મના ફળ સ્વરૂપે અમુક નુકસાન થયું", એવું ક્યારેય સાંભળ્યું નથી... સંભળાશે પણ નહીં. જિનધર્મના અનંત ગુણો પ્રત્યક્ષ જ છે.

કેટલાય અવગુણી આત્માઓ પણ આ જિનધર્મને પામી અનંતગુણના ભાજન થયા છે.

**અર્જુનમાળી**, જે ઘોર પાપી,

**દૃઢપ્રહારી** અત્યંત નિષ્ઠુર,

**ચિલાતીપુત્ર** અતિકામાંધ

એવાઓને પણ જિનશાસને ઉંચકીને પોતાના તાજના સ્થાને સ્થાપી દીધા, નરકમાં ય કદાચ સ્થાન ના પામી શકે એવા પાપોથી ચકચૂર જીવોને મુક્તિ સુખના ભોક્તા બનાવી દીધા... કેટલી ગજબ ઉદારતા !

અને રહી વાત દોષની, એલોપેથીક દવામાં સાઈડ અસરની સંભાવના ખરી, પણ હોમીયોપેથીક દવામાં જરા પણ સાઈડ અસર નથી.

તેવી રીતે જિનધર્મના ગુણો બેશુમાર ! પણ

દોષ તો લવલેશ જેટલો પણ નથી, ક્યારે સાંભળ્યો નથી જ. અને આવો જિનધર્મ મળવા છતાં,

અજ્ઞાનથી અંધ એવા જીવો એને ગ્રહણ કરી નથી શકતા,

એને સાચી દૃષ્ટિથી જોઈ નથી શકતા.

સાચી સમજણથી સમજી નથી શકતા.

એવા જીવોની કેવી કરૂણ દશા !

ગંગા ઘેર ચાલીને આવી છે, છતાં પ્રમાદગ્રસ્ત આત્મા એનો ફાયદો નથી ઉઠાવી શકતો...

કરૂણાહૃદયી જ્ઞાની ભગવંતો ઘણું-ઘણું સમજાવી રહ્યા છે. છતાં અજ્ઞાનરૂપી અંધપણું દૂર કરવાની સહેજ પણ તૈયારી નથી...

શું કહેવું એવાઓની સામે ?

શું કરવું એવાઓને માટે ?

એ જ હવે સમજાતું નથી !!!

***मिच्छे अणंतदोसा, पयडा दिसंति नवि हु गुणलेसो ।***

***तहवि हु तं चेव जीआ, हि मोहंधा निसेवंति ॥९८॥***

**ગાથાર્થ :** મિથ્યાત્વમાં - મિથ્યાધર્મોમાં અનંતા દોષો છે, અને ગુણ તો લેશમાત્ર પણ નથી ! તો પણ રે ! મોહાંધ જીવો તે જ મિથ્યાત્વને સેવ્યા કરે છે...

**ભાવાર્થ :** જિનધર્મમાં અનંત - અનંત ગુણો છે, અને દોષનો પડછાયો પણ નથી. જ્યારે મિથ્યાત્વમાં એટલે કે ઈતરદર્શનોમાં એક નહિં, પણ અનંતા દોષો છે અને ગુણનું તો નામ પણ નથી !

સારામાં સારો વૈદ્ય એવી શક્તિ ધરાવે છે કે હાથમાં આવેલ કેસ અવશ્ય-નિશંકપણે સફળ થાય જ, દર્દી શાતાને પામે જ ! નિષ્ફળતા એ તેના માટે એક વિરલ-આશ્ચર્યજનક ઘટના કહેવાય !

મધ્યમ વૈદ્ય જ્ઞાનથી અને અનુભવથી પણ નબળો છે. અને માટે જ નિષ્ફળતા સાથેની મેરેથોન રેસ તેના માટે સહજ થઈ પડતી હોય છે !

અને પેલા રસ્તાના કાંઠે તંબૂ તાણીને બની બેઠેલા વૈદ્યો ! દવા કે રોગના નામો પણ ઠીક રીતે જે જાણતા ન હોય અને બોલી ન શકતા હોય ! તેવા લેભાગુઓ ન તો આરોગ્યશાસ્ત્ર જાણે અને ન તો એકાદ-બે કેસમાં સફળ થયા હોય ! તેઓ તો સ્વાર્થ માટે - પૈસા માટે રમે છે માત્ર ને માત્ર જુગાર કોઈકના ભાવો સાથે...

અહિં જિનધર્મ એ પેલા શ્રેષ્ઠ નહિં, પણ શ્રેષ્ઠતમ વૈદ્ય સમાન છે. જ્ઞાનનો વૈભવ (દેખાડો નહિ !) એટલો બધો વિસ્તૃત અને અગાધ કે જાણે 'નથી ખબર' આવું વાક્ય તેના શબ્દકોશમાં સ્થાન ધરાવતું જ નથી !

આશ્રયે આવેલા અગણિત જીવોનો અનુભવ પણ 'સદા વિજયી'ની જાણે મહોરછાપ અપાવે છે !

ભાવાર્થ એ જ કે શ્રી જિનશાસનમાં વિશ્વના પ્રત્યેક જીવો માટે, પ્રત્યેક જીવદળની પ્રકૃતિને અનુરૂપ ઔષધ સદા માટે હાજર જ છે ! જે જીવ તેના શરણે આવ્યો, તે અવશ્ય ભાવારોગ્યની પ્રાપ્તિ કરશે તે નિશ્ચિત હકીકત છે જ, જરૂર છે માત્ર અપથ્યત્યાગ અને ઔષધસેવા !

હા ! એટલું ખરું કે,

પેલા શ્રેષ્ઠતમ વૈદ્ય પાસે જો મડદા જેવો જ દર્દી આવે, તો પછી તેની પાસે આવા દર્દીઓ માટે 'Death Certificate' સિવાય બીજું કંઈ જ આપવા લાયક નથી. હા ! જો વેન્ટીલેટર ઉપર ચઢાવામાં આવે તો કેટલાંક શ્વાસો વધુ ખેંચી લે ખરાં !

એવી જ રીતે,

શ્રી જિનશાસનના શરણે અભવ્ય જીવો આવે, તો તેના માટે તો જિનશાસન પાસે કંઈ જ નથી. હા ! વેન્ટીલેટર જેવી બાહ્ય ક્રિયાઓથી એકાદ સદ્‌ગતિની રાહત આપી શકે ખરાં !

આ બધી જ વાતોનો સાર એ જ છે કે, શ્રી જિનધર્મમાં નિશ્ચિત હિત છે જ, અને દોષની છાંટ પણ નથી, પેલા શ્રેષ્ઠ વૈદ્યની જેમ !

મધ્યમ વૈદ્ય જેવા છે ઈતરદર્શનો ! એવા કે જે શ્રી જિનધર્મથી થોડા-ઘણા દૂર છે. થોડી-ઘણી કલ્પના અને થોડી-ઘણી વાતો શ્રી જિનધર્મ પાસેથી ઉધારીમાં લીધેલ ! ક્યારેક પોતાની પાયા વિનાની કલ્પનાઓથી હાર, અને ક્યારેક શ્રી જિનધર્મને અનુસરનારી બાબતોથી સદ્‌ગતિ વગેરે પ્રાપ્તિ !

માટે અહિં જ્યાં-જ્યાં શ્રી જિનધર્મનો પડછાયો ત્યાં ત્યાં ગુણ ! તાપસાદિના તપથી દેવલોકાદિની પ્રાપ્તિની જેમ ! અને જ્યાં-જ્યાં મનઘડંત વાતોનું સામ્રાજ્ય, ત્યાં-ત્યાં નિશ્ચિત દોષ ! માંસાદિભક્ષણથી નરકની પ્રાપ્તિ થાય !

નાસ્તિકમત વગેરે જેવા દર્શનો, કે જે શ્રી જિનધર્મથી જોજનો દૂર છે, ત્યાં તો નિશ્ચિત મૃત્યુ જ ! અર્થાત્ દુર્ગતિ ! માત્ર મળે સંતોષ કંઈક કર્યાનો ! પેલા બની બેઠેલા વૈદ્યના શરણે ગયેલા દર્દીની જેમ...

સાર એટલો જ લેવાનો છે, કે શ્રી જિનધર્મમાં અનંત-અવશ્ય પ્રાપ્ત થનારા ગુણો-લાભો છે જ. અને બીજે અજ્ઞાનનું સામ્રાજ્ય હોવાથી મળે માત્ર ને માત્ર મોત !

આ નિશ્ચિત હકીકત હોવા છતાંય, મિથ્યાત્વી જીવોને મિથ્યાદર્શનો જ ગમે, તે જ સાચા લાગે, તેનો જ આશરો લે...

કેમ ?

કેમકે, તેમણે પહેર્યા છે ગોગલ્સ !

એટલે ?

એટલે એ જ કે તડકાથી બચતા જેમ લોકો ગોગલ્સ પહેરે અને તેના કારણે સફેદ વસ્તુ પણ તેમને દેખાય કાળા જેવી. તેવી જ રીતે આ જીવોની દૃષ્ટિ - સમજણશક્તિ મિથ્યાત્વથી આવરિત થઈ છે, અને માટે જ શ્રી જિનધર્મના વિશુદ્ધતત્ત્વો પણ તેમને તો આડંબર અને બાબલાંની વાતો જેવા લાગે...

આંખના સુખ ખાતર લોકો કાળાશને અપનાવે અને એ ભ્રાંતિને જ સારી માને, તેમ આ જીવો દેહ અને મનના સુખ ખાતર વાસ્તવિકતાને નજર અંદાજ કરવા પણ તૈયાર થાય છે ! તદ્દન વિપરીત માન્યતા પણ અપનાવવા તૈયાર થઈ જાય છે...

દેખી શકતા હોવા છતાંય આંધળા બની જાય છે !

**પ્રશ્ન :** મિથ્યાત્વી જીવો વાસ્તવિક્તાને જાણતા જ નથી અને માટે ખોટી પ્રવૃત્તિ કરે છે, કે પછી વાસ્તવિક્તાને જાણે છે, પણ છતાંય તેની ઉપેક્ષા કરીને ખોટી પ્રવૃત્તિ કરે ?

ગોગલ્સ પહેરનાર વ્યક્તિ સમજે તો છે જ કે સામેની ગાડી ભલે મને કાળી દેખાય છે, પણ ખરેખર તે છે તો ધોળી જ !

પીળિયાના દર્દીને શંખ ભલે પીળો દેખાય, પણ તે પોતે પણ માને તો છે જ, કે તે શંખ ધોળો જ છે...

માટે, વાસ્તવિક્તાને ન જાણવી અને જાણવા છતાંય ઉપેક્ષા કરવી, તે બેય અલગ-અલગ બાબત છે. મિથ્યાત્વીમાં શું હોય ?

**ઉત્તર :** મિથ્યાત્વીમાં આ બે ય વસ્તુ અમુક અપેક્ષાએ હોય છે !

ગોગલ્સ પહેરનારને જે વસ્તુ પૂર્વપરિચિત છે, તે વસ્તુ ભલે તેને ગમે તેવી દેખાય, છતાંય તે વાસ્તવિક્તાને તો

સમજતો જ હોય !

**દા.ત.** પોતાની ધોળી ગાડી કે પાડોશનો ધોળો બંગલો ગોગલ્સના કારણે કાળો દેખાય, પણ માને તો ધોળો જ !

બીજી વાત એ કે ભલે કોઈ વસ્તુ પૂર્વપરિચિત ન હોય, તો પણ અનુમાનથી તેના સંબંધી વાસ્તવિક્તા સમજી લે !

**દા.ત.** સામેથી આવતા સાધુના કપડા ભલે તેને કાળા દેખાય, પણ અનુમાનથી સમજી લે કે આ કંઈ ભૂવા તો નથી લાગતા કે કાળા કપડા પહેરે, આ કપડા કાળા તો નહિં જ હોય !

ત્રીજી વાત એ કે સ્થૂલ-સ્થૂલ વસ્તુઓ જાણી લે, ત્યાં વ્યવહારુ બુદ્ધિ વાપરીને વાસ્તવિક્તા સુધી પહોંચે !

**દા.ત.** કોઈ ચિત્ર સામે મૂકવામાં આવે, તો ચિત્રમાં રહેલ મોટી ચીજોના રંગ કદાચ પીછાની લે, પણ ઝીણી ડીઝાઈનો સુધી ન પહોંચી શકે.

આમ આ ત્રણ કારણોથી ગોગલ્સ હોવા છતાંય, વ્યક્તિ સાચી બાબત જાણી શકે. એમ મિથ્યાત્વી પણ સાચા તત્ત્વો - સાચા પદાર્થોને સામાન્યથી ઓળખી શકે - સમજી શકે... પણ !

૭૦% કે ૮૦% પાસ થવા છતાંય ઘણીવાર તે ફેઈલ થઈ જાય...

પૂર્વપરિચિત ન હોય તેવી વસ્તુ ક્યારેય ન પીછાની શકે...

અનુમાન પણ કેટલીકવાર ખોટો ઠરે...

સ્થૂલ વસ્તુઓ જાણવા છતાંય સૂક્ષ્મ બાબતોથી તો તે અજાણ જ રહી જાય...

તેથી આ જ રીતે,

મિથ્યાત્વી જીવને પૂર્વે અહિંસા જેવી વાતો ઘણીવાર સંભળાઈ હોય, આ ભવ કે પછી પૂર્વભવમાં; તેના કારણે તેને અહિંસા ઉપાદેય તરીકે હૃદયસ્થ થઈ ગઈ હોય. અને માટે જ મિથ્યાત્વી હોવા છતાં પણ અહિંસાને સ્વીકારે. આશયની-ચિત્તની-મનની નિર્મળતા પણ ધર્મ છે, સર્વોત્કૃષ્ટ ધર્મ છે, તે પૂર્વે કદી સાંભળ્યું નથી, માટે તેને ન સ્વીકારે !

નીતિપૂર્વકના ધંધાને પોતે કદાચ ઉપાદેય તરીકે ન પણ માનતો હોય. પણ લોકમાં અનીતિથી ધંધા કરનાર વગોવાય છે, તેમના આધારે નીતિપૂર્વકના વ્યવસાયને માત્ર શિષ્ટાચારરૂપે નહિ, પણ ધર્મ તરીકે પણ સ્વીકારે. આ થયો એક પ્રકારનો અનુમાન ! પણ સૂકાયેલી લીલ છઠ્ઠના પારણે વાપરનારને તપસ્વી નહિં, પણ પરમ અજ્ઞાની કહેવાય, તેવું અનુમાન કોણ કરાવશે !

હત્યા, માર-પીટ વગેરે, સ્થૂલ બાબતોને હિંસારૂપે ગણે, પણ 'બીજાના મનને દુભાવવા' એ પણ એક પ્રકારની હિંસા છે, તેવી સૂક્ષ્મબુદ્ધિ તેને ન પણ હોય.

આખી ચર્ચાનો સાર :-

મિથ્યાત્વી જીવ પૂર્વોક્ત ત્રણ કારણોસર સાચા તત્ત્વને સામાન્યથી જાણી શકે.

પણ આ ત્રણ કારણો એટલાં પાંગળાં છે કે આ જીવ ઘણી બાબતોમાં થાપ ખાઈ જાય અને માટે જ તેના બધાં પ્રયત્નો નિષ્ફળ !

અને,

મિથ્યાત્વી જીવ પોતાને ખ્યાલ હોય તેવા પણ સત્યધર્મને ક્યારેક પાળે, અને ક્યારેક ન પાળે ! કોઈક ધર્મને પાળે, કોઈક ધર્મને ન પાળે !

આ રીતે મિથ્યાત્વી જીવમાં વિકલ્પ  વાસ્તવિક્તાને જાણે, પણ ઉપેક્ષાથી આચરે નહિં  તે ઘટી જાય છે.

અને બીજો વિકલ્પ  વાસ્તવિક્તાને જાણતો જ નથી  એ તો આવા દયનીય જીવની માટે સહજ છે જ !

અને આ બધી વિચિત્રતાઓની પાછળ ખેલ છે દર્શનમોહ. અને ચારિત્ર મોહ કર્મનો ! જેને જેટલો ક્ષયોપશમ, તે તેટલો ઊંચો, જેનો ક્ષયોપશમ નબળો, તે તેટલો નીચો !

આ બધી જ વાતોને હૃદયમાં રાખીને ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે, 'મિથ્યાત્વમાં - મિથ્યાદર્શનોમાં અનંતા દોષો છે, પણ આ મોહાંધ જીવને તો તે જ જચે છે, જેમ ભૂંડને ભાવે વિષ્ઠા !'

***धिद्धी ताण नराणं विन्नाणं तह गुणेसु कुसलत्तं ।***

***सुहसच्चधम्मरयणे सुपरिक्खं से न जाणंति ॥९९॥***

**ગાથાર્થ :** તે મનુષ્યોના વિજ્ઞાનને અને ગુણોમાં કુશળતાને ધિક્કાર હો, કે જેઓ સારી રીતે પરીક્ષા કરાયેલા સુખકારી અને સાચા ધર્મરત્નને જાણતા નથી.

**ભાવાર્થ :** C.A., M.B.A. વગેરેનું જ્ઞાન કેવું ? I.A.S. અધિકારીઓએ કેટલી ચોપડીઓ ગોખી નાંખી ? આજના વૈજ્ઞાનિકોનું વિજ્ઞાન તો જુઓ. આપણા મગજમાં પણ ન ઉતરે એવી શોધખોળ તેઓ કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે !

નવી પેઢીને તો આ બધું સાવ સામાન્ય લાગે. પણ શાંતિથી વિચારીએ તો આપણને તો આશ્ચર્ય જ લાગે.

૨૦ હજાર કિ.મી. દૂર બેઠેલા માણસ સાથે વાયરના કનેક્શન વિના વાતો...

હજારો કિ.મી. દૂર બેઠેલાને આપણા લખેલા અક્ષરો એવા જ આકારમાં ફેક્સ દ્વારા પહોંચી જાય...

હાથથી પુસ્તકના પાના ફેરવીએ એમ મોબાઈલ પર આંગળીથી પાના ફરતા જાય...

એક આખું પુસ્તક લખાઈ જાય, એટલું આજના તે તે માણસોનું વિજ્ઞાન છે.

એમ આજના માણસોની તે તે કળાઓમાં કુશળતા તો જુઓ...

**ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ** જો તમે જુઓ, તો તમને આશ્ચર્ય જ લાગે. 'બાપ રે બાપ !' શું આ શક્ય છે ? 'ના રે ના !' એવું જ આપણે બોલી બેસીએ.

એકાદ કલાકમાં આખું મકાન બનાવી દેવું...

પેટમાંથી તલવાર આરપાર કાઢીને પણ જીવતા રહેવું...

**એવરેસ્ટ** શિખર સુધી ચઢવું...

સાહસોનો ઈતિહાસ જાણીએ, તો આશ્ચર્યથી આપણી આંખો ફાટી જાય.

પણ છતાં આ બધા માણસોના એ વિજ્ઞાનને, એ કુશળતાને ધિક્કાર હો...

કારણ કે તેઓ ધર્મરૂપી રત્નને નથી ઓળખતા.

પરીક્ષા થઈ ચૂકી છે આ રત્નની કે એ ૧૦૦ ટચનું સોનું છે.

પરીક્ષા થઈ ચૂકી છે આ રત્નની કે એ એકાંતે સુખકારી છે.

પરીક્ષા થઈ ચૂકી છે આ રત્નની કે એના વિના ઘોર અંધકાર છે...

છતાં એને મહત્ત્વ ન આપવું અને ભવિષ્યમાં ભયંકર દુઃખો વધારનાર એવા વિજ્ઞાનનો, એવી કુશળતાનો જ આશરો લેવો એ ક્યાંનો ન્યાય ?

એ વિજ્ઞાને તો કરોડો લોકોને મિથ્યાત્વમાં = ભોગવાદમાં રમતા કર્યા.

એ કુશળતાએ તો કરોડો લોકોને પાપોમાં રગદોળતા કર્યા.

આવે છે આજે ઉપાશ્રયોમાં માંડ પાંચ ટકા વર્ગ ! એ પણ ઘરડાઓ - પ્રૌઢો !

યુવાનોને - યુવતીઓને જોયા છે કદી ઉપાશ્રયમાં !

એમની દુનિયા વધુ ને વધુ ખરાબ બનતી જાય છે...

કોણ બચાવે એમને ? એ બધાને ડુબાડનાર છે આ જ વિજ્ઞાન... આ ખોટી કુશળતા ! ધિક્કાર હો ધિક્કાર હો...

***जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।***

***सग्गापवग्गसुक्खाणं फलाणं दायगो इमो ॥१००॥***

**ગાથાર્થ :** આ જિનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ છે. કારણ કે આ ધર્મ સ્વર્ગ-મોક્ષના સુખો રૂપી ફળોને આપે છે.

**ભાવાર્થ :** કલ્પવૃક્ષ એટલે જે માંગો તે આપે તેવું વૃક્ષ !

પણ આ માન્યતા અજૈનોની છે. હકીકતમાં કલ્પવૃક્ષ બધું આપી શકવા સમર્થ જ નથી. યુગલિકોના વખતમાં જે દસ પ્રકારના કલ્પવૃક્ષ બતાવ્યા છે. એ જુદા જુદા દસ પ્રકારના કાર્યો માટે ઉપયોગી થાય છે. ત્યાં કોઈ દૈવી ચમત્કાર નથી માનવાનો. પણ એવા પ્રકારની જ એ વૃક્ષોની રચના માનવાની છે.

**દા.ત.** વસ્ત્રો આપનારા વૃક્ષોમાંથી ચમત્કાર રૂપે વસ્ત્રોનો વરસાદ નથી થતો, પણ એની રચના જ એવી કે એના પાંદડા વગેરે વસ્ત્રના કામમાં આવે.

એમ ગૃહ આપનારા વૃક્ષોમાંથી ઘરો ચમત્કાર રૂપે નથી બનતા, પણ એની રચના જ એવી કે એ વૃક્ષો જ રહેવા માટેના સુંદર મઝાના ઘર રૂપે કામ આવે.

'હે વૃક્ષો ! તમે મને ફલેટ આપો.' એમ માંગો, અને ફલેટ મળી જાય, બની જાય... એવું ન બને. પણ સહજ રીતે જ ઘરના જેવી રચનાવાળા એ વૃક્ષો હોય અને એમાં રહેવાનું.

આમ

કલ્પવૃક્ષો સુખ આપે છે ખરા, પરંતુ એ માત્ર આલોકના જ...

જ્યારે જૈનધર્મ એ તો અલગ પ્રકારનું જ કલ્પવૃક્ષ છે.

એ આલોકના સુખ તો આપે જ,

પરલોકના = સ્વર્ગના સુખ પણ આપે...

અને મોક્ષના સુખ પણ આપે.

આપણને આવું કલ્પવૃક્ષ પાંચમાં આરામાં પણ મળ્યું છે. ભલે આમ કલ્પવૃક્ષ ૧ થી ૩ આરામાં જ હોય છે, પરંતુ આ જૈનધર્મરૂપી કલ્પવૃક્ષ તો આ કળિયુગમાં પણ આપણને મળેલ છે.

બોલો, આપણે ભાગ્યશાળી ? કે કમભાગી ?

ત્રણ આરામાં જન્મ ન મળ્યાનો ખેદ નથી કરવાનો આપણે... પણ જિનશાસનમાં - જૈનસંઘમાં જન્મ મળ્યાનો આનંદ અનુભવવાનો છે આપણે !

***धम्मो बंधू सुमित्तो य, धम्मो य परमो गुरु ।***

***मुक्खमग्गपयट्टाणं धम्मो परमसंदणो ॥१०१॥***

**ગાથાર્થ :** ધર્મ ભાઈ છે, સારો મિત્ર છે. ધર્મ પરમ ગુરુ છે. મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા જીવોને ધર્મ ઉત્કૃષ્ટ રથ સમાન છે.

**ભાવાર્થ :** સંકટ સમયે સહાય કરે એ ભાઈ ! જૈનધર્મ સંકટમાં સહાયક બને જ છે, માટે એ ભાઈ છે.

સાચા માર્ગે દોરી જાય, ખોટા રસ્તે જતા અટકાવે, સુખે-દુઃખે સાથે રહે એ સુમિત્ર ! ધર્મ પણ એવો જ છે ને ?

ગુરુ આપણને માર્ગદર્શન આપે... ધર્મ પણ માર્ગદર્શન આપે...

લાંબી મુસાફરી કરવી હોય, તો રથ જોઈએ... મોક્ષ સુધીની લાંબી મુસાફરીમાં ધર્મ રથનું કામ કરે છે.

**પ્રશ્ન :** ધર્મનો આટલો બધો મહિમા છે, એ તો બરાબર... પણ ધર્મનો અર્થ સ્પષ્ટ કરતા જાઓ...

**ઉત્તર :** શુભભાવપૂર્વકની ક્રિયાઓ એ છે ધર્મ !

આવા ધર્મથી ઉત્પન્ન થયેલું પુણ્ય કર્મ એ છે ધર્મ !

બંને પ્રકારના ધર્મ માટે આપણે આવો મહિમા દર્શાવી શકીએ.

ક્રિયાત્મક ધર્મ, પુણ્યાત્મક ધર્મ દ્વારા જ બધું ફળ આપે છે... એ ધ્યાન રાખવું.

***चउगइणंतदुहानलपलित्तभवकाणणे महाभीमे ।***

***सेवसु रे जीव ! तुमं, जिणवयणं अमियकुंडसमं ॥१०२॥***

**ગાથાર્થ :** ચાર ગતિના અનંત દુઃખો રૂપી અગ્નિથી ભડકે બળેલા, મહાભયંકર આ સંસારરૂપી જંગલમાં હે જીવ ! તું અમૃતના કુંડ સમામ જિનવચનનું સેવન કર.

**ભાવાર્થ :** મહાપુરૂષ અત્યંત લાગણીસભર ભાષામાં છેલ્લી ત્રણ ગાથાઓમાં હિતશિક્ષા આપે છે.

સંસારને ઉપમા આપી છે મહાભયંકર જંગલની !

ચારગતિના અનંતા દુઃખો એ છે આગ ! એનાથી ભડકે બળે છે આ જંગલ !

આમાં જે પ્રવેશે, રહે એ બિચારો બળે જ ને ? દુઃખી જ થાય ને ?

છે બચવાનો કોઈ ઉપાય એના માટે ? હા ! છે જ.

જો એ કોઈ સરોવરમાં ડુબકી મારી દે, તો એ આગ એને કોઈ અસર ન જ કરે.

તો બોલો, છે કોઈ એવું સરોવર આ સળગતા સંસારમાં ? હા ! છે જ. અરિહંત મહારાજાના વચનો એ જ તો છે અમૃતનો કુંડ !

આ માત્ર પાણીનો કુંડ નથી કે દુઃખોની આગથી જ બચાવે... આ તો અમૃતનો કુંડ છે... એ તો અમરપણાની ભેટ આપે. માટે જીવ ! કશો વિચાર ન કર, માની લે મારી વાત ! તું આ જિનવચનરૂપી અમૃતનું સેવન કર.

પહેલા આ કુંડમાં ડુબકી લગાવ, પછી એ અમૃતને પી લે.

એટલે કે પહેલા જિનવચનોને બરાબર સાંભળ, બરાબર વાંચ, બરાબર સમજ... આ છે ડુબકી ! પછી એ જિનવચનોને પીવા માંડ એટલે કે જીવનમાં ઉતારતો જા, અમલમાં મુકતો જા... થઈ જશે જલસા તને ! પછી ભલે ને સળગ્યા કરે સંસાર ! એ ક્યાં તને અડે છે ?

*विसमे भवमरुदेसे अणंतदुहगिम्हतावसंतत्ते ।*

*जिणधम्मकप्पुरुक्खं, सरसु तुमं जीव ! सिवसुहदं ॥१०३॥*

**ગાથાર્થ :** અનંત દુઃખો રૂપી ઉનાળાની ગરમીથી તપેલા, વિષમ એવા સંસાર રૂપી રણપ્રદેશમાં હે જીવ ! તું મોક્ષસુખને આપનાર જિનધર્મરૂપી કલ્પવૃક્ષનું સ્મરણ કર.

**ભાવાર્થ :** ૧૦૨મી ગાથાની જ વાત માત્ર ઉપમા બદલીને ફરીથી મહાપુરુષ કરી રહ્યા છે કે સંસાર છે રણ ! અતિ ભયંકર ! એમાં અનંતદુઃખો રૂપી ગરમી પડી રહી છે, એનાથી આખું રણ ગરમ-ગરમ થઈ ગયું છે.

અહીં જો શિવસુખરૂપી શાંતિ જોઈતી હશે, તો એને માટે જૈનધર્મરૂપી કલ્પવૃક્ષની જ જરૂર છે.

અંતિમ ગાથા.

*किं बहुणा जिणधम्मे जइअव्वं जह भवोदहिं घोरं ।*

*लहु तरियमणंतसुहं लहइ जिओ सासयं ठाणं ॥१०४॥*

**ગાથાર્થ :** વધારે શું કહેવું ? જૈનધર્મમાં પ્રયત્ન કરો. કે જેથી જીવ ઘોર એવા સંસાર સમુદ્રને ઝડપથી તરીને અનંતસુખવાળા શાશ્વત સ્થાનને પામે.

**ભાવાર્થ :** ૧૦૩ ગાથામાં ઘણું કહી દીધું.

ચાર ગતિના દુઃખોનું વિસ્તારથી વર્ણન કર્યુ...

જન્મ-જરા-મરણની ગંભીરતાઓ સમજાવી...

દુઃખોથી બચવા માટે વારંવાર પ્રેરણાઓ કરી કે *'અધર્મ ન કરો...'*

છેલ્લે જાણે કે થાકી જઈને અંતિમ સાર રૂપે કંઈક બોલતા હોય, એમ એ મહર્ષિ બોલે છે કે,

વધારે અમે શું કહીએ ?

***સાર એટલો જ છે કે જૈનધર્મમાં પ્રયત્ન કરો...***
***એનાથી સંસાર ખતમ થશે,***
***અને મોક્ષની પ્રાપ્તિ થશે.***

**॥ ઈતિ વૈરાગ્યશતકમ્ ॥**
**॥ અર્હં નમઃ ॥**
**॥ નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥**
– x – x –

# ।। वैराग्यशतक ।।

संसारम्मि असारे नात्थि सुहं वाहिवेअणापउरे ।
जाणंतो इह जीवो न कुणइ जिणदेसिअं धम्मं ।।१।।
अज्जं कल्लं परंपरारि पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं गलंतमाउं न पिच्छंति ।।२।।
जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह तुरमाणा ।
बहुविग्धो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ।।३।।
ही संसारसहावं चरियं णेहाणुरागरत्ता वि ।
जे पुव्वण्हेदिट्ठा, ते अवरण्हे न दीसंति ।।४।।
मा सुअह जग्गिअव्वे, पलाइअव्वम्मि किस वीसमेह ।
तिण्णि जणा अणुलग्गा रोगो अ जरा अ मच्चु अ ।।५।।
दिवसनिसाघडिमालं आउसलिलं जिआणं धित्तुणं ।
चंदाइच्चबइल्ला कालरहट्टं भमाडंति ।।६।।
सा नत्थि कला,तं नत्थि ओसहं, तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया खज्जंति कालसप्पेण ।।७।।
दीहरफणिंदनाले महीहरकेसरदीसामहदलिल्ले ।
ओपियइ कालभमरो जणमयरन्दं पुढवीपउमे ।।८।।
छायामिसेण कालो सयलजीयाणं छलं गवेसंतो ।
पासं कह वि न मुच्चइ ता धम्मे उज्जमं कुणह ।।९।।
कालंमि अणाइए जीवाणं विविहकम्मवसगाणं ।
तं नत्थि संविहाणं संसारे जं न संभवइ ।।१०।।
बंधवा सुहिणो सव्वे, पियमायापुत्तभारिया ।
पेयवणाउ नियत्तंति, दाउणं सलिलंजलिं ।।११।।
विहडंति सुआ विहडंति बंधवा, वल्लहा य विहडंति ।
इक्को कह वि न विहडइ, धम्मो रे जीव ! जिणभणिओ ।।१२।।
अडकम्मपासबद्धोजीवो संसारचारए ठाइ ।
अडकम्मपासमुक्को आया सिवमंदीरे ठाइ ।।१३।।
विहवो सज्जणसंगो, विसयसुहाइ विलासललिआइं।
नलिणीदलग्गघोलिरजललवपरिचंचलं सव्वं ।।१४।।
तं कत्थ बलं तं कत्थ जुव्वणं अंगचंगिमा कत्थ ।
सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ।।१५।।
घणकम्मपासबद्धो भवनयरचउप्पहेसु विविहाओ ।
पावइ विडंबणाओं जीवो को इत्थ सरणं से ।।१६।।
धोरंमि गब्भवासे कलमलजंबालअसुचिबीभच्छे ।
वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेणं ।।१७।।
चुलसीइ किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।
इक्किक्कम्मि अ जीवो अणंतखुत्तो समुप्पन्नो ।।१८।।
माया-पिय-बंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।
बहुजोणि-निवासीहिं, न य ते ताणं च सरणं च ।।१९।।
जीवो वाहि - विलुत्तो सफरो इव निज्जले तडप्फडइ ।
सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे ।।२०।।

मा जाणसि जीव ! तुमं, पुत्तकलत्ताइ मज्झ सुहदेउं ।
निउणं बंधणमेयं, संसारे संसरंताणं ।।२१।।
जणणी जायइ जाया, जाया माया पिया य पुत्तो य
अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणम् ।।२२।।
न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुया जत्थ, सव्वे जीवा अणंतसो ।।२३।।
तं किंपि नत्थि ठाणं लोए वालग्गकोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो सुहदुक्खपरंपरा पत्ता ।।२४।।
सव्वाओ रिद्धिओ पत्ता, सव्वे वि सयणसंबंधा ।
संसारे ता विरमसु, तत्तो जइ मुणसि अप्पाणम् ।।२५।।
एगो बंधइ कम्मं एगो वहबंधणमरणवसणाइं ।
विसहइ भवंमि भमडइ एगुच्चिय कम्मवेलविओ ।।२६।।
अन्नो न कुणइ अहियं, हिंय पि अप्पा करेइ न हु अन्नो ।
अप्पकयं सुहदुक्खं भुंजसि, ता कीस दीणमुहो ।।२७।।
बहुआरंभविढत्तं वित्तं विलसंति जीव ! सयणगणा ।
तज्जणियपावकम्मं अणुहवसि पुणो तुमं चेव ।।२८।।
अह दुक्खियाइं तह भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं ।
तह थोवं पि न अप्पा, विचिंतिओ जीव ! किं भणिमो ।।२९।।
खणभंगुरं शरीरं जीवो अन्नो य सासयसरुवो ।
कम्मवसा संबंधो निब्बंधो इत्थ को तुज्झ ।।३०।।
कह आयं कह चलियं तुमंपि कह आगओ कहं गमिही ।
अन्नुन्नंपि न याणह, जीव ! कुडुम्बं कओ तुज्झ ।।३१।।
खणभंगुरे शरीरे मणुअभवे अब्भपडलसारिच्छे ।
सारं इत्तियमेंत जं किरइ सोहणो धम्मो ।।३२।।
जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।
अहो ! दुक्खो हु संसारो, जत्थ कीसंति पाणिणो ।।३३।।
जाव न इंदियहाणी, जाव न जयरक्खसी परिप्फुरइ ।
जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लियइ ।।३४।।
जह गेहंमि पलिते कूवं खणिउं न सक्कए कोइ ।
तह संपत्ते मरणे धम्मो कह कीरए ? जीव ।।३५।।
रूवमसासयमेयं विज्जुलयाचंचलं जए जीयं ।
संझाणुरागसरिसं खणरमणीयं च तारुण्णं ।।३६।।
गयकण्णचंचलाओ लच्छीओ तियसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं बुज्झसु रे जीव ! मा मुज्झ ! ।।३७।।
जह संझाए सउणाण संगमो जह पहे अ पहिआणं ।
सयणाणं संजोगो तहेव खणभंगुरो जीव ! ।।३८।।
निसाविरामे परिभावयामि, गेहे पलित्ते किमहं सुयामि ।
डज्झंतमप्पाणमुविक्खयामि, जं धम्मरहिओ दिअहा गमामि ।।३९।।
जा जा वच्चइ रयणी, न य सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स अहला जंति राइओ ।। ४० ।।
जस्स त्थि मच्चुणा सक्खं, जस्स वत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सोहु कंखे सुए सिया ।।४१।।

दंडकलियं करिंता, वच्चंति हु राइओ य दिवसा य ।
आउसं संविल्लिंता, गया य न पुणो नियट्टन्ति ।।४२।।
जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया, कालंमि तंमि सहरा भवंति ।।४३।।
जीअं जलबिन्दुसमं, संपत्तिओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करेज्जासु ।।४४।।
संझराग जलबुब्बुओवमे, जीविएय जलबिंदुचंचले ।
जुव्वणेय नइवेगसंनिभे, पावजीव ! किमियं न बुज्झसि ।।४५।।
अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परियणो वि अन्नत्थ ।
भूयबलिव्व कुडुम्बं, पक्खितं हयकयंतेण ।।४६।।
जीवेण भवे भवे मीलियांइ, देहाइं जाइं संसारे ।
ताणं न सागरेहिं कीरइ, संखा अणंतेहिं ।।४७।।
नयणोदयंपि तासिं सागरसालिलाओ बहुयरं होइ ।
गलियं रुअमाणीणं माऊणं अन्नमन्नाणं ।।४८।।
जं नरए नेरइया दुहाइं पावंतिऽघोरऽणंताइं ।
तत्तो अणतंगुणियं निगोयमज्झे दुहं होइ ।।४९।।
तंमि वि निगोअमज्झे, वसिओ रे जीव ! विविहकम्मवसा ।
विसहंतो तिक्खदुहं, अनंतपुग्गलपरावट्टे ।।५०।।
निहरिय कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ।
तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणिसारिच्छो ।।५१।।
पत्ते वि तम्मि रे जीव ! कुणसि पमायं तुमं तयं चेव ।
जेणं भवंधकुवे, पुणोवि पडिओ दुहं लहसि ।।५२।।
उवलद्धो जिणधम्मो ण य अणुचिण्णो पमायदोसेणं ।
हा जीव ! अप्पवेरिअ ! सुबहुं परओ विसूरिहिसि ।।५३।।
सोयंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।
पावपमायवसेणं, न संचिओ जेहिं जिणधम्मो ।।५४।।
धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ।
मरिऊण रायराया, परिपच्चइ निरयजालाहिं ।।५५।।
जाइ अणाहो जीवो दुमस्स पुप्कं व कम्मवायहओ ।
धणधन्नाहरणाइं घरसयणकुडुंब मिल्हे वि ।।५६।।
वसियं गिरिसु वसियं दरीसु वसियं समुद्दमज्झंमि ।
रुक्खग्गेसु य वसियं संसारे संसरंतेणं ।।५७।।
देवो नेरइउ त्ति य, कीडपयंगुत्ति माणुसो एसो ।
रुवस्सी य विरुवो सुहभागी दुक्खभागी य ।।५८।।
राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलो त्ति अधणो धणवइत्ति ।।५९।।
न वि इत्थ कोई नियमो, सकम्माविणिविट्ठसरिसकयचिट्ठो ।
अन्नुन्नरुववेसो, नडुव्व परिअत्तए जीवो ।।६०।।
नरएसु वेअणाओ अणोवमाओ असायबहुलाओ ।
रे जीव ! तए पत्ता, अणन्तखुत्तो बहुविहाओ ।।६१।।
देवते मणुअत्ते पराभिओगत्तणं उवगएणं ।
भीसणदुहं बहुविहं अणंतखुत्तो समणुभूअं ।।६२।।

तिरियगइं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा !

जम्मणमरणरहट्टे अणंतखुत्तो परिब्भमिओ ।।६३।।

जावंति के वि दुक्खा सारीरा माणसा व संसारे ।

पत्तो अणंतखुत्तो जीवो संसारकंतारे ।।६४।।

तण्हा अणंतखुत्तो संसारे तारिसी तुमं आसी ।

जं पसमेउं सव्वोदहीणमुदयं न तीरिज्ञा ।।६५।।

आसी अणंतखुत्तो संसारे ते छुहा वि तारिसिया ।

जं पसमेउं सव्वो, पुग्गलकाओ वि न तीरिज्ञा ।।६६।।

काउणमणेगाइं जम्मणमरणपरिअट्टणसयाइं ।

दुक्खेण माणुसत्तं जइ लहइ जहिच्छियं जीवो ।।६७।।

तं लह दुल्लहलंभं विज्जुलयाचंचलं च मणुयत्तं

धम्मंमि जो विसीयइ, सो काउरिसो, न सप्पुरिसो ।।६८।।

माणुस्सजम्मे तडिलद्धयंमि, जिणिंदधम्मो न कओ य जेण ।

तुट्टे गुणे जह धाणुक्कएणं , हत्था मलेव्वा य अवस्स तेणं ।।६९।।

रे जीव ! निसुणि चंचलसहाव, मिल्ले वि णु सयल वि बज्झभाव ।

नवभेयपरिग्गहविविहजाल, संसारि अत्थि सहु इंदयाल ।।७०।।

पियपुत्तमितघरघरणिजाय इहलोइय सव्व नियसुहसहाय ।

न वि अत्थि कोइ तुह सरणि मुक्ख ! इक्कलु सहसि तिरिनिरयदुक्ख ।।७१।।

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लम्बमाणए ।

एवं मणुआण जीविअं, समयं गोयम! मा पमायए ।।७२।।

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पेच्च दुल्लहा ।

नो हु उवणमंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ।।७३।।

डहरा वुढ्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।

सेणे जह वट्टयं हरे, एवमाउक्खयंमि तुट्टइ ।।७४।।

तिहुयणजणं मरंतं दट्ठुण नयंति जे न अप्पाणं ।

विरमंति न पावाओ, धी ! धी ! धित्ततणं ताणं ।।७५।।

मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।

सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ।।७६।।

कुणसि ममत्तं धणसयणविहवपमुहेसु अणंतदुक्खेसु ।

सिढिलेसि आयरं पुण अणंतसुक्खंमि मुक्खंमि ।।७७।।

संसारो दुहहेऊ, दुक्खफलो दुस्सहदुक्खरुवो य ।

न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ।।७८।।

नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।

का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ ।।७९।।

सिसिरंमि सीयलानिल, लहरिसहस्सेहिं भिन्नघणदेहो ।

तिरिअ – त्तणंमि रण्णे, अणंतसो निहणमणुपत्तो ।।८०।।

गिम्हायवसंतत्तो, रण्णे छुहिओ पिवासिओ बहुसो ।

संपत्तो तिरिअभवे, मरणदुहं बहु विसूरंतो ।।८१।।

वासासु रण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्झंतो ।

सीयानिलडज्झविओ, मओसि तिरियत्तणे बहुसो ।।८२।।

एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।

वसिओ अणंतखुत्तो, जीवो भीसणभवारन्ने ।।८३।।

दुद्दुट्ठकम्मपलयानिलपेरिउ भीसणंमि भवरन्ने ।
हिंडंतो नरएसु वि अणंतसो जीव पत्तोसि ।।८४।।
सत्तसु नरयमहीसु, वज्झानलदाहसीयवियणासु ।
वसिओ अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ।।८५।।
पियमायसयणरहिओ, दुरंतिवाहीहि पीडिओ बहुसो ।
मणुअभवे निस्सारे, विराविओ किं न तं सरसि ।।८६।।
पवणुव्व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो ।
ठाणट्ठाणंमि समुज्झिऊण, धण – सयण – संघाए ।।८७।।
विद्धिज्झंता असयं, पाम्म जरामरणतिक्खकुंतेहिं ।
दुहमणुहवंति घोरं, संसारे संसरंत जिआ ।।८८।।
तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा ।
संसारचारगाओ, न य उव्विज्जंति मूढमणा ।।८९।।
कीलसि कियंतवेलं सरीरवावीइ जत्थ पइसमयं ।
कालरहट्टघडीहिं, सोसिज्जइ जीविअंभोहं ।।९०।।
रे जीव बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव ।
किं परलोए गुरुदुक्खभायणं होहिसि अयाण ।।९१।।
बुज्झसु रे जीव तुमं, मा मुज्झसु जिणमयंपि नाऊणं ।
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ।।९२।।
दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ।
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ।।९३।।
अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जतं ।।९४।।
जह चिंतामणिरयणं सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविहववज्जियाणं, जीयाण तह धम्मरयणंपि ।।९५।।
जह दिट्ठिसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।
तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ।।९६।।
पच्चक्खमणंतगुणो, जिणिदंधम्मे न दोसलेसोवि ।
तह वि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जीया ।।९७।।
मिच्छे अणंतदोसा, पयडा दिसंति नवि हु गुणलेसो ।
तहवि हु तं चेव जीआ, हि मोहंधा निसेवंति ।।९८।।
धिध्दी ताण नराणं विन्नाणं तह गुणेसु कुसलतं ।
सुहसच्चधम्मरयणं सुपरिक्खं से न जाणंति ।।९९।।
जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं फलाणं दायगो इमो ।।१००।।
धम्मो बंधु सुमित्तो य, धम्मो य परमो गुरु ।
मुक्खमग्गपयट्टाणं धम्मो परमसंदणो ।।१०१।।
चउगइणंतदुहानलपलित्तभवकाणणे महाभीमे ।
सेवसु रे जीव ! तुमं, जिणवयणं अमियकुंडसमं ।।१०२।।
विसमे भवमरुदेसे अणंतदुहगिम्हतावसंतत्ते ।
जिणधम्मकप्पसुक्खं, सरसु तुमं जीव ! सिवसुहदं ।।१०३।।
किं बहुणा जिणधम्मे जइअव्वं जह भवोदहिं घोरं ।
लहु तरियमणंतसुहं लहइ जिओ सासयं ठाणं ।।१०४।।

*